# ઈશ્વરમ્મા



## પસંદ કરેલી માતા

## અનુક્રમણિકા


| | |
|---|---|
| પુરોવચન | 3 |
| ૧. અવતારના માતાપિતા | 6 |
| ૨. આકાશ અને ચંદ્ર | 19 |
| ૩. બાલ્યાવસ્થા | 24 |
| ૪. સર્પ ટેકરી | 36 |
| ૫. સંકેત | 43 |
| ૬. માતા પિતા તરીકે | 47 |
| ૭. માયા | 50 |
| ૮. પ્રથમ પાઠ | 57 |
| ૯. આશ્ચર્યોની પરંપરા | 70 |
| ૧૦. પ્રશાંતિનું આયોજન | 74 |
| ૧૧. વિકસિત ક્ષિતિજો | 77 |
| ૧૨. નિલયમ | 82 |
| ૧૩. નદી, રેતી અને સમુદ્ર | 96 |
| ૧૪. પ્રેમની લીલા | 108 |
| ૧૫. મૂંગી સાધના | 122 |
| ૧૬. સદ્ અને પ્રતિસાદ | 137 |
| ૧૭. વિજયોત્સવ | 141 |

# પુરોવચન

'મેં મારા જન્મ નક્કી કર્યો. મારી માતા કોણ બનશે એ મેં નક્કી કર્યું, ' ૩૧મી ડિસેમ્બર, ૧૯૭૦ના રોજ ભગવાન શ્રી સત્ય સાઈબાબાએ મુંબઈના દૈનિક 'નવ કાલ'ના તંત્રીએ પૂછેલા એક પ્રશ્નના ઉત્તરમાં ઉપર પ્રમાણે જણાવ્યું. ભગવાને સ્થાપેલી અને તેમના માર્ગદર્શન હેઠળ ચાલતી વૈદિક પંડિતાની અકાદમીની ખાસ બેઠકમાં અમે હાજરી આપી રહ્યા હતા. તેમણે કૃપા કરીને અમને પ્રવચન આપ્યા પછી પૂછ્યું કોઈ પ્રશ્ન ? ' પેલા તંત્રીએ પ્રશ્ન પૂછવાનું સાહસ કર્યું. ' તમને દિવ્ય શક્તિનાં ચિહ્ના કયારથી દેખાવા માંડયા ?' તરત જ ઉત્તર મળ્યો. ' જન્મથી... એથી પણ પહેલાં. હું પુટ્ટપાર્થિમાં રાજુ કુટુમ્બમાં જન્મ્યા તે પહેલા શિરડીમાં સાઇબાબા હતો ત્યારથી તે... પહેલાં કૃષ્ણ હતો ત્યારથી ! '

એ તંત્રી સ્તબ્ધ થઇ ગયો બીજા પણ સ્તબ્ધ થઇ ગયા શ્રી કે. પી. સાવંત (મહારાષ્ટ્ર સરકારના ગૃહમંત્રી, તેમને જ ઘેર મુંબઈમાં આ મુલાકાત યોજાઇ હતી), મહારાષ્ટ્ર વિધાનસભાના અધ્યક્ષ શ્રી ભરડે, મહારાષ્ટ્ર વિધાન સમિતિના અધ્યક્ષ શ્રી વી. એસ. પાગે અને બીજાઓ ત્યાં હાજર હતા.

તંત્રી ગૂંચવાતા બોલ્યા : ‘ એનો અર્થ એ....' બાબા તેમને અટકાવીને બોલ્યા : ‘ એનો અર્થ એ કે મેં મારો જન્મ નક્કી કર્યો. મારી માતા કોણ બનશે એ મેં નક્કી કર્યું, મનુષ્યો તો માત્ર પતિપત્ની પસંદ કરી શકે. પણ રામાવતાર અને કૃષ્ણાવતારમાં ભગવાને માતાની પસંદગી કરી હતી. આ વખતે પણ જન્મ ધરવા પાછળનું કારણ એ જ હતુ. કે-બધા ઉપર પ્રેમ વરસાવવો અને પ્રેમ દ્વારા માનવજાત નીતિપૂર્ણ જીવન જીવે એ જોવું, '

સાઈ બાબાએ પસંદ કરેલા ઈશ્વરમ્મા ગરીબ, પ્રૌઢ, કોમળ હૃદયના, પવિત્ર, નિરક્ષર, ગ્રામ્ય સ્ત્રી હતાં. તેમને સાત સંતાન જન્મ્યા હતાં તેમાંથી ત્રણ સંતાનો જીવતા રહ્યા અને મોટા થયા. ઇશ્વરમ્માને જે ઐતિહાસિક પાઠ ભજવવાની કામગીરી સોંપવામાં આવી તે અને તેમણે તે અખૂટ ધીરજથી આ પાઠ ભજવી બતાવ્યો અને પડકાર ઝીલ્યો તે વિશેનો આ પુસ્તક એક નમ્ર પ્રયત્ન છે.

શ્રીમદ્ ભાગવતપુરાણ અને રામાયણમાં યશોદા અને કૌશલ્યા આગળ જ્યારે ભગવાને નાની વયમાં જ માનવીઓને, રાક્ષસોને અને દેવતાઓને ડારીને પોતાનું વિશ્વરૂપ પ્રગટ કર્યું ત્યારે યશોદા અને કૌશલ્યાએ જે હર્ષ શોક, આશાનિરાશા, ચિંતાપ્રતીતિનો અનુભવ કર્યાં તેની ઝાંખી કરાવવામાં આવી છે. બધી ભારતીય ગૃહિણીઓની જેમ ઈશ્વરમ્મા પણ રામ અને કૃષ્ણના જીવન આસપાસ ગુંથાયેલા તેલૂગુ રાસ, દંતકથાઓ, લોકગીતો, કથાઓ જાણતા હતા. આમ છતાં જે બાળકને તેઓ લાડ લડાવતા હતા, જેના પર તેઓ મદાર બાંધીને બેઠા હતા તે બાળક ભાગવત અને રામાયણની સત્યતા અને પ્રમાણભૂતતા પહેલાંની જેમ અત્યારે પણ છે એ સાખીત કરવા અવતર્યો હતા એની ખાત્રી વર્ષોનાં અંગત નિરીક્ષણો અને ગૂઢ ઘટનાઓ પછી થઈ.

આપણે જ્યારે અવતારની માતાનું જીવન જોઇએ છીએ ત્યારે જિજ્ઞાસા, કુતૂહલ સહાનુભૂતિ, આશ્ચર્ય થાય છે અને તેમના માટે માન, આદર, ભક્તિ પ્રગટે છે. ઈશ્વરમ્માને ટેકરીઓની પાર, પરંપરા વિધિનિષેધો, રીતરિવાજો, જ્ઞાતિ વગેરેના અંતરાયોને વટાવીને પોતાની ચેતના વિસ્તારવાની અશકય જવાબદારી સોંપવામાં આવી હતી. કોઈ સ્ત્રી જેની અપેક્ષા રાખે તે સૌથી વધુ અમૂલ્ય માતૃત્વના ગૌરવ અને ક્ષમ્ય અભિમાનનો બોજ ઝીલીને તેએ બધા જ ખંડોમાંથી જે અંજલિઓ તેમણે પ્રાપ્ત કરી તેને ઘણા પ્રયત્નોને અંતે પણ ભાર ફગાવી શકયા ન હતા. આવી સ્થિતિમાં પણ ઈશ્વરની કૃપા મેળવવા આતુર બીજા સાધકની જેમ તેઓ પણ વિવિધતામાંથી એકતા તરક, વેરવિખેરપણામાંથી એકાગ્રતા સાધના તરફ, અહંકારમાંથી અનાસક્તિ તરફ, લાગણીમાંથી સ્વસ્થતા તરફ, ઉપેક્ષામાંથી સારસંભાળ તરફ, માયાથી ઇશ્વર તરફની ગતિ કરવા માટે આગળ વધી રહ્યાં હતાં.

આ સમગ્ર યાત્રા દરમિયાન તે રાજુ કુટુમ્બમાં માતા અને દાદી તરીકે વ્યસ્ત રહ્યાં અને સાઈના બહુ ભાષી, બહુ જાતિ, બહુ સંપ્રદાય, વિશ્વકુટુમ્બમાં પણ માતા તરીકેનો પાઠ અદા કર્યો. માતા તરીકે તેમના પ્રેમ બધાને આવરી લેતો, સર્વરક્ષક અને બિનશરતી હોવા જોઈએ. બાબાના ઉપદેશ અને કૃપા દ્વારા તેમનો પ્રેમ વિસ્તર્યો અને ગહન બન્યો. ધર્મ વિશે સમજૂતી આપતાં બાબાએ જણાવ્યું છે કે સ્ત્રી ઈશ્વરના

પરોપકારની મૂર્તિમંત અવતાર છે. સહનશીલતા, નમ્રતા અને વિનય હોવાને કારણે તેઓ આધ્યાત્મિક સાધના માટેનું અનુકૂળ વલણ ધરાવે છે. તેઓ બુદ્ધિશાળી અને જાગૃત છે. સન્માન અને સદ્ગુણ પ્રત્યેની સ્વાભાવિક કોઠાસૂઝ તેમનામાં છે. સાઈના નિકટતમ ભક્ત તરીકે ઈશ્વરમ્માને આદર્શ સ્ત્રી માટે નિયત થયેલી ઊંચાઇઓ સુધી પહોંચવા માટે સાઈબાબાએ તેમને મદદ કરી.

મેં શબ્દોના આમતેમ લસરકા વડે તેમના વ્યક્તિત્વને આલેખવાનો પ્રયત્ન કર્યો છે. પુટ્ટપાર્થિમાં મેં ચોવીસ વર્ષ ગાળ્યાં. એ દરમિયાન ઈશ્વરમ્મા પણ ગામમાં અને પ્રશાંતિનિલયમ્ માં સક્રિય રહ્યાં હતાં છતાં તેમનું સંપૂર્ણ ચિત્ર ઉપસાવી શક્યો નથી. પણ તેમનાં કાર્ય, પ્રતિભાવોની વાત પૂછવા જાઓ તો તેઓ નમ્ર અને નિરભિમાની, ઓછાબોલા બની જતાં હતાં. કોઈ શંકા દૂર કરવાની હોય, કોઈ ટેન્શન ઓછું કરવાનું હોય, કોઈ ઊંડી અશ્રદ્ધા દૂર કરવાની હોય, કોઈ અફવા તપાસવાની હોય ત્યારે જ તેઓ મારી આગળ તેમનું હૃદય ઠાલવતાં હતાં. તેમની મુશ્કેલીઓ અને મૂંઝવાણો હું સમજી શકીશ એવું તેમને લાગ્યું. અને હું ઇશ્વરે પસંદ કરેલ ‘માતા' તરીકે તેમને પૂજતો હતો.

પેદ્દા વેંકમ્મા રાજુએ જ્યારે પોતાની જીવનલીલાસંકેલી ત્યારે બાબાએ જણાવ્યું હતું કે માનવ ઈતિહાસના એક દીર્ઘ યુગમાં અવતારના પિતા તરીકે માનવજાત પૂજે એવુ વિરલ સૌભાગ્ય એક જ વ્યક્તિને પ્રાપ્ત થતું હોય છે. આ જીવનચરિત્ર સંક્ષિપ્ત, પાંખું અને સપાટી પરનું છે તેમ છતાં અવતારના માતા તરીકે ઈશ્વરમ્માની ધરતી પરની કારકિર્દીની વાત કરે છે. જે અસામાન્ય સાહસ માટે તેમની પસંદગી થઇ હતી તે દરમિયાન તેમણે અનુભવેલા ભય, આનાકાનીઓ, સંકોચ, આશાઓ અને તેમના વિજયની ગાથા તો આ ગ્રન્થ રજૂ કરે જ છે.

ઈશ્વરમ્મા દિન

૬ ઠ્ઠી મે, ૧૯૮૪

એન.કસ્તુરી.

## ૧ અવતારના માતાપિતા

બાબાએ કહ્યું છે કે, માનવને ચાર પ્રકારના પુત્રો અવતરે છે. જે ઉત્કંઠા જન્મને પ્રેરે છે તેના કારણે પ્રકારમાં ફેર પડે છે. કર્મનો સિદ્ધાંત આમાંના ત્રણમાં ભાગ ભજવે છે. પ્રથમ  પ્રકારની વ્યકિતએ પાછલા જન્મમાં દેવું કર્યું હોય અને તે ભરપાઈ કરવામાં ચૂક કરી હોય, પૈસા ધીરનાર બાળક તરીકે જન્મ લઈ લ્હેણું વસૂલ કરે છે અને દેવું પૂરેપૂરું વસૂલ થતાં ગૃહનો ત્યાગ કરે છે. આથી ઊલ્ટું, પાત્રો બદલાઈ જાય અને પૈસા ધીરનાર, દેવું વસૂલ લેતા પહેલાં ગુજરી ગયેલ હોય તો તે લેણદારના માતા કે પિતા તરીકે બીજા જન્મમાં અવતરે છે.આમ તેને દેણદાર બાળક રૂપે મળે છે, જે આ જન્મમાં અગાઉનું દેવું પૂરેપૂરું ચૂકવાય ત્યારબાદ કર્મના બંધનમાંથી મુક્ત થઈને અલગ થાય છે. ત્રીજો પ્રકાર ભગવદ્ કૃપાથી આશીર્વાદ રૂપે વંશજ તરીકે જન્મે છે. પ્રભુ બાળક અર્પે છેઅને માતાપિતાને બાળકની કાળજી અને સલામતી લઈ તેને ઉછેરવાની જવાબદારી સોંપે છે, જે કારણે તે બાળકનુ દુન્યવી ધ્યેય પૂરું થાય. ચોથો અને સૌથી મહત્ત્વશીલ પુત્ર અવતાર   છે. આ કિસ્સામાં વૈશ્વિક ચૈતન્ય માનવરૂપે અવતાર લેવા માટે સમય, સ્થળ, માતાપિતા અને માતાનું ઉદરજ્યાં ગર્ભ રૂપે અસીમ શક્તિથી તેની કારકીર્દિ શરૂ કરવાનું નક્કી કરે છે.

રામાયણમાં રામાવતારની કથા મુજબ સંતોની વિનંતીને કારણે દયાર્દ્ર થઈને નારાયણ ભગવાને કહ્યું, ભય ત્યજી દો! વૈશ્વિક શુભ માટે હું માનવ જગતમાં રહીશ! રામાયણના કર્તા વાલ્મિકી જણાવે છે કે,   આ પ્રમાણે દેવોની ઈચ્છાને માન્ય રાખ્યા પછી ભગવાન શ્રી વિષ્ણુએ વિચાર્યું કે આ માનવ જગતમાં તેમણે ક્યાં અવતાર લેવો. ત્યારબાદ, તેમણે રાજા દશરથને પિતા બનાવવાની ઈચ્છા ધારણ કરી રામે તેમના પુત્ર તરીકે જન્મ લીધો. "

વર્ષો બાદ, જયારે સીતા માતાની બંધનાવસ્થામાંથી મુક્તિનો પ્રસંગ ઉપસ્થિત થયો ત્યારે શ્રી રામચંદ્રજીએ પાવિત્ર્યનીસાબીતિ તરીકે તેમની અગ્નિપરીક્ષા માટે આગ્રહ રાખ્યો. દેવો અને ઋષિઓના પ્રવક્તા તરીકે બ્રહ્માએ શ્રી રામચંદ્રજીને

સામાન્ય માણસ તરીકે વર્તતા હોવાનો આક્ષેપ કરી ઠપકો આપ્યો ત્યારે શ્રી રામચંદ્રજીએ જવાબ આપ્યો, હું મારી જાતને દશરથના પુત્ર તરીકે અવતરેલ માનવી માનું છું પરંતુ જેમ દરેક વ્યક્તિ જાણે છે તેમ દશરથ રાજાને વંશ સ્થાપક તરીકેના પાઠ નહીંવત્ હતા. શ્રી રામચંદ્રજીના જન્મની કથાઆ પ્રમાણે છે : પુત્ર કામેષ્ટ યજ્ઞમાં પિતૃપદના આશીર્વાદ માટે બલિદાન અપાયું ત્યારે યજ્ઞનાઅગ્નિમાંથી અસીમ ભવ્યતા ધરાવનાર બળવાન પુરુષ પ્રકટ થયા જેણે પોતે પ્રજાપતિના સંદેશ વાહક હોવાનું જાહેર કર્યું હતું. ઝગારા મારતા સોનાના પાત્રમાં દેવોએ તૈયાર કરેલી દૂધની વાનગી દશરથને આપતાંતેણે કહ્યુ, આ પ્રસાદ તમારી પત્નીઓને આપશો. તમને તેઓનાથી બાળકો પ્રાપ્ત થશે.

શ્રી રામચંદ્રજીએ કહ્યું, ગૌરવશીલ પ્રભુ, કૃપાળુ થઈ મને કહો, હું કોણ છું. મારા પુરોગામીઓ કોણ છે અને હું અહી' શા માટે છું. " ત્યારે બ્રહ્મા, કે જેમણે માનવજાત વતી વૈશ્વિક ચૈતન્યને મનુષ્યરૂપે અવતરવા પ્રાર્થના કરી હતી. તેમણે શ્રીરામચંદ્રજીને હકીકતની યાદ અપાવી કે તેઓ પોતે એવી હકીકત છે કે જે ચતુરાઈભર્યા આવરણને કારણે ભિન્ન દેખાય છે અને તેઓ પોતે હવે પોતાની આસપાસ રહેલાઓ પાસેથી સત્ય જાણવા ઈચ્છે છે. સાંભળો હે રામ, હું તમને સત્ય કહું. તમે પરમ, સંપૂર્ણ, શાશ્વત અને સર્વશ્રેષ્ઠ છો.તમારામાંથીજ જગત ઉદ્ભવે છે અને તમારામાં જ લય પામે છે. દષ્ટાઓ તમને પ્રાણી માત્રમાં અને બધી દિશાઓમાં જુએ છે, પરંતુ કોઈ તમારા આદિ કે અંત અથવા તો તમારી વાસ્તવિકતા જાણતા નથી. મહર્ષિ અગસ્ત્યે પણ શ્રીરામચંદ્રજીના રાજ્યાભિષેક વખતે આવું જ કહ્યું હતું. તમે સત્ય સમજી શકયા નથી કે તમે નારાયણ છો ? તમે રહસ્યોનું રહસ્ય છો એવું બ્રહ્માએ કહેલ છે. તમે ત્રણે ગુણો અને ત્રણે વેદોના કર્તા છો. તમે ત્રણે લોકના વાસી છો. તમે ત્રણેલોકને તમારા પગલામાં લીધાં છે. તમે હવે મનુષ્યરૂપે જનમ્યાં છો એ તમારો જગત ઉપરનો ઉપકાર છે. રામાયણમાં વાલ્મિકીએ વર્ણવેલા પ્રસંગો અવતાર ના જન્મ લેવાના ઈરાદાની જાણ કરે છે, જે ઈરાદાઓ માતાપિતાને ભવ્યતા અર્પે છે.

જ્યારે વૈશ્વિક ચૈતન્ય માર્ગદર્શક અને વાલીનો પાઠ ધારણ કરવાનું નક્કી કરે છે. ત્યારે બીજા અવતારોના પ્રાગટ્યને લગતા બનાવો માતાપિતાની અનિવાર્યતા નથી તે માન્યતાને દઢીભૂત કરે છે. સાંખ્ય વિચારધારાના જાણીતા સ્થાપક શ્રી કપિલ ભગવાનને ધર્મ ગ્રંથોએ નારાયણના અવતાર તરીકે સ્વીકારેલ છે. તેમનું આગમન આ રીતે વર્ણવ્યું છે : કર્દમઋષિ તેમના પત્ની દેવહૂતિને કહે છે, તેં જે ભક્તિભાવથી આત્મ સમર્પણના નિયમોનું પાલન કરેલ તેનો ભગવાન નારાયણે પ્રત્યુત્તર આપ્યો છે અને તેણે તારા ઉદરે જન્મ લેવા ખાત્રી આપી છે, અને મને એવી નામના પ્રદાન કરી છે કે ભગવાને કર્દમના પુત્ર તરીકે જન્મ લીધો.

શ્રી કૃષ્ણની કથા આખા વિશ્વે પૂર્ણ અવતાર તરીકે સ્વીકારી છે તે જ તેમના દૈવીપુત્ર હોવાની ચોખ્ખી સાબીતિ છે. ભાગવદમાં લખ્યા પ્રમાણે, જ્યારે ધરતી માતાનો ટળવળાટ સર્વથા ઈચ્છાશક્તિની કરુણાને અક્કડ કરે છે ત્યારે તે પોતે માનવજાતિના ભાર સહેનાર કે પૃથ્વીને ટકાવનાર,દિલાસો દેનાર અને ઉદ્ધારક તરીકે ફરીથી જન્મ લે છે. બ્રહ્મા, વિષ્ણુ ભગવાનના સર્વવ્યાપી અવાજ સાંભળે છે અને તેમને પ્રાર્થી રહેલાને આશીર્વાદ આપે છે. તે જાતે જ જાહેર કરે છે કે, ભગવાન ખુદ કે જે સર્વમાં રહેલા છે તે,તેમની પિતાની ઈચ્છાથી વાસુદેવના ઘરમાં જન્મ લે છે.

જયારે વાસુદેવની પત્ની દેવકી સાત બાળકીઓને જન્મઆપી અને તેના ભાઈને આપેલા વચન પ્રમાણે ધરી દે છે ત્યારે આ ઈચ્છાશક્તિ નક્કી કરે છે કે હવે એક મહત્ત્વશીલ આગમનની ખરેખર જરૂર છે. શ્રીમદભાગવદ્ કહે છે, સમસ્ત સૃષ્ટિના સર્વોચ્ચ, એવા પ્રભુએ વાસુદેવના હૃદયમાં પોતાના એક અંશ તરીકે પ્રવેશવાનો નિર્ધાર કર્યો જેથી તેમને ભગવદીય અને સારપ માટે નિર્ભયતા પ્રાપ્તથાય. સંસ્કૃત શબ્દ અંશ નો અર્થ અહીંના સંદર્ભમાં ભાગ એ થાય છે. પરંતુ વૈશ્વિક સંપૂર્ણનું વિભાજન ન થઈ શકે. આદિ ભાષ્યકારઆનંદગિરિ આ શબ્દને स्वेच्छा निर्मितेन माया मयेन स्वरुपण (પોતાની ઈચ્છાને કારણે શરીર ધારણ કરનારા અને જગતને તેઓ પોતે મનુષ્ય છે તેવો ભાસ કરાવી શકનાર) આ રીતે સમજાવે છે. જેમ પૂર્વ દિશાચંદ્રને સ્વીકારેઅથવા "જેમ શિષ્ય ગુરુ મંત્ર મેળવે તેવી રીતે અવિનાશ

દૈવી સિદ્ધાંત, જે જગતની શાંતિ અને પ્રગતિ માટે નિર્મિત થયેલ તે તેણીના મનમાં સ્વીકારાયો.

માતાપિતાના મન અંગે અપાયેલ મહત્વ એ વાત સ્પષ્ટ કરે છે કે 'અવતાર'નું આગમન શરીરથી પર રીતે થાય છે. માતા વૈશ્વિક અર્કને એકત્રિત કરવાના પ્રારંભિક પાત્રની ગરજ સારે છે અને તે અર્ક તેની મરજી મુજબ વિકસવા દે છે. વિશ્વામિત્ર ઋષિ રામચંદ્રજીને કૌશલ્યાના સુપુત્રતરીકે સંબોધે છે કારણકે માતા કૌશલ્યાએ પોતાના ગર્ભમાં માવજત કરી શબ્દને શરીરનું રૂપ આપેલ.

જો કે શ્રી સત્ય સાઈબાબાએ જાહેર કરેલ છે કે તેઓ પોતે માનવજાતે સર્વથા ઈચ્છાશક્તિને આપેલ બધાં નામ અને સ્વરૂપોનું મૂર્તિરૂપ છે પરંતુ એક વખત આનંદી છતાંગાઢ અર્થ પૂર્ણ મનસ્થિતિમાં તેમણે પોતાનું અસલ સ્વરૂપ એક જુવાન છબીકારને છબી લેવા દઈ છતું થવા દીધું છે. છબીની ફિલ્મમાં તેમના સ્વરૂપને બદલે ભગવાન દત્તાત્રય હિંદુ ત્રિમૂર્તિ (બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ) દેખાયું. આ ત્રણે દેવતાઓ ઋષિ અત્રિના પ્રાયશ્ચિત અને તેમની પત્ની અનસૂયાની પવિત્રતાથી એટલા પ્રસન્ન હતા કે તેઓએ તેમને ત્રિમૂર્તિ પુત્રનો આશીર્વાદ આપ્યો કે જેને કારણે તેઓ ભગવાનના માંબાપ તરીકે પરમોચ્ચ સ્થાન પામ્યા. દત્તાત્રેયનો અર્થ છે'અત્રિને અપાયેલ' તેમનું અન્ય પ્રસિદ્ધ નામ અનસૂયાપુત્ર છે,જેણે અનસૂયાને યાતનામાંથી બચાવ્યા.

બુદ્ધ ભગવાનનો જન્મ પણ તેટલોજ ભવ્ય રહેલો છે.નીચેની પંક્તિઓ એડવીન આર્નોલ્ડના લાઈટ ઓફ એશિયા નામના મહા કાવ્યમાંથી લીધેલી છે:; દેવાએ ચિન્હો પામીને કહ્યું, ' ભગવાન બુદ્ધ ફરીથી જગતને મદદ કરશે. ' તેમણે કહ્યું, હા, હવે હું જગતને મદદ કરીશ. હું 'બરફાચ્છાદિત હિમાલયની દક્ષિણમાંની પવિત્ર પ્રજાના રાજાને ત્યાં જન્મ લઈશ. તે રાત્રિએ રાજા શુદ્ધોદનની રાણી માયાને ભગવાને વિચિત્ર સ્વપ્ન આપ્યું કે એક ષડ્કિરણ આછા ગુલાબી રંગનો ચમકતો તારો સ્વર્ગમાંથી કે જેનું પ્રતીક દૂધ જેવા છ દંતશૂળવાળો હાથી હતો તે શુન્યાવકાશમાંથી ચમકાર ફેલાવતો તેણીના ગર્ભમાં પ્રવેશ્યો. ભગવાન બુદ્ધે માતાના ગર્ભમાં પોતાના માટે એક શરીર બનાવ્યું અને રાજા શુદ્ધોદનને પિતાનું

સ્થાન બક્ષ્યું. માતાએ ગર્ભાકાશમાં રહેલ સિદ્ધાર્થ રૂપી ચંદ્રનું ધ્યાન ત્યાં સુધી ધર્યું કે જયારે સૌએ બાળકની ભવ્યતાનું પારણામાં દર્શન કર્યું.

ઈસુખ્રિસ્તની માતા મેરીને પણ આવું જ સૌભાગ્ય સાંપડયું હતું. ભગવાને ગેબ્રીયલ નામની પરીને અક્ષતામેરી,જેનું લગ્ન ડેવીડ કુટુંબના જોસેફ સાથે થયેલ તેની પાસે મોકલી. પરીએ તેણીને કહ્યું, મેરી, ડરીશ નહીં '. તને ભગવ દ્કૃપા સાંપડી છે. ધીરજ ધરજે, તું ગર્ભધારણુ કરીશ અને તને પુત્ર થશે જેનું નામ જીસસ (ઈશ્વ ખ્રિસ્ત) રહેશે માતા મેરીએ પરીને પૂછ્યું, આવું કેવી રીતે શકય છે જ્યારે હું કોઈ પુરુષને જાણતી નથી? પરીએ જવાબ આપ્યો, " પવિત્ર દૂતો તારી પાસે આવશે અને સર્વોચ્ચની શક્તિ તને આચ્છાદિત કરશે અને તે કારણે તારા થકી જે પવિત્ર બાળકનો જન્મ થશે તે ભગવાનનો પુત્ર કહેવાશે. અને સમસ્ત દુનિયા જાણે છે કે આ પ્રમાણે પુત્ર અવતર્યો હતો. શ્રી રામકૃષ્ણ પરમહંસના અવતરણની વાત પણ ધ્યાન દઈને સાંભળો. તેમણે પોતાના તેજસ્વી શિષ્ય નરેન્દ્રનાથને જણાવ્યું કે તેઓએ પણ ભગવાન રામ અને ભગવાન કૃષ્ણની માફક એવી જ પ્રક્રિયાથી માનવ સ્વરૂપ પ્રાપ્ત કરેલ. આ કિસ્સામાં પણ પિતા ફક્ત વૃત્તાંત હતા અને માતા ફક્ત ઈચ્છિત પસંદગી હતી. ખુદીરામ ભટ્ટાચાર્ય જ્યારે ૬૦ વર્ષના હતા ત્યારે તેમણે પગપાળા ગયાજી જઈને પૂર્વજોને રીઝવવા માટે શ્રાદ્ધ કર્મ કરેલ. શાસ્ત્રો પ્રમાણે જ્યારે આ વિધિ આ પાવન સ્થળે કરવામાં આવે છે ત્યારે તે ધારેલી અસર નિપજાવનાર નીવડે છે. વિધિ પૂરી કર્યા બાદ ખુદીરામે ગદાધર મઠની મુલાકાત લીધી. ત્યાં તેમણે રહસ્યમય સંદેશો સાંભળ્યો કે ભગવાન તેમને ટૂંક સમયમાં,જવલ્લે પ્રાપ્ત થાય તેવું, તેમના પોતાના અવતારના પિતા થવાનું માન પ્રાપ્ત કરાવશે. ખુદીરામે નમ્રતાપૂર્વક પ્રાર્થનાકરી કે તેમનું ઘર અને હૃદય ઘણાં નાનાં અને આડંબરી છે જેમાં તેઓ સમાઈ શકશે નહિ. પરંતુ ભગવાન અફર રહ્યા.આનંદથી સ્તબ્ધ બનેલા અને આ સંદેશ જાહેર કરવા ડરતા ખુદીરામ ઘરે પહોંચ્યા. ત્યારબાદ તેઓ મૂંઝવણની બહારઆવી પોતાની વાત જાહેર કરે તે પહેલાં તેમની પત્નીચંદ્રમણિ દેવીએ તેમને પોતાનું રહસ્ય કહ્યું. તમો જ્યારે અહીં ન હતા અને હું દેવાલયે ગઈ હતી ત્યારે પ્રચંડ તેજની અચાનક નીકળેલી સેર મારામાં પ્રવેશી. આ તેજની સેર ત્યારબાદ એક નાની જયોતિમાં ફેરવાઈ ગઈ જે

મારામાં હાલ પણ સ્થાયી છે. તે સમયથી તેના દિવ્ય અને કોમળ તેજની મને જાણ છે.ખાસ કરીને જ્યારે હું તમારી સાથે વાત કરું છું ત્યારે તેનીમને વધારે અનુભૂતિ થાય છે.   ખુદીરામ અવાક્ થઈ ગયા કારણ કે તેઓ પોતે વૃદ્ધ માણસ હતા અને તેમની પત્ની તેમનાથી ફક્ત ૧૦ વર્ષ નાના હતાં, પરંતુ તેમણે સાંભળેલ આ વાણી તેમના કાનોમાં ગુંજતી હતી અને હૃદયને આશ્લેષી રહી હતી.  સાંભળો, પણ કોઈને કહેશો નહિ, ભગવાને મારા થકી આ સંદેશો મોકલાવ્યો છે. ભગવાને પોતે આ ધૂળવાળી ધરતી પર પા પાપા પગલી પાડવાનું અને આપણને નડતી વિચિત્રતાઓ અને મુશ્કેલીઓ સહન કરવાનું નક્કી કર્યું છે.

સ્વામિએ એવું ઘણી વાર જાહેર કર્યું છે કે તેમને આ સાઇ અવતાર બધાજ દેશોના ઋષિ મુનિઓની તેમની આગમન માટેની પ્રાર્થનાને લીધે છે. "મેં માતાની પસંદગી કરી જે ગર્ભધારણ દરમ્યાન મારું સાન્નિધ્ય અનુભવવાની હતી. માત્ર અવતારને જ આ પ્રકારની પસંદગી મળે છે. બીજા કિસ્સાઓમાં જન્મ, સમય, સ્થળ, જૂથ અને કક્ષા કર્મથી નકકી થાય છે.માતા અવતારની ભવ્યતા સૌ પ્રથમ અનુભવે છે. માતાની કાળજી કરનાર પિતાના નામને કીર્તિ પ્રાપ્ત થાય છે. જયારે ઈ. સ. ૧૯૬૩ માં પેદ્દાવેંકપ્પા રાજુએ નાશવંત દેહનો ત્યાગકર્યો ત્યારે સ્વામિએ 'પિતા'ના મૃત્યુનો શોક કરનારાઓને જે નોંધ લખી હતી તે  સનાતન સારથિ  માં પ્રગટ થયેલી.  તમે કહો છો કે તેઓ પૂર્ણ ઉંમરે માંદગીના બિછાનામાં પડ્યા વિના યાદદાસ્ત અને સભાનતા સાથે મૃત્યુ પામ્યા તે કારણે તેમનો આત્મા ભાગ્યશાળી હતો. માત્ર આ પ્રમાણેજ તેઓ ભાગ્યશાળી નહોતા. આ તો ફક્ત ચિન્હો છે. જે દિવસે તેઓ અવતારના પ્રાકટ્યને લીધે પિતા ' તરીકે જાણીતા થયા હતા અને જયારે અવતારે તેમને પિતા તરીકે સ્વીકારી પોતે ' પુત્ર ' બન્યા તે દિવસથી જ તેઓ ભાગ્યશાળી હતા અને તેમની જિદગી પાવન બની. યુગ પર્યન્તમાં માત્ર એક વ્યક્તિને જ આવું સદ્દનસીબ સાંપડે છે તે બીજાઓ માટે અસંભવિત છે. રામાયણમાં રામ પોતાને માનવ  તરીકે અને 'દશરથ આત્મજ' તરીકે વર્ણવે છે, કારણ કે તેમણે રિવાજોને માન્યતા આપવી પડે છે. તેઓ પોતાના પિતાની આજ્ઞા માને છે અને વચનની જાળવણી માટે વનવાસ સ્વીકારે છે. છતાં પણ તેઓ દશરથના ભાગ્ય પર આક્રંદ કરે છે કે જેઓ વાસનાને આધીન છે. તેઓ લક્ષ્મણને કહે છે

"મારા વિનાના વૃદ્ધ અને લાચાર મોહપાશમાં બંધાયેલા અને રાણી કૈકેયીની પકડમાં આવેલ, તેઓ શું કરી શકે? શું એક અજ્ઞાન માણસ પણ સૌદર્યવતી સ્ત્રી માટે પોતાના આજ્ઞાંકિત પુત્રનો ત્યાગ કરી શકે? કે જે રીતે તેમણે મારો ત્યાગ કર્યો છે? પરંતુ માતાનો વિચાર આવતાં તેમનું હૃદય ભરાઈ આવે છે. તકલીફ વેઠીને મને ઉછેરનાર માતાને જયારે મારા તરફથી સંતોષ મેળવવાનો વખત આવ્યો ત્યારેજ તેની પાસેથી હું છિનવાઈ ગયો! અવતાર ની માતાને ભવ્યતા અને આભારની લાગણી સાંપડે છે. તેનું પાત્ર અદ્વિતીય, અંગત અને અત્યંત નિકટનું છે.

જયારે અવતાર ' માતાપિતા નક્કી કરે છે ત્યારે સ્વાભાવિક રીતેજ તે જન્મસ્થળ પણ નક્કી કરે છે જેને શાશ્વત કિર્તી સાંપડે છે. સને. ૧૯૫૯ માં શ્રી સાઈ અવતારની હાજરીમાં મેં ગાયેલી કવિતા અત્રે નોંધું છું. જ્યારે ભગવાને સત્ય સાઈ તરીકે માનવમાં અવતરવાનું નક્કી કર્યું ત્યારે સ્વર્ગનું જે ચિત્ર ખડું થયું તે રજૂ કરવાનો હું પ્રયાસ કરું છું, તેત્રીસ વર્ષ અગાઉ એકદા ભગવાને કહ્યું,

હું ફરીથી માનવજાતના ઉદ્ધાર માટે જન્મ ધારણ કરીશ.

એ કયું ભાગ્યશાળી ગોકુળ છે! દેવોએ પૂછ્યું.

" અંમ ... મ ... મ...મ...મ ... અટકળ કરો. પ્રભુએ કહ્યું'.

અલબત્ત ભારતવર્ષમાં જ.

એક નાનકડું ગામ, જ્યાં સર્પોના ટેકરાઓ

ન શહેર ન જંગલ: ન એકાંતવાસનો આશ્રમ,

પ્રતિબંધ માટે ન રાજમહેલ ન બુરજો.

થોડો ફેરફાર ઈચ્છું છું, નહીં બધા ગોવાળો.

તેની પાસમાં વહેતી નદી, જે કંઈ કાળથી જાણીતી નથી,

જેના વિશાળ રેતીના પટમાં હું કંઈ ખેલી કૂદી શકું.

પર્વતની હારમાળાઓ, કાળામાંથી રંગ બદલતી ને ભૂરી થતી,

"થોડી વધારે કડીઓ પાંચ કે છ જ!

દેવોએ કંઈ નક્કી નહીં કરી શકતાં ધાંધલ મચાવી.

આકાશ વાદળના ગોટેગોટથી છવાયેલું છે.

સાથે રત્નના દરવાજા અને ફૂલહારનું તોરણ અને કલગી છે

ધરતી પર હરિયાળી ચાદર બીછાવેલી છે

ડાંગર, શેરડી, સૂકાં, બીજ અને કંદોની,

પશુઓ સાંજ પડે ઉછળતાં કુદતાં ઘેર જાય છે.

તેમનાં ભૂખ્યાં બચ્ચાંઓ માટે ખોરાક ભરીને

મનુષ્યની દષ્ટિથી દૂર દૂર ગરુડો ગોળ ગોળ ફરે છે.

આછા પાતળા ઊનવાળા નાનાં ગભરાયેલાં ઘેટાં અને બકરીઓ

જે શિયાળ તરફ ચોરી છૂપીથી બેં બેં કરે છે.

બે બળદની જોડી હાંફતા હાંફતા શ્વાસ લે છે. જ્યારે ગામડાનાં

છોકરાં પ્રજા જીવનનો ઈતિહાસ રાગમાં ગાય છે. બસ,

ભગવાનો ઊભા થાય છે અને એક કહે છે. પુટપર્થી ...,

ફરીથી એક ગોકુળ,

ભગવાને કહ્યું, હા તમે તદ્દન સાચું કહ્યું છે.'

આપણે જયારે વિચારોમાં લીન થઈને સદ્ભાગ્યે સારા નાના ઘરની પસંદગી કરવા માટે પુટપાર્થી ગામમાં નીકળીએ ત્યારે આપણે ભાગવદ્ ના ત્રીજા ભાગ ના ચોવીસમા પાઠના ૨૮ થી ૩૪ મા શ્લોક તરફ દોરાઈએ છીએ. ત્યાં કપિલ અવતારના ‘ પિતા ગામવાસીઓના અને તેના પોતાના ઘરનાના સદ્ભાગ્યના ગુણગાન ઊર્મિથી ગાય છે. આધ્યાત્મિક રીતે ઘણા જન્મો બાદ અને દેવના મૂક ચિંતન પછી સાધકો પ્રભુના ચરણકમળની ઝાંખીની ઝંખના કરે છે. હવે તે દયાળુ

ભગવાન હવે તેના ભક્તોની પવિત્રતા વધારવા ઉત્સુક તેવા ભ ગવાન આ ગામડાનાં ઉમદા ઘરોને ઉજાળવાની મહેરબાની કરે છે. ( गृहेषु जाते ग्राम्यनाम् ! )

રત્નાકરમ્ રાજુ કુટુંબ કે જે ભગવાને પસંદ કર્યું અને તે જૂજ વસ્તીવાળું ગામડું કે જ્યાં ભગવાન 'અવતાર 'તરીકે ધરતી પર ઉતર્યા તે કુટુંબને માનવજાતના ઇતિહાસમાં અયોધ્યા અને વૃંદાવન તરીકે ન ભૂંસાય એ રીતે શબ્દો વડે અંક્તિ કરવામાં આવશે.

ઈ.સ. ૧૯૪૦ ના ૨૩ મી મેના દિવસે તેમના પિતા શંકા કુશંકાના ઘોડા પર સ્વાર અને દારૂ પાઈને મૂર્ખ બનાવેલા હોય તેવી દશામાં હતા. તેમનો ચૌદ વર્ષનો દીકરો વેદોની વાતો કરતો હતો, તે એવાં ગીતો રચતો જેનું ઉચ્ચારણ મોટેરાંઓ માટે પણ અઘરું હતું, તે નાનકડી સભાઓ ભરતો અને બીજાને પણ તેમ કરવા કહેતો, તે લોકોનું ટોળું ભેગું કરીને તેની ખાલી હથેળી માંથી ભેટોનો વરસાદ વરસાવતો. તેના પિતાને લાગ્યું કે હવે મારે તેને આમ ગુરુ અને ભગવાનના પાઠ ભજવતાં અને લોકોને ભેગા કરતાં રોકવોજ પડશે. હાથમાં જાડી સોટી લઈને કતારમાં ઊભેલા ગામડાના લોકોમાં તે ગજર્યાં અને ડરામણી રીતે આ ‘અદ્દભુતબાળક’ની સામે જઈને ઊભા રહ્યા. ‘ તું કોણ છે? મને હમણાંજ કહે. તેમણે બૂમ પાડી. શું તું ભૂત છે ... પાગલ માણસછે ... છેતરનાર છે ... કે પછી ભગવાન છે?

આતુર હૃદયે ઊભેલી સાઈઠ વ્યક્તિઓ જવાબની રાહ જોતી હતી. વાતાવરણ તંગ બન્યું, હું સાઈબાબા છું.તમને બધાને ભયમુક્ત કરવા આવ્યો છું, તે છોકરાએ જવાબઆપ્યો. તેના અવાજમાં એક રણકાર હતો. તેની આંખમાં ચમક હતી. ચોંકી ગયેલા વેંકપ્પા રાજુના હાથમાંથી સોટી જમીન પર પડી ગઈ. પુત્ર ફરીથી બોલ્યો, તમારા વેંકા અવધૂતે હું તમારા ઘરમાં જન્મ લઉં તે માટે પ્રાર્થના કરી અને હું આવ્યો છું.

આ વાત પિતા માટે આશ્ચર્ય જનક સમાચાર હતા, પરંતુ તેના દાદા, વેંકા અવધૂતનું નામ સાંભળીને રોમાંચિત થઈ ગયા. તેઓ ગદગદિત થઈ ગયા અને પડતા પડતા માંડ બચ્યા. આઠ વર્ષ બાદ, લાંબી વાતચીતના અંતે હું તેમના

અવધૂત સાથેના સંપર્ક વિષે થોડી માહિતી એકત્ર કરવામાં નસીબદાર બન્યો. અંજલિની મુદ્રામાં હાથ જોડીને કોન્ડામા રાજુએ વેન્કાઅવધૂત જે આશીર્વાદની મૂર્તિ તેમણે ગુરુપદે સ્થાપી હતી તેમના વિશે શબ્દો વર્ણવી શકે, તે બધુંજ કહ્યું.

અવધૂત નો અર્થ કયાંય સ્થાયી ન થનાર સંન્યાસી એવો થાય છે. તે સમયની ભરતી પર આમથી તેમ તરતા વાંસ જેવો છે. અવધૂતમાં અ —અક્ષર (અવિનાશી) માં ઓતપ્રોત, ' વ ' — વરેણ્યક્ષરમાં સૌથી ઉચ્ચ દર્શાવે છે જ્યારે ધૂત નો અર્થ ( ધૂતા સંસાર બંધનાત્ ) જેણે દેખાવની પ્રલોભન ધરાવતી દુનિયાનાં બધાં બંધનોની કડી તોડી નાખી છે, તેવો થાય છે. કોન્ડમ્મા રાજુને વેન્કા અવધૂતને જમાડવાનો અને તેમના માનવ, કુદરત અનેભગવાન વિષેના સૈદ્ધાંતિક ઉદ્દગારો સાંભળવાનો અધિકાર પ્રાપ્ત હતો. "તેની હાજરીમાં કોઈ ચહેરો ઉદાસ ન હોઈ શકે કેમકે તેઓ આનંદમય હતા. જયારે તેઓ પસાર થતા ત્યારે પ્રત્યેક વ્યક્તિ તેમને આમંત્રણ આપતાં – બધાજ દરવાજા તેમના માટે ખુલ્લાં રહેતા. સૌ તેમને કુટુંબીજન માનતા- જો કે તેઓ આવા કોઈપણ સંબંધોનું બંધનસ્વીકારતા ન હતા. તેમની પાસે કોઈ ભૂખ્યું આવે તો તેઓ ભૂખનો અનુભવ કરતાં. તેઓ શરીર પર લપેટવામાં આવે તેવા કપડાં પહેરતાં અને આ કપડાં શરીર પરથીપડી જાય ત્યાં સુધી રહેતાં. તેઓ શરીરને એક કાપડની જેમરાખતા જેને વરસાદ ધોતો સૂર્ય સૂકવે અને નિદ્રા શરીર બેઠેલું કે ઊભેલું હોય તે પણ આવી જતી અને ચાલી જતી. તેમનો અવાજ ક્યારેય કર્કશ થતો નહીં અને આંખો ચમકતી. જ્યારે તેઓ કોઈના માથે હાથ મૂકતાં તો તે સ્પર્શ સ્વર્ગનું મંગળાચરણ બનતો. તેઓપવનના ઝોકા સમાન, વાદળ સમાન કે એક ધરતીથી સ્વર્ગ તરફ જનાર પક્ષી જેવા હતા.

કોન્ડમ્મા રાજુએ કહ્યું કોઈ જાણતું ન હતું કે તેઓ ક્યાંથી આવ્યા અને ખરેખર ક્યાં ગયા. તેઓ કોઈ જાણી શકે કે ધારી શકે તે કરતાં વધુ વર્ષોથી અત્ર તત્ર સર્વત્ર હતા. આંધ્રપ્રદેશની સરહદથી થોડા માઈલ દૂર પાવાગડ તાલુકા (કર્ણાટકરાજ્ય)માં હુસેનપુરામાં તેમનું શરીર જમીનમાં દાટવામાં આવેલું છે. આ વિસ્તારના લોકો કહે છે કે તેમના પૂર્વજો માનતા હતા કે શ્રી અવધૂત મહારાષ્ટ્રમાંથી આંધ્રપ્રદેશમાં આવ્યા હતા

જ્યારે કેટલાક ભારપૂર્વક જણાવેછે કે તેઓ વેન્ડુસા હતા જેની નિશ્રામાં શિરડીના શ્રી સાંઈબાબાએ બચપણ વિતાવ્યું હતું.

કોન્ડમ્મા રાજુએ મારો હાથ પકડીને મને નજીક ખેંચ્યો અને જણાવ્યું, " એક દિવસ બપોરે જ્યારે હું વટવૃક્ષ નીચે અવધૂતની પાસે બેઠો હતો ત્યારે તેમણે મને કહ્યું, ધરતી માતા રડે છે ત્યારે નારાયણ પધારે છે. તમે તેને જોઈ શકો છો.તે તમને ચાહશે. તેઓએ આ શબ્દ મારા કાનમાં વખતોવખત કહ્યા. છેવટે તેમણે મારી પાસે વચન લીધું કે આ વાત મેં માની લીધી છે. હું ક્યારેય માનતો ન હતો કે હું ખરેખર નારાયણને માનવ સ્વરૂપે મારાજ ઘરમાં અને મારા પિતાના ખોળામાં જોઈશ. તેમણે કહ્યું ત્યારે તેમની આંખો પરમાનંદની લાગણીથી અર્ધ મીંચાયેલી હતી. કોન્ડમ્મા રાજુએ જાણ્યુંકે તેમના ગુરુ ઘણા મહાન અને દયાળુ આત્માઓ કે જે પૃથ્વીપર ભગવાનરૂપે મહતશીલ વ્યક્તિનું આગમન ઈચ્છતા હતા તેમાંના એક હતા.

'સત્ય' કે જેમને તેઓ પોતાનો પૌત્ર કહેતા હતા તેમણે ઘણાય પ્રસંગોએ તેમની અદ્વિતીયતા જાહેર કરી હતી. ઈ.સ.૧૯૫૫માં જ્યારે તેઓ ૨૯વર્ષના હતા ત્યારે મહા શિવરાત્રિના દિવસે મંદિરમાં હજારોને સંબોધતા કહ્યું, આ અવતારથી દુષ્ટનો નાશ નહીં થાય. તેમને સુધારવામાં આવશે, ફરીથી બનાવવામાં આવશે, શિક્ષણ આપવામાં આવશે અને જ્યાંથી ભટક્યાં છે તે માર્ગે ફરીથી વાળવામાં આવશે. અવતાર તેમના જન્મની આ જગ્યા સિવાય કોઇપણ જગ્યાને તેમની લીલાઓ, મહિમા અને ઉપદેશના કેન્દ્રસ્થાન તરીકે નહીં સ્વીકારે. આ વૃક્ષને અહીંથી ઉખાડી બીજે નહીં ઉગાડી શકાય, તે તો જ્યાં પહેલું ફૂટયું ત્યાંજ વધશે. અવતારનો બીજો ખાસ ગુણ એ છે કે તેઓ જે કુટુંબમાં જન્મ્યા છે તે કુટુંબ કે તેના સભ્યો વિષે તેમને કોઈપણ પ્રકારનું આકર્ષણ કે બંધન નથી. પહેલાં લીધેલા રામાવતાર અને કૃષ્ણાવતારમાં તેમની જિંદગી ખાસકરીને કુટુંબ માટે અને સગાં સંબંધીઓની વચ્ચેજ પસાર થઈ હતી, પણ આ જન્મ ફક્ત ભક્તો, મહાપ્રાણ, સાધુઓ અનેસાધકો માટેજ છે.

કોન્ડમ્મા રાજુ એક પૂજ્ય પ્રતિભા હતા. તેઓ નિરાશો માટે એક સફળ ટેકો હતા. ગામવાસીઓ વાવણી, ખોદકામ, લણણી, કે બળદોની ખરીદી જેવાં કામો કે બીજા કોઈપણ પ્રકારના સાહસિક કામો પર જતાં પહેલાં તેમના આશીર્વાદ લેતા હતા જ્યારે

લગ્ન વિષે વાતચીત થતી ત્યારે પણ તેમના આશીર્વાદ લેવામાં આવતા હતા અને જ્યારે બેકુટુંબો વચ્ચે આ વાતચીત સફળ થતી ત્યારે તેઓ મંગળસૂત્ર કે જે ઘરેણું વધૂ તેના ગળામાં લગ્નના પવિત્ર બંધનના પ્રતીક રૂપે પહેરે છે, તે તેમના તરફથી મંગળ ભેટ તરીકે મેળવતા હતા. સંસ્કૃત અને તેલૂગુ ભાષાઓ માંથીચૂંટી કાઢેલ સહસ્રો પૌરાણિક કથાઓ અને દંતકથાઓ તેમને યાદ હતી. તે યાદોમાં તેમણે મુલાકાત લીધેલા પવિત્ર સ્થળે અને તેમણે સેવા કરી હોય તેવા પવિત્ર હસ્તિઓની સ્મૃતિઓ તાજી હતી.

પુટપર્થીથી લગભગ સો માઈલ દૂર કાલિમીકુંટલા નામનું ગામ કુર્નુલ રાજ્યમાં હતું, જે તે વખતે હૈદ્રાબાદના નિઝામના તાબામાં હતું. અહીંયાં એક ખેતરમાં બનાવેલ નાના ઘરમાં ભગવાનના ઉત્સાહી ભક્ત સુબ્બા રાજુ રહેતા હતા. ભગવાન તેના ભક્તોને આશિષ આપવા માટે ખૂબજ દયાળુ અને ઉત્સુક હોય છે. સુબ્બા રાજુને ભગવાનનો અનુભવ થયો અને તેમનો વિશ્વાસ દ્રઢ થયો અને તે પણ એટલી હદે કે તેમણે ત્યાં ઈશ્વરનું મંદિર બંધાવ્યું અને નિયમિત રીતે ભગવાનના લિંગની તેઓ પૂજા કરતા હતા. ત્યારપછી તેમને ત્યાં જન્મેલ પુત્રીનું નામ તેમણે ઈશ્વરમ્મા પાડયું. ભગવાનના નામની પાછળ નારી જાતિનો પ્રત્યય લગાવી આ નામ બનાવ્યું. તે નામજ તેમના ભવિષ્યની ભવ્યતા બતાવે છે. આ નામનો અર્થ છે ઈશ્વરની માતા. વિધાતાનો નસીબદાર ઈશ્વરમ્માની માતાના માર્ગમાં આવી પડયો. સુબ્બા રાજુના પિતાને તેમના પરિચિતના ઘરમાં પરી જેવા નાનકડા મુખને જોવાનો મોકો મળ્યો. તેમણે આ છોકરીને તેમના પુત્ર સાથે પરણાવવા માટે ભેટ તરીકે માંગી લીધી. તેમના અત્યંત આનંદ વચ્ચે આ સંબંધને તરતજ સ્વીકારી લેવામાં આવ્યો હતો. ખરેખર, ભગવાને આ બાળકને આ ઘરમાં એ કારણે મોકલ્યો હતો કે જેથી માતૃત્વ ધારણ કરતાં ઈશ્વરમ્માના આશીર્વાદ બાળકને સાંપડે.

કોન્ડમ્મા રાજુ શ્રી શૈલમની જાત્રાએ નીકળેલા હતા.ત્યાંથી પોતાના મૂળ વતનમાં રહેતા તેમના સગા સંબંધીઓને મળવાનો તેમણે વિચાર કર્યો અને તેમના મોટા પુત્ર પેડ્ડા વેંકપા રાજુને સાથે લીધા. તેઓ નંદિયલ અનેમહાનદી પાસેથી પસાર થયા કે જે નંદીની પ્રાર્થનાથીપ વિત્ર થયેલ છે. નંદીએ શ્રી શિવનું વાહન છે. તેમના

મુકામનો આ રસ્તો ડાકુઓના ત્રાસથી ધમધમી ઊઠેલો હતો. આ રસ્તેથી પસાર થયેલા યાત્રાળુઓની ટોળીમાંના છ સભ્યોને થોડા દિવસ પહેલાં ધાડપાડુઓએ મારી નાખ્યા હતા તેથી ગામના લોકોએ તેમને આનંદથી આવકાર્યા. કોન્ડમ્મા રાજુને તેના સગા સંબંધીઓ પર ઘેરાઈ રહેલા ભયનાં વાદળો – એકલતા, ભય, જમીનની રસહીનતા, અને વાતાવરણની દાહકતા હતા. તેમણે સુબ્બા રાજુને તેમની જમીન અને ઘર વેચીને ચિત્રાવતીના વિસ્તારમાં આવી જવા સમજાવવા પ્રયત્નકર્યો. આ વિસ્તારની જમીન બુક્કપટનમ તળાવના પાણીથી સીંચાયેલી અને ખેતી માટે મળી શકે તેમ હતી. સુબ્બા રાજુના ખચકાટ અને આશંકાનો ખ્યાલ આવતાં તેમણે એક અત્યંત મોહક પ્રસ્તાવ મૂકયો કે જેણે વાતને જકડી રાખી. તેમણે પોતાના પુત્ર પેદ્દા વેંકપા સુબ્બા રાજુની દીકરી સાથે પરણાવવાનો પ્રસ્તાવ મૂક્યો. તે એક દૈવી યોજના હતી. સુબ્બા રાજુ ચિત્રાવતીના કિનારે આવ્યા અનેપુટપર્થીના સામે કિનારે કર્ણાટંગાપલ્લીમાં સ્થાયી થયા. આ પવિત્ર લગ્ન વચન આપ્યા પ્રમાણે ભગવાનની સાક્ષીએ પાકું થયું. તે વખતે ઈશ્વમ્મા માંડ ચૌદ વર્ષના હતા. તેઓ એક સૂર્ય પ્રકાશના કિરણની જેમ આવ્યા. સુંદરતાએ સદાચારના વૃક્ષનું ફૂલ છે. તેણી પાસે તે અઢળક હતી.

## ૨. આકાશ અને ચંદ્ર

કોંડમ્મા રાજુનું ઘર નાનું હતું પણ હૃદય ઘણુંજ વિશાળ હતું. તેમના ઘરમાં ફક્ત માબાપ અને તેમના પુત્રેજ નહીં પરંતુ તેમની વિધવા કાકીઓ, અનાથ કાકાઓ, પિતરાઈભાઈ બહેનો અને તેમના ભૂલકાંઓ પણ રહેતાં હતાં. ઘરનીમોટી વહુ હોવાને નાતે ઈશ્વરમ્મા પર બધા કામકાજનો બોજો રહેતો હતો કે જે સહેવા માટે તે ઘણાંજ નાજુક હતા. પરંતુ આખા દિવસના ઘરકામને થાક પતિના અઢળક પ્રેમને લીધે વિસાતમાં નહોતો.

તેમના સાસુ એક પવિત્ર અને ભગવાનથી ડરીને ચાલનાર સ્ત્રી હતાં. તેમને પવિત્ર કોંડમ્મા રાજુએ કોઈને ઈજા ન કરવા કે "કોઈનું અપમાન નહીં કરવા, શીખવ્યું હતું". તે પોતે પણ પૂજા અને યાત્રામાં એટલા બધા રોકાયેલા રહેતાં હતાં કે તેમને ઘરની અન્ય સ્ત્રીઓની ત્રુટિઓને લીધે ચિંતા કરવાની ફુરસદ નહોતી. તેમને વિષ્ણુ ભગવાન પ્રિય હતા.સત્યનારાયણની કથા અને ખાસ કરીને તેની ભગવાનને પ્રાર્થનાકરવાની વિધિ તે ભાગમાં ખૂબ જ પ્રચલિત હતી. તેનોપ્રચાર મહારાષ્ટ્રમાં (જેમાં શિરડી છે) અને ત્યાંથી આંધ્ર, ઓરિસ્સા અને બીજા રાજયોમાં ફેલાયેલો હતો. નારાયણનું"સત્ય" નારાયણ તરીકે પ્રગટવું અને તેમના સેવકોનાવ્રત ખરેખર અસરકારક ગણાતા હતા. તેમના સાસુ લક્ષ્મમ્માએ એક બ્રાહ્મણ પૂજારીને ત્યાં આવીજ એક કથામાં ભાગ લીધો હતો. આ બ્રાહ્મણ પૂજારી વારસામાં મળેલ જ્યોતિષશાસ્ત્રની વિદ્યાના સલાહકાર તરીકે ગામમાં જાણીતા હતા. જે ભાવના અને રીતભાતથી તેઓ પૂજા કરતા હતા તે કારણે તેઓ બીજી વિધિઓ કરતાં આનાથી ખૂબ અંજાયા હતા. પૂજારી પૂજાનું માહાત્મ્ય સમજાવતાં દૃષ્ટાંતો કહેતાં અને જો વિશ્વાસ લડખડાય તો ભીષણ પરિણામોની ચેતવણી આપતાં હતાં.લક્ષ્મમ્માએ જાતે સત્યનારાયણની પૂજાના નીતિનિયમો પાળવાનું અને જ્યાં પણ પૂજારી દ્વારા પૂજા વિધિ થાય ત્યાં ભાગ લેવાનું નક્કી કર્યું. એ વાત રસપ્રદ છે કે હજુ પણ શિરડીના સાંઈમંદિરમાં ભક્તો દ્વારા પૂજા વિધિ ઉજવાય છે. શ્રી સત્યનારાયણભગવાનનો શબ્દ સત્ય

છે. શ્રી સત્યનારાયણ ભગવાન સત્યને માનવના સૌથી કિંમતી ભેટ તરીકે સ્વીકારે છે.

ઈશ્વરમ્મા પણ ભગવાનના અનન્ય ભક્ત હતા. તેઓએગામની સ્ત્રીઓ અને રત્નાકરમ કુટુંબના ખેત ગુલામોના પ્રેમ અને આદર સંપાદન કર્યા હતા. પ્રત્યેક શનિવારે તેઓ ગામની અન્ય સ્ત્રીઓ સાથે હનુમાન મંદિરે જતાં. સૈકાઓ અગાઉ શ્રી હનુમાનની પ્રતિષ્ઠા ગામના વડીલ રક્ષક તરીકે થયેલી. સોમવારના દિવસોમાં તેઓ શિવમંદિરે જતાં અને વેણુ ગોપાલસ્વામીના મંદિરે પણ જતાં. વેન્કા અવધૂત કે જેમણે આમંદિરમાં ખડકના ટુકડાની પૂજા થવાની લોક વાયકાને કોન્ડમ્મારાજુ સાથે સાંકળી લીધી હતી; અને પાછળથી શ્રી સત્યસાઈબાબાએ તે લોકવાયકાને પ્રમાણભૂત કરી હતી. તેમણે આ ખડક પર બંસરી વાદન કરતાં કૃષ્ણનું રેખાચિત્ર ગામના લોકોને બતાવ્યું હતું.

ઈશ્વરમ્માં પોતાના પિતૃગૃહેથી રત્નાકરમ કુટુંબમાં આવ્યા. રત્નાકરમનો અર્થ “રત્નોનો ભંડાર” થાય છે જેનામાં ભવિષ્યની એ ભવ્ય રત્નના આગમનની ધટનાનું સૂચન કરેછે જે રત્ન અંધારામાં ખોવાયેલા જગતને પ્રકાશિત કરનાર હતું. “રાજુ ક્ષત્રિય જાતિ દર્શાવે છે. ક્ષત્રિયોનું ઉમદાપણું"માત્ર યુદ્ધોના વિજય પર જ આધારિત નથી તે આંતરિક શત્રુઓના વિજય પર પણ આધારિત છે. ધણા ક્ષત્રિય રાજાઓ જેમણે માનવ, ભગવાન અને વિશ્વનું સત્ય મેળવ્યું હતું અને જેમને આધ્યાત્મિક ભકતો શોધતાં તેમની વાત ઉપનિષદમાં કહેવાઈ છે.

રાજુ કુટુંબે પવિત્ર સાહિત્યને નાટક, કવિતા અને શિક્ષણ દ્વારા સમજાવવા અને લોકપ્રિય કરવા માટે પોતાનું ક્ષત્રિય લડાયક વૃત્તિવાળું પાત્ર ઘણા વખત પહેલાં છોડી દીધું હતું. રત્નાકરમ રાજુનું ઘર આખો દિવસ કામકાજની ધમાલવાળું રહેતું હતું. અહીંયા પુરૂષો લખવામાં, નાટકોની તૈયારી કરવામાં શીઘ્ર કવિતાઓ બનાવવામાં અને ધણા વાજિંત્રો વગાડવામાં વ્યસ્ત રહેતા હતા. સ્ત્રીઓને તેમના અસંખ્ય કામ હતાં જેવાં કે ખાંડવું, છોલવું, ધોવું રાંધવું, દૂધ દોહવું વલોવવું વિગેરે. તેમણે કુટુંબના ધણા બધા સભ્યોને જમાડવાનું અને કાળજી કરવાની હતી. આ બધાં ઉપરાંત આદરણીય કોન્ડમ્મા રાજુ-મિત્ર અને

માર્ગદર્શક જે આબાલ વૃદ્ધોના આધાર હતા અને જેમના દર્શને ગામ પરગામથી આ લોકો આવી ચરણસ્પર્શ કરી ધન્ય થતા.

ઈશ્વરમ્માએ તેમની સાસુના અતિશય આનંદ વચ્ચે તેમના લગ્ન જીવનના બે વર્ષમાં ગર્ભ ધારણ કર્યો. પ્રથમ પુત્ર થયો અને થોડાં વર્ષો બાદ પુત્રી જન્મી. બીજી પુત્રીનો પણ જન્મ થયો. રાજુ કુટુંબ સુખી હતું અને તેમનું ઘર હર્ષ, ગાન અને પ્રાર્થનાથી ગૂંજી રહેતું. ઈશ્વરમ્માને ત્યારબાદ ચાર કસુવાવડ થઈ, વડેરાઓએ આને મેલી વિદ્યાને લીધે થયેલ જણાવ્યું. તેઓએ ભૂવાઓ બેલાવ્યા અને માદળિયા પહેરાવ્યા. ગામના દેવળમાં અને કાદીરી જેવા ધાર્મિક સ્થળોએ શાંતિકર પૂજા કરાવી. અને જ્યારે ઈશ્વરમ્માએ આઠમો ગર્ભ ધારણ કર્યો ત્યારે સાસુએ શ્રી સત્યનારાયણ ભગવાનની વખતો વખત પૂજા કરાવી જેથી પૌત્ર જન્મના આશિષ સાંપડે. શ્રીકૃષ્ણ પણ તેમના માતાપિતાનું આઠમું સંતાન હતા !

વર્ષો બાદ એક દિવસ શ્રી સ્વામિ તેમના ભક્તોથી વિંટળાઈને બેઠા હતા ત્યારે અચાનક ખલેલ પડી. પવિત્રપુરાણોના વિદ્વાન એવા એક પંડિતે અચાનક પ્રશ્ન પૂછયો,"સ્વામિ ! આપનો અવતાર પ્રવેશથી થયો હતો કે પ્રસવથી ? "હુ આ પ્રશ્ન દ્વારા ખલેલ કરી અને બેઠેલા સર્વેના હળવા મનોભાવને ખલેલ પહોંચાડવાનું કારણ સમજી ન શકયો પરંતુ સ્વામિ જાણતા હતા. તેમણે સામે બેઠેલા ઈશ્વરમ્માની તરફ ફરીને કહ્યું, મા, રામ શર્માને કહોકે તે સમયે કૂવા પાસે તમારા સાસુએ તમને શું ચેતવણી આપી હતી. "

માતાએ કહ્યું,“તેમને શ્રી સત્યનારાયણનું સ્વપ્ન આવ્યું હતું અને મને ચેતવી હતી કે ભગવાનની ઈચ્છાને આધીન રહીને મને કાંઈ પણ થાય તો મારે ગભરાવવું નહી'. જ્યારે સવારે હું કુવામાંથી પાણી ખેંચતી હતી ત્યારે ભૂરા પ્રકાશનો તેજસ્વી દડો ગબડતો મારી પાસે આવ્યો અને હું નિસ્તેજ થઈ પડી ગઈ. મને લાગ્યું તે મારામાં પ્રવેશ્યો. સ્વામિ રામશર્મા તરફ ફર્યા અને સસ્મિત

વદને કહ્યું, "આ તમારોજવાબ છે! હું પ્રજોત્પાદન થયો ન હતો. તે પ્રવેશ હતો પ્રસવ નહીં."

મૂળ વાત પર પાછાં આવીએ તો ઈશ્વરમ્મા જ્યારે સગર્ભા હતા ત્યારે કોન્ડમ્મા રાજુને વેન્કા અવધૂતનાં સ્વપ્ન આવ્યાં હતાં જેમાં તેઓને તૈયાર રહેવા સૂચના અપાઈ હતી.અને પેદ્દા વેન્કાપા રાજુ-પિતા રાત્રે રિયાઝના ઓરડામાં પડેલા વાજિંત્રોમાંથી અચાનક ઉદ્ભવતા કર્ણપ્રિય સંગીતથી જાગી ગયા. પરી ... ગાંધર્વ ... કિન્નરો? સંગીતના પૂર્વજો? તેઓએ જોષીઓને પૂછતાછ કરી. તેમણે આ અંગે જાણવાના પ્રયત્નો વિશે મને જણાવતાં બુક્કપટનમ્ ખાતે જોષી સાથેનો વાર્તાલાપ કર્યો. "

શું સંગીત મધુર અને પ્રિય છે?"જોષીએ પૂછ્યું."આરોહ અને અવરોહ રોમાંચક હતા"તેમણે જવાબ આપ્યો. જોષીએ પૂછયું"શું ઘરમાં સગર્ભા સ્ત્રી છે?"

જ્યારે જવાબ"હા"માં સાંપડયો ત્યારે જોષીએ ભવિષ્યવાણી કરી કે ગર્ભસ્થ બાળકના આનંદ માટે દૈવો વાજિંત્રો વગાડે છે. તેમણે જન્મપત્રિકાને લગતા સંસ્કૃત શ્લોકો પિતાના મન-સમાધાન માટે ગાઈ સંભળાવ્યા.

ભગવાને માનવ અવતારે પૃથ્વી પર દેખાવાની નક્કી કરેલી ક્ષણ આવી. કાર્તિક મહિનો હતો. શંકર ભગવાનનો વાર સોમવાર મંગળવારમાં પ્રવેશવાની તૈયારીમાં હતો જે ભગવાન ગણેશનો વાર છે. ૧૯૨૬ના નવેમ્બર મહિનાની ૨૩મી તારીખનાં સવારના ૫.૦૬ નો સમય (સ્ટા. ટા) હતો અને આર્દ્રા નક્ષત્ર હતું. તે દિવસે સવારના ૪-૦૦ થી સાસુમાતા લક્ષ્મણમ્મા પૂજારીના ઘરે શ્રી સત્યનારાયણની પૂજામાં બેઠા હતા. તેઓને વખતોવખત બોલાવવામાં આવ્યા. કેમકે પ્રસવનો સમય નજદીક આવતો જતો હતો. પરંતુ તેમણે પૂજાના અંત સુધી બેસીને પ્રસાદ લઈ ઈશ્વરમ્મા પાસે જવું હતું તેથી તુરત જવાની ના પાડી. છેવટે તેઓ પ્રસાદ લઈને આવ્યા. ઈશ્વરમ્માને આપ્યો જે તેમણે ગ્રહણ કર્યો અને પુત્ર અવતર્યો. પ્રસવ પીડા શરૂ થઈ ત્યારથી જ એક ગાદીથી આચ્છાદિત સાદડી રૂમના એક ખૂણામાં તૈયાર રાખવામાં આવી હતી. અને દાદીમાએ તેના ઉપર બાળક મૂક્યું. અચાનક બાળકની આસપાસ ગાદી ઊંચી નીચી થતી હતી.

તેણીએ બાળકને લઈ લીધું અને જોયું તો ગૂંચળું વળીને નીચે સાપ હતો. અલબત્ત તે જમાનામાં પુટપર્થી માં ઘણા સાપ રહેતાં જે ઘરમાં દીવાલો પર ચઢતાં કે દરમાં છુપાતા જોવા મળતાં પરંતુ પથારી તરીકે ઘરમાં પથરાયેલ સાપ એ તો ભગવાન વિષ્ણુના સ્થાન તરીકેના આદિશેષનું પાત્ર હતો. આ અવતારનો પ્રથમ " ચમત્કાર"હતો. જ્યારે ઈશ્વરમ્માને આ મહાકાવ્ય જેવી ઘટનાની પૃચ્છા કરવામાં આવી ત્યારે તેમણે કબૂલ્યું કે તેઓ પુત્ર અવતર્યો ત્યારે એટલાં પ્રસન્ન હતાં કે આસપાસ થયેલ આ ધમાલ વિષે બિલકુલ અજાણ હતા.

બાળકનું નામ સત્યનારાયણ રાખવામાં આવ્યું. માનવ અને દૈવત્વનું ઐકય નામથી જ સરળ બન્યું હતું. તેનો અર્થ બાળક નારાયણ છે તે સત્ય છે તેવો થાય છે. શ્રી સત્ય નારાયણ સ્વરૂપે ભગવાન માતા અને દાદીમાના હૃદયમાં બિરાજ્યા હતા અને રત્નાકર રાજુના ઘરને દૈવી મીઠાશ અને સુગંધથી ભરી દીધું. સત્ય તરીકે નારાયણ આવે તેની જગતને વર્ષોની આશા હતી.

## ૩. બાલ્યાવસ્થા

પૌત્રનું નામ "સત્ય" પાડયું હતું તે બાબતે પિતામહ કોન્ડમ્મા રાજુ ખરેખર રાજી હતા. તેઓએ શ્રીમદ્ ભાગવત પુરાણમાં ભગવાન શ્રીકૃષ્ણના જન્મ વખતે બ્રહ્માના બાળક કૃષ્ણના ગુણગાન ગાતાં કરેલાં સત્યસ્યા સત્યમ્ (સત્યનું સત્ય),ત્રિ સત્યમ, સત્યાત્કમ્ (સત્યનું હાર્દ), સત્યપરમ્ (પરમોચ્ચ સત્ય ), સત્યવ્રતમ (જીવંત સત્ય ), સત્ય નેત્રમ અને સત્યસ્ય યોનિ ( સત્યનું મૂળ )ના વર્ણનને યાદ કર્યું. દાદાએ ઘરઉપરાંત નાનકડી ઝુંપડી બાંધી સ્વાધ્યાય માટે મઠ બનાવ્યો હતો. જ્યારે સાસુમા બાળકને કોન્ડમ્મા રાજુ પાસે લઈ જતાં ત્યારે ઈશ્વરમ્માએ તે સ્વીકારવું પડતું અને કોન્ડમ્મા રાજુ તેને પૂજા અને ધ્યાનમાં બેસવા દેતા. "તેણે મને કયારેય પ્રાર્થનામાં ખલેલ નથી પહોંચાડી. તેની હાજરીએ મારા મનને શાંત કરવામાં અને ભગવાન તરફ દોરવામાં મને મદદ કરી છે. "પાડોશની સ્ત્રીઓ આ આકર્ષક બાળકની આસપાસ ઘેરાઈ વળતી અને કલાકો સુધી મીઠા અવાજે બોલાવતી અને વહાલ કરતી. ઘણી વાર ઈશ્વરમ્મા ભૂલી જતા કે આમાંની કેટલીક સ્ત્રીઓ નિષિદ્ધ જાતિની હતી ખરેખર તો બાળક હાથ લાંબા કરી "આ માતાઓ" ના હાથમાં જાણે કૂદી પડવા માંગતું હોય તેમ કરતું; અને જો તેને તેઓના હાથમાં આપવામાંના આવે તો દયાજનક રીતે આક્રંદ કરતું. આથી તેણે તેના આચરણથી થતા ડરને દબાવી દેતી, જ્યારે બાળકદર્શાવતું કે તેને આવો સંશય ન હતો. ડૉકટર જયલક્ષ્મી, જેઓ પ્રશાંતિ નિલયમ ખાતેના સત્ય સાઈ હોસ્પિટલમાં છેલ્લાં વીસ વર્ષથી કામ કરે છે. તેઓ લખે છે કે તેમણે ઈશ્વરમ્મા પાસેથી એ જાણવા ઇચ્છ્યું કે સ્વામી જયારે કેડે બેસાડેલા બાળક હતા ત્યારે કેવા આકર્ષક હતા."એક પ્રસિદ્ધ કલાકારે મટકામાંથી માખણ ખાતા શ્રીકૃષ્ણનું દોરેલું ચિત્ર મેં સાથે લીધું હતું. મારા ઘરની દીવાલ પરના એક મોટા કેલેન્ડરમાંથી આ ચિત્ર લીધેલું ઈશ્વરમ્માએ તેને જોયું અને કહ્યું, "હા ! તેનો ચહેરો આવો જ, ચંદ્રમા જેવો ચમકતો હતો.તેને આવા જ, કાળા, ઘુઘરિયાળા વાળ હતા. તેના સ્નાયુઓ મજબૂત અને સુદ્રઢ હતા. તેની ભમરો શ્રીકૃષ્ણ કરતાં જુદી હતી જે મધ્યમાં મળતી હતી. શ્રી કૃષ્ણે પહેરેલું ઝવેરાત જોઈ તેણીએ નિસાસો નાખીને કહ્યું,"પણ અમે

ગરીબ હતા. આ બાળકે પહેર્યા છે તેવા ઘરેણાં અમે તેને પહેરાવી ના શક્યા."કર્ણમના પત્ની સુબમ્મા બાળકને ઉઠાવી લેતા અને છાતી સરસું ચાંપતા. બાળક આનંદથી ખળખળ અવાજ કરતું અને તેણી તેનેપોતાના વિજય સમાન લેખી બાળકને લઈ જતી. રાજુ કુટુંબઅને કર્ણમના ઘરો વચ્ચે માત્ર એક જ ઘર હતું. કર્ણમ બ્રાહ્મણ જ્ઞાતિના હતા જેને રિવાજ પ્રમાણે બધી જ્ઞાતિઓ આદર સત્કારથી પ્રણામ કરતી. સરકાર વતી બધી જમીનની યાદી રાખવાના અને કર ઉઘરાવવાના તેઓને વંશપરંપરાગતના ગામના મુખી તરીકેના અધિકારી હતા. કર્ણમ અને ગામ પટેલ (બ્રાહ્મણ કુટુંબના વંશ પરંપરાગતનાં કાયદો અને વ્યવસ્થા જાળવનાર અધિકૃત વ્યક્તિ ) ગામના સૌથી વધુ સન્માનીય વ્યક્તિઓ હતા. સુબમ્મા વૃદ્ધ હતા અને તેઓ નિઃસંતાન હતા, તેથી કરુણામય હૃદય ધરાવતા ઈશ્વરમ્માં તેમને બાળક"સત્ય"ના માથે વ્હાલપૂર્વક હાથ ફેરવતાં કેવી રીતે અટકાવી શકે ? બીજી સ્ત્રીઓ 'આ તો બ્રાહ્મણનું બાળક છે', તેમ કહી ટોણો મારતી. જ્યારે તેઓ "સત્ય" ને શીઘ્રતાથી તેણીની સાથે તેણીના ઘરે જતાં જોતી. કોન્ડમ્માં રાજુ જેવા અંતરંગના સંબંધી એવો અર્થ તારવે છે કે બાળક સુમ્બમ્માની પાસે એ કારણે જતું કે તે શાકાહારી કુટુંબ હતું. ઓછા સંવેદનશીલ એવા બીજાઓ માત્ર એટલું કહી શકે કે બાળકને મોટા મેડીબંધ ઘરમાં જવામાં આનંદ આવતો ! બાળક સુબ્બમ્માના ઘર જેટલું આનંદમય પોતાના ઘરમાં પણ રહેતું નહોતું તેથી જ્યોતિષીઓએ ઈશ્વરમ્માને દેવકી અને સુબ્બમાને યશોદા તરીકે વર્ણવ્યા. દિવસે દિવસે બાળકને વધુ મધુર થતું અને સૌનો સ્નેહ પામતું જોઈને ઈશ્વરમ્મા પણ ખુશ થયા.

શિરડીમા તરીકે જાણીતા એક ભક્ત જ્યારે સાઈબાબા જીવતા ત્યારે શિરડીમાં રહેતા હતા. તેઓ પોતાના કપાળમાં મહિમાવાળા કંકુને ચાંલ્લો કરતા તેથી તેઓ પેદ્દબોટ્ટુ તરીકે જાણીતા હતા. શિરડીમાં પોતાના સંભારણા તરીકે તેઓ ઈશ્વરમ્મા એને બાળક તરીકે સ્વામીએ કરેલા ચમત્કાર વિષે કહેવા હંમેશા અનુરોધ કરતા હતા.ઈશ્વરમ્મા ઘણું ખરું આ પ્રશ્નને એમ કહી ઉડાવી દેતા કે તેણીએ કંઈ જોયું ન હોતું કે તેણીને કંઈ જ યાદ ન હોતું. પરંતુ તેણીએ એક દિવસ એવો અનુભવ કહ્યો કે જે કહેવાની મનાઈને કારણે તેણીએ ત્રીસ વર્ષ ગુપ્ત રાખ્યો હતો.

"તે વખતે સ્વામી નવ મહિનાની ઉંમરના હતા, મને આખો જ બનાવ તાદશ યાદ છે. મેં તેને નવડાવીને કપડાં પહેરાવ્યાં હતાં. અને આંખમાં કાજળ આંજયું હતું. મેં તેને શિવમંદિરની ભસ્મ લગાડી અને ભ્રમર પાસે સત્યમ્મા મંદિરના કંકુનો ચાંલ્લો કર્યો હતો. મેં તેને પારણામાં મૂકયો અને હું તેને હલાવી રહી હતી અને સગડી પર મૂકેલું દૂધ ઉકળવા આવ્યું હતું. હું તે તરફ ગઈ. અચાનક, મેં તેને રડતો સાંભળ્યો. મેં ભૂખ,દુ:ખ કે અગવડને લીધે કયારેય રડતો સાંભળ્યો ન હતો તેથી મને આશ્ચર્ય થયું. મેં તેને ખોળામાં લીધો અને તેણે રડવાનું બંધ કર્યું. મેં તેની આસપાસ તેજ વર્તુળ જોયું. આ પ્રકાશથી મને તકલીફ થઈ નહીં. આટલો નજીકથી પ્રકાશતો હોવા છતાં તે પ્રકાશ શીતળ હતો. હું આશ્ચર્યમાં ખોવાયેલી ઘણો વખત બેસી રહી ત્યારબાદ તે ધીમે ધીમે ઝાંખો થયો.હું આંખો બંધ કરીને લગભગ અર્ધચેતન અવસ્થામાં સરી ગઈ અને જયારે મારા સાસુમાએ આવી અને મને જગાડી ત્યારે જ હું જાગી. બાળક દેખીતી રીતે ઊંઘી ગયું હતું.તેણીએ મને શું થયું હતું તે વિષે પૂછયું અને મેં તેણીને તેજવર્તુળ વિષે જણાવ્યું. તેણીએ હોઠ પર પોતાની આંગળી મૂકીને મને કહ્યું,“ કોઈને આ વાત કહીશ નહીં. તેઓ સમજશે નહીં. તેઓ જાત જાતની વાતો ફેલાવશે.” મને લાગે છે કે તેણીએ આ વાત દાદાને કહી હતી કારણ કે તેમણે પાછળથી આ બાબતની પૃચ્છા કરી હતી.”

આશ્ચર્યોમાં વિંટળાએલ “સત્ય" ઘૂંટણીએ ચાલવાની, પા પા પગલી ભરવાની, પ્રથમાક્ષર બોલવાની વિગેરે બાળ સહજ ક્રિયાઓ કરી. તેના પ્રથમ ઉચ્ચારણ સાંભળનારને પોતાનાં બાળકોના પ્રથમેચ્ચારણ કરતાં વધુ મધુર લાગ્યાં.

પેડા બોટ્ટુ ઈશ્વરમ્મા પાસે સ્વામિના બાળપણની કેટલીક કથાઓ જાણી શકયા. એક વખત તેઓ બન્ને ઘરમાં છીપલાં વડે બાજી રમતાં હતાં ત્યારે ઈશ્વરમ્માએ કહ્યું, તમે તેના શ્રીકૃષ્ણ નારાયણ સ્વરૂપે હોય તેવા ગુણગાન કરો છો પરંતુ હું તેને ખાસ શ્રીકૃષ્ણ માનું છું જે મને ખાસ પ્રકારની ચિંતાઓ કરાવતો. તેણે કયારેય અમુક પ્રકારનું ખાવાનું કે કપડાં માગ્યાં ન હતાં. ઘરમાં કપડાંનો ઢગલો

હિન્દુપુર કે અનન્તપુરથી લાવવામાં આવતો અને પિતા કે દાદા દરેકને બોલાવી પસંદગીનું કપડું લેવા કહેતા. પરંતુ'સત્ય' તો બીજા બધા પસંદગી પ્રમાણેના કપડાં લઈ લે ત્યાં સુધી એક બાજુ ઊભો રહેતો અને છેવટે વધેલ કપડું લઈ લેતો. તેને કયારેય પોતાની ઇચ્છા ન હતી થતી. બીજાં બાળકોને ખુશ જોઇને તેનો ચહેરો ચમકી ઊઠતો. જ્યારે તેને શું જોઈએ તેવું પૂછવામાં આવતું. ત્યારે માત્ર 'સ્મિત'જ તે પ્રશ્નનો જવાબ રહેતું.

હું તેને વહાલથી ભેટીને પૂછતી," સત્યમ, તારે શું જોઈએ? મને કહે,"હું તને અપાવીશ.' તેનો એક માત્રજવાબ રહેતો, "મારે કાંઇ જોઇતું નથી. મને જે આપશો તે ચાલશે. મને તે પૂરતું છે. હું પસંદગી કરીશ નહીં." તેના આ નિર્મોહીપણાથી તેણી દુઃખી થતી. તેણી ઈચ્છતી કે તે પસંદગીનો આગ્રહી બને જ્યારે મોટેરાંઓ તેણીને સમજાવતાં કે તેની આ વૃત્તિ હંમેશાં રહેશે નહીં.

ઈશ્વરમ્માને બીજો ખમચાટ એ હતો કે 'સત્ય' જ્યારે ઘરમાં રહેતો ત્યારે ગંભીરતા ધારણ કરી લેતો. ઘરની બહાર તે ખૂબ હસતો રમતો. ચિત્રાવતીની રેતીમાં અન્ય બાળકો સાથે રમતો અને તેમને કલાકો સુધી ભજનો સંભળાવતો. જ્યારે તેણી તેને ફોસલાવીને ઘરે લાવતી ત્યારે તે ભારે ગંભીર બની જતો. "તેની આ વર્તણૂંક હું સમજી શકતી નહીં. અમો કેવી રીતે ભિન્ન હતાં? તે શા માટે આટલો બધો શાંત અને ડાહ્યો થઈ જતો? છેવટે હું વિચારવા માંડી કે બધા તેને 'બ્રહ્મજ્ઞાની' કહે છે તે ખરેખર સાચું છે." ઈશ્વરમ્માએ કહ્યું.

"સત્યે ગામના બધાનું ધ્યાન આકર્ષ્યું હતું અને સૌ તેના વખાણ કરતાં તેથી તેને નજર લાગશે તેવો ભય મને રહેતો. હું તે માટે ઝાડું મારવું, પાણી ઉતારવું કે અગ્નિથી નજર ઉતારવાની સામાન્ય રીતે પ્રચલિત ક્રિયાઓ કરતી. મને જ્યારે તે આવું કરતી જોતો તો તે દોડી જતો. "કોઇની નજર મને શું કરી શકે?" આ પ્રકારની વાત જે અધિકારપૂર્વક કહેવાતી તે વર્ષો પહેલાં શ્રીકૃષ્ણ માતા યશોદાને કહેલાં શબ્દોની યાદ અપાવતી. મુઠી ભરીને માટી ખાવા બદલ પોતાને ઠપકો આપતી માતાને આ દૈવી બાળકે કહ્યું હતું," માં ભૂલથીય માનીશ નહી કે હું

માત્ર તોફાની, ગાંડો બાળક છું. " જ્યારે એક અજાણી વ્યક્તિએ શ્રીકૃષ્ણને તેનું નામ પૂછયું ત્યારે તેણે કહ્યું," મારા અનેક નામોમાંથી કયું નામ કહું? '' સત્ય પોતાની વર્તણૂકથી ઈશ્વરમ્માને દિવસમાં કેટલીય વાર શ્રીકૃષ્ણની યાદ અપાવતો અને તેણી ઇચ્છતી કે આવું અહર્નિશ કરે.

એ બહુ જ સ્વાભાવિક હતું કે સત્યને પર્વતો, તારા અને આકાશ સામે શાંતિથી તાકી રહેવાનું બહુ જ ગમતું હતું. પણ જયારે તે મોટા થઈને ગલીઓમાં બીજા છોકરાઓ સાથે રમવા માંડયા ત્યારે તેની આ અભિરુચિઓ તેના માટે મુશ્કેલી બની ગયા, કારણકે આંધળી ખિસકોલી કે સંતાકૂકડી રમતા રમતા તેઓ પસાર થતી દરેક ગાય કે ભેંસને પ્રેમથી હાથફેરવી લેતા. તેમને ચેતવણી આપવામાં આવી હતી કે આ રમતમાં ના ચાલે પણ તેની કોઈ અસર તેમના પર થતી નહીં. જ્યારે તેમને ઘસડીને તેમના માતા પાસે લઈ જવામાં આવતાં ત્યારે તે આક્રંદ કરવા લાગતા.

તે વખતના ગામડાના છોકરાઓ, અત્યારના છોકરાઓ કરતાં બહુ જ તોફાની હતા. તેઓ કોઈ પણ વસ્તુ અસામાન્ય હોય તે સહન કરી શક્તા નહોતા એ પછી પોતાની જાતની સફાઇની હોય કે શુદ્ધ ભાષાની હોય કે વર્તનની હોય. તેમને સૌથી વધુ ગમતી તોફાનની તરકીબ એ હતી કે તેઓ નાના છોડને એકદમ વાળી દેતા અને ઠઠ્ઠા મશ્કરી કરતા. મરઘીને પકડીને ઊંધી લટકાવવી, કૂતરાને લાત મારીને ચિચિયારીઓ પડાવવી, બળદનું પૂછડું આમળવું, આવાં બધાં કામો કરવાથી તેમને ખાત્રી હતી કે તેમને મઝા પડશે અને 'સત્ય'ને દુ:ખ થશે. ઈશ્વરમ્માં તેઓને તમાચો મારવાની ધમકી આપતા પણ તેનાથી ઊલટું તેમને વધુ મનોરંજન મળતું હતું. 'સત્ય' કદી એ લોકો તેને પજવતા તેની ફરિયાદ નહોતો કરતો કે તેમના નામ પણ નહોતો કહેતો. 'સત્ય' વેરઝેર, ધિક્કાર કે અણગમાથી તદ્દન દૂર હતા.

ઇશ્વરમ્માને ઘણા વખત પહેલાં એ વાતની જાણ થઈ ગઈ હતી કે સત્ય ઘણો જ તેજસ્વી હતો. તેની દલીલો અજેય હતી અને સમજવાની શક્તિની ક્રિયા પુખ્ત વયની વ્યક્તિ કરતાં વધુ ઝડપી અને સ્પષ્ટ હતી. તેની લાગણીઓ ઊંડી અને

લાંબા સમય સુધી રહેતી. તેના શબ્દો તેણીએ જોયેલા અન્ય કોઈ પણ બાળક કરતાં વધુ સૌમ્ય અને મધુર હતા. ગામ આખાએ તેને " ગુરુ" તરીકે બોલાવવા માંડયા અને ઈશ્વરમ્મા આપમેળે ગુરુ માતાનું બિરૂદ પામ્યા અને સ્ત્રીઓ તેણીને કૂવાપર કે સત્યભામાના મંદિરે, ગોપાલકૃષ્ણના મંદિરે શંકર કે હનુમાનના મંદિરે મળી જતી તો આદરથી તેણીના પાદસ્પર્શ કરતી.

પ્રાથમિક શાળામાં બાળકને મૂકવાનું કારણ ભણાવવાની આતુરતા કરતાં ઘર બહાર તે સુરક્ષિત રહે તે હતું. પરંતુ સત્ય તકલીફો ઊભી કરતો. તે તેના વર્ગના મિત્રો જેઓ ઠંડીમાં બેઠા દાંત કકડાવતા તેમને પાથરણા અને ધાબળા આપી દેતો. દરેક ભૂખ્યાં ભાઇબંધને દૂધ, દહીં, કે રાંધેલી વાનગીઓ ખવડાવવા તે ઘેર લઈ આવતો.

" સત્ય" સાત વર્ષની ઉંમરે બુક્કપટનમની પ્રાથમિક શાળા જે ત્રણ માઈલ દૂર આવેલી હતી ત્યાં દાખલ થવા લાયક થઈ ગયો. ઈશ્વરમ્મા ઝડપથી પસાર થતાં વર્ષોથી આશ્ચર્ય પામ્યા હતા. જાણે ગયા દશેરાએ તો તે પારણામાં ઝૂલતો હતો.હવે તેને સફેદ ચડ્ડી ખમીસ પહેરાવી તેના મોટા કપાળમાં વિભૂતિ અને ભ્રમર પાસે કુમકુમ ચાંલ્લો કરી તેના માટે સંગતી અને ચટણીનું બપોરનું જમણ બનાવી આપી પુસ્તકોની થેલી ખભા પર લટકાવી "જો હું જાઉં છું" એમ કહી સજળ નેત્રે દરવાજા પાસેથી જોવાનો હતો.

બુક્કપટનમનો રસ્તો લાંબો હતો. સત્ય સવારે નાસ્તો કરી ૮.30 વાગે શાળાએ જવા નીકળીને સાંજે સૂર્યાસ્તના સમયે આવતો. તેની સાથે શાળાએ જતા તેના પિતરાઈ ભાઈઓ તેની સ્વરછતા તરફ અણગમો દાખવતા. તેઓ ગામના પાદર સુધી રાહ જોતા અને નદીનો પટ આવતાંજ સત્યને પાડી કાઢી તેની માતાએ પહેરાવેલાં સ્વચ્છ ધોયેલાં કપડાં ચુંથાઈ ગંદા થઈ જાય ત્યાં સુધી તેને ઘસડતા. ઈશ્વરમ્મા સત્ય પાસેથી આ તોફાનીઓના નામ કયારેય જાણી ન શક્યા. સાંજ ઢળે ત્યારે દીવાલના ગોખલામાં ઝબુકતા દીવા નીચે બેસીને સત્ય શાળાની અને જવા આવવાની મુસાફરીની વાતો કહેતો.બીજાં બાળકોથી ભિન રીતે તે

કવચિતજ ભણેલા પાઠ વિષે કહેતો. ઊલટાનું તે શાળામાં અન્ય બાળકોને તેણે શું ભણાવ્યું અને શિક્ષકે જેમણે તેને ભણાવવાને યત્ન કર્યો તે વિષે બોલતો હતો. આનંદથી વિભોર થયેલા બાળકો સત્યે ભણાવેલ પાઠને શિક્ષક શ્રી કોન્ડપ્પાએ ભણાવેલ પાઠ સાથે સાંકળતા.

કોન્ડાપ્પા જે નોંધ લખાવતા તે બાળકોએ નોટબુકમાં લખવાની રહેતી; તેમણે જાણ્યું કે માત્ર એક બાળક સત્યનારાયણ રાજુ લખતો ન હતો. તેમણે પૂછયું કે સત્ય શા માટે બીજા બાળકોનું અનુકરણ કરતો નથી. બાળકે જવાબ આપ્યો કે તેને લખવાની કોઈ જરૂર લાગતી નથી. તે નોંધને લગતાં વિષયોના પ્રશ્નોના જવાબ આપી શકતો. વર્ષો બાદ કોન્ડપ્પાએ મને અનન્તપુરમાં મળ્યા ત્યારે કબૂલ્યું કે તે ઘણું ચિઢવનારું હતું. તેમણે ખુરશી સાથે ચોંટી જવાનો બનાવ વર્ણવ્યો જે તેમના અપમાનમાં પરિણમ્યો. મને સ્વામિ પાસેથી વાત જાણવાનો મોકો મળ્યો હતો. મેં પોતે શિક્ષક હોવાના નાતે એમને હિંમ્મત એકઠી કરી કહ્યું કે તે શિક્ષકને મુશ્કેલી ભરી સ્થિતિમાં મૂક્વાનું વર્તન હું સ્વીકારી શકતો નથી. બાબાએ કહ્યું કે તેમનો ઇરાદો અપમાન કે ઈજા કરવાનો ન હતો. "તે બની ગયું કારણ કે ભારપૂર્વક એ વાત જાહેર કરવાનો સમય આવી ગયો હતો કે હું સામાન્ય માનવ બાળક ન હતો."

પરંતુ આ બનાવે ઈશ્વરમ્માને  અને રત્નાકરમ્ કુટુંબને વ્યથિત કર્યા.

જયારે તેફાન કરતાં પકડાતો ત્યારે “સત્ય” જે અનાજ ભરેલા ઓરડામાં જતો રહેતો ત્યાંથી ઈશ્વરમ્મા તેને ઢસડીને બહાર લાવ્યા.“તને આ શાળામાંથી જબરજસ્તી કાઢીમૂકવામાં આવશે અને તું બીજી શાળામાં પણ દાખલ નહીં થઈ શકે.” તેમણે તેને ચેતવણી આપી. “તું કોઈ પણ કામનો નહીં તેવો એક ગમાર જ રહેવાનો છે કે જે ફકત ઢોર ચરાવી ખાશે." તેમને એ વાતનો ભય હતો કે તેમના પુત્રની ઉદ્ધતાઈને લીધે, તેઓ જે સમાજમાં રહે છે તે લોકોનો રોષ વહોરી લેશે ત્યારપછી તેમણે સાંભળ્યું કે તેની શાળાના મિત્રોજ નહીં પરંતુ કોંડપ્પા સહિત બધા જ શિક્ષકો તેને વખાણી વખાણીને મોટો બનાવતા હતા. તેમને લાગ્યું કે

કદાચ આ બની ગયેલા બનાવોને લીધે જ છે. કોંડપ્પાએ “સત્ય”ના માટે દૈવી સંતાન તરીકે શ્લોકોની માળા ગૂંથી અને તે વહેંચવા માટે છપાવ્યા.

ત્યાર પછી એ સમાચાર આવ્યા કે પેનુકોન્ડામાં તાલુકાનાબાળકો માટે લેવાયેલી પરીક્ષામાં “સત્ય”ને આદર્શ બાળક જાહેર કર્યો હતો. બુક્કપટ્ટનમના લોકોએ શહેરમાંથી આ પ્રતિભા સંપન્ન વ્યક્તિના માનમાં એક સરઘસ કાઢયું.ઈશ્વરમ્માને ગર્વ પણ થયો અને આનંદ પણ થયો પણ તેમને સાથે સાથે બીજાની ઇર્ષાનો ભય લાગતો હતો. તેણીએ તેની ગોળ ફરતાં નાળિયેર ઉતારી અને વધેર્યું અને તેની સામે બળતું કપૂર ’ખરાબ નજરથી બચવા માટે ધર્યું.

સત્યને શાળા કે ઘરમાં એક પળની પણ ફુરસદ નહોતી. તે જયાં જાય ત્યાં તેમના પગ પાસે છોકરાઓનું ટોળું ફરી વળતું. જ્યારે બાળકો ઘરે જઈને બધી વાતો કરતા તે સાંભળીને તેમના ઘરના દંગ રહી જતા. એક દિવસ તેમને દરેકને “સત્ય”એ આપેલી મોટી ખડી સાકરની વાત કહી. બીજા દિવસે તેણે બારેક દેડકા કે જે તેમણે એક ટોપલીમાંમૂક્યા હતા તેમને ઊડી શકે તેવા પંખીના રૂપમાં ફેરવી દીધા.એક દિવસ તેમણે બધા બાળકોને મહારાષ્ટ્રના પંઢરપુરના દેવતાના વખાણમાં બનાવેલ ગીત શીખવ્યું અને તે ગીતની ધૂન પર તેમને નાચવા માટે પ્રોત્સાહિત કર્યા. એક દિવસ તેણે સ્વર્ગના તેના તાબા હેઠળના લોકોની વાતો કરી કે જે તેના હુકમોનું કરવા માટે ત્યાં હતા.

રત્નાકરમ રાજુ કુટુંબના મિત્રો અને પાડોશીઓએ “ સત્ય” નું શાળામાંથી નામ કાઢી નાખશે તેવી આગાહી કરી હતી. ‘ખુરશી ” નો પ્રસંગ ખરેખર અપશુકનિયાળ હતો. જ્યારે મેં તે પહેલી વાર સાંભળ્યો ત્યારે તેમને નવાઈ ના લાગી કારણ કે અવતાર આ રીતે અર્થહીન દબાણ, કે ભભકાદાર શિક્ષણને સહન કરીજ ના શકે. તેમને કોઇ ક્ષિતિજ નથી જે તેમને બાંધી શકે. ઈસાઈ ધર્મનો ઉપદેશ કરનાર થોમસે એક શાળામાં ઈસુ વિષે કહ્યું.પરંતુ ઈસુએ શિક્ષકને કહ્યું, ‘જ્યારે તમને વર્ણમાળાના પહેલા અક્ષર જેટલું પણ જ્ઞાન તેના વિષે નથી તા હે દંભી! આગળ બીજાને શું શીખવી શકવાનો છે? જો તને આવડતું હોય તો પ્રથમ પહેલો અક્ષર શીખવ પછી અમે આગળનો વિચાર કરીશું.’ ત્યાર પછી તેમણે એ શિક્ષકને પહેલા

અક્ષર A વિષે ગૂંચવ્યા કર્યા અને તે શિક્ષક જવાબ આપવામાં ફાવી શકયા નહીં. “ઈસુએ પ્રથમ અક્ષર A માં શું છે તેનો ભેદ સમજાવ્યો. (ભગવાને ભગવદ્ ગીતામાં જાહેર,કર્યું છે કે તે પોતે જ વર્ણમાળાનો પહેલો અક્ષર A છે) તે શિક્ષકને સત્યની જેમ ઘણીવાર ગૂંચવે છે, અને કહે છે,“ ઓ શિક્ષક! પહેલા અક્ષરનો વટ જો અને આ વાત તરફ ધ્યાન આપ કે કેવી રીતે એમાં લીટીઓ છે જે વચમાં મળે છે અને તે બંને બાજુ જાય છે, અલગ જાય છે, ભેગી થાય છે, ઉપર જાય છે એમ નાચે છે. દયા, સમતુલન અને સરખું માપએમ ત્રણે સંજ્ઞાઓ તેમાં છે. “સત્ય” વધુ કોમળતાથી અને ઓછું ગૂઢ બોલતા તેથી બુક્કપટ્ટનમના શિક્ષકોએ ઘણા આદરથી તેમને સહકાર આપ્યો.

“સત્ય”ની હાજરીને કારણે પુટ્ટપર્થી ગોકુળ બની ગયું હતું. આ ગામનું જૂનું નામ ગોલાપલ્લી એટલે કે ગોવાળિયાની બહુ જૂજવાળી વસ્તી હતું. "આ નામે જ કૃષ્ણને આ ભૂમિ પર ફરીથી જન્મ લેવા દોર્યા હશે. બાકી આ બાળકે કરેલાં આશ્ચર્યજનક કામ હું કેવી રીતે સમજાવી શકું?” ઈશ્વરમ્માએ મને પૂછ્યું અને તેમની પહેલાંના વર્ષોની વાતો મને કહી.

ઉત્તર ચોમાસાની એક સાંજ હતી. આકાશ કાળું અને ડરામણું થયું. વેન્કામ્મા ઘર બંધાવતા હતા અને ઘણી બધી ઈંટો પાકી કરવાની હતી. લાકડા હતા પરંતુ નિંભાડો બીજે દિવસે જ સળગાવી શકાય તેમ હતો કારણ કે તે દિવસ અપશુકનિયાળ હતો. હવે વર્ષા થાય તો બધી ઈંટો માટી થઈ જાય.

કાંઇ જ જલ્દી કરવું પડે તેમ હતુ. ઈંટોને શેરડીના સૂકા પાંદડાથી ઢાંકવી તેવી સલાહ વેન્કામ્માને પાડોશીએ મદદ રૂપ થતાં આપી. પણ આ મળે કયાંથી? તેમણે ચિત્રાવતીના પૂર્વ તટે રહેતા પોતાના મિત્રને સમજાવી પાંદડા મેળવવાનું સૂચવ્યું. સ્ત્રી પુરુષો અને બાળકોની હાર ઉતાવળે રેતીના પટમાં દોડવા લાગી. સ્વામી પણ સ્વયં સેવક તરીકે હારમાં છેલ્લા હતા. જ્યારે તેઓ પાણીની મધ્યમાં પહોંચ્યા ત્યારે, તેમણે બધાને રોકાઈ જવા કહેતાં વેન્કામ્માને જણાવ્યું વરસાદ આવશે નહી.

વાદળો વિખરાઈ ગયાં અને સૂર્ય ઝળહળ્યો અને ચિંતા દૂર થઇ. આસમાન તરફ જોઈને ઉચ્ચારાયેલા થોડા શબ્દોનો ઊંચે રહેલા વાદળ, પવન અને વર્ષાએ અમલ કર્યો બધા જ પાંદડાં લીધા વિના પાછા ફર્યા કારણ કે તત્વોનો દેવ તેમની સાથે હાજર હતો.

ઈશ્વરમ્માએ ગૌરવથી વાત પૂરી કરી અને આતુરતાપૂર્વક મારી સામે જોયું. મેં તેમને નિરાશ કર્યા નહી અને કહ્યું. આ શ્રીકૃષ્ણે ગોકુળને આંગળી ઊંચી કરીને બચાવ્યું. "

સત્ય નામાંક્તિ બન્યો જેને બધા વખાણતા, પ્રેમ કરતા અને તેનાથી ડરતા તથા વહેમાતા. ઈશ્વરમ્મા એ ખુદ પ્રેમ ચમત્કાર ભીતિ ચેતવણીમાં અટવાતા હતા. તેમણે દિવસો સુધી ભગવાનને આ બાળકને સામાન્ય બાળક બનાવી દેવા પ્રાર્થના કરી. તેણીને તેનામાં કવિ, ગાયક નૃત્યકાર, નાટકકાર અને દિગ્દર્શકની શક્તિઓ દેખાતી. તેણીને લાગ્યું કે આ ક્ષેત્રોમાં તે દીપી ઊઠશે. તેણીને લાગ્યું કે " સત્ય" નજર લાગે તેવું કરતો હતો અને તેની બધીજ માંદગીએ તેની અશકયને શક્ય બનાવવાની શક્તિને કારણે હતી તેવું તે માનતી. જ્યારે તેણીની પુત્રીએ કહ્યું કે બુકકપટનમમાં બાળ કલાકારોએ કરેલા નાટકના નૃત્ય કરતાં સત્ય વધારે સારું નૃત્ય કરે છે ત્યારે તેણીએ નાપસંદગી વ્યક્ત કરી.

આ ચમત્કારિક બાળક વિષે તેના પિતા ધૂંધવાટભરી શાંત લાચારી અનુભવતા પરંતુ ઈશ્વરમ્માને સત્યની આ ધૂનને કારણે સહન કરવું પડતું. તેની અનિષ્ટ સામેની જેહાદ જાગરૂક રહેતી. નવ વર્ષનો " સત્ય" કરનામ (તેની પાલક માતાના પતિ) વિષે નીડર વિનોદ કાવ્ય લખવા અને લયબદ્ધ રીતે ગાવાની હિંમત ધરાવતો. તેણે મિત્રોને એક વ્યંગ ગીત શીખવાડયું. તેમના ઘર સામે ઊભા રહી બાળકો ગાતા રહયાં. અને છેવટે તેમને ચહેરા પરથી મૂછો સાફ કરાવવી પડી. ઈશ્વરમ્માએ સુબ્બમ્માને એ સમજાવવાની જરૂર ન હતી કે આ બાળક સુધરે નહીં તેવો છે. તેનામાં દુનિયાદારીનું ડહાપણ આવે તે જવાબદારી સુબ્બમ્માનેજ સોંપવામાં આવી. પરંતુ સુબ્બમ્મા રાજી હતા કે ગુરુને શિખવતા હતા. તેણીએ

ઈશ્વરમ્માની ભાભીને હસી કાઢતાં કહ્યું,"તે જે છે તે જ રહેવા દે. તે જાણે છે કે સારું શું છે."

થોડા સમયમાં ઈશ્વરમ્માએ 'સત્ય'ને તેની ખટકે તેવી કવિતાઓ દ્વારા ગામના જાગીરદારોને દુઃખી કરવા માટે ઠપકો આપવો પડયો."સત્ય" એ દસ લીટીના નિંદાલેખ દ્વારા મહેનતકશ માણસો પરસેવો પાડીને ડાંગર ઉગાડતા જેને ધનવાન માણસો મેળવીને પોતાનો વૈભવ બતાવતા તે દર્શાવ્યું જ્યારે આ પંક્તિઓ તેફાની છોકરાઓ ગોચરમાં પશુઓને લઈ જતાં ગાતા (તેઓના) મિજાજ છેડાયાં અને આ અંગેની તપાસ હાથ ધરાઈ, મોટેરાંઓ આશ્ચર્ય પામતાં કે ક્રાંતિનો તણખો તેના નાના મગજમાં કેવી રીતે આવ્યો? તેઓ વહેમાતા કે કોઈ ભયાવહ શક્તિ તેના દ્વારા કામ કરી રહી હતી. સુબ્બામ્માએ તેને આ પંક્તિઓ કોણે લખી તે વિષે પૂછયું હતું. આ પંકિતઓ જ્ઞાતિ પરંપરાનો પક્ષપાત દર્શાવતી હતી અને તે મહેનતુ માણસો માટે સંતાપનું માધ્યમ બની હતી. જો કે સત્યને શાંત રહેવા માટે ફોસલાવી શકાયો નહિ તે ઠપકો આપવા અને સુધારવા આવ્યો હતો. આ તેનું વિશ્વ હતું અને તેણે તેના અધિકાર જાળવી રાખ્યા. ઈશ્વરમ્માએ અને સુમ્બમ્માએ પ્રયત્નો છોડી દીધા અને તેને શુભેચ્છાઓ વાંછી.

એક દિવસ બપોરે એક ડ્રાઈવર" વિભૂતિ "વાળા બાળકને શોધતો આવ્યો. બાળક તેના મિત્રોને વાર્તા સંભળાવતો બેઠો હતો.ડ્રાઈવરને દૈવી વિભૂતિના થોડા કણ પોતાની જીપના બગડેલા એન્જીનને બરાબર કરવા માટે જોઇતા હતા. તે જીપ નદીના પૂર્વ કિનારે અનંતપુર ગામના રસ્તે પહાડીના જંગલોમાં ખોદકાઈને પડી હતી."સાહેબ રાહ જુએ છે અને ગુસ્સામાં છે. તેવું ડ્રાઇવરે કહ્યું અને તે"સત્ય"ને બગડેલી જીપ પાસે લઈ ગયો. કેટલાક બાળકો સાથે ગયા.ત્યાં"સાહેબ " હણેલા વાધના કાનને થપથપાવતા હતા તે"સત્યે"જોયું."સત્યે" ઠપકો આપતાં જણાવ્યું,"આ વાઘે તમને હેરાન કર્યા ન હતા. જંગલમાં તે તેના ત્રણ બચ્ચાને ઉછેરતો હતો તેને શોધીને શા માટે વીંધી નાખ્યો? '' મેં જ જીપ અટકાવવા ઈચ્છયું છે. પાછા જાવ અને ત્રણે બચ્ચાને પ્રાણી સંગ્રહાલયમાં મૂકી આવો. માત્ર

આનંદ અને અભિમાન ખાતર બીજા પ્રાણીઓ હણશો નહીં. બંદૂકના બદલે કેમેરા રાખો. " અને એન્જીન ચાલુ થયું અને ડ્રાઈવર વાહન લઈને ચાલતો થયો. ગોરા અંગ્રેજી ટોપી અને બંદૂકવાળા સાહેબને ઠપકો આપવો.તેની જીપ રોકવી અને તેણે કહ્યું તે ન કરવું આ બધું જણી "સત્ય"ના પિતા લગભગ મૂર્છિત થઈ ગયા. તેઓ પોલીસ અને જેલથી ડરવા લાગ્યા.

'સત્ય'ના મોટાભાઈ શેશ્મા રાજુ કુટુંબનું બુદ્ધિધન હતા. તેઓએ તેલુગુ ભાષા અને સાહિત્યના વિદ્વાનની પરીક્ષાઓ સફળતાપૂર્વક પસાર કરી હતી. જો કે તેલુગુના શાસ્ત્રીય સંત કવિઓએ"દૈવી લીલા"પર ઉર્મિલ લખ્યું છે પરંતુ જ્યારે શેશ્મા રાજુને"સત્ય"ની વર્તણૂક વિષે અર્થઘટન કરવાનું આવ્યું ત્યારે તેઓ પણ તેમના પિતાની સાથે સહમત થયા કે તે ઇતર જગતની ચતુર શક્તિ ધરાવતો હતો! આ સદીની ત્રીસી કે ચાલીસી દરમ્યાન ભણાવવાની માત્ર એક રીત હતી." લાકડી બચાવો અને બાળકને બગાડો " શેશ્મા રાજુએ શિક્ષણની ઉપાધિ મેળવી હતી અને સાઈઠ માઈલ દૂર ઉરવાકેન્ડા (સર્પ ટેકરી) માં શાળાના શિક્ષકની નોકરી લીધી હતી તે"સત્ય"ને પોતાની સાથે લઈ ગયા અને તેની રંગીન કલ્પના શક્તિને બુઝાવી દેવા નક્કી કર્યું જેને કારણે તે પ્રશ્નાર્થ બની રહયો હતો.

## ૪ સર્પ ટેકરી

ઈશ્વરમ્માને છૂટા પડવાના વિચારથી ગ્લાનિ થતી; તેને ડર હતો કે જ્યારે તેનો પોતાનો ભાઈજ માને છે કે સત્ય મેલી વિદ્યાની અસર હેઠળ અનૈચ્છિક છેતરપીંડીંમાં સંડોવાય છે તે કારણે સત્યને નાહકના ઉપહાસના ભોગ બનવું પડશે.પરંતુ પચીસ માઈલના પંથકમાં હાઇસ્કૂલ નહોતી. સત્ય એટલો તેજસ્વી હતો કે તેને આગળના ભણતરથી દૂર રાખવો તે પુનિત બાબતનો અનાદર કરવા જેવું હતું. ઉરવાકોન્ડા જઈ ભાઇની કાળજી નીચે રહેવું તે તેને માટે શ્રેષ્ઠ ઉપાય તેણીને જણાતો હતો અને તેણીએ સર્પ-ટેકરી પર તેના દિવસો સરળતાથી અને મધુર રીતે પસાર થાય તેવી પ્રભુ પ્રાર્થના કરી. પેદ્દા વેન્કાપ્પારાજુને ખાસ લાગણી ન હતી. તે પોતાના દીકરાના વિચિત્ર કર્તવ્યોથી મૂઢ બન્યા હતા. તેમનું મન હંમેશા લોક એવી લોક-સંસ્કૃતિમાં ડૂબેલું રહેતું જે સામાન્યથી ભિન્ન તેવી તમામ પ્રવૃત્તિઓને પ્રતિસ્પર્ધીના કાવત્રા, ડાકણની વિધિ કે દૈત્યની ગોઠવણ સાથે સાંકળી લેતું. ઈશ્વરમ્મા એ એકલા અટૂલા નિસાસો નાખી રડવું પડતું અને એક્લાજ રાજી કે ઉમંગી થવું પડતું.

'સત્ય'એ કરેલા ચમત્કારોની, અભિશાપને સુધાર્યાની પ્રશ્નોનું નિરાકરણ કર્યાની અને મુશ્કેલીઓ વેઠયાની વાતો ફેલાવા માંડી.

જ્યારે જ્યારે 'સત્ય'ઉરવાકોન્ડાથી પુરુપાર્થી આવતા ત્યારે ત્યારે ઈશ્વરમ્મા તેને સ્વાસ્થ્ય શક્તિવર્ધક તૈલસ્નાન કરાવતા તલના તેલથી તેના સ્નાયુઓને સુદ્રઢ બનાવવા માલીશ કરતા. ત્યાર બાદ તેલની ચીકાશ કાઢવા ગરમ પાણી અને અરીઠાના દ્રાવણનો ઉપયોગ કરતા. એક વખત તેમણે 'સત્ય'ના ખભા પર કાળું મોટું ચાઠું જોયું. સત્યે આ માટે કયારે દુઃખાવાની ફરિયાદ કરી ન હતી. માતાએ આ બાબતે પૃચ્છા કર્યેજ રાખી ત્યારે સત્યે ના છૂટકે જણાવ્યું કે ખભે કાવડ ભેરવી પાણી ભરવાને કારણે ચામડી તેવી થઈ ગઈ હતી. ઉરવાકોન્ડામાં ફક્ત એકજ કુવો હતો જયાંનુ પાણી પીવાલાયક હતું. બીજા બધામાં ખારાશવાળું પાણી હતું. આ મીઠા પાણીનો કુવો લગભગ એક કિલોમીટર દૂર હતો. તેને સવારે અને સાંજે ત્રણ ત્રણ ફેરા કરવા પડતા ત્યારે ભાઈના કુટુંબના તથા મદદ માંગતા બે પાડોશીઓના કુટુંબના વ્યક્તિઓની દિવસની તરસ છીપતી, ઈશ્વરમ્માએ કહ્યું,"

તું  ત્યાંથી પાછો આવતો રહે. તેઓ તારી ભલાઈ અને મદદ કરવાની વૃતિનો ગેરલાભ લે છે. તેઓએ પાણી ભરાવવા માટે તારો આધાર શા માટે રાખવા જોઈએ?" બાબાએ અધવચ્ચે જ કહ્યું, " મા, મને તે મારી જવાબદારી લાગી! બાળકો ખારા જળ પર કયાં સુધી રહી શકે? હું ખુશીથી પાણી ખેંચી લાવું છુ મા. હું આ સેવા કરવા આવ્યો છું"આથી ઈશ્વરમ્માએ દલીલ છોડી દીધી અને ચૂપ રહ્યા.

## જાહેરાતનું પરોઢ

૧૧ માર્ચ, ૧૯૪૦ નું' પુટ્ટપર્થીનું  પરોઢ. સૂર્યે ટેકરીની ટોચ પરથી ખીણમાં દર્શન દીધા ને રાજુ કુટુંબમાં ઉરવાકોન્ડાથી સંદેશાવાહક પ્રવેશ્યો. શેશ્મા રાજુનો તેમના પિતાપર પત્ર હતો. જ્યારે તેઓએ તે વાંચ્યો ત્યારે ઈશ્વરમ્મા તેમના-પતિના હાવભાવ જોતાં રહ્યાં. તેણીએ અશ્રુ બિંદુઓને ટપકતાં જોયાં. તેમણે કહ્યું," ફિકર કરવા જેવું નથી પરંતુ કદાચ"સત્ય " ને વીંછી કરડયો છે. તેઓને વીંછી જડયો નથી.આ ત્રણ દિવસ પહેલાં સાંજે બન્યું અને સાંભળ! શેશ્મા  લખે છે કે બીજા દિવસે આખો વખત સત્ય ઊંઘી ગયો પરંતુ તેને ડંખનું દર્દ ન હતું!' "વીંછીના ડંખની વેદનામાં ઝેરની અસર વધવાને લીધે કોઈને સૂવા દેવાય નહીં, તેથી ઈશ્વરમ્માં ગભરાયા.

બધા સ્થળોમાં ઉરવાકોન્ડાના વીંછીના ઝેર કેટલી જોખમકારક નિવડે છે તેની સદનસીબે ઈશ્વરમ્માને જાણ ન હતી. તેને સર્પ ટેકરી કહેતા હતા કારણ કે તેની ટોચ ઉપર ઊંચો ખડક જે નાગની ફેણના આકારનો હતો જે ગામને ડંખ મારવાની ભીતિ સર્જતો. ખડકની છાયામાં દિવસો પસાર કરતાં લોકો માનતા કે સ્તબ્ધ (સ્થિત) કોબ્રાના વિસ્તારમાં રહેતા માણસોને મારવા વીંછી કરડતા વેંકપ્પા રાજુને આ વાતની ખબર હતી. તેથી તેઓ એકદમ જવા તૈયાર થયા.

જો કે થોડા કલાકોમાં સંદેશો આવ્યો કે 'સત્ય'ભાનમાં આવ્યો છે, પરંતુ હજુ તે વિષમ પરિસ્થિતિમાં છે. તેને પોતાની આસપાસ શું થાય છે તેની ખબર પડતી નહોતી તે જાણે કે બીજા સ્થળે હોય અને અદ્રષ્ટ વ્યક્તિઓ સાથે વાતો કરતો હોય તેવું લાગ્યું. ઈશ્વરમ્મા આથી વધુ સાંભળી શકે તેમ નહોતા. તેણીએ તેમના પતિને

પોતાને તેમની સાથે લઈ જવા વિનંતી કરી અને આખા રસ્તે પ્રાર્થનાઓ કરી. તે માત્ર'સત્ય'સાજો થાય તેના જ આશીર્વાદ માંગતી. તેણીને તે અદ્વિતીય થાય કે બધા કરતાં હોંશિયાર થાય તેવી માંગણી રહી નહોતી. ઈશ્વરમ્મા માટે આ દિવસો અને રાત્રિઓ ચિંતાના હતા. તેણીને શાંત કરી શકે તેવો કોઈ ઉપાય નહોતો. શેશ્મા રાજુ નિરાશામાં હાથ ધસતો, તેણે પોતે જાણતો હતો તે બધા ઉપાયો કરી નાખ્યા હતા. તેણે જયોતિષીઓને,પૂજારીઓને, હસ્તરેખાના જાણકારને, હોમિયોપેથને, નૈસર્ગોપચાર કરનારને અને જિલ્લાના વૈદકીય અધિકારીને બોલાવ્યા પરંતુ તે બધાના પ્રયત્નો કારગત ના નીવડયા અને "સત્ય"શાંત અને બેધ્યાન થઈ ચિંતાની વમળમાં ડૂબેલો હોય તેમ બેસી રહ્યો.

જ્યારે ઈશ્વરમ્માએ છેવટે તેને પુટ્ટપાર્થી લઈ જવા માટે આગ્રહ રાખ્યો ત્યારે બધા મુંઝાયેલા હતા. તેના છ વર્ષની ઉંમરના નાના ભાઈની સંગત તેને કદાચ સામાન્ય પરિસ્થિતમાં લાવે તેમ તેણીએ માન્યું અને તેઓ ઘેર આવ્યા.પરંતુ તે જ બાળકો, કે જેમને એક વખત "સત્ય" ભગવાનના ગુણગાન ગવડાવતા લઈને ગામડાની શેરીઓમાં ફરતા હતા તે બધા જ હવે નિસ્તેજ આંખો અને મૂક એવા "સત્ય"ને મળ્યા.

દાદા કોન્ડમ્મા રાજુ પુરાણની તથા યોગ વસિષ્ઠનીવાર્તાઓ કહીને માતા પિતાને શોક દબાવી દેવા પ્રયત્નો કરતા હતા. જાણીતું સંસ્કૃત પુસ્તક "યોગ વસિષ્ઠ"મુજબ ભગવાન રામચંદ્રજી પણ આ જ ઉંમરે આ જ પ્રકારની આંતરિક આળસના તબક્કામાંથી પસાર થયા હતા; "તેમનું શરીર, કૃશ થયું હતું, તેમનું મન ધડી ધડીમાં વિચાર બદલતું હતું અને તેઓ ભીંતચિત્રની જેમ શાંત બેસીરહેતા. "કોન્ડમ્મા રાજુએ શ્લોકની પહેલી બે પંક્તિઓ સંભળાવી જે મહાકાવ્યમાં શ્રી રામચંદ્રની પરિસ્થિતિનો ચિતાર આપતી હતી.

किम् संपदा, किम् विपदा, किम गृहेण, किम ई गीत (દોલત શું છે? વિપત્તિ શું છે? ધર શું છે? ઈચ્છા શું છે?) सर्वमान्य एव असद् इच्युरकवा तुर्षानम् एकोपति स्तात् (બધું જ અસત્ય છે; એવું કહીને, તે શાંત અને એકલા બેસી રહ્યા.)

કોન્ડમ્મા રાજુને હંમેશા આ શબ્દોથી શાંતિ વળતી પરંતુ તે બીજાઓને ધીરજ આપી શક્યા નહિ. આવા અવાક્ બાળકની આસપાસ ભેગા થતા માણસો પેદ્દા વેંકપારાજુને લાગણીહીન હોવાનો આક્ષેપ કરતા. બિચારા ઈશ્વરમ્મા માંદગી આવવાના કારણ વિષેની ફોસલામણીને તથા તેના બિહામણા ભવિષ્યને સહન કરી શકયા નહી. તેઓ પોતે એક ઓરડામાં બધાથી અલગ થઇને ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યા. 'સત્ય'આ સર્જાયેલી ઉથલ પાથલોથી અલગ હતો પરંતુ અજાણ નહોતો. તે કેટલીક વાર દયાજનક નિસાસા નાખતો જ્યારે કોઈ તેને સાજો કરવાની શક્તિ ધરાવવાનો દાવો કરતું ત્યારે તેનો ચહેરો ચમકી ઉઠતો. કયારેક તેનામાં રહેલા ગુરુ ગેરલાભ લેવાની લાલસાને રોકવાની અને આત્મ સંયમ અને સ્વાભિમાન જાળવવાની શિખામણ આપતા. આ ભાવાવેશ તેની આળસુ મનસ્થિતિ પર તેના ઈચ્છાશક્તિના વિજયની નિશાનીરૂપ હતા. તેની બહેનો હંમેશા તેની બાજુમાં આતુરતાપૂર્વક તેને ખાવા પીવાનું આપવાની રાહ જોતી. તેમણે આ શિખામણ નોંધી, પરંતુ ઈશ્વરમ્માએ  તેમને તેમ ન કરવા સમજાવ્યા.

પરંતુ ધીરજનો સમય પૂરો થયો. શેશમાં રાજુએ સંદેશો મોકલ્યો કે 'સત્ય ' ઘણા સમયથી શાળામાં ગેરહાજર રહ્યો હતો. તેના પિતા કાકા અને અન્ય સમજુ જનોને ચિંતા ઘેરી વળી. બીજાઓએ સ્થળ બદલવા કહ્યું. જેઓ ધીરજ અને યાત્રા, પ્રાયશ્ચિત અને સાંત્વનની સલાહ આપતા તેમના ઈરાદાઓ ઈર્ષાળુઓ રાજુ કુટુંબને આ તરંગથી પરેશાન કરવા માટેના છે તેવી શંકા વ્યાજબી રીતે આવતી. કાદીરી રહેતાં એક વૃદ્ધ પંડિતને જન્મપત્રિકામાં જણાયું તેથી કુટુંબીજનોએ માન્યું કે 'સત્યને વળગાડ છે! બ્રહ્મનપલ્લી નામના ગામમાં રહેતાં જણીતા ભુવા પાસે "સત્ય " ને લઈ જવાનું નકકી કરવામાં આવ્યું. માત્ર કોન્ડમ્મા રાજુએ વાંધો ઉઠાવીને વધુ રાહ જોવાનું ઠરાવ્યું. અલબત્ત આશા અને નિરાશાની વચ્ચે ઝોલા ખાતી માતાને કોઈએ અભિપ્રાય પૂછયો નહીં.

સત્યને પોતાની પાસે લાવવાનો છે તેવું જાણી ભુવાએ આડંબર દેખાડયો. તે ચંડી, ચામુંડી, સીહી, અને વારાહીદેવીની સાધના કરી શકતો જેથી બાળકનો વળગાડ દૂરથાય. તેના મંત્ર સામે કોઈ વળગાડ ટકી શકે નહીં  તેવું તેણે વચન આપ્યું:"સત્ય"અને વેન્કપ્પા  રાજુની સાથે ઈશ્વરમ્મા અને બે બહેનો ગયા. બળદગાડામાં જતી વખતે પિતાએ આ ત્રણેને ખાત્રી આપી કે "આ ભુવો

ચંડીમાઅને ચામુંડા માની પૂજા કરશે અને બલિદાન આપશે. બાળકના કપાળમાં રક્તનો ચાંલ્લો કરશે. અને આ દુઃખદ વાર્તાનો અંત આવશે."મરઘીના નામ પર તેમણે "સત્ય" ને તેમણે બોલતા અટકાવવા રોકયા.

બ્રહ્મનપલ્લી પાસે જે માણસ હતો તે વાંકડિયા વાળ અને ઘોઘરા અવાજવાળો ભયંકર માણસ હતો. તેની આંખો સળગતા અંગારા જેવી હતી. તેના હાથમાં લોખંડની ભારે સાણસી હતી જે તે મોટેથી મંત્ર બોલતી વખતે 'આત્મા'ની સામે પછાડતો હતો. સાણસીને જોરથી પછાડવાથી એટલા ભયંકર તરંગો નીકળતા હતા કે પુટ્ટપર્થીના લોકા, આવા દૈત્ય જેવા માણસ વડે'સત્ય'ની લેવાનારી અગ્નિ પરીક્ષાના વિચારથી ધ્રુજી ઊઠીને હબકી ગયા હતા. પરંતુ 'સત્ય'ના ચહેરા પર જરા પણ ભયની રેખા નહોતી. "સત્ય" ની શાંતિએ ધીરે ધીરે લોકોમાં હિમ્મત પ્રેરી. જ્યાં સુધી એમ કહેવામાં ના આવે કે "સત્ય"આત્માની અસરથી દૂર છે ત્યાં સુધી તેઓએ ત્યાં રહેવાનું નકકી કર્યું.

નવ વર્ષ પછી જ્યારે હું પુટ્ટપર્થી હતો ત્યારે વેંકટગિરિના સ્વામી રામ શર્માને તેમના ભક્તોની સામે "સ્વામી" એ "બુરરા કયા" એટલે કે સાઈની બાળપણની વાર્તા ગાવાની રજા આપી. જ્યારે તે કવિતામાં બ્રહ્મપલ્લીનું વર્ણન આવ્યું અને શર્મા એ ભયંકર દ્રશ્ય વર્ણવવા જતા હતા ત્યારે સ્વામીએ તેમને આ પ્રસંગ વર્ણવ્યા વિના છોડી દેવા જણાવ્યું. મેં હિંમત કરીને તેમને પૂછયું, " સ્વામી, તો પછી તમે તે યાતનામાંથી શા માટે પસાર થયા?""હું" એમ ઈચ્છતો હતો કે જાણે કે આ શરીરને કંઈ પણ થાય તેની અસર મને નથી થતી. હું લોકોને એ સત્ય કે જેની તેમણે ઉપેક્ષા કરી છે તે યાદ કરાવવા આવ્યો છું.તેઓએ કરવું જોઈએ તેમ જો હું ના કરૂ તો તેમને મારામાં વિશ્વાસ કેવી રીતે આવે ? સ્વામીએ જવાબ આપ્યો.

વળગાડ છોડાવનારે 'સત્ય'ના શરીરમાંથી આત્માને કાઢવા માટે છોકરાને મારવા માંડયો. તેના માતાપિતા આ સહન ના કરી શકયા; ઈશ્વરમ્માએ તેને આ બધું ન કરવા માટે આજીજી કરી પણ તેણે આ વિધિ અડધેથી બંધ કરવા ના કહી. "તમે તેને લઈ જઈ શકો છો પણ તેમાં રહેલો આત્મા મારો છે.મારી ચીજ મને આપીને પછી તમારું જે છે તે તમે લઈ લો. તેણે કહ્યું,'સત્ય' ના માથાના વાળ ઉતારી લઈ તેના માથા પર એક ચોકડી ખોતરી કાઢવી તેવું આ વિધિમાં

આવતું હતું, આ ઘામાં લીંબુનો રસનીચોવવામાં આવ્યો હતો અને મટકાનાં મટકાં ભરીને ઠંડું પાણી તેના માથા પર રેડયું હતું. એક મલમ, કે જે આ શિકારને ભયંકર યાતના કરતું દુ:ખ આપીને બાળે તે તેની આંખમાં આંજયો.“સત્ય”ની આંખો લાલચોળ થઈ ગઈ. તેનો ચહેરો યાતનાથી સૂજી ગયો અને તે છતાંય તેની આસપાસ જાણે કોઈ ધતિંગ થતું જ નથી તેમ તે શાંત રહ્યો.ઈશ્વરમ્માથી આ સહન ન થયું. અહીં તેનો ધવાયેલો ઈજા પામેલી આંખોવાળો જલદ પીડાવાળો દીકરો છે કે જેને સારું થશે કે નહીં તેની આ વિશારદ ખાત્રી નથી આપતો. તેના કરતાં તો એ વધુ સારું છે કે તે આ ભૂત સાથેજ રહે કારણ કે તે તો ફક્ત તેને વારાફરતી હસાવે કે રડાવે, ઘડીમાં સંસ્કૃત કે તેલુગુ બોલાવે કે પછી ડહાપણ કે ગાંડપણ દર્શાવે. ઘણા જ કાલાવાલા પછી‘સત્ય’ને આ માણસની ચુંગલમાંથી છુટકારો મળ્યો. તેણે તેને એક શરતે લઈ જવાની હા કહી એને છ મહિનામાં પાછો લાવજો, નહિ તો....... સારાનસીબે તેણે આ ધમકીના શબ્દો પૂરા ન કર્યા તેણે “સત્ય"ની મોટી બેન વેંકમ્માને ફરીવાર નહીં લાવવાનું ખાસ કહ્યું કારણ કે તે “સત્ય”ના કહેવાથી તેની બળતી આંખોમાં સતત મલમ લગાવતી હતી અને આ નરાધમ ડોકટરના પ્રયત્નોને નિષ્ફળ બનાવતી હતી.

પુટ્ટપર્થી આવીને ઈશ્વરમ્માએ તેમના પુત્રને સમજાવવા પ્રયત્ન કર્યો અને તેણે કેવો ભય અને આશંકા ઊભા કર્યા છે તે પણ જણાવ્યું. “તું બિમાર છે તેથી બધા ચિંતિત છે. તું જ્યારે શાંત હોય છે ત્યારે બ્રહ્મપલ્લીવાળો તે માણસ તને‘પથ્થર’ તાવ છે તેમ કહે છે. તું જો જરા ઝડપથી ચાલે તો તે કહે છે કે તને“સાબર” તાવ છે. તે અર્થહીન છે. હું જાણું છું કે તને તાવ નથી. તું જયારે પંડિતો જેવી વાતો કરે ત્યારે લોકો કહે છે કે તું કશાની અસરમાં છે અને જ્યારે તું તારા કાકાઓ કે પિતરાઈ ભાઈ બહેનોનાં વાંધા કાઢે તો તેઓ કહે છે કે જે અત્યારે બોલે છે તે તું નથી. જ્યારે તું વેંકમ્માને રાત્રે આકાશમાં પસાર થતા દેવતાઓ જોવાના કહે છે ત્યારે તેઓ તને પાગલ કહે છે. એ સત્ય ! તું રાજુ કુટુંબનું સામાન્ય બાળક બની જા ! તું પણ તારા ભાઈઓની જેમ તેમની સાથે શાળામાં જા. તું ગુરૂની જેમ કે બ્રહ્મજ્ઞાનીની જેમ ના વર્ત. લોકો તને આમ તારી મશ્કરી કરવા માટે જ કહે છે. પરંતુ તેમની સલાહની કોઈ અસર ન થઈ. “સત્ય તો તેની સચ્ચાઈને દ્રઢતાથી વળગી રહ્યો.

તેમના સગાસંબંધીઓ આવતા અને દવા બનાવવાની લેખિત વિગતવાર સૂચનાઓ આપતા. ઈશ્વરમ્મા તે શ્રદ્ધાથી ધ્યાન દઈને સાંભળતા. એક જણે તેમને ગોરંટલામાં એક દાક્તર પાસે લઈ જવાનો પ્રસ્તાવ મૂકયો કે જે આ છોકરાને ખોટી ભ્રમણામાંથી જરૂર છોડાવી શકશે. એક ગાડામાં“સત્ય”તેની માતા સાથે થોડા લોકો જવા માટે રવાના થયા, એકાએક બળદો હતા ત્યાં ને ત્યાં ઊભા થઈ ગયા. બધાએ જ્યારે ધક્કા માર્યા ત્યારે ગાડું પુટ્ટપર્થી તરફ પાછું વળી ગયું.

## ૫. સંકેત

જ્યારે વેનુકોંડા જિલ્લાના વિદ્વાન ધારાશાસ્ત્રી શ્રી ક્રિષ્નામાચારી સત્યને જોવા આવ્યા ત્યારે ફરીથી આકસ્મિક ભડકો થયો. તેમના પૂર્વજો આ ગામના માનનીય રહીશ હતા અને તેમણે તેમનું બાળપણ અહીં વિતાવ્યું હતું. સત્યનારાયણ રાજુના ઉચ્ચતર આધ્યાત્મિક શબ્દો અને વર્તન વિષે સાંભળીને તેઓ પુટ્ટપર્થી જાતે આવ્યા હતા. તેઓએ વિનયન અને કાયદામાં વિદ્યાપીઠની પ્રાથમિક ઉપાધિ લીધી હતી. (તેઓ બી.એ.બી.એલ.હતા), તેઓ આવ્યા, તપાસ કરી અને પછી તેમનો ચુકાદો જણાવ્યો. સત્ય અને તેના પિતા તેમની સાથે હતા. જ્યારે ઈશ્વરમ્મા તેમની પુત્રીઓ સાથે દરવાજાની પાછળ કાન માંડેલા હતા. "આ છોકરામાં ભૂત પ્રવેશેલું છે, કે જે અસામાન્ય શક્તિ ધરાવે છે." આ તેમનું બુદ્ધિવાળું અનુમાન હતું." તાંત્રિક કે સામાન્ય ભગવાન આમાં કંઈ જ કરી શકે તેમ નથી. ભગવાન નરસિંહજ આ ભૂતને ડરાવી શકે તેમ છે અને એને સત્યથી વેગળું કરી શકે તેમ છે. એને ઘટિકાચાલમ પર આવેલ નરસિંહના મોટા મંદિરે લઇ જાવ કે જ્યાં આવા ઘણા બધાના ભગવાનની કૃપાથી ઈલાજ થયા છે." વેંકપ્પાએ નરસિંહના અવતાર વિષે વાંચ્યું હતું તેથી તેમને આ વિચાર ગમ્યો. તેઓ બીજા પ્રકારના નરસિંહની જાત્રાએ ગયેલા હતા. તેમણે ગામડામાં ભજવાતાં ઘણાં નાટકોમાં નરસિંહનો આ વેશ જોયો હતો. તેઓ તે મંદિરે જવાનો નકશો લખી લેવા જતા હતા ત્યારે તેમને'સત્ય'એ હાથ પકડીને રોકયા અને બોલ્યા, "ક્રિષ્નામાચારીગુરુ ! તમે આપેલી સલાહ એક મજાક છે. ઘટિકાચાલમ મંદિરમાં કોણ છે એમ તેમ માનો છો ? તે'હું' જ છું અને તમે મને જ મારી પાસે લઇ જવા માંગો છો ?'ઈશ્વરમ્માએ પોતે ગર્વની લહરમાં તણાતા હોય તેવુ લાગ્યું, પરંતુ તે તો વાદળા વચ્ચે ચમકેલી વીજળી જેવું જ નીવડયું. પહેલાંની જેમ 'સત્યે' સમજી ન શકાય તેવા મનોભાવ દાખવવાનુ ચાલું રાખ્યું. જિંદગી ઘસડાતી હોય તેમ થોડી ચઢઉતર સિવાય ઘરેડથી ચાલતી હતી. એક દિવસ તેની ચરમસીમા આવી અને તે વેંકપ્પા લાવ્યા. તેમના પુત્રએ પેનુકોંડાથી આવેલા મોટા માણસને ઉદ્ધતાઈથી આપેલા જવાબથી તે ધૂંધવાયેલા હતા. સત્ય'ની આસપાસ ટોળે વળેલા લોકોને જોઈને તેમનો ગુસ્સો હદ વટાવી ગયો. "આ આજકાલનો શેરીઓમાં રખડતો છોકરડો

પાતાની જાતને નરસિંહ કહેવાની હિંમત કેવી રીતે કરી શકે? શી ઉચ્છૃંખલતા! હું આ હવે સહન નથી કરી શકતો.' તેમણે એકદમ ધડાકો કર્યો. "એ ઈસમ અહીંયા તેના દાદાના ઘરની ઓસરીમાં ટોળા સાથે શું કરી રહ્યો છે? " તેમણે ભયંકર મોટી વાંસની સોટી લીધી. તેમની પત્નીએ વેંકપ્પાના મોં પર આવો ગુસ્સો જવલ્લે જ જોયો હતો. તેણીએ ચીસ પાડી.

ટોળામાંથી કોઇક વેંકપ્પા તરફ ફર્યું. "'સત્ય' જ્યારે હવામાં હાથ વીંઝે છે ત્યારે તેની હથેળીમાં એકાએક સાકર આવી જાય છે. એની જાતે પરોવાયેલા ફૂલો એને મળે છે. જુઓ, તેણે મને આ આપ્યું છે. દરેકને કંઈક ને કંઈક મળે છે. વેંકપ્પા અપમાનિત થયા. "સાકર! ફૂલો! ધૂતારો! બધી જ કરામત છે! " તે ગજર્યા"પરંતુ આ છેલ્લી જ હશે. "અને તે છોકરા તરફ દોડયા. ટોળામાં એક બાજુ પર ઈશ્વરમ્મા ઊભા રહ્યા. તેઓ"સત્ય"ના માથા પર વીંઝાતી લાકડી ન જોવી પડે માટે સખત આંખો બંધ કરીને ઉભા રહ્યા. અને પોતાના ભગવાનને પ્રાર્થના કરી.

વેંકપ્પા સત્યની પાસે પહોંચ્યા."આ બધું મૂર્ખાઈભર્યું નાટક બંધ કર. તું ભૂત છે કે ઠગ છે કે પાગલ છે ? શું તું ભગવાન છે ? તું નરસિંહ છે કે નારાયણ છે ?" હું સાઈબાબા છું."શાંતિથી ભય વગર સત્યે કહ્યું કારણ કે તેણે તે સત્ય કહ્યું હતું. ઈશ્વરમ્મા હેબતાઈ ગયા. સાઈબાબા કોણ છે તે કોઈ નહોતું જાણતું. "સાઈબાબા?"તેમના પિતાએ ફરીથી પૂછ્યું. "સાઈબાબા ?"તેમના હાથમાંથી લાઠી પડી ગઈ અને તેમણે ગુસ્સામાં પૂછયું, "તું સાઈબાબા હોય કે હાઈબાબા ! તેની મને કાંઈ જ પડી નથી. તું મારા દીકરાને અને આ સ્થળને છોડી દે." તે એમ માનતા હતા કે તેમના દીકરાના શરીરમાં ભૂત છે અને તેને ઉદ્દેશીને કહેતા હતા. "ના"એજ રણકારથી સત્યે કહ્યું. "વેંકા અવધૂત અને બીજા સાધુઓએ મારી આરાધના કરી તેથી જ હું આવ્યો છું. હું તમને આશીર્વાદ આપીશ અને તમને જે કનડે તેનો નાશ કરીશ. દર ગુરુવારે મારી પ્રાર્થના કરજો તમારા મન અને ઘરને સાફ રાખજો.'લોકોમાં જે શ્રદ્ધાનો ભાવ જાગ્યો તેને કોઈ જ રોકી શકયું નહિ. ગુસ્સામાં ભભૂકતા પિતા પણ ટોળામાંના એક પ્રશંસક બની ગયા.

પુટ્ટપર્થીના લોકો અને તેમના કુટુંબીજનોને એક જ ચિંતા હતી. “આ સાઈબાબા શું છે? ’ ગામમાં સમાચાર ફેલાયા કે પેનુકોંડાના નોંધણી અધિકારી સાઈબાબાના અનુયાયી છે. તે સંતની તેઓ દર ગુરુવારે ખાસ પૂજા તેમના ઘેર કરતા હતા. વેંકપ્પાએ સત્યને સાચો છે કે ખોટો તે નક્કી કરવા ત્યાં લઈ જવાનું નકકી કર્યું. ઈશ્વરમ્મા ઈચ્છતા હતા કે  આ મૂંઝવણ અને ચર્ચાનો અંત આવે. શું “સત્ય” ઘટીકાચલમ્ માં નરસિંહ અને પેનુકોંન્ડામાં સાઈબાબા હતો ? અને તેમણે જ સબ-રજીસ્ટ્રારને પૂછયું કે, “તમે મને જોઈ શકતા નથી ? હું જ સાઈબાબા છું ? તમે મારી વર્ષો સુધી ભક્તિ કરી છે અને હું તમારી સમક્ષ છું. આ ભસ્મ લો.” આટલું કહેતામાં તેમણે હાથ હલાવીને મુઠી ભર ઊની ભસ્મ પેદા કરી. તેમને આપી આવી જ રીતે શિરડીના સાંઈબાબા વહાલા ભક્તોને ભસ્મ આપતા હતા. તે માણસ ખૂબ ગભરાઈ ગયા અને “સત્યે” ભસ્મ શ્રી સાંઈ બાબાના સાકાર પાસે વેરી દીધી. નારદનું ભક્તિ સૂત્ર જણાવે છે કે ગાઢી ભક્તિને લીધે મોહ જાળ દૂર થાય છે. પરંતુ સબ-રજીસ્ટ્રાર સત્ય સમજી શકવા અસમર્થ હતા. તેમણે કહ્યું કે “સત્ય” ભ્રમથી પીડાતો હતો. તેમણે કુટુંબને પરત મોકલાવી દીધું. તેઓ પુટપર્થી આવ્યા. “સત્યે” આ સ્વાંગ ઉતારી નાખ્યો. હવે તેને સમજવો મુશ્કેલ ન હતો.

અંધકારનો ગાળો પૂરો થયો હતો. તેમણે અનુકૂળ અને સહકારની ભાવનાવાળું બનવાનું નકકી કર્યું. અને હવે ઈશ્વરમ્મા અને સુબ્બમ્મા તેમની ઈચ્છા પ્રમાણે તેમને નાજુકાઈથી ખવડાવી શકતા હતા. એક દિવસ પેનુકોંડાથી કોઈક રાજુના ઘેર આવ્યું. તેમણે “સત્યે” નીડરતાપૂર્વક પોતે શિરડીના સાઈબાબા છે તેવો દાવો કરે તે સાંભળ્યું હતું અને તેથી તેમણે આંખો ચમકાવીને પડકાર કર્યો, “ અમને ખબર છે તું કોણ છે! તું એક નાનો છોકરો છે જે વેંકપ્પા અને ઈશ્વરમ્માનો પુત્ર છે. જો તું એ જ સાંઈબાબા છે જેને નોંધણી અધિકારી પૂજે છે તો અમને તેની હમણાં ને હમણાં જ સાબિતી આપ." ઘરમાં અજાણી વ્યક્તિની બૂમ સાંભળીને ઈશ્વરમ્મા બહાર આવ્યા. "હું તમને સાબિતી આપીશ," સત્યે ખુશીથી કહ્યું. તેમણે ફૂલો મંગાવ્યા પેલા માણસે ઈશ્વરમ્મા પાસેજ ફૂલો મંગાવ્યા તેમણે ગભરાટ સાથે ફૂલો આણ્યા. કંઈજ સમજ પડે તેપહેલાંજ “સત્યે” તે ફૂલોને જમીન પર ફંગોળ્યા.“જુઓ, હું આ છું તેમણે ફૂલની વિખરાયેલી પાંદડીઓ સામે જોઈને

કહ્યું. બધાએ જોયું કે વિખરાયેલી પાંદડીઓથી તેલુગુમાં "સાંઈબાબા " નામ આપોઆપ લખાયેલું હતું સાંઈબાબા? મુસ્લિમ કે હિંદુ? બ્રાહ્મણ કે ક્ષત્રિય ? ઈશ્વરમાએ તેમણે જોયેલ દશ્ય વિષે સુબ્બમ્માને કહ્યું. સત્ય તેમની સાથે ઘરડા દાઢીવાળા માણસ તરીકે રજૂ થયો હતો. બીજી એક વખત,સત્યએ એક ઘરડા ફકીરની વાત કરી જે તેને રોટી ખવડાવતા હતા. એ ગુંચવણભર્યા પ્રસંગો ભેદનું સ્વરૂપ પકડવા લાગ્યા. ભલીબાઈ સુબ્બમ્માને પરિસ્થિતિનું જ્ઞાન થયું. તેણીએ ઈશ્વરમ્માને નહીં ગભરાવા જણાવ્યું.'શું શ્રીકૃષ્ણ એટલાજ તોફાની ન હતા જે એક વખત પોતાને હરિ કહેતા તો બીજી વખત ગોપાળ? "સત્ય"વધારે કાર્યશીલ બન્યો હતો તે જોઈ આ બન્ને સ્ત્રીઓ રાહત પામી 'સત્ય' ટેકરી પર ચઢી જઈ કલાકો સુધી ખડકો પર એકાંતમાં બેસી રહેતા. નિઃસંતાન સુબ્બમ્માને વધુ ઓછી જંજાળ હતી તેથી તે તેમના આ ગોપાળને શોધી કાઢી જમાડતી.

શેશ્મા રાજુ એક પખવાડિયા માટે પુટ્ટપર્થી આવ્યા હતા."સત્ય"ના આચરણમાં પણ ફેરફાર થયો હતો જે હવે વધુ આસાન હતું (નજીકના સ્થળના ઓછી જાણીતા શ્રી સત્ય સાઈબાબા થવાનું અને નહીં કે દૈવી નરસિંહ ભગવાનનો અવતાર હોવાનો દાવો કરવાનું!) શેશ્મા રાજુને ખાત્રી હતી.કે "સત્ય"નો આ ભ્રમ પણ ઉરવાકોન્ડા સાફ કરી નાખશે. શિક્ષક તરીકે તેને'લાકડી'ની સુધારવાની શક્તિમાં પૂરો ભરોસો હતો પરંતુ આ તરકીબ ઈશ્વરમ્મા આધીન ઘરમાં ચલાવી શકાતી નહીં. આ કારણે તેણે માતાપિતાને ઠસાવ્યું કે"સત્ય"ને આ રીતે ટેકરીઓ પર ફરવામાં કે ફૂલો વેરવામાં કે વાર્તાઓ જોડી રાખવામાં મશગૂલ રહેવા દેવાં કરતાં શાળાએ મોકલવો જ વધુ સારો જેથી તે વધુ ઉપયોગી કામો કરી શકે. છેવટે માતા પિતાએ આ વાત સ્વીકારી અને"સત્ય"ભાઈની સાથે પાછો ગયો.

## ૬. માતા-માયા તરીકે

‘સત્ય’ થી અલગ પડયા બાદ ઈશ્વરમ્માએ પોતાના પુત્રને પોતે જેવો બનાવવો હતો તેનું ચિત્ર ખડું કરવા ઈચ્છયું પરંતુ તે‘સત્ય’ને જેવો–શાંત અને બેઠાડુ- બનવું હતું તેણી ચિત્ર પોતાના મનમાંથી ભૂંસી શકી નહીં. થોડા સમયમાંજ સમાચાર મળ્યા કે એક ગુરુવારે સાંજે જ્યારે‘સત્ય’સાઈબાબાની માફક બોલતો અને વર્તતો હતો ત્યાર તેણે ખરેખર ઘણા માણસોની હાજરીમાં શેશ્મા રાજુને ઠપકો આપ્યો કે,“તેને મારામાં શ્રદ્ધા નથી” માર પડવાનું ચોકકસ હતું. ઈશ્વરમાએ પ્રાર્થના કરી કે“સત્ય”આમાંથી બચી જાય. અને આવું જ બન્યું. ભાઈએ આ ટીકાને ગણકારી નહીં એટલું જ નહીં પરંતુ માર મારવાના પોતાને પ્રિય એવા ઉપાયને બદલે તુંગભદ્રા નદીને કિનારે વિજયનગર રાજયના અવશેષોની પાસે પર્યટને લઈ ગયા.

માતા પિતાના નસીબમાં હજુ વધુ આશ્ચર્યો પામવાનું લખ્યું હતું. હમ્પીંથી પાછા ફરેલા‘સત્ય’ને તેના ચમત્કારોને કારણે વધુ પ્રસંશકો પ્રાપ્ત થયા હતા. પાછા ફર્યા તે જ દિવસે તેઓ તપસ્વી બન્યા અને તેમણે જાહેર કર્યું કે કુટુંબ-કબીલો કે ઘરબાર તેમને વધુ સમય બંધનમાં રાખી શકે તેમ નથી.

ભગવાન શંકરાચાર્ય કે જેમણે અઢાર સૈકાઓ અગાઉ વેદાન્ત આત્મવિદ્યાનો પ્રચાર કર્યો અને જેમણે સંપ્રદાય અને ધર્મ પ્રણાલીને વિશ્વાસ, ડહાપણ અને શક્તિના સ્થાયી માળખામાં એકત્રિત કર્યા તેમણે मातृपंचकम नामथी જાણીતા માતાને ઉદ્દેશીને પાંચ શ્લોકો લખ્યા હતા.ઈશ્વરમ્માને જે પરિસ્થિતિનો સામનો કરવો પડયો હતો તે આ શ્લોકોમાં વર્ણવેલા અમર બનાવોને મળતો હતો. બન્ને માતાઓ હતી અને પ્રતિક્રિયાઓ તે વખતની અને અત્યારની સરખીજ હતી. “મારી માતાએ પોતાના સ્વપ્નમાં મને વિરક્ત-સાધુના કપડાંમાં જોયો; તેણીએ તે સાચું માન્યું; તેણી છેક શાળાએ દોડતી આવી (જ્યાં હું હતો). અને મોટેથી રડી પડી તે કારણે શાળામાં બધા જ બાળકો રડી પડયાં.

બે પરિસ્થિતિઓમાં ફેર આ પ્રમાણે હતો. શ્રી શંકરાચાર્યના માતાજીએ સ્વપ્ન જોયું હતું જયારે ઈશ્વરમ્માએ જાગૃત અવસ્થામાંજ કોઇના દ્વારા સમાચાર મેળવી જાણ્યું હતું.સંતના માતાજી  દોડીને શાળાએ જઈને બાળકને બાહુપાશમાં લઈ શકયા ત્યારે ઈશ્વરમ્મા  રૂઢિ-પ્રણાલીઓથી બંધાયેલા હોઈ દયાજનક રીતે છુટા પડેલા હતા. તેણી શાળાએ દોડી જઈ શકી નહીં.

ના જોઈતા સમાચાર તુરત જ આવ્યા. જેમ સમાચાર ફેલાતા ગયા તેમ તેમાં ભેળસેળ થતી ગઈ. પેદ્દા વેન્કપ્પા રાજુના પુત્ર અને ઉરવાકોન્ડાની શાળાના તેલુગુ શિક્ષકના ભાઈની વાર્તા અનંતપુર પહોંચી ત્યાંથી તે ધર્માવરમ પહોંચી. જ્યાંથી વહેતી પુટ્ટપર્થીમાં રાજુ કુટુંબમાં વાત આવી."સત્યા"એ શાળા છોડી દીધી છે."આ મૂળ વાત હતી જેની આસપાસ વિંટળાએલી અનેક વાતોથી ઈશ્વરમ્મા મૂંઝાઈ ગયા.

બુકકપટનમમાં ભરાતા સોમવારી બજારમાંથી વાતો ઉદ્ભવી ૨૦ જેટલાં ગામોમાં ફેલાતી. ગામડાના લોકોને સાચી વિગતના કરતાં કાલ્પનિક વાતોમાં વધારે રસ હતો. એક વખત અફવાઓને વેગ મળ્યો જેમાં કાલ્પનિક વાતો ઉમેરાઈને ભય, આશંકા, દુઃખ અને અવિશ્વાસનું વાતાવરણ સર્જાયું. સોમવારીમાંથી પાછા આવનારાઓ ગામમાં મફત જાહેરનામાની ગરજ સારતા. 'સત્ય' શિરડી નાસીને જતા રહ્યો છે,... "સત્ય" બાળયોગી બની ગયો છે,...સત્ય અલોપ થઈ ગયો છે... સત્ય  રથમાં બેસીને નજર બહાર જતો રહ્યો છે, જ્યાં સત્ય ઊભો હતો ત્યાં જાસ્મીનના કેટલાક ફૂલ પડયા છે. સત્ય હયાત છે નહીં.......

પુટ્ટપર્થી  ગામ સંશયના વમળમાં-ભરડામાં આવી ગયું હતું. દરેક વ્યક્તિ બીજી વ્યક્તિને કઈ વાત સાચી છે ?' તેમ પૂછતી. શેશ્મા રાજુ ચૂપકીદી કેમ સેવે છે ? માતા અને સુબ્બમ્મા લાંબો સમય રડતાં બેસી રહેતાં. વેંકપ્પા રાજુ બગલ થેલો ખભે ભરાવી-કપડાં લઇને સાચી વિગતની તપાસમાં ઉપડયાં. ઈશ્વરમ્માના સદનસીબે તેમને તેણીને છોડી જવાનું મુનાસીબ ન સમજયુ".

જ્યારે તેઓ બસ અડ્ડા પર ઊભા હતા ત્યારે કોઈએ વેંકપ્પા રાજુને ઓળખીને એક પત્રનું પરબીડિયું આપ્યું, તે શેશ્મા રાજુનો પત્ર હતો. પિતાએ આતુરતાથી ખોલી તે વાંચ્યો અને તેઓના બદન પર નિરાંત દેખાઈ કારણ કે સમાચાર ખરાબ ન હતા. તેમણે અધીર ઈશ્વરમ્મા તરફ ફરીને જોયું.

“બાળક સત્ય જીવે છે તે બિમાર નથી અને ઉરવકોન્ડામાંજ છે, તે નાસી ગયો હતો પરંતુ હવે પાછો આવેલ છે. તે ત્યાં અજાણી વ્યક્તિ તરીકે રહે છે. એવું જણાય છે કે તેણે સ્કૂલમાં જાહેર કર્યું હતું કે તેણે કાંઈજ અભ્યાસ બાકી નથી. તેણે ચોપડીઓ ફેંકી દીધી અને ઉત્પાદન શુલ્કના નિરીક્ષકના ઘર સામે બેસી રહ્યો. આ નિરીક્ષક દરેક ગુરુવારે“સત્ય”ની ભક્તિ માટે જાય છે. તમારા પુત્ર તેની સામે જગદગુરુ તરીકે આવે છે. તેના હવે અનેક ભક્તો છે જે દર્શન માટે પ્રાર્થના કરે છે.શેશ્મા રાજુએ આ ભક્તોના ઘરમાં “સત્ય”ને રહેવા દીધો નહીં તે સારું કર્યું હતું. શેશ્માએ“સત્ય”ને કહ્યું હતું કે તે તેના વિષે આપણને લખે છે અને આપણે તેના ભવિષ્ય વિષે નકકી કરવાનું છે.

## ૭. માયા

ઉરવાકોન્ડા બુકકપટ્ટનમ્ અને પેનુકોન્ડા કરતાં મોટું ગામ કસ્બો છે. માતાપિતા બસમાંથી ઉતરીને સીધા પોતાના મોટા પુત્રને ત્યાં ગયા. ત્યાં એક મોટું ટોળું આઘું પાછું થતું હતું. તેઓને દાખલ થતા વાર લાગી અને ધક્કા સહન કરવા પડયા ત્યારે તેઓ અંદર ઓરડામાં પ્રવેશી શકયા જ્યાં અત્તરની સુવાસ અને કપૂરની જવાળાઓએ તેમને આવકાર્યા.સૌએ તેમને જેવા ઓળખ્યા છે કે તુરત જ"માતા પિતાની જય" નો પોકાર કર્યો. અને"સાઈ બાબાની જય"ની ઘોષણા પણ કરી.

"સત્ય"એક ખુરશીમાં બેઠો હતો તેની જમણી બાજુ ફૂલના હારનો ઢગલો હતો. દરેક વ્યક્તિ હાર ચઢાવતી હતી જેથી તે ઢગલો મોટો થતો હતો. વ્યાકુળ થયેલ શેશ્મા રાજુ આગંતુકો માટે જગ્યા કરાવવા માટે ઓરડામાં હાજર વ્યક્તિઓની ખસેડવાની પ્રવૃતિમાં લાગેલ હતા. જેવા તેમણે માતા પિતાને જોયા કે તેમણે રાહતનો દમ ખેંચ્યો. તેમણે "સત્ય"ને પૂછયું,"આ બે જણા કોણ છે?" જ્યારે જવાબ મળ્યો તે વેદાન્તિક હતો પરંતુ વિનાશક હતો. ચૌદ વર્ષના બાળકના મુખેથી કોણે આવા શબ્દોચ્ચારની આશા રાખી શકે? જ્યારે માતાપિતાને ઓળખવાનું પૂછવામાં આવતાં તેણે સભાનપણે કહ્યું "તેઓ માયા છે!"

માયા? છેતરામણી? ઘણાં વર્ષો બાદ બાબાએ જણાવ્યું હતું કે આપણે પ્રત્યેકને એક નહીં પણ ત્રણ વ્યક્તિત્વ છે. આમાંના બે ભ્રાન્તિકારક છે. ક્ષણિક અને ક્ષુદ્ર છે. પ્રથમ એ છે જે આપણે આપણી જાત માટે વિચારીએ છીએ, શરીર અને તેમાં રહેલું હૃદય જે અંતિમ દિન સુધીની યાત્રા માટે ધબકે છે. બીજું એ છે કે, આપણા માટે બીજાઓ વિચારે છે તે છે; અંતઃજ્ઞાન, સ્ફુરણા, લાગણી, ભય, અને કલ્પના જેવી પ્રતિક્રિયાઓ જે આપણે દર્શાવીએ છીએ તે છે.ત્રીજુ; આપણે ખરેખર જે છીએ તે છે; આત્મા અવિનાશી, તેજસ્વી અને પરમાનંદ છે."સત્યે"જ્યારે પોતાના માતા-પિતાને માયા કહ્યા ત્યારે તેણે આ બે છેતરામણ વ્યક્તિત્વ ને નકાર્યા હતા.

આ પ્રસંગ આપણને"ન્યૂ ટેસ્ટામેન્ટ"નામની ચોપડીમાં મેથ્યુએ વર્ણવેલા પ્રસંગની ઝાંખી કરાવે છે."જ્યારે જિસસ ક્રાઈસ્ટ લોકો સાથે વાતો કરતા હતા ત્યારે તેમના માતા અને ભાઈ વાત કરવાની ઇચ્છા વિના ઊભા રહ્યા. કોઈએ તેમને કહ્યું,'તમારા માતાએ ભાઈ તમારી સાથે વાત કરવાની ઈચ્છા વિના ઊભા છે." પરંતુ તે માટે તેમણે જવાબ આપ્યો," કોણ મારી માતા છે કોણ મારો ભાઈ છે ? જે સ્વર્ગમાં રહેલા મારા પિતાની ઈચ્છા મુજબ વર્તશે તે મારો ભાઈ માતા કે બહેન છે."

"માયા!"ઈશ્વરમ્મા આશ્ચર્યચકિત થઈ ને ફસડાઈ પડયા, પરંતુ વેન્કપ્પા રાજુ શબ્દોની ગંભીરતા પામ્યા. તેમને ખાત્રી થઈ કે બાળપણમાં"સત્ય"ને મળેલ નામો- "ગુરુ"કે"બ્રહ્મજ્ઞાની"—એ ઉપનામો ન હતાં પરંતુ ઊંડી આંતર દૃષ્ટિ બતાવનાર અને કૌટુંબિક લાગણીનો ત્યાગ કરવાના દિવસોના દ્યોતક હતા. તેમણે માતાને નિરૂપાય એવી આ વાસ્તવિક્તાને સ્વીકારવા સમજાવ્યા. પરંતુ ઈશ્વરમ્માએ તેની વિરુદ્ધ પ્રતિક્રિયા દર્શાવી. પોતાના પડછાયા સમ પુત્ર–"સત્ય"ની બાજુમાં તેણી આંખોમાંથી આંસુ સારતી બેઠી. "સત્ય,તારી મા સાથે વાત કર!"તેણીએ યાચના કરી. થોડી શાંતિની ક્ષણો વીતી. સત્યે અલિપ્ત અને શાંત ભાવે કહ્યું, "કોણ કોનું છે?" આ પ્રશ્ન ન હતો. આ જાહેરાત હતી જે સ્પષ્ટ હતી મનોવૃત્તિની ઘાતક હતી."સત્યે"શિખામણ ચાલુ રાખતાં જણાવ્યું,"આ બધી માયા છે... આ બધી માયા છે." ઊભેલા સૌ ચકિત થઈ ગયા. આ ઉગતો જુવાનિયો તેમની સામે શંકરાચાર્યની જેમ અધિકારપૂર્વક બ્રહ્માંડની ગૂઢતા ઉકેલવાની ચાવીઓ વિષે જણાવતો હતો.

પરંતુ ઈશ્વરમ્મા પર આ જ્ઞાનની અગાધતાની કોઈ અસર ન થઈ. તેણીને તો પોતાના પુત્રને ખવડાવવામાં ખોળામાં બેસાડવામાં તેનું માથું ઓળખવાની, તેને પોતાના પ્રિય ગીતો ગાતો સાંભળવાની અને તેના પંઢરી નૃત્ય જોવાની ઉત્કંઠા હતી. જેમ જેમ તેણી વીતેલા દિવસો યાદ કરતી તેમ તેમ તે ડુસકે ભરાતી અને તેણીને દૂર લઈ જવી પડતી. તેણીને રડતી અટકાવવા માટે પથ્થર એકઠા કરી ઢગલાની વાત કહેવામાં આવતી."સત્ય"જયારે પુસ્તકો ફેંકી દઈ ઘર છોડી આ

પથ્થર પાસે બેઠો હતો.એક ફોટોગ્રાફરે ફોટો પાડયો ત્યારે આ પથ્થર ખસેડવા કહ્યું હતું અને“સત્યે” તેનો ઈન્કાર કર્યો. જ્યારે ફોટો તૈયાર કરાયો ત્યારે પથ્થર શિરડીના“સાંઈબાબા" ની મૂર્તિ રૂપે દેખાયો જે“સત્ય”અગાઉ પોતે હતા. ઉત્સાહી વ્યક્તિ સમૂહ આ ફોટો જોતાં આનંદિત થઈ ગયો પરંતુ ઈશ્વરમ્માને તેની અસર થઈ નહીં.“સત્યે”કયારે ખાધું ?”“શું તે જમ્યો ? “હવે તેને શું ભાવે છે ?” તેવા પ્રશ્નો તેણી પૂછયા કરતી અને તેણી તેનું કામ કરવા ઈચ્છતી.

આ દરમ્યાન“સત્ય”જાહેરમાં આવવા માટે બેચેની અને અધીરાઈ અનુભવતો હતો. જ્યારે તેને એવું કહેવામાં આવતું કે તેની માતા રસોડામાં ખાવાનું તૈયાર કરે છે ત્યારે તે કહેતો તે રાહ જોશે. આ શબ્દો માતાના હૃદય પર મલમ સમાન હતા. તેણી વધુ વાનગીઓ આનંદપૂર્વક બનાવતી. છેવટે“સત્ય”ઊઠીને અંદર ગયો. જયારે તે સાદડી પર થાળી લઈને બેઠો ત્યારે માતા પિતા બાજુમાં ઊભા રહ્યા. જ્યારે માતાએ થાળીમાં લાડ ઉત્કંઠા ઇચ્છા અવિશ્વાસ અને આનંદને ’સંગતી’ ‘પુંલુસુ’ “કુરા” વૈદીયાલુ”“ચિત્રાન્ન ચટણી’ અને“પાયસમ”માં બનાવીને પિરસ્યા ત્યારે “સત્ય”ઉંઘરેટો અને અલગ જણાયો.

તેણી પિરસ્યા બાદ“સત્ય”જમે તે આશાએ ઊભી રહી."સત્યે”ઝડપથી બધી વાનગીઓ ભેગી કરી તેમાંથી ત્રણ લાડુ બનાવ્યા.“માયા ! માયા”! તેવું તે બોલતો રહ્યો. કોઈએ માતાને કહ્યું “સત્ય” નજીક બોલાવે છે. માતા નજીક ગયા. તેણે એક લાડુ તેણીની જમણી હથેળીમાં મૂકયો અને પોતાની હથેળી તે મેળવવા પાસે ધરી. જેવો લાડુ તેણીએ આપ્યો કે“સત્ય”તે ખાઈ ગયો અને બબડ્યો “માયા ગઈ માયા ગઈ” બીજા બે લાડુ પરત્વે પણ આમજ કર્યું. આ બંધનોને ત્યજી દેવાની પ્રક્રિયાની પરાકાષ્ઠા શેશમા રાજુ સહિતના મોટેરાઓ સ્તબ્ધ બની જોઈ રહ્યા."સત્યે”છેવટે પોતાને સૌની નજીકનો સગો હોવા છતાં અજાણી વ્યકિત તરીકે જાહેર કર્યો. ઈતિહાસનો ભાગ હોવા છતાં તે ગૂઢ રહ્યો.

કૃષ્ણના મા-બાપ પણ આવી રીતનીજ ત્રિશંકુ જેવી દશામાં રહ્યા હતા. અને આવીજ દ્વિધામાંથી તેઓ પસાર થયા હતા. જ્યારે રાજા વિરાટની પુત્રી ઉત્તરાની સાથે કૃષ્ણના પુત્ર અભિમન્યુનું લગ્ન થયું ત્યારે કૃષ્ણના માતાપિતાને મહેમાન

તરીકે આવકારવામાં આવ્યા હતા. પરંતુ કૃષ્ણના પિતા વાસુદેવે જવાબ આપ્યો, હે રાજા, અમને કૃષ્ણના માતાપિતા ના સમજીશ કારણ કે કૃષ્ણ કહે છે,"હું તમે ખાસ જેમને માતાપિતા કહો છો તેવી વ્યક્તિઓ સાથે મને કંઈ જ સંબંધ નથી. મને તો ફકત મારા ભક્તોની સાથે જ સંબંધ છે. તેઓ એમ પણ કહે છે કે જેઓ તેના છે તે દુઃખી થાય ત્યારે તેઓ પોતે પણ દુઃખી થાય છે, અને જ્યારે તેઓ સુખી હોય છે ત્યારે હું સુખી હોઉં છું. તેમને પત્ની. બાળકો, ભાઈ કે બહેનની ચિંતા નથી હોતી. તેને પૈસા કે શક્તિનું બંધન નથી. જેઓ તેમને હરિ, નારાયણ કે બીજા નામથી ભજે છે તેની જ તેમને પડી છે. મારા પુત્રનું વર્તન બીજા જેવું નથી. તેમના ભક્તોને ઈજા થાય કે તેમનું અપમાન થાય ત્યારે તેમનું હૃદય પીગળે છે. તેઓ કહે છે કે હું માનવજાતને ઘેરા શોકમાંથી મુક્ત કરવા માટે જીવું છું. "મહાભારતના મહા કાવ્યમાંથી આગળના અવતાર વિષે લીધેલી આ પંક્તિઓ સત્યના માબાપે જ્યારે તેના વહાલની ઝંખના કરી ત્યારના' સત્ય'ના વહાલના વર્તન પર પ્રકાશ નાખે છે.

આ મહત્ત્વના સ્વૈચ્છિક પરિત્યાગના દિવસવાળી રાત્રિ અત્યારના પ્રખ્યાત 'ભજન ખડક'પર બેસીને 'મનસા ભજનમ ગુરુ ચરણમ' ... ગાઈને તેમના હૃદયમાં ગુરુના પવિત્ર ચરણ પાડવાનું કહેવામાં પૂરી થઈ. ઈશ્વરમ્મા તેને ત્યાં ઠંડીમાં એકલો ન મૂકી શકી. તેઓ પણ ભક્તોની વચ્ચે મોડી રાતથી પરોઢિયા સુધી ભજન કરતા રહ્યા. પરંતુ તે આખી રાત્રિ તેઓ પોતાના ભવિષ્યના વિચારમાં જ રહ્યા. તેઓ જાણતા હતા કે જે પુત્ર કહે છે કે," હું તમારે આધીન નથી. હું તમારા લીધે નથી આવ્યો. મારે મારું પોતાનું કાર્ય કરવાનું છે. તે પોતે પગપાળા પર્વતો અને ગુફાઓમાં ફરશે, પવિત્ર નદીઓમાં સ્નાન કરશે અને હિમાલય પર જશે. તે ફળફળાદિ, કંદ કે સૂકાં પાંદડાં અને હવા પર જીવશે. તેણીએ સત્યની જુવાની અને આધેડ વયની પાર ડોકિયું કર્યું અને તેણીએ તેને દૂબળો એકલો અને નિસ્તેજ જોયો. તેણીએ તેને માળાઓ પહેરેલો અને દાઢીવાળો જોયો છતાં તેની આંખો ચમકતી હતી. માતાને ભવિષ્યથી ફફડાટ વ્યાપી ગયો અને વહેલી તકે આશિષ મેળવવા પ્રાર્થી રહી છે.

તેણીના પતિએ તેણીની વ્યગ્રતામાં સહભાગી થવા ઈન્કાર કર્યો અને જણાવ્યું. કે ઉતાવળા પગલે પરિસ્થિતિ વધુ બગડશે."આપણે તેને એકાંત આપીએ, આનાથી પણ તે હેમખેમ પસાર થઈ જશે."તેમણે કહ્યું.પરંતુ શેશ્મા રાજુએ પિતાની સમજાવવાની શક્તિ વાપરી પરિસ્થિતિ સુધારવા ખાત્રી આપી. એક વખત પોતાના ખડક પર આશરે દસ-બાર વ્યક્તિઓની વચ્ચે'સત્ય' બેઠો હતો ત્યારેઈશ્વરમ્મા અને શેશ્મા રાજુએ તેનો સંપર્ક સાધ્યો અને માતાએ કહ્યું,"સત્ય", અમે માયા – બંધનમાં છીએ, અને માયા છીએ, પરંતુ તું તો માયાથી પર છે. અમે તારી વચ્ચે આવીશું નહી. માથું મારીશું નહીં અમે ચર્ચા-દલીલો કરીશું નહી'તારે જે કરવું હોય તે કરજે પરંતુ"સત્ય"તું હિમાલય કે ગુફા – કંદરામાં, અમારાથી-દૂર જઇશ નહી. મને વચન આપ કે તું પુટ્ટપર્થીમાં રહીશ. તારા ભક્તોને ત્યાં આવવા દે. અમે તેમને ભાવભર્યો સત્કાર આપીશું""સત્ય"પળવારમાં જવાબ આપ્યો" મેં પુટ્ટપર્થીને મારા કાર્યસ્થળ તરીકે નકકી કર્યું છે. માત્ર તમનેજ નથી. ગામ આખા પર અશીર્વાદ ઉતર્યા છે. હું ગુરુવારે ત્યાં આવીશ. "

ઈશ્વરમ્મા આનંદથી અવાક્ થઈ ગયા. તેણીનો ચહેરો ખુશીથી ચમકી તે સારા સમાચાર પ્રકટ કરી રહ્યો હતો. તેણીનું હૃદય ભરાઈ આવ્યું કારણ કે તેણીને ખાત્રી થઈ હતી કે હવે આખી જિંદગી તેણી પોતાના પુત્રની ભવ્ય ઝાંખી કરી શકશે! તેને હવે ભિક્ષા માંગવી નહી પડે. કમસે કમ તેના ખાવા પીવાની વ્યવસ્થાની બહેનો, માતા અને સુબ્બમ્મા કાળજી રાખી શકશે.

તેણીના આ આનંદજનક વિચારો અચાનક ખંડિત થઈ ગયા કારણકે એક પુરુષ અચાનક"સ્વામિના માતુશ્રી, મને આશિષ આપો "કહીને તેમના પગે પડયો. તે ઉરવાકોન્ડાનો બ્રાહ્મણ-પંડિત હતો.

આ જ પંડિત એક વખત જ્યારે રામાયણની સંસ્કૃત કૃતિનો અર્થ ઘટાવતા હતા ત્યારે"સત્યે"દૂરથી તેમને સાંભળ્યા હતા અને સંદેશો મોકલાવી સાચું અર્થઘટન જણાવ્યું હતું. પંડિતે સ્વાભાવિક રીતે જ અણગમો દર્શાવ્યો હતો પરંતુ

પછી તુર્ત જ શરણે આવ્યા હતા. અને હવે તેઓ વખાણની ઊર્મિમાં તણાઈને બોલી ઊઠ્યા“ સર્વજ્ઞ મૂર્તિ!”(સર્વ જાણનાર).

ગોસ્પેલ ઓવ્ થોમસમાં વર્ણવેલ ઈસુ ભગવાને શિક્ષક ઝકચસને આપેલ શિખામણ આ પંડિતની અપૂર્ણતા અંગેની "સત્ય”ની જાણકારીના પ્રસંગની મને યાદ આવે છે.

“ઈસુએ ઝકચસ સામે જોયું અને તેને કહ્યું: તને‘આલ્ફા” (પ્રથમાક્ષર) નું જ્ઞાન નથી તું બીજાઓને“બીટા”(દ્વિતીયાક્ષર) કેવી રીતે શિખવી શકે? તું દંભી છે. પહેલાં‘આલ્ફા’શીખ અને પછી શીખવ. અમે તે બાદ તને“બીટા”ની કાળજી કરવા યોગ્ય માનીશું.

ઈશ્વરમ્માને આ મળેલા માનથી મૂંઝવણ થઈ. આ એ પાત્રનો અણસાર હતો કે જે પાત્રમાં આખું જગત તેમને નિરખવાનું હતું. તેણીના મનમાં ઊંડે ઊંડે એ લાગણી હતી કે તેણી–માતા તરીકે કે ઈશ્વરમ્મા તરીકે—માયા છે જે ફક્ત વિચાર અને પ્રતિબિંબ હતું જે આ બન્ને પાત્રોની પાર કશાક ઉપર અંકિત થયું હતું. કપિલ ભગવાને માતાને પોતાના પહેલા શિષ્યા બનાવ્યા હતા તેવી જ રીતે“સત્યે” ઈશ્વરમ્માના અંતર્ચક્ષુ માત્ર એક શબ્દ (માયા-જે શબ્દ સત્યોનું સત્ય પ્રકટ કરી શકે) વડે ખોલ્યા હતા.

આ સમાચાર અસીમ ઝડપે પહોંચ્યા કે“સત્ય” પુટ્ટપર્થી જનાર છે અને કદાચ પરત નહીં આવે. ગામમાં જાણે દાવાગ્નિ સળગ્યો, બધાજ પ્રકારના માણસો વેપારીઓ, શિલ્પીઓ, મજૂરી કરનારાઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓ, સ્ત્રીઓ અને બાળકો ખડક તરફ દોડયા જ્યાં“સત્ય”શિષ્યોને ભજન શિખવવા બેઠા હતા. પોતાના શિક્ષકને તેમણે હાથમાંથી ઝરતી વિભૂતી આપી. ત્યાં બેઠેલી એક સ્ત્રી કે જેને સાઈબાબા સાથે શિરડી દર્શનનો લાભ મળ્યો હતો તેણે કહ્યું કે આ ઉદી-ભસ્મ શિરડી દ્વારકામયીમાંથી લવાઈ છે. તેણીએ કહ્યું કે“હવે તેની હથેળીમાં "અગ્નિ” છે.” અને વિભૂતી ખરેખર હુંફાળી હતી.

આખા ગામમાં લોકો રસ્તા પર સમારોહમાં ધીમે ધીમે ચાલતા હતા. તેઓ ઈરાદાપૂર્વક આમ કરતા હતા.શણગારેલા બળદ ગાડા પર"સત્ય"બેઠા હતા. શેશ્મા રાજુ અને નાનો ભાઈ જાનકીરામ તુર્તજ સામે ગયા. ઈશ્વરમ્મા, તેણીની પુત્રીઓ અને પુત્રવધૂ સ્ત્રીઓના ટોળામાં હતી. ઉત્સાહી ભક્તોએ માતા-પિતાને હાર પહેરાવ્યા. શેશ્મારાજુ અને તેના સાળા રામા રાજુએ લોકોને વ્યવસ્થિત હારમાં ગોઠવવા માટે સ્વયં સેવકોની ટુકડી તૈયાર કરી હતી. ઢોલ, મોરલી વિગેરે વગાડતી ટુકડી ભક્તોની કતારના મોખરે વાજિંત્રો વગાડતી ચાલતી હતી.

જયારે ગામની સીમ આવી ત્યારે લોકોને પાછા વળવા જણાવાયું પરંતુ "સત્ય"વિના પાછું ફરવા કોઈ તૈયાર ન હતું. ઘણા બધાએ"સત્ય"સાથે પુટ્ટપર્થી એક અઠવાડિયાના સમય માટે રોકાવાનું નક્કી કર્યું હતું.

ઈશ્વરમ્મા સાંઈબાબાને પુટ્ટપર્થી લાવ્યા હતા. હવે તે સત્યનારાયણ રાજુ ન હતા. તે ઉરવાકોન્ડાના વિદ્યાર્થી પણ ન હતા રહયા, હવે તે સત્યના શિક્ષક બની બહાર નીકળ્યા હતા. તેમની આસપાસના લોકો તેમના શિષ્યો હતા.

# ૮. પ્રથમ પાઠ

"સત્ય"એ પોતાનું સત્ય છતું કર્યું" તે ઉરવાકોન્ડાની ઐતિહાસિક ઘટનાઓનો ટૂંક સાર હતો. ઉત્કંઠા આશ્ચર્યમાં પરિણમી અને આર્શ્વય ઝંખનામાં. આસપાસના ધરમાવરમ્, પેનુકોન્ડા, ગોરાન્ટલા, મુદીગુબ્બા અને બુકકપટનમના ગામવાસીઓ પોતપોતાના રહેઠાણમાંથી નીકળી પુટ્ટપર્થી આવ્યા જ્યાં આ આધુનિક ગોકુળમાંના યશોદા સુબ્બમ્માએ કરનામ મેન્શનના દરવાજા આ નાના તારણહાર માટે ખોલ્યા હતા.

તેણીને કયાંય કશો સંદેહ ન હતો. તેણીએ તેમની સાઈબાબા કે અન્ય નામની સાથે જોડાયેલી હકીકત વખતો વખત જોઈ હતી જેથી તેણીને તેમને 'આવા ભવ્ય' હોવા વિષેની ખાત્રી હતી. તેણીને તેમનો પોકાર ઘણા વખત અગાઉ સંભળાયો હતો અને તેણીએ તેમને ચરણોને ગુરુ કે ભગવાનના ચરણો તરીકે સ્વીકારી લીધા હતા. તેણીએ 'કલિ'યુગના અવતાર તરીકે તેમનામાં લાંબા સમયથી વિશ્વાસ મૂકયો હતો.

તેણીને લાગ્યું કે સમય "સત્ય"ને પોકારતો હતો. શું શ્રીમદ્ શંકરાચાર્યે કૃષ્ણાવતારના સંજોગો અને પ્રકારનું વર્ણન કર્યું ન હતું? શ્રી શંકરાચાર્ય એ ભગવાન વિષે જણાવ્યું હતું જેમણે માનવજાતને શ્રીમદ્ ભગવદ્ગીતા આપી પરંતુ સુબ્બમ્માને ખબર હતી કે"સત્ય"પણ ટૂંક સમયમાં જ વાંસળી બાજુએ મૂકી ચાબખો હસ્તગત કરશે. શ્રી શંકરાચાર્ય અવતારનું વર્ણન આ પ્રમાણે કર્યું છે.'જયારે લોકો શોક અને બંધનમાંથી મુક્ત થવા માટે ધર્મે દર્શાવેલ ચારિત્ર્યભર્યું વર્તન આચરે છે, તે બાદ ઇન્દ્રિયસુખનો મોહ અને દુન્યવી શક્તિ ફરીથી જાગ્રત થાય છે. ભેદભાવ ચાલ્યો જાય છે અને ડહાપણ ઘટવા લાગે છે. સત્ય પર અસત્ય વિજય મેળવે છે ત્યારે ભગવાન આદિકારણ રૂપ આદિ ભર્તા પોતે નક્કી કર્યા પ્રમાણે જગત ચલાવવા માટે અંશરૂપે જન્મ લે છે. માનવ રૂપે અવતરે છે. શાશ્વસ સ્રોત જે જ્ઞાન, શક્તિ, ઊર્જા. અને જોમનું સંગ્રહસ્થાન છે તે માયાને આગળ કરી માનવ રૂપ ધારણ કરે છે.-અને ત્રિગુણમયી માયાને કારણે (ત્રણ ગુણો- સત્વ, રજસ અને

તમસ છે.)અજન્મા હોવા છતાં જન્મતા, અવ્યાપક છતાં વ્યાપક અને મુક્ત હોવા છતાં કરુણામય જણાય છે."

ઈશ્વરમ્મા 'સત્ય'ને પાછા રાજુ ગૃહે લઇ જવા આતુર હતા અને સુબ્બમ્મા માનું હૃદય સમજતાં તેથી તેમને તે લઈ જવા દેતા. જ્યાં લોકોને સત્યની પોતાના જ ખાતર જરૂર હતી ત્યાં સત્યને લાંબુ રહેવું ગમતું નહોતું. તેમણે તેમના માતા-પિતાને કહ્યું, "હું ફક્ત તમારો જ નથી. હું તેમનો બધાનો છું જેમને મારી જરૂર છે."તેમની બહેન કે જે નાતના રિવાજોની માન્યતાને લીધે તેમની માતાના ભાઈને પરણી હતી તેને ઘેર પણ સત્યને ગમતું નહોતું. ઘરમાં અપાતો ધર્મોપદેશ, ઠપકા, આંખો કાઢવી, આ બધું જેના માટે થતું તેના કરતાં સત્યને વધુ દુ:ખ આપતું હતું. ઈશ્વરમ્માપણ તેના કુટુંબની વ્યક્તિઓ જેવી કે બીજા પુત્ર પુત્રીઓ અને ખાસ કરીને નાના પુત્ર જાનકીરામના ભવિષ્યથી બંધાયેલા હતા. જાનકીરામને શરદી રહેતી જેને લીધે ત્રાસદાયક ક્ષયની બિમારી હતી. આ રીતે કુટુંબની અંદર જિંદગી વ્યક્તિગત રીતે પીછો કરતી હતી જે 'અવતાર'ને અનુકૂળ નહોતી આવતી.

સુબ્બમ્માને ઘેર ગુરુના ચરણોમાં આશરો શોધતા આવતા યાત્રાળુઓને લીધે ઘર સાંકડું પડતું હતું. તેમના ગામથી પાંચ માઈલ દૂર આવેલ કોથાચેરુવુ ગામે રહેતા એક સંન્યાસીએ એક આશ્રમ બાંધ્યો હતો તે એક ટેકરીની ટોચ પર હતો અને ચિત્રાવતીના જળને એકઠું કરી બનાવેલ કૃત્રિમ તળાવ પાસે હતો. સંન્યાસીએ સત્યના પિતાને, સત્યને પોતાની સાથે પોતાના બાળક તરીકે અને પોતાના આધ્યાત્મિક જ્ઞાનના વારસ તરીકે લઈ જવા જણાવ્યું. તેમણે ખાસ કહ્યું કે તે જગ્યા ધર્માવરમ અને ગોરંતલાના ધોરીમાર્ગની વચ્ચે હતી અને પેનુકોંડાથી મુદીગુબ્બા અને ધર્માવરમથી કાદીરી જતા રસ્તાઓ વડે પડતી ચોકડીથી થોડી જ મિનિટો ચાલવાથી ત્યાં પહોંચાય તેમ હતું. આ જગ્યા સત્ય માટે યોગ્ય છે તેમ તેમણે કહ્યું. ઈશ્વરમ્મા ચેતી ગયા, તેમને પોતાનો પુત્ર છિનવાઈ જવાની બીક લાગી તેથી તેમણે ઉદ્ધતાઇથી જવાબ આપ્યો. તેમના પતિને કંઈ કહેવાની જરૂર ન જણાઈ.

જયારે સુબ્બમ્માને આ સૂચનની જાણ થઇ ત્યારે તેમણે તરત જ ચિત્રાવતીની પશ્ચિમે થોડી જમીન આપી કે જેમાં આવતાં લોકોના સમાવેરા માટે છાપરું બાંધી શકાય. સુબ્બમ્મા પ્રામાણિક આતિથ્યનું મૂર્તસ્વરૂપ હતા. તેઓ પોતાના વહાલા સત્યને મળવા આવનાર મુલાકાતીઓનું સ્વાગત કરવા અને કાળજીપૂર્વક જમાડવા આતુર હતા. સ્વામી આજના દિવસ સુધી તેમની આ પ્રવૃત્તિઓ વિષે વાતો કરે છે-મળસ્કાથી મધરાત સુધીનું તેમનું કામ, ભાત બનાવવો, ચટણી વાટવી, સંભાર બનાવવો, પાપડ તળવા–અલગ અલગ વ્યક્તિઓ કે જે કોઇ પણ સમયે આવતી તેમના માટે જુદી જુદી વાનગીઓ બનાવતા. સ્વામી કહે છે કે,"તેમના ઘરમાંની ઘંટી કદી શાંત નહોતી.'

'બાલ સાઇ'ની પ્રાર્થના કરવા આવતા ઘણા લોકો તેમના માતા પિતાને શોધતા હતા. વેંકપ્પા રાજુ જવલ્લે જ મળતા કારણ કે તેઓ પોતાની કરિયાણાની દુકાનમાં વ્યસ્ત હતા અને ઘણો સમય તેઓ નજીકના ગામમાં સોદો કરવામાં ગાળતા હતા. જો કે ઈશ્વરમ્મા આ અંજલિના આંચકા મેળવવા અને લોકોની તત્પરતા ઝીલતા હતા. લોકો કહેતા કે સાઈબાબાએ તેમનાં ઘરો અને ગામોને આકર્ષક બનાવવાનું વચન આપ્યું છે. તેમને ચિંતા હતી કે આ સફર તેમને કયાં લઈ જશે અને કયાં સુધી દષ્ટિથી દૂર રહેશે. તેમને કયાં ખબર હતી કે તે પોતે ઈચ્છે તેટલી જગ્યાઓએ પ્રગટ થઈ શકે છે ? ઇશ્વરમ્માનો સાદો અને સરળ વિશ્વાસ અને તેની રીત એવા હતા કે એક વખત સત્યએ'કનકતારા'નામના નાટકમાં ભાગ લીધો હતો ત્યારે તેઓ તેની જિંદગી બચાવવા માટે રંગમચ પર પહોંચી ગયા હતા. સત્યના મહાવિજય પછી પુટ્ટપર્થી'બાલ સાઈ'તરીકે આવ્યા બાદ તેઓ તેમની દરરોજ રાત્રે નજર ઉતારતા, નારિયેળ વધેરતા પહેલાં તેમની આસપાસ ત્રણ વખત ઉતારતા અને તેમની આસપાસ સળગતું કપૂર ધરતાં.

તેઓ કે જેઓએ 'બાબા'ના દર્શન, સ્પર્શ અને સંભાષણથી કંઈક મેળવ્યું હતું તેઓએ તેમના સમાચાર દૂર દૂર સુધી ફેલાવ્યા. વધુ અને વધુ લોકો આવવા લાગ્યા. અને ગામ, તેમના માટે ગવાતાં ભજનોથી ગુંજી ઊઠયું. રસ્તા તરફ પડતી ૮'□ ૬' ની નાની ઓરડીમાંથી'બાબા'દર્શન આપતા હતા. આ રસ્તો કે જે

નદીથી કર્ણમના ઘર સુધીનો હતો તે ગુરુવારે સાઠ વાર દૂર સુધી ખીચોખીચ ભરેલો રહેતો અને અન્ય દિવસોએ તેનાથી અડધો તો ભરેલો રહેતો જ. સુબ્બમ્માએ પ્રાર્થના માટે અલાયદો ખંડ ઉભરાતી મેદનીનો સમાવેશ કરવા માટે બનાવડાવ્યો હતો. મકાનનો મુખ્ય ઓરડો કે જેની ઉત્તર-દક્ષિણે ઓસરીઓ હતી. સુબ્બમ્માએ ત્યાં ઈંટો વડે દીવાલ બનાવી બંને ઓસરીઓની ચાર ઓરડીઓ બનાવડાવી હતી.

એક બપોરે છ વ્યક્તિઓ-સ્ત્રીઓ અને પુરુષો–તેમના ઘરે ક્ષોભથી આવ્યા તેનાથી ઇશ્વરમ્માને આશ્ચર્ય થયું. તેમણે કહ્યું કે તેઓ સત્યનારાયણ રાજુ કે જે ઉરવાકોન્ડામાં સાઈબાબા તરીકે રહે છે તેમને અંજલિ અર્પવા આવ્યા છે. તેઓએ કહ્યું કે સત્ય બાબાએ પોતે શિરડી હતા ત્યારના વિવિધ પ્રસંગો ટાંકી બતાવ્યા હતા. સત્ય બાબાએ તેમને કહ્યું હતું કે“હું રામ છું, હું કૃષ્ણ છું. જુદા જુદા વિસ્તારમાં મારા ભક્તો છે તે જુદી જુદી ભાષાઓમાં મારી પ્રાર્થના કરે છે."

તેઓમાંના એક આશ્ચર્યથી પ્રશ્ન કર્યો “કૃષ્ણ ?” કારણ કે તેઓ ગોપાળકૃષ્ણના ભક્ત હતા. સત્ય બાબાએ કહ્યું "હા કૃષ્ણ પણ. તમે! વાંસળી સાંભળવા ઈચ્છો છો?”કોણ ના કહેશે ? ભકતે માતાને જણાવ્યું હતું કે "બાબાએ મારા કાનને તેમની છાતી પર મૂકવા કહ્યું અને મેં દૈવી શ્વાસોચ્છવાસને ભવ્ય આનંદમાં પરિણમતો સાંભળ્યો.”આટલુ સાંભળ્યા બાદ માતા ઈશ્વરમ્મા ઝડપથી ઊભા થયા અને તેમની સાથે એ આશાએ મંદિરે પહોંચ્યા કે તેમને તે તાલમય ગીત સાંભળવા મળશે જેના કારણે વૃક્ષો ફૂલોની ટેકરીમાં પરિવર્તિત થવા પ્રેરતા, જેને કારણે જમુનાજીના જળ થંભી જતાં, જે વાદળો અને પવનને અટકાવી દેતા જે જંતુઓ પશુ પક્ષી અને માનવને સૌમ્ય શાંતિની અનુભૂતિ કરાવતા. તેણી બાબાને પૂછી ન શકી. તેણીએ વિચાર્યું કે તેણીના પાછળના આ માણસોના ટોળાને જોઈને ‘સત્ય’ પૂછશે કે તેણી શા માટે આવી છે ? તેણી વખાણ અને શંકામાં ડૂબેલી લાંબો સમય ત્યાં બેસી રહી.

તેણી અકળાઇ ગઇ અને ચૂપ રહી શકી નહીં. તેણીએ એકાએક પૂછ્યું, “સાઇબાબાએ કૃષ્ણની વાંસળી વગાડી હતી?”‘સત્ય’ બાબાએ કહ્યું “તે (વાંસળી)

હાલ મારી પાસે છે તે વખતે પણ હતી હું ત્યારે પણ કૃષ્ણ હતો અને અત્યારે પણ કૃષ્ણ છું." ઈશ્વરમ્માએ જવાબમાં એક લાંબો નિસાસો નાખ્યો. “સાંભળ!” બાબાએ કહ્યું તેઓ બધાજ મંદિરના મધ્ય ખંડમાં બેઠા હતા. “તે આકૃતિ આમાં આવી અલોપ થઈ જશે." તેમણે બધાને કહ્યું. થોડી પળની શાંતિ પથરાઈ અને તે બાદ બધાએ લાકડાની ચાખડી પહેરી ચાલતા માણસના પગલાંનો અવાજ બધા બેઠા હતા તેની બાજુના આઠ ફુટ પહોંળા વરંડામાં સાંભળવા માંડયો. ઇશ્વરમ્માએ અટકાવતાં કહ્યું. “પગરખાંની અહીં મનાઈ છે.”પરંતુ અદૃશ્ય માનવના પગોએ આ ચેતવણીને ન ગણકારી અને‘સત્ય’ની બાજુમાં આવી મંદ મંદ થઇ ગયા.“આ હું તે સમયે હતો,” બાબાએ કહ્યું અને ઉમેર્યું "જ્યારે મેં ઉજ્જડ મસ્જિદમાં વાંસળી વગાડી હતી.”ઈશ્વરમ્મા સ્વગત ગણગણ્યા, “આથી જ તું જાતને સાઈબાબા તરીકે ઓળખાવે છે. પરંતુ હું હજી માની શકતી નથી.” ઈશ્વરમ્માને ડર હતો કે સ્વામી આ તેણીને બબડાટ સાંભળી ન જાય ! તદ્દન અશકય એવી અનુભૂતિનો આશ્ચર્ય જ પ્રતિભાવ હતો જે તેણીએ દાખવ્યો.

તેણીની મોટી પુત્રીએ શિરડીથી આવતા યાત્રાળુઓ પાસેથી સાંઇબાબાની કૃતિ અને જીવન વિષે શકય તેટલી વિગતો જાણવાની જિજ્ઞાસાવૃતિ ઊભી કરી હતી. તેણે ‘સત્ય’ને એ ચિત્ર બતાવવા જણાવ્યું જેવા શરીર રૂપે તેઓ ત્યાં હતા, એક રાત્રિએ તેણી સૂતી હતી ત્યાં ડાંગરના કોથળા પાસે સળવળાટ સંભળાયો. તે ઉંદર સસલું કે સરિસૃપ પ્રાણી ન હતું. તે કાગળની વાળેલી દીવાલ પાસે ખોસીને મૂકેલી થપ્પી હતી જ્યારે તેણીએ તે ખોલીને જોયું. તો દાઢીવાળા શિરડીના સાંઇબાબાની રંગીન છબી તેની પર અંકિત થયેલી હતી. પાછળથી તેણીને ખાત્રી થઇ કે તેણીએ નાના ભાઇ પાસે માંગ્યું હતું. તે ચિત્ર મળ્યું.

તેણીએ શિરડીના બનાવોના સંદર્ભમાં આ બનાવો જોડવા કોશિશ કરી અને પોતાની માતા અને બહેનને જણાવ્યા. તેણી ખુશ હતી કે બાબા શિરડી સ્થિત હતા અને તેઓ જીવન પર્યંત ત્યાંજ રહયા હતા. આથી તેણીએ 'સત્ય બાબાને' પૂછવાની તક ઝડપી લીધી કે, "જો તમે તે સાંઇ છો તો તમો શિરડી કેમ રહેતા નથી? તેઓ શિરડી સ્થિત જ હતા.“ એ જ કારણે મારે ફરી અવતરવું પડયું છે કે,

જેથી, તેમાં સુધારો થાય. મારે જે જે ભકતો જયાં જયાં હોય તે તમામને આશીર્વાદ આપવા છે." આ જવાબ સાંભળી માતા ચૂપ રહી.

જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ સત્ય તેમના ભકતોની અમાનત થવા લાગ્યા અને તેમના કુટુંબથી દૂર જવા લાગ્યા. ઈશ્વરમ્માના દુ:ખી થવા છતાં તેમણે ઓસરીના એક ઓરડામાં કાયમ માટે રહેવાનું નક્કી કર્યું. જે મકાનની ઉત્તરમાં હતો.  તેમના કુટુંબીજનો તેમના ભકતોની સાથે જ તેમને મળી શકતા. તેમની બહેન વેંકમ્મા એક ઉત્સુક ભજન ગાયિકા હતી, પંચાણું વર્ષ ના દાદા કોંડમ્મા રાજુ ભજન મંદિરે લાકડીને ટેકે આવતા અને કદાપિ દર્શન ચૂકતા નહીં. ઇશ્વરમ્મા બપોરે આરામ કરતી વખતે આ દેખાવને ભાવપૂર્વક નિહાળતા અને જમણની વાનગીઓનું પત્રક તપાસતા. ભકતોના એક નાના સમૂહે જમણ બનાવવાનું માથે લીધું હતું. આ આશ્રય સ્થાનમાં રસોડા પેટે ધણી મોટી જગ્યા તેઓએ રોકી હતી. અને તેઓ પોતાના આ નાના ગુરુને ભાવે તેવી વાનીઓ બનાવવાનું કામ વહેંચી લેતા.

શરૂઆતનાં વર્ષોમાં'બાબા' પાસે આવનારાઓમાં ભૂત પ્રેતના, વળગાડવાળા માણસોને સુધારો થવાની આશાએ તેમના શોકાતુર કુટુંબીજનો લઈ આવતા. મેં એક મારવાડી સ્ત્રીની વાત સાંભળી કે જેને તેના પર આધિપત્ય જમાવનાર પિશાચ ચૂસી રહ્યો હતો. આ વળગાડ વખતોવખત તેની પાસે એવું ઉચ્ચારાવાતો કે, મને પુટપર્થી લઈ જાવ, હું જતો રહીશ." આનો શો અર્થ થાય તે કોઇ જાણતું નહોતું. કે આ સ્થળ છે વ્યક્તિ છે, દવા છે, માણેક છે કે પછી મૂર્તિ છે. છેવટે કુટુંબીજનો જાણી શકયા કે પટ્ટપર્થી એક આઠસો માઈલ દૂર આવેલું ગામ છે તેઓએ તેને હાથમાં એક નોંધ સાથે ત્યાં મોકલી આપી."આ સ્ત્રી પર કબજો જમાવનાર આસુરી તત્વ પુટ્ટપર્થી ના સાઈબાબા દ્વારા જ દૂર થનાર હતું. તેને (શરીરમાંથી) નીકળી જવા આજ્ઞા કરો અને તે સ્ત્રીને પાછી મોકલો."બાબાના સ્પર્શ માત્રથી ભાગ્યશાળી વ્યક્તિઓને આ પ્રકારની પીડા ટળી જતી અને તેઓ ઈશ્વરમ્માના આશિષ મેળવવા માટે હારમાં ઊભા થઈ જતા. માતા આશીર્વાદ આપતી પરંતુ તેણી આ બાબતે ખૂબ આતુર રહેતી નહીં.

સાઈબાબાના કહેણ (બુલાવા)થી ડઝનબંધી લોકો આ એકાકી ગામમાં રોજે રોજ આવવા લાગ્યા વિસ્તારમાં બસ સેવા ઉપલબ્ધ થઈ હતી અને જેઓ પેનુકોન્ડા અથવા ધર્માવરમ પહોંચતા તેઓ હવે પુટ્ટપર્થી ૪ થી ૫ કલાકમાં પહોંચી શકતા હતા. જે મુસાફરી ખૂબ જ રોમાંચક હતી. શ્રી. સુશીલામ્મા જેઓએ આ યાત્રા સને ૪૨માં કરી હતી તેઓ વર્ણવે છે કે“પેનુકોન્ડા રેલ્વે સ્ટેશનથી બે માઈલની ગાડાની આ મુસાફરી હાડકાતોડ મુસાફરી હતી. જ્યારે અમે બસની રાહ જોતાં ઊભા હતા ત્યારે ગામડાના લોકોનાં ટોળાં અમારી ફરતે વળતાં અને મશ્કરી કરતાં હતા કારણ કે તેમના માટે બાબા એક ’ઠટ્ટો’કે‘બનાવટી’ હતા. તેઓ એ વાત કેવી રીતે સ્વીકારી શકે કે તેમના ગામડાનો એક છોકરડો દૈવી હોય? ત્યાં,જ્યારે અમે ટેકરી ચઢતાં હતાં ત્યારે છોકરાઓ મશ્કરી, નિષ્કારણ હાસ્ય કરતા હતા. અમે બુક્કપટ્ટનમ પહોંચ્યા ત્યારે તો અમે અધમૂઆ થઈ ગયા હતા.પણ હવે શું?”આગળની મુસાફરી ગાડામાં કરવાની હતી પરંતુ તેના બળદ તો ટેકરી પર ચરવા ગયા હતા અને ગાડું બીજે કયાંક કોઈ આ બેને જોડી આપવા અને અમને આભારી કરવા રાજી ન હતું. અમો આધાર રહિત અવસ્થામાં ઊભા રહ્યા. છેવટે એક દયાળુ સ્ત્રીએ અમને તેના ઘરમાં બોલાવ્યા અને અમારી પરિસ્થિતિ સમજીને બળદ અને ગાડાને ભેગા કરવાની વ્યવસ્થા કરી આપી. આ પ્રકારની મદદ તેમના તરફથી અમે જયારે જયારે પસાર થતા ત્યારે ત્યારે કાયમ માટે મળી રહી.

રસ્તાનો ઉછાળ ખૂબ હોવાથી અમે ગાડામાં અમારો સામાન મૂકી ચાર માઈલ (૬.૪ કિ.મી.) જેટલું અંતર ગાડાની પાછળ ચાલ્યા. છેવટે ચિત્રાવતી નદી પહોંચ્યા જ્યાં ભરતી હતી. ગાડા વાળાએ નદી પાર કરાવવા ના પાડી અને બુકકપટનમ પાછા ફરવાની તૈયારી કરી જ્યાં બે માનવીઓએ આવીને અમને ગાડા સહીત નદી પાર કરાવી! સાઇબાબા જાણતા હતા કે અમે તેમના દર્શનાર્થે જતા હતા. અને તેમણે જ આ બંનેને જાણે મદદ માટે મોકલ્યા હતા! કમર જેટલાં ઊંડા પાણીમાં એકબીજાના હાથ પકડીને અમો મહા મહેનતે નદીની પાર પહોંચ્યા.

(મારી પત્ની અને હું ઇસ્વીસન ૧૯૪૮ માં સુશીલામ્માની મુસાફરીના બરાબર છ વર્ષના લાંબા ગાળા બાદ પુટ્ટપર્થી ગયા. અમે પણ આગગાડીની મુસાફરી

ગાડાની અને બસની ચિંતાઓ, બળદની શોધ અને ઢેફાળ રસ્તા બધું જ તેવું ને તેવું જ અનુભવ્યું હતું.)

સુશીલામ્માની વાત પર પરત આવતાં......“ બાબા અમોને જોઈને, બાળકોને જોઈને માતા દોડે તેમ દોડતા દોડતા આવીને અમોને આવકાર્યા. અમારી વ્યથાની પ્રત્યેક ઝલક તેમને ઝીલી.'આવો આવો!' તેમણે કહ્યું તમો બધા કેટલા થાકયા હશો. મુસાફરી, ભૂખ, તરસ અને પાછી આ નદી. હું તમારા બધાની બપોરનો વાટ જોઉ છું.” તેઓ અમને મંદિરમાં લઈ ગયા જ્યાં આયામ્મા, ક્રિસ્તામ્મા, સૌભાગ્યામ્મા, સત્યવથામ્મા જેવા ભક્તો હતા.“મારાં બાળકો આવ્યા છે તેઓની થાળીઓ ભરી દો તેઓ ખૂબ ભૂખ્યા છે તેઓએ અમારી બાજુમાં બેસીને સંભાષણ કર્યું જેથી અમારો બધોજ થાક જતો રહ્યો. પાનામાં જમણ પીરસવામાં આવ્યું ત્યારે અમારી ભૂખ પણ જતી રહી. અમો આશ્ચર્યથી તેમના ચહેરાને જોયા કર્યું.આ જોઈને તેઓએ પોતાની થાળીમાં બધું ખાવાનું ભેગું કરી દડા (જેવા આકારમાં ગોળા) બનાવી અમારી થાળીમાં પિરસવા આવ્યા.

“ગરમીભરી એ રાત્રિએ અમે અંદરના ચોકમાં સૂતા જે ઉપર આકાશ ખુલ્યું હતું. પુરુષો એક તરફ સુતા અને સ્ત્રીઓ બીજી તરફ જયારે સ્વામી-બાબાની પથારી વચ્ચે હતી. સવારે બે કે ત્રણ વાગ્યાના સમયે સ્વામી પોતાના ઓરડામાં ગયા. અમો પણ વહેલાં ઉઠયા અને નદીમાં સ્નાન કરી પરવારી દર્શન માટે આવ્યા. અરે! કેવી સ્વર્ગીય ક્ષણો હતી જ્યારે અમે કપૂરની જયોતિ પકડીને ઊભા હતા.”

છાયામ્માએ તેમને ગામડા તરફનો રસ્તો બતાવ્યો જ્યાં ઈશ્વરમ્મા રહેતા હતા. તેણી પોતાની પુત્રી વેન્કામ્મા સાથે રહેતી હતી. તેઓએ તેણીના પાદસ્પર્શ કર્યા પરંતુ તેણી આનાથી નાખુશ થઈ જતી રહી. વેન્કામ્માએ સમજાવ્યું કે પોતાનો પુત્ર દૂર રહેવા જતો રહયો હોવાથી તેણી શોક ગ્રસ્ત છે.“હું તમારો નથી. મારે મારું કામ કરવાનું છે. મારા લોકો મારી આતુરતાપૂર્વક રાહ જુએ છે... આ શબ્દો તેણીના મગજમાંથી ખસતા ન હતા અને આ લોકો તેમના (બાબાના) પ્રિયજનો હતા. પરંતુ સુશીલામ્મા જણાવે છે કે તેઓ બધા તેણીના આશીર્વાદ

લેવા કટિબદ્ધ હતા. તેઓએ બીજે દિવસે ફરી પ્રયત્ન કર્યો તે દિવસે પણ તેણી વેન્કામ્માને ઘેર હતી. આ દિવસે તેઓને સસ્મિત વદને આવકાર અપાયો હતો. તેણી તેઓ માટે આતુર હતી પરંતુ તેણીએ તપાસ કરી ધણા પ્રશ્નો પણ પૂછયા. તમારા સ્વામી કેમ છે ? તેઓ મઝામાં છે ? તેઓ કશું જમે છે કે કેમ ?"

વારેઘડીએ ઈશ્વરમ્મા મંદિરે જતાં. કોઈના પણ માટે સમયનું બંધન ન હતું. દરવાજા ખુલ્લા રહેતા અને કોઈ પણ વ્યક્તિ કોઈ પણ સમયે સોળ વર્ષના સાઈબાબાને મળી શકતી. ઈશ્વરમ્મા નવા આવનારાને જોઈને તેમની પાસે જતાં તેમની સાથે વાત કરતાં અને પોતાના બાળકને માતૃભાવ અર્પતી સ્ત્રીઓ પાસે જઈ જણાવે કે"તેની સેવા-સુશ્રુષા કાળજીથી કરજો."“તેને જોઈને કોઈ શરીરની પાંસળીઓ ગણી શકે. તે આપણું કહ્યું સાંભળશે નહીં તે પોતાની રીત માટે આગ્રહ સેવશે આપણને સારી રીતે વર્તવા કહેશે અને પોતાના બધા જ વર્તનને સાચા ઠેરવશે."

[વીસ વર્ષ બાદ જ્યારે આર્નોલ્ડ શુયુલમેન ન્યુયોર્કથી પુટ્ટપર્થી આવ્યા હતા ત્યારે પણ માતાનો ગુસ્સો શાંત થયો ન હતો. તેણી પ્રાર્થના ખંડની પાછળ બંધાએલા સાત ઓરડાઓ પૈકી એકમાં રહેતી હતી. શુયુલમેને તેણીને કોઈ એક વ્યક્તિને ફરિયાદ કરતા નોંધ્યા નહીં. તેઓ તેણી જયારે ચિંતાતુર જણાતી હતી તેવા એક દિવસે તેણીને મળ્યા હતા. "તેઓ શા માટે તેને એકલો મૂકતા નથી ? તે ઊંઘતો પણ નથી કે પૂરૂં ખાઈ શકતો નથી. બધા પોતાની જ કાળજી કરે છે. અને તેણીએ ડોકટર જેઓ આ પ્રશાન્તિ નિલયમના રહેવાસી હતા અને શુયુલમેનને તેણીની પાસે લઈ આવ્યા હતા તેમને જણાવ્યું, "તેને આમનું રાધેલું પસંદ નથી તેને મારૂં જ રાધેલું ફાવે છે. અને તે કારણે જ તે ખાતો નથી !" જેમ જેમ વર્ષો વિતતા ગયાં અને જગતે બાબાને સર્વશક્તિમાન, પ્રેમ, શક્તિ અને ડહાપણનો સ્રોત સમજવા માંડ્યા ત્યારે ઈશ્વરમ્માને પણ સમજાયું કે તેનો"પુત્ર"ખરેખર આ બધાનો પાલક"પિતા છે. પરંતુ કેટલીક ક્ષણોએ માયાનો પડદો પડી જતો અને માતા પોતાનું દુઃખ દર્દ–રડી લેતી.]

સુશીલામ્માની મૂળ વાત જોઈએ. તેણી તેમના પિતાને પણ મળી જેઓ દિવસ દરમ્યાન, એકાદ વાર મંદિરે આવતા હતા. પ્રાર્થના ખંડની પાછળ બનાવેલ કામચલાઉ રસોડું જોઈને તેમણે સુશીલામ્માને બુક્કપટ્ટનમથી ચોખા દાળ તેલ ઈ. સામગ્રી મંગાવવાની વ્યવસ્થા પોતે કરે છે તેમ જણાવ્યું. જ્યારે તેઓ મંદિરમાં તથા ગામડામાં જાણીતા થઈ ગયા ત્યારે તેમણે બાબાના માતાપિતાને પૂજા કરી પોતાનો ભક્તિભાવ અંજલિ આપવા દેવાની તક આપવા વિનંતી કરી. બાબા આ માટે ઉત્સુક ન હતા. છેવટે વધુ વિનંતીઓને કારણે માથુ હલાવી તેમણે કહ્યું “તમને ગમે તે કરો” તેમના માતા-પિતા ભેગા બેઠા અને પૂજા સ્વીકારી અને તેઓને આશિષ આપી ખુશ કર્યા. મંદિરના રહેવાસીઓના જણાવ્યા પ્રમાણે આવી ભેટ દર્શનાર્થીઓને કવચિત જ મળે.

સુશીલામ્મા બાબાની માતા સાથે તેઓની લીલા વિષે વાતચીત કરતા હતા જે લીલા આપણને ફરીથી શ્રીમદ્ ભાગવતના ગોકુળ અને વૃન્દાવનમાં જીવાડે છે. તેણીએ ઈશ્વરમ્માને પૂછયું, “તમે શા માટે નિરાશ અને ચિંતિત થઈ જાવ છો ? તમે તે ભગવાનના સૌથી વધુ પ્રિયપાત્ર છે. ઈશ્વરમ્મા -એ જવાબ આપ્યો, “તમને શું ખબર પડે કે (હું કેમ ચિંતાતુર) શા માટે (થાઉં છું) ? તમે જો કિંમતી પુત્ર રત્નને જન્મ આપ્યો હોત અને તે તમારાથી દૂર જતો રહે તો જ કદાચ તમે સમજી શકત. અહા ! આ બાળક કેવું દૈવી હતું. બીજું કોઈ બાળક તેની તુલનામાં ન આવે. તે એટલો બધો રૂપાળો, પરવાળાં જેવા લાલ હોઠવાળો, ગુલાબી ગાલવાળો અને વાંકડિયાળા-ઘુઘરિયાળા કેશવાળો હતો. માત્ર તેનો દેખાવ જ જકડી રાખતો ન હતો. તેનો સ્વભાવ પણ પ્રેમાળ હતો તે ખૂબ જ સારું વર્તન દાખવતા તે શાંત, કાળજીવાળો અને સમજુ હતો. તેના બચપણથી જ ગરીબો તરફ તેની દયા વહેતી હતી. જાત,રંગ કે સ્વચ્છાસ્વચ્છના ભેદ સિવાય તે બધાં જ બાળકોને પ્રેમ કરતો. અને દયા માત્ર લાગણીમાં ન રહેતી. તે તેમના માટે કશુંક નક્કર કરવા તત્પર રહેતો. કોઈ પણ ભૂખ્યું બાળક હોય તેને અમારા ઘરમાંથી અચૂક ખવડાવતો. હું તમને થોડાક બનાવો કહીશ. ??

"એક દિવસે તે ભિખારીને જમણ આપતો હતો ત્યારે ઘરમાંથી બધાએ બૂમ મારી. આ બાળક જુઓ ઘરના માલિકની જેમ વર્તે છે અને ઉડાઉપણું બતાવે છે. આપણે તેને બધું જ ખતમ કરે તે પહેલાં રોકવો જોઈશે! આમ બધા તેની સારપ વિષે વાંધા પાડતા હતા. પરંતુ તેના જવાબથી અમે બધા જ ચકિત્ત અને અવાક બની ગયા.'મેં' ભિખારીને મારો ભાગ આપી દીધો છે જે તમે મને જમણમાં આપત"તેવું જણાવ્યા બાદ જમવાની વેળાએ તેણે આવવાની ના પાડી.'જ્યારે તે માનવની ભૂખ શમી ત્યારે હું પણ ધરાઈ ગયો હતો! તેમ જણાવી તે પોતાના નિર્ણય પર અડગ રહ્યો. અમારી મનામણી કે બીક તેને તે દિવસે જમવા માટે કબૂલાવી શક્યા નહીં'.

"તે દિવસો દરમ્યાન અમારું કુટુંબ ઘણું મોટું હતું અને કોઈની પાસે વધારાનાં કપડાં ન હતા. બાળકો પાસે પહેરેલા અને બદલવાના એમ બે જ જોડી કપડાં રહેતાં. એક દિવસ શેરીમાં એક બાળક ઉઘાડા વદને ઠંડીથી ધ્રૂજતો ઊભો હતો. જેવો સત્યે"તેને જોયો કે તુરતજ પોતાનું ખમીસ ઉતારીને તે બાળકને મદદ કરી પહેરાવી દીધું. કોઈનું પણ દુઃખ દર્દ જુવે તો તે તેને શમાવવાની કોશિશમાં લાગી જતો."

"તેના બચપણ વખત કુટુંબ મુશ્કેલીમાંથી પસાર થતું હતુ છતાં મને કહેવા દો કે મારાં બાળકો જ મારા માટે સાંત્વનરૂપ હતાં. પાછળથી અમારે"સત્ય"ને ઘરથી દૂર અભ્યાસ માટે મોકલવો પડયો. પરંતુ ત્યાં"સત્ય"એટલું બધું કામ કરતો કે અભ્યાસ માટે સમય માંડ મળતો. જો કે "સત્યે" અમને કયારેય આ વિષે કશું કહ્યું ન હતું. તેણે બધું જ મૂંગે મોંઢે સહન કર્યું. એ તો પાડોશીઓએ જણાવ્યું. એક વાર જ્યારે તે રજાઓમાં ઘરે આવ્યો ત્યારે તેને મેં તેલનું સ્નાન કરાવતી વખતે તેના ખભાની ચામડી ઉપર ચાઠાં જોયા. મેં તેને તે પૂછયું પરંતુ તેનો એક માત્ર જવાબ હતો"મને દુઃખતું નથી માટે મારું ધ્યાન ન હતુ" તેના શરીર પર સોળ પણ હતા જે દર્શાવતા હતા કે તેને વારંવાર સળિયાથી મારવામાં આવતો હતો. અમને પાછળથી જાણવામાં આવ્યું કે ખભા પર દાંડો રાખી પાણીનાં ભારે વાસણો

લટકાવી ગામ બહારથી કૂવામાંથી તેને પાણી લાવવું પડતું, આના કારણે તેના ખભા પર કાળાં ચકામા પડી ગયા હતા.

"અહીં ઘરે અમો માનતા કે તે સુખી હતો અને શાળાએ ભણવા જતો હતો. અમને સત્યની ખબર ન હતી કે તેને લગીર ખાવા મળતું અને ઢગલો એક મુશ્કેલીઓ વેઠવી પડતી. જ્યારે ખબર પડી ત્યારે મેં ભગવાનની માનતાઓ માની અને નિંદ્રા વિહીન રાત્રિઓ તે પુટ્ટપાર્થી પરત આવે તે આશામાં ગાળી. થોડાં વર્ષો રાહત વિનાના પસાર થયાં. પછી અમોને કહેવામાં આવ્યું કે"સત્ય"ઝડપથી સુધરતો હતો તે રમતો હતો, ગાતો હતો અને ગમતી મીઠી વાતો કરતો હતો. છતાં થોડાક સમયમાં જ ઉરવાન્ડાથી બીજો આઘાત આવ્યો."સત્ય"થોડા દિવસો બાદ જાહેર કર્યું કે અમે તેના માતા પિતા"માયા"હતા જેની સાથે તે પોતે સંકળાયેલો ન હતો. જ્યારે હું તેની સામે મોઢામોઢ આવી ત્યારે તેણે કહ્યું"માયા"! તમે મારી સાથે કે તમારી પોતાની સાથે પણ બંધાયેલા નથી !"અને જેમની સાથે તે બંધાયેલો છે તેમની સાથે રહેવા માટે તેણે ઘર છોડી દીધું.

"ઘણાય દિવસો સુધી હું મારા બાળક પાછો આવે તે આશાથી ભગવાનને પ્રાર્થતી. ખાધા વિના કે ઊંધ્યા વિના રહી. તમે તેને સુંદરતા, કોમળતા અને આનંદ સ્વરૂપે જણાવો છો અને મને આ મુગ્ધ સ્વરૂપની માતા તરીકે ઓળખાવો છો પણ શું મને પોતાના હાથે બનાવેલી વાનગીઓ તેને જમાડવાનો કે તેને તેલનું સ્નાન કરાવવાનો-માતા બનવાનો લ્હાવો મને મળે છે ?" અને તેણી નિરાશાભર્યા મૌનમાં સરી પડી.આ નિરાશા તીરછાપણું અને ઈર્ષા છેવટે આત્મા લોચન અને ઠપકાના તત્વજ્ઞાનમાં પરિણમ્યું. સુશીલામ્મા અને બીજા હાજર રહેલાઓએ આ શોકના આવેગને ધીરજથી રસ્તો લેવા દીધો જેથી કરીને તેણી પોતાના સાઇબાબાની માતાના પાત્રને નિખારી શકે.

તેણીએ કેવી રીતે વિચાર્યું કે"સત્ય"ફક્ત"સત્ય"જ રહ્યો હતો ! તેણીને જ્યારે,"સત્યે"વચન આપ્યું કે તે શહેરીઓની દલીલોમાં અસ્વીકાર કરીને ગામમાં જ રહેશે ત્યારે ઘણી બધી વ્યક્તિઓએ તેણીને અભિનંદન આપ્યા હતા. પરંતુ આ વિજય તેણી પાસેથી આ જ ગામમાં ખેંચી લેવામાં આવ્યો! હવે માત્ર મહામૂલી

યાદોજ રહી હતી જ્યારે બાળકને માતાના સ્તન પર સ્તનપાન કરાવવામાં આવે છે તે પ્રસંગે વેદો પિતાને આ બોલવાનું ફરમાન કરે છે, “ઓ માતા સરસ્વતી ! તમારા માતૃત્વ ભર્યા સ્તન આ બાળકની માત્ર શરીરની જ નહીં પરંતુ હોશિયારી અને આવડતની સારસંભાળ લેવા માટે સમર્થ છે.આ બાળક ધાવે.”તેણી તે વખતે કેટલી ખુશ હતી. આ ચિત્ર તેની સ્મૃતિમાં અકબંધ હતું, જો કે પંદર વર્ષના વહાણા તેની ઉપર વાઈ ગયા હતાં તો પણ! પોતાના હૃદય કપાટમાં આ ખજાનો તેણે છુપાવી રાખ્યો હતો જે તેણી કોઈ ન હોય ત્યારે ખોલીને જોતી.

તેણી લોકોની ઈર્ષા કે જે તેણીના પુત્ર માટે માંદગીઓ બદનામી લાવશે તેવી લાગણીથી ઘણી ગભરાતી હતી. ક્ષત્રિય રાજુ બાળકે સુબમ્મા-બ્રાહ્મણ સ્ત્રીનું હૃદય વશ કરેલું તે વાતથી રૂઢિચુસ્ત માતા મૂંઝાતી અને જ્યારે સુબમ્માએ જાહેર કર્યું કે બાબાએ તેણીના પોતાના મૃત પતિના સદેહે દર્શન કરાવ્યા છે ત્યારે તેણીનો વહેમ ભીતિમાં ફેરવાઈ ગયો. ક્ષિતિજ પર દેખાતા ધૂમકેતુ કે મધની વર્ષા આકાશમાંથી થાય તેવી પ્રક્રિયા તરીકે આસપાસના ગામના લોકો તેણીના બાળકને વર્ણવતા હતા. જેમ બાળકને અંધકારનો ડર હોય તેમ મોટાઓને (જ્ઞાન) પ્રકાશનો ડર હતો ! ઈશ્વરમ્માએ પોતાનો ભય બાબાનો માનની દષ્ટિએ જોનારા તેમના ભક્તો આગળ વર્ણવ્યો.“આ દૈત્યોએ“સત્ય”ને ઝેર આપવા કોશિશ કરી. પણ તેણે તેનું વમન (ઊલટી) કરી નાખ્યું અને આ માટે કૃત્ય કરનાર બ્રાહ્મણ સ્ત્રીને માફ કરી દીધી. જ્યારે“સત્ય”સાઇબાબા થયો છે તો તેઓ શુ નું શું ન કરે ? ભક્તોની આ પ્રશસ્તિનો મને ડર લાગે છે. વધારે સંખ્યા ભક્તોની તેમ તેનું બુરૂં ઈચ્છનારાઓનો મને ડર વધારે લાગે છે.” ઈશ્વરમ્મા પોતે માતા-ઉત્તરના પાત્ર માટે મજબૂત છતાં મૃદુ થાય તેવી તૈયારીનો આ ભાગ હતો તેનાથી અજાણ હતા”...

## ૯. આશ્ચર્યોની પરંપરા

શિરડીના બાબા પાસે સાંત્વન-શરણ શોધતા ભક્તો હવે સત્ય સાઈબાબાની આસપાસ આવી તેમની સેવા કરતા હતા. અને તેઓ સમજ્યા હતા કે તેમણે (શિરડીના બાબાએ)ફરીથી માનવ દેહે સીમોલ્લંઘન કરી અવતાર ધર્યો છે.

(રાજાઓ વિજયા દશમીના દિવસે સીમાનું ઉલ્લંઘન કરી પર્વણી ઉજવતા તે જ પ્રમાણે આ રિવાજને જાણે અનુસર્યા ન હોય તેવી રીતે શિરડી બાબાએ ૧૯૧૮ માં વિજયાદશમીને દિવસે દેહત્યાગ કર્યો હતો. અને દુન્યવી સીમા ઉલ્લંઘન કરી આ વાયકાને યથાર્થ બનાવી.)

સત્ય સાઈબાબા પાસે ચાર પ્રકારના ભકતો આવતા જે ભગવાને પણ શ્રીમદ્ ગીતામાં આ પ્રમાણે વર્ણવ્યા છે. આર્ત, જિજ્ઞાસુ અર્થાર્થી અને જ્ઞાની. દેશના ખૂણે ખૂણામાંથી તેમના ભક્તો આવતાં. ઈશ્વરમ્માં આ રહસ્યની અસર તળે કે જેના લીધે પ્રેમ અને માનની આ લાગણી ઊભી થઈ હતી તેનાથી ડઘાઈ ગયાં.

'માયા"નું જે પાત્ર તેણીએ ભજવવાનું હતું તેની ઉપર'સત્યબાબા એ' પોતાનું વલણ ચાલુ રાખ્યું. તેઓ તેમને હવે અમ્મા (મા) કહેતાં ન હતાં અને તેમની વાત આવે ત્યારે ઠંડા દૂરત્વ દાખવનાર'ગૃહમ અમાયૈ "(ગૃહ ની પુત્રી) શબ્દ ઉપયોગમાં લેતાં. આ શબ્દ પ્રયોગ ઉંમરલાયક દ્વારા નાનાં બાળકો માટે કરે છે. ગૃહમ શબ્દના ઉપયોગથી તેણીને થોડી હળવાશ અનુભવાતી કારણ કે તેનો અર્થ એ થતો કે તે ધરની વ્યક્તિ છે રસ્તા પર રઝળતી નહીં. સ્વામી જણાવે છે કે તેઓને અંશરૂપે જાણવા માટે પણ સ્મૃતિઓની જાણકારી ઘણી જરૂરી છે.

કૃષ્ણાવતાર શ્રી વિષ્ણુભગવાને આકાશવાણી દ્વારા જાહેર કર્યો હતો તેમ શ્રીમદ ભાગવત જણાવે છે."હું વસુદેવના ગૃહે જન્મ લઈશ. આમ પિતા ગૃહમ્ અબાયૌ હતા અને માતાગૃહમ અબાયૈ હતા." એક ન ભૂલી શકાય તેવા દિવસે"સત્ય" તેણીને અંધારા ઓરડામાં લઈ ગયા હતા અને નૈર્ઋત્ય ખૂણે આવેલી ઝળકતી મસ્જિદ બતાવી હતી જ્યાં સાદડી પર શિરડીના બાબા બેઠેલા હતા. સદનસીબે સત્યબાબાએ પહેરવેશમાં આ શિરડીના ફકીરની નકલ કરી ન હતી.

કારણકે તે બાબા આંસુ (વાળું વદન) અને સાંધા (વાળા) કે ફાટેલા કપડાંની તરફદારી કરતા હતા.

"સ્વામી"શબ્દ સાથે અનુસંધાન સાધતાં ઈશ્વરમ્માને કેટલાક મહિનાઓ લાગ્યા. તેણીએ આ શબ્દ સૌ પ્રથમ કુપ્પામથી આવતી સ્ત્રી ભક્તોના મુખે સાંભળ્યો હતો અને તે તેણીને ‘બાબા’કરતાં વધુ સારો લાગ્યો હતો. ‘બાબા’સંબોધનથી “સત્ય”પહોંચી ન શકાય તેવા લાગતા. પણ આ "સ્વામી"શબ્દના સંબોધનથી“સત્ય ”નજીક લાગવા માંડયા. છેવટે ઈશ્વરમ્મા આ ભક્તોના ટોળામાં આવી ગયા જે તેણીના પુત્રને “સ્વામી”(માલિક) કહીને પોકારતાં હતાં. શબ્દ ધીમે ધીમે દિવસો પસાર થતાં ગયાં તેમ તેમને વધુ ને વધુ મીઠો લાગવા માંડ્યો.

’સત્ય’ની ઉપર વૈચારિક પ્રતિભા ધરાવતા પંડિતોની આતુરતાભરી પ્રશ્નાવલિઓની ઝડી વરસવા માંડી. અને દરેક વખતે ઈશ્વરમ્મા ભગવાનને પ્રાર્થના કરતા કે‘સત્ય’ની પ્રશ્નોત્તરી સફળ બને. તેમાંના ઘણા વિદ્વાન હતા જેમના પ્રશ્નો મુખ્યત્વે ચુનૌતીભર્યા અને પરીક્ષાપૂર્ણ રહેતા. ઉરવાકોન્ડાના શાસ્ત્રી જેઓ ભારતીય તત્ત્વજ્ઞાનના જ્ઞાતા હતા તેમણે જણાવ્યું કે“સત્ય”ગયા જન્મમાં પ્રખરજ્ઞાની રહ્યા હોવા જોઈએ. આમ હોવા છતાં પણ ઈશ્વરમ્માને લાગતું કે તેમની પ્રાર્થના“સત્ય”ને તેમનું પાત્ર ભજવવામાં મદદરૂપ થશે. યાત્રાળુઓ તેણીને ફરિયાદ કરતાં કે બુક્કપટનમથી બસમાં બેસતી વેળાએ લોકો તેમની ટીકા કરતા અને પાછા ફરવા જણાવતા. તેઓ જણાવતા કે બાબા ખુલ્લા પડી ગયા છે અને તેમની પાસે દર્શન કરવા જવા લાયક શક્તિઓ રહી નથી. તેઓ દર્શન આપતા નથી. પેનુકોન્ડા અને ધરમાવરમમાં અફવા ચાલતી હતી કે“સત્ય”—માં સાઈબાબાનો તબકકો લાંબો ચાલવાનો નથી અને તે વીત્યા બાદ તે રાજુ કુટુંબના પુત્ર તરીકે પણ નિરાશાજનક રહેશે. સ્વાભાવિક રીતે જ તેણી વધુ ભારપૂર્વક ભગવાનને પ્રાર્થના કરવા લાગી કે તેણીના પુત્રની સિદ્ધિઓ અને ચમત્કારો વર્ષો સુધી ટકે.

એક દિવસે બપોરના સમયે પગ વિનાના દિગંબર સંન્યાસી જેમની ઉંમર પાંસઠની હતી તેમને મંદિરના અંદરના રૂમમાં લાવવામાં આવ્યા. વૃદ્ધ સંન્યાસી

મૌની સાધુ હતા પરંતુ તેમના શિષ્યોએ આગ્રહ સેવ્યો કે તરુણ બાબાએ વૃદ્ધ ગુરુના પગ પકડીને આશીર્વાદ માંગવા જોઈએ.

આશરે ત્રીસેક વ્યક્તિએ'બાબા'ની વર્તણુક આતુરતાથી જોઈ રહી હતી. 'સ્વામી'એ પોતાનો રૂમાલ તેમની ઉપર નાખ્યો જેથી તેઓ તેમનું તન ઢાંકે!" ઈશ્વરમ્માને આંચકો લાગ્યો, તેમને બીકથી ધ્રુજારી થઈ ગઈ, વૃદ્ધ સંન્યાસીના શિષ્યો હવે શું કરશે? પરંતુ 'બાબા'મૃદુ-ધીમા અવાજે જણાવ્યું,"મૌન-વ્રતની પ્રતિજ્ઞા- બોલવાની ખાસ જરૂર હોય ત્યારે તેમ કરવા પરવાનગી આપે છે."મૌન મનનું, હ્રદયનું, આત્માનું હોઇ શકે જિહ્વાનું નહીં, તમે કોઇના લાવવાથી અવાય તેવી સ્થિતિમાં હો તો કયાંક એક જ સ્થળે રહેવું ઘટે, તમારું વજન અન્ય ચાર પર શું કામ નાખો છો? હું તમારું વજન (જવાબદારી) ઉઠાવીશ. હું તમને ખવડાવીશ, તમને કપડાં પહેરાવીશ અને તમે જયાં જશો ત્યાં આશ્રય આપીશ. આ (કામ) માટે (તો) આવ્યો છું, જેના કારણે તમને માર્ગદર્શન મળે અને તમો તમારા નિયત મુકામે (શાશ્વત મુક્તિ સુધી) પહોંચી શકો સૌના આશ્ચર્ય વચ્ચે શિષ્યોએ ગુરુની પાલખી ઉપાડીને હવે જેઓ રૂમાલમાં ઢંકાયેલા હતા,ચૂપચાપ ચાલવા માંડયું'. મંદિરમાં હાજર સૌ ચુપચાપ હતા. ઈશ્વરમ્મા ગભરાયા કે મૌની ગુરુ અભિશાપ આપી બદલો લેશે. અને તેથી તેમણે શિવમંદિરમાં પૂજાની બાધા-આખડી માની.

ધીરે-ધીરે ઈશ્વરમ્માની મંદિરની મુલાકાતો વધતી ચાલી તેણી મુખ્ય ખંડમાં લાંબો સમય સ્વામીને જોતા બેસી રહેતી. તેમના પ્રેમ ના વધતા જતાં વિસ્તારને તેણી અનુભવતી હતી. ઈશ્વરમ્મા ધીમે ધીમે બંધનોથી મુક્ત થતાં જતાં હતાં અને ભક્ત બની ગયા.

રાણી ચિંચોલી અને તેવી સુંદર, મૈસુર વિગેરે ની રાજકુંવરીઓએ દશેરાના તહેવાર નિમિત્તે ઝવેરાત આપ્યું. કલાકોની રકઝક બાદ સ્વામીએ તે પહેરવાનું સ્વીકાર્યું.તામિલનાડુ, કર્ણાટક અને આંધ્રની સ્ત્રી ભક્તો સ્વામીને નારંગી રંગના કિનારી ભરતવાળા ઝબ્ભા, રેશમની ધોતી અને જરી ભરતના સ્લીપર પહેરાવી આનંદિત થયાં. તેમની આંગળીઓ માટે હીરા માણેક મોતી નંગ ઝવેરાત નીલમ પાનાંથી જડિત વીંટીઓ હતી. દશેરાને દિવસે પાલખીમાં બેસેલા પોતાના પુત્રને જોઈ ઈશ્વરમ્મા પુલકાતા.

પાલખી મંદિરમાંથી દરરોજ રાત્રે નવ વાગે નીકળી ગામમાં યાત્રા સ્વરૂપે ફરતી તે યાત્રાની શરૂઆત ઈશ્વરમ્મા જોતાં ગામમાં જઈને પણ ઘર પાસેથી નીકળતા રથને જોતાં.રથની આગળ પાછળ ભજન મંડળીઓ, જુદા જુદા વાંજિંત્રોવગાડનારા પણ રહેતા. મધરાત્રે યાત્રા પહોંચતી. દરેક ચકલાં પર પધરામણી થતી. ગામની તમામ જાતિના તમામ વર્ગના લોકો ભેદભાવ ભૂલી રથની પધરામણી પોતાના ઘર પાસે કરાવી પૂજન આરતી નૈવેધ કરાવવા આતુર હતા.

દશેરાના છેલ્લા (વિજયા દશમી)ના દિવસે મોટી સવારી અને શમીપૂજન વિધિ પૈસાપાત્ર ભક્તોએ કરાવી. સારા પ્રસંગના કેન્દ્ર સરખા સ્વામીએ બહુરંગી યાત્રાના અંતે સમી વૃક્ષ પાસે જઈ ખરાબ તત્વોના નાશ કરવાના પ્રતીકરૂપ બાણથી નિશાન તાક્યું અને વિજયી બની મંદિરે પરત આવ્યા. ઇશ્વરમ્માને ભીતરમાં જાહેર ખ્યાતિનો ડર લાગવા છતાં આનંદ આનંદ થયો. તેણીએ જોયું કે સત્ય સાઈને ઘણા બધાએ માનપૂર્વક વધાવ્યા.

સુબ્બમ્મા માતાના ઘર પાસે બાંધેલ મંદિર હવે નાનું પડવા માંડયું હતું. સ્વામીએ બીજા ત્રિપક્ષી તરીકે ભાખીને દક્ષિણ દિશાની જમીન તરફ મંદિર વિસ્તારવાનું નક્કી કર્યું.

## ૧૦. પ્રશાંતિનું આયોજન

સ્વામીએ પુટ્ટપર્થીને પોતાનાથી અળગું રાખ્યું હતું તે કારણે ઈશ્વરમ્મા સૌથી વધુ નાખુશ હતા. હાલનું સ્થળ ગામના છેડે હતું અને નવી જગ્યા તેથી અડધો કિલોમીટર આઘે હતી.આ યોજના અંગે પોતાની બધી દલીલો એકઠી કરી તેણી મંદિરે પહોંચી.“સ્વામી! આ હું શું સાંભળું છું ?”તેણીએ પૂછયુ“ત્યાં ટેકરી પરનું નવું મંદિર નિર્માણ કરાવે છે. ગામથી આટલે દૂર તું કેવી રીતે જઈ શકે ! જ્યાં જંગલ છે અને ઝેરી પ્રાણીઓનો આવાસ છે. ઘરડાં, બિમાર અને બાળકો સાથે માતાઓ ત્યાં કેવી રીતે આવી શકે ? શું હવે પછી તેમની ચિંતા તે છોડી દીધી છે ? શું તું હવે તેમને દર્શનની ના પાડવાનાં છે ? જે તારી પાસે આવવાના છે તેમના ભવિષ્યનું શું?

"તારા પગના તળિયે ચક્ર છે જેથી તું એક ઠેકાણે રહી શકતો નથી? રહેવા અને તપ માટે તે હમેશાં નદીની બીજીબાજુ કે ટેકરીનું સ્થાન પસંદ કર્યું છે. હવે આવી જગ્યા તેંકયાંથી શોધી? તને એમ જણાવ્યું નહીં કે સ્થાન નકકી કરતાં અગાઉ જોષીનો અભિપ્રાય લેવો જોઈતો હતો! અને સાંભળ આ મંદિર તારા માટે બરાબર છે. નાની જગ્યામાં ભલે વધુ ભક્તો હોય તે મોટી (અડધી) ખાલી જગ્યા કરતાં વધુ સારું છે.” આ વાંધા સામે સ્વામીએ કોઈ જ વાંધે લીધોનહી. તેઓ મધુર સ્મિત કરતાં બેસી રહયા. માતા અકળાઇને ખાલી ઉઠયા “મને જવાબ આપ.” સ્વામીએ મૃદુ ભાષામાં કહ્યું,“મા, શા માટે લોકોના કામની તું પંચાત કરે છે ? હું જ્યાં જઈશ ત્યાં વન કે સાપ રહેશે નહી. સેંકડો યાત્રાળુઓ રોજે રોજ આવશે અને તે સ્થળ શિરડી, કાશી કે તિરૂપતિ બની રહેશે.

આ રણકાર ભરી ઉદ્ઘોષણા સાંભળીને-

- માતા પોતાના જ્યેષ્ઠ પુત્ર પર આધારિત થઈ જે તેનો છેલ્લો આશ્રય હતો ‘સ્વામી’ને સમજાવવા જોઈએ તે પુટ્ટપર્થીના મંદિરમાં જ રહે! શેશમાં રાજુએ પત્ર લખ્યો તેનો સણસણતો જવાબ સ્વામી તરફથી મળ્યો જેથી તેઓ મૂંઝાયા. માપી ન શકાય તેવી અદ્ભુત વાણી હતી. હવે તેને પોતાને ’પુત્ર’તરીકે ન ઓળખવો કારણ કે હવે તે પુત્ર નહોતો તેવું સત્યે લખ્યું હતું. પોતાની ઈચ્છાએ તે માનવ

જન્મ લઈને સારા ખોટા સૌની મુક્તિ માટે આવેલ હતો.દુનિયા તમામના લાખો લોકો તેમની તરફ મીંટ માંડીને આવશે અને દૂરથી તેમના ભગવા'ના દર્શન કરીને રાજી રાજી થશે.

"લાખો લોકો અહીં આવશે? તેઓ કયાં ઊભશે કે રહેશે ? ઈશ્વરમ્માએ પૂછ્યું'. શેશ્મારાજુએ"સત્ય"ના અવળાવર્તનની પોતાની માનીતી વાત કુનેહપૂર્વક જણાવી નહી.જેથી પરિસ્થિતિ વધુ ખરાબ ન થાય.

પરંતુ જ્યારે લક્ષ્માએ લાખો લોકો એકઠા થઈ સ્વામીના દર્શન માટે પડાપડી કરશે તેવી વાત કરી ત્યારેતેઓ ચૂપ ન રહી શકયા."કોણ આ રામાયણ સાંભળશે?"તેઓ તિરસ્કારપૂર્વક બોલીઊઠ્યા. જયારે ઈશ્વરમ્મા ભગવાનને પ્રાર્થી રહી કે આ સમસ્યા ઉકલે.

જો કે "સ્વામી એ બધુંજ જાણતા હતા તેથી તેણી પ્રત્યે કરુણા લાવતા કેમકે તે સ્ત્રી ચળકે તે બધું સોનું અને અફવાઓને સત્ય તરીકે સ્વીકારતી હતી. તેણી જો મુસાફરી કરે તો તેણીની ક્ષિતીજો વિસ્તરે. તેણી ઉંમર આખી એકજ ગામડામાં રહી હતી. આ કારણે સ્વામીએ તેણીને પોતે પોતાના ભક્તોની સાથે બેંગ્લોર આવવા વિનંતી કરી. ઝડપી કારમાં ડામરના રોડ પર પસાર થતાં તેણીએ વિવિધ ધાનના ખેતર ભાગતાં જોયાં. મદ્રાસમાં, જિંદગીમાં પહેલીવાર સમુદ્ર જોયો."સ્વામી એ આનું વર્ણન તેણીની પાસે મહાકાવ્યમાં રામ અને તેમના વાનરોએ આ દરિયો ત્રેતામાં ઓળંગ્યો હતો તેવું વર્ણન કર્યું હતું. તે તેણીએ આજે સાચેસાચ નિહાળ્યું. આ નિત્ય છતાં વારે ઘડીએ બદલાતા વિશાળ સમુદ્રના પવિત્ર દર્શનથી માતાને બહુ અસર થઈ.તેણીએ સમુદ્રને ભગવાનના અરીસા સમ માન્યો અને તેના વિવિધ મનોભાવની અભિવ્યક્તિ કરતો નિહાળ્યો.

ઈશ્વરમ્માએ જિંદગીમાં પહેલી વાર શહેરની ઝાકઝમાળ અને ઝડપ જાણી માયસોરમાં તેણીએ વન્ય પશુ પક્ષીઓનું સૌદર્ય નિહાળ્યું. તેણીને બેંગલોરનું વાતાવરણ આરામપ્રદ જણાયું. ઉટાકામંડની તીણી ઠંડી તેણીએ અનુભવી. તેણીએ ભારતભરનાં ભવ્ય મંદિરો અને પવિત્ર લોકમાતાઓના દર્શન કર્યા. આ યાત્રા દરમ્યાન"સ્વામી'એ માતાનું સતત ધ્યાન આપી માર્ગદર્શન આપ્યું. આ તેમની

(સ્વામી) ભવ્ય દેણ હતી જે તેણીએ આજ સુધી જોઈ ન હતી કારણ કે તે એક ભીરૂ માતાજ હતી જે હવે આસ્થાળુ અને સમર્પિત થઈ હતી.

# ૧૧, વિકસતી ક્ષિતિજો.

નવા ભારતનું નિર્માણ થતું હતું ' તે અરસાની વાત છે. આઝાદીના ઘડવૈયાઓ જૂની પૂરાણી માન્યતાઓ દૂર કરવા મહાપ્રયત્નો કરી રહ્યા હતા પરંતુ આ સ્ત્રી જેણે જૂનવાણીસામેની જેહાદ વિષે કદાચજ સાંભળ્યું હતું તે રૂઢિઓની વાડસામે ફરજિયાતપણે હડસેલાતી હતી. તેણી રાજકુંવરીની સાથેજ નહીં પરંતુ એંગ્લો ઇન્ડીયન તથા“ અછૂત ' ગણાય તેવી જાતની સ્ત્રીઓ સાથે બેસતી. કોણ ભક્તોમાં ભેદભાવ નાખવાની હિંમત કરી શકે? સ્વર્ગ – મોક્ષ તરફ જવાના માર્ગ પક્ષાપક્ષી વિનાનો છે. આસપાસનાં શહેરોમાં રહેનારા બધાના ઈશ્વરમ્મા ' માતા હતા. તેમની પુત્રીઓ ' જે તેમની આસપાસ રહેતી તે હિન્દી, તમીલ, મરાઠી અને તેલુગુ વિગેરે જુદી જુદીભાષાઓ બોલતી પણ આ બધી ભાષાના પ્રશ્નોના તેમની પાસે એક જ સરળ જવાબ હતા. જે તેલુગુ માત્ર તે જ ભાષા તેણી જાણતી હતી ભાષામાં તેણી જવાબ આપતી. “ અન્થાસ્વામી દાટયા, અમ્મા .-“પુત્રી! આ બધી ‘ સ્વામી'ની દયા છે. ” પરંતુ આ ઉદગારો એટલા આશિષભર્યાઅને સાંત્વન આપનારા હતા કે કોઈ આ સાંભળવાની મધુરતા ગુમાવવા તૈયાર ન હતું.

ભકતો પૈકી શ્રી હનુમન્ત રાવ હતાં જે જેલના આઈ, જી, પી. હતા. શ્રી નવનીતમ્ નાયક એમાં હતા, ઉત્પાદન શુલ્ક, માય સોરહતા, શ્રી રન્જોધ સીગ માયસોર પોલીસના આઈ. જી. પી, હતા. સન્દૂરના રાજા હતા અને અન્ય હતા, જેઓઅંગત અને કામકાજની બાબતમાં' સ્વામી’ની સલાહ લેતા હતા. ઈશ્વરમાં આ શક્તિશાળી વ્યક્તિઓને હારમાં ઊભેલા જોઈ અંજાઈ જતી. તે રાજમહેલોના વ્યવહારને કેવી રીતે સીધા કરશે તેવી તેણીને જિજ્ઞાસા થઇ. દિલ્હીમાં બેઠેલા સરદારવલ્લભભાઈ પટેલ વિષે તે (સ્વામી) શું જાણે? રાજા સાથે થયેલી વાતચીત સાંભળીને તેણીએ સ્વગત પ્રશ્ન પૂછયા, પરંતુ સ્વામી આ બધા વિષે મર્યાદાથી પર હતા તેથી તેણીએ ચિંતાકરવાની જરૂર ન હતી.

‘સત્ય સાઈ બાબા પુટ્ટપાર્થી થી દૂરવખતોવખત થવા લાગ્યા.તેણીએ પોતાના પુત્ર પાસે મેળવેલુ વચન કેતે પુટ્ટપર્થી રહેશે કોણે ઝૂંટવી લીધું

હતું?બેંગ્લોરના સકામ્મા કે માયસોરની રાજકુંવરી અને તેવી અન્ય મોટી વ્યક્તિઓ તો નહી જ. તેઓ ને તો ખાત્રી જ હતી કે સ્વામી તેમના જ છે. સત્ય બાબા પણ આ માટે દોષિત ન હતા તેઓ તો શ્રી કૃષ્ણની માફક ગરીબ, બિમાર અને વૃદ્ધોને આશિર્વાદ આપવા ઇચ્છતા હતા.જેઓ પુટ્ટપાર્થી સુધી જીવિત આવી શકે તેમ ન હતા. અને જેઓ સ્વામીની હાજરીને કારણે  આનંદ  માણતા હતા તેઓતોતેમની વાતો જેમાથી પોતાને અકથ્ય આનંદનો સ્રોત પ્રાપ્ત થતો હતો,  તે વિષે સગાસંબંધી કે હરીફ, પાડોશી કે નાસ્તિક પ્રત્યેકને જણાવતા હતા. તેઓ સ્વામી થોડા દિવસ પોતાની સાથે રહે તેવી વિનંતી કરતાં અને ‘આખો મહિનો ’ પણ તેમના ‘ થોડા દિવસો ન બનતા અર્થાત તેઓ તેમની હાજરી સતત ઝંખ્યા કરતા હતા.

ઈશ્વરમ્મા સ્વામીની સાથે દરેક સ્થળે જવા ઇચ્છતી પરંતુ તેણી જ્યારે ઘરની-કુટુંબની ઘણી બધી ચિંતાઓ હોયત્યારે દરેક વખતે કેવી રીતે જઈ શકે ? તેમની પુત્રી પાર્વતમ્માના પતિ તાજેતરમાં ગુજરી ગયા હતા અને તેમાં બે  પુત્રી અને મૂંગાબહેરા પુત્રની કાળજી તેણીએ કરવાની હતી, તેણીના સૌથી નાના પુત્ર, જાનકીરામને ફેફસાંની મોટી બિમારી આવી હતી અને તે દવાખાનામાં ભરતી કરાયો હતો. જયારે ‘ સત્ય ’ પર્યટને ગયાં ત્યારે ઈશ્વરમ્માએ દેવતાઓ અને દેવીઓની પ્રાર્થના કરી કે તેઓ તેમનું  અજાણી હવા અને અજાણ્યા પાણીથી રક્ષણ કરે.

સ્વામી તરુણાવસ્થા વટાવી ચૂકયા હતા અને તેઓ બેંગલોરમાં હતા ત્યારે ઈશ્વરમ્માની ભીતિ મુજબ બિમાર પડી ગયા હતા. તેમના યજમાન રાજા શેટ્ટીએ ડોકટરને બોલાવ્યા પરંતુ રોગની માહિતી ન સાંપડી. તેઓને ખબર ન જ પડે! સ્વામીએ જણાવ્યું, મેં જ માંદા થવાની ઇચ્છા કરી છે! ” તેમણે શ્રી રામચન્દ્રની તથા શ્રી શિરડીના સાંઇબાબાની જિંદગીના પ્રસંગો નિરૂપીને જણાવ્યું કે તરુણાવસ્થામાં તેમને પણ ખાવાની અને આનંદની અરુચિ થઇ હતી. આ કારણે તેમના માટે આ માંદગી અનિવાર્ય હતી તેવી વાત કલાકો સુધી ભક્તોની ખાત્રી આપીને તેમણે કહી.

છેવટે સતત પ્રશ્નનો કરવાથી સ્વામીએ કબૂલ્યુ ' કે તેઓ તેમનું શારીરિક માળખું ફરીથી ગોઠવી રહયા હતા જેથી તેઓ દૈવી શક્તિનું મંથન સહન કરી શકે અને અવતારનાં કાર્યો હાથ ધરી શકે.

મેં જ્યારે 'સ્વામી'ને સૌ પ્રથમ વાર જોયા ત્યારે મને કહેવાયુંકે તેઓ હાલમાં જ શારીરિક રીતે સામાન્ય થયા છે. તેમનો અવાજ હજુ નબળો હતો,તેમની ચાલ ધીમી હતી અને તેમના વાળનો ગુચ્છો તેમની ગરદન કરતાં અનેકગણો મોટો હતો. હું માતાની એ ચિંતાને સમજી શકું છું કે જેણે પોતાના પુત્ર તેના કુમળા શરીરને આ પ્રમાણે પરિવર્તિતથતું જોયું. આ પૂરતું ન હતું, ભંડારમાં તેણીને સામાન્યમાંથી ' અમ્મા ' અને તેમાંથી સભાન રીતે ઈશ્વરમા બનવાની આ બધી તાલીમની પ્રક્રિયા હતી. 'સત્ય'ની માતાને બદલે તેણીને તે સમજવાનું થયુ કે તે ' એવી આશિષ પામેલી સ્ત્રી હતી જે ઈશ્વરની માતા બની." થોડા સમય વિતતાં જ તેણી જીવ માત્ર પર દયાની વર્ષા કરનાર માતા થનાર હતી. સત્ય બાબાએ કહ્યું, " હું તારો નથી. " તો પછી હું કોની ? તેવો પ્રશ્ન માતાને થયો. જવાબ મળ્યો, " તું' જગત અને તેની પ્રજાની છે. "

ઈશ્વરમ્માને આ અનુભવ વારે ઘડીએ થવાનો હતો જે ' સત્ય'ના ઉરવકોન્ડામાં પડી જવાથી થયો હતો અને જેને તેઓએ સર્પદંશ માન્યો હતો. દશેરાના છેલ્લા દિવસે શિરડીના સાંઈબાબાએ દેહ ત્યજી દીધો હતો. હવે પુટ્ટપર્થિમાંપૂજા, ભજન-કીર્તન, યાત્રા અને ગરીબોને સમૂહમાં જમાડવાનું ભક્તોએ હાથ ધર્યું હતું ત્યારે જ ' સ્વામી'એ જાહેર કર્યું કે તેમનામાં શિરડી સાંઈબાબા ફરીથી પ્રવેશવાના છે અને તે જ કાર્ય કરવાના છે તેથી તેઓ પુટ્ટપાર્થિ માં ' પડશે? અને શિરડીમાં ઊભા થશે ' અને ભક્તોને ઉત્સવમાં આશિષ આપશે. જ્યારે તેઓ પાછા ફર્યા ત્યારે સ્વામીએ મંદિરમાં એકઠા મળેલા ભકતોને કહ્યું કે તેઓ શિરડી હતા અને પ્રત્યેક વિજયા દશમીએ ત્યાં દર્શન આપશે. પ્રત્યેક વર્ષે ઈશ્વરમ્માએ પ્રસંગ નિહાળ્યો અને પેતાના પુત્રના દૈવી હોવા વિષે તેણીને ખાત્રી મળી.

આ અનુભવ માત્ર દશેરા પૂરતો રહેવાનો ન હતો, ઇશ્વરમ્માએ થોડા જ સમયમાં જાણ્યું કે સ્વામી દુનિયા આખીના હતા, જો કે તેમનું શરીર ત્યાં જ હોય છતાં ભક્તના પોકારને કારણે તેઓ ત્યાંથી અલગ થઈ દૂરજતાં. દિવસ કે રાત્રે આ પ્રકારે શરીરોત્તર મુસાફરી બનતી. આવી મુસાફરી પરથી પાછા ફરે ત્યારે ' સ્વામી ' તે વિષે ઘણી વાર વાતો કરતા. તેલંગણ ખીણમાં થયેલી લૂંટફાટ, રાજ્યમુન્દ્રીમાં આવેલુ ' પૂર, મદ્રાસમાં લાગેલી અગ્નિ શિખાઓ,કે કર્ણાટકના રસ્તામાં થયેલ અકસ્માતની

વાત તેઓ જણાવતાં. તેઓ અહીં તહીં સર્વત્ર હતા. ઘરમાં, દવાખાનામાં કે જંગલમાં બધે જ ગૂઢ મદદ સાથે હાજર થઈ જતા.

ઈશ્વરમ્મા વિસ્ફાટ નજરે આ સાંભળી રહેતી. તેણી મનથી મહાકાવ્યની વાર્તાઓમાં સરી જતી.શું શ્રી કૃષ્ણ ભગવાન પોતાના ભક્ત પાંડવોની પત્ની દ્રૌપદીની ભરી સભામાં કૌરવોના હાથે લાજ લૂંટાઈ જતી બચાવવા હસ્તિનાપૂર નહોતા પહોંચી ગયા? શું દુર્વાસાના શાપથી પાંડવોને નષ્ટ કરવાના ઈરાદા વખતે તેઓ (શ્રીકૃષ્ણ) જંગલમાં નહોતા પહોંચી ગયા? જેવા ' સ્વામી ' પાછા ફરે કે ઈશ્વરમ્મા આતુરતાથી પ્રશ્નો પૂછતી. દ્રોપદીએ હસ્તિનાપુર પોકાર્યા હતા કે જંગલમાં? શું તે હાથીનો આર્તનાદ સાંભળ્યો જેને મગર પાણીમાં તાણી જતો હતો? " અને સ્વામી હકારમાં જવાબ આપતાં કહેતા," હા, દ્રોપદી અને દુષ્ટ કૌરવો બધા હજુ વસે છે. માનવ મગરો હજુ છે જેઓ શાંત પાણીમાં તેમના શિકારને ઝડપી જવા માંગે છે, હું તેમને બતાવવા જનમ્યો છું કે હું તેમને રક્ષવા હાજરછું, જે ભગવાનને પોકારે છે."

'સ્વામી'એ ઈશ્વરમ્માને તે જ વાત કહી હતી જે ભગવાને માતા જશોદાને કહી હતી," મેં તને વચત આપ્યું નથી? બળવાન અને હિંમતવાન બન, ગભરાઈશ નહી ', કોઈ તારૂં બુરૂં કરી શકે નહીં કારણ કે તારા ભગવાન તારામાંજ છે."

"તું ગભરાઈશ નહી' "સ્વામી'ના શક્તિ પ્રદર્શના બનાવો વધતાં જવાને લીધેકોણ ચોંકી ન ઊઠે. તેમણે શલ્યક્રિયા શરૂ કરી હતી. મદ્રાસ વિસ્તારના જેલના આઈ. જી. પી. ના ભત્રીજા. એક બાળકના કાકડા કાપવાની શસ્ત્ર ક્રિયા તેમણે કરી હતી. તેમણે ડો. પદ્મનાભનને પેતાના ૧૭ વર્ષના જુવાન ભાઈને પુટ્ટપર્થી મોકલી આપવા આમંત્રણ આપ્યું. ને જણાવ્યું, "શું કરવા તેને (બેંગ્લોરમાં) વિકટોરીયા ઇસ્પિતાલમાં ભરતી કરવાની મુશ્કેલી ઉઠાવવી? હું તેના હર્નીયાની શસ્ત્રક્રિયા કરી દઇશ અને તે દસ ક્ષણમાંજ સાજો સમો થઇ જશે." બેંગ્લોરના એક વધુ મહાનુભાવ શ્રી થીરમલા રાવની શસ્ત્ર ક્રિયા કરવાની હતી. શલ્ય ક્રિયા છરી, કાતર સોય-દોરાથી કરાતી જે તેમના ડાબા અને જમણા હાથની વર્તુળાકાર હલનચલનથી પળવારમાં તૈયાર થતા. જે વિભૂતિ તેઓ પેદા કરતા તેનાથી બેહોશી આવી જતી. તે જ વિભૂતિ ચેપ વિરોધી હતી અને તે જ શકિત પ્રદ-સ્વાસ્થ્ય આપનાર દવા હતી. બધુંજ એકમાં.

દદી પલકવારમાં સાજો થઈ જતો. અનેઆ ચમત્કાર ઈશ્વરમ્માની આંખમાં દેખાવા લાગ્યો.પ્રત્યેક 'સ્વામી' ના ઉચ્ચાર વખતે તેણીનો અહોભાવ વધતો જતો.

આ માત્ર ચમત્કાર (ઇશ્વરમ્મા માટે) રહ્યો ન હતો. પરંતુ તે પરિસ્થિતિ પ્રત્યે આત્મ સમર્પણ બનતો જતો હતો.

પુરાણી ગુંચવણ અને ડર તેણીના માંથી ઝડપથી ઓસરી ગયા. તેણી જીવનના સત્યો અને સંજોગો સ્વીકારવા લાગી, કોણ અને શું કયાં અને શા માટે તે બદલી ન શકાય તેવાં અને મોટે ભાગે વર્ણવી ન શકાય તેવા ભગવાનનાં કૃત્ય છે તેમ તેણી માનવા લાગી. મહાકાવ્યોની કથાઓએ ભારતીય જન માનસનાં ઊંડાણમાં ભારતની ચાલી આવેલી મૌખિક સંસ્કૃતિએ તેમને બહુ લાંબા સમયથી શીખવાડયુંહતું કે જીવનનાં સત્યો મન, બુદ્ધિ જેનો તાગ ન પામી શકે તેવાં રહસ્યો છે, આમ છતાં તેમની અને સ્વામીની વચ્ચે એક આછો પડદો રહી ગયો, જેને કારણે સ્વામીની પૂર્ણ વ્યક્તિતા તેમની સમક્ષ પ્રગટી ન શકી. મેલી નજરનો ભોગ પોતાનો અદભુત પુત્ર ન બની શકે એ વાત તેમના મનમાં ઊતરતી જ ન હતી. તેઓ વિરોધ કરે પણ ઈશ્વરમ્માએ મેલી નજર ઉતારવાનો વિધિ કરવાનો આગ્રહ રાખ્યો-શરીર પરથી નાળિયેર ઉતારવામાં આવ્યું જેથી કરીને બધાં દુષ્ટ તત્વો નાળિયેરને વળગી જાય અને પછી તેને વધેરી નાખ્યું, જેથી દુષ્ટ તત્ત્વોનો પ્રતીકાત્મક વિનાશ થાય.

## ૧૨. નિલયમ્

એ દરમિયાને નવાસ્થળે બંધાતા મંદિરનું કામ ઝડપભેર પૂરું થઈ રહ્યું હતું અને હવે ઈશ્વરમ્મા માટે બીજી એકમુશ્કેલી ઉભી થઈ, ગામની સીમા પર આવેલ અને ગોપાલ સ્વામી મંદિરની પાસેનું જૂનું  મંદિર તો ઈશ્વરમ્મા પગેચાલીને જઇ શકે, સ્વામી ને જોઇ શકે, સાંભળી શકે એટલુંનજીક હતું. પણ નવું મંદિર તો દૂર હતું અને ટેકરી પર એકલું અટૂલું હતું.ઈશ્વરમ્મા ધ્રૂજતા હૃદયે સ્વીકારવું પડયું કે હવેસ્વામીના જીવનના એક નવા તબકકાનો આરંભ થયો છે. ગામનું મંદિર નાનું, હૂંફાળુ અને સગવડભર્યું હતું, ત્યાંનુંજીવન આત્મીય હતું . જૂના  મંદિરમાં ઘણા વુધ્ધ ભકતો એ આશરો લીધો હતો અને મંદિરની ઉત્તરે ખુલ્લી જગ્યામાં તંબૂઓ ઉભા કર્યા હતા, ઝૂંપડી ઓ બાંધી હતી. સ્વામીને ગમે ત્યારે મળી શકાતું હતું. તેઓ જયાં બેઠા હોય કે ઊભા હોયત્યાં તેઓ દર્શૅન આપતા, સૂચનાઓ  આપતા, ઇજનેરો અનેકારીગરોને આશીર્વાદ અને માર્ગદર્શન પણ મળી રહેતાં. યાત્રાળુઓ પણ સહેલાઇથી માત્ર આવજા કરી શકતા, સ્વામીની મુલાકાતો લઈ શકતા, બહુ પ્રતીક્ષા કર્યા વિના મુલાકાતો લઈ શકતા.

પણ નવા મંદિરની પરિસ્થિતિ તો બદલાવાની જ.ઈશ્વરમ્માને માળ વાળું મકાન,  ઉપલા માળ તરફ સ્વામીના ખંડમાં લઈ  જતા વતુંળાકાર દાદર ગમતા ન હતાં. એનો અર્થ એટલો જકે સ્વામી હવે સહેલાઈથી મળશે નહીં ', નીચલા માળ ઉપરકોઈ ઊભું રહેવાનું અને સ્વામીને કહેશે કે નીચે ઉભેલ ભક્તમળવા માગે છે. હવે તેઓ સામે ચાલીને તરત મળવા જઈનહી  શકે, નવા મંદિરનું નામ પણ અમંગળ જેવું લાગતુંહતું-પ્રશાંતિનિલયન શબ્દાર્થ તો છે – પરમ શાંતિનું ' ધામ. પણ તેને માટે ત્યાં જગ્યા હતી ખરી? વાસ્તવમાં ત્યાં તોઆખા જગતનો મેળો ઉમટવાનો!

સ્વામીએ એક વખત ચિત્રાવતીના કાંઠે બેઠેલા ભક્તોનેએનો ખ્યાલ આપ્યો હતો. ' એ આશ્રમ નથી. તમે મનેજીવનના ચાર આશ્રમમાંથી એક પણ આશ્રમમાં (પ્રાચીનશાસ્રો અનુસાર વર્ણવાયેલા ચાર આશ્રમ-બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ, સંન્યસ્તાશ્રમ) મૂકી નહીં શકો. વળી હું' તપસ્વી, સાધુ કે સંત નથી. એ મંદિર નથી કારણકે હું કોઈ પૂજાવિધિ કે સાઈ સંપ્રદાયના પ્રચારમાં માનતોનથી.

મારામાં કશું ગૂઢ નથી. આમ છતાં એ મંદિર છે, ચર્ચ છે, મસ્જિદ છે, સિનેગોગ (યહૂદીઓનું દેવળ) છે, અહીંબધા જ માનવીઓ ઈશ્વર તરીકે મૂર્ત થયેલા અને તે પ્રેમમાંલીન થઈને પ્રશાંતિ મેળવી શકે છે. મારું કાર્ય તો દરેકમાનવીના હ્રદયને પ્રશાંતિનિલયમ્માં ઢાળી દેવાનું છે, જેથીકરીને જગત આખુ' એક પ્રાણવાન પ્રશાંતિનિલયમમાં ફેરવાઈ જાય. આ નિશ્ચય લઈ હું ' તો અવતર્યો છું. '

પ્રશાંતિનિલયમ્! ઈશ્વરમ્મા તો એના નામ માત્રથીભડકી ગયા-એના અનંત અર્થથી, સ્વામી અને પોતાની વચ્ચેપડનારા અફાટ અંતરથી, પિતાનો પુત્ર હવે પુત્ર નહીં રહેતેનાથી, સ્વામી અને પોતે જેમને જાણે છે, જેમને વિશેતેઓ સાંભળ્યું છે એવા સ્વામીઓ વચ્ચેના અંતરથી ધ્રુજી ઉઠ્યા તેઓ જે ભવ્ય પ્રશાંતિનિલયમ્ ઊભું કરે છે તેમાં તેઓપ્રવેશને લાયક બનશે ખરા?

નવા મંદિરમાં વિધિપૂર્વક જવાના આગલા દિવસેઈશ્વરમ્માએ સ્વામી પાસેથી ‘વરદાન ’ મેળવ્યું કે તેઓએપોતાને રહેવા માટે ભલે બીજા ખંડ પસંદ કર્યો હોય પણભોજન તેઓ પૂર્વ બાજુના ખંડમાં લેશે.સ્વામી સ્ત્રી અનેપુરુષોના ખંડ જુદા હોવા જોઈએ એ બાબતે ખૂબ જ આગ્રહીહતા. એટલે પુરુષે પશ્ચિમના દાદરનો ઉપયોગ કરતા હતાજ્યારે પૂર્વના દાદરનો ઉપયોગ કરી ઈશ્વરમ્મા અને તેમનીપુત્રીઓ સ્વામી સાથે વાત કરી શકતા. તેઓ હવે સ્વામીનાનિવાસમાં ફાવે ત્યારે પ્રવેશ કરી નહી ' શકે, પણ આ વચનસ્વામીના આગલા વચન જેવું હતું ત્યારે પણ સ્વામીએ વચનઆપેલું કે તેઓ પુટ્ટપાર્થિજ રોકાશે. તેમના જેવાને કઈવ્યક્તિ, વચન, સ્થળ કે ભાગ્ય બંધનમાં રાખી શકે. જે સંપૂર્ણ પણે આધ્યાત્મિક છે તે તો છટકિયાળ નહીં તો શું બને?

તેઓ તો ભોજન ખંડમાં રાહ જોયા જ કરે, જોયાજ કરે, જ્યારે રાહ જોઈ જોઈને સાવ થાકી જાય ત્યારે તેઓલાંબી પરસાળમાંથી ધીમે ધીમે આવે. તેઓ દર્શન આપવાઆવ્યા હતા, ભોજન કરવા નહીં'. નાના ટેબલ પર બેસીનેતેઓ કાળજીપૂર્વક તૈયાર કરેલી, બીતાં બીતાં ધરેલી વાનગીઓમાંથી જરાતરા ચાખે અને તેમના પ્રશ્નોના જવાબઆપે અને ઊભા થાય, કોઈ ધૂન ગણગણે અને પછી તેમનેમાટે અગમનીય હોય એવા વિસ્તારમાં જતા રહે. શિરડીબાબાની જેમ સ્વામી પણ દરેક

આતુર ભક્તને ટેબલ ઉપર, નૈવેદ્ય મૂકવા દેતા પણ તેઓ એમાંથી કશું જમશે એ આશા મોટે ભાગે ફળતી નહીં',

જૂના મંદિરના સરળ, પરિચિત દિવસોનો કાયમ માટેઅંત આવ્યો. પણ સ્વામીએ દયા આણીને ઈશ્વરમ્માને થોડીમિનિટો માટે ગમે ત્યારે મળવાની, વિભૂતિનો જાદુઈ સ્પર્શેકરવાની કે યાતનાદાયક નિત્યક્રમમાંથી છુટકારો મેળવવાનીસંમતિ આપી.

ઈશ્વરમ્મા પાસે એક જ શાતાદાયક માર્ગ હતો અનેતે સત્યના બાળપણના દિવસો ફરીફરી યાદ કરવાનો, તેનીલીલાઓ અને હાજરજવાબીપણાને યાદ કરવાનો. જયારેસ્વામીએ જાહેર કર્યું કે તેઓ બધા માનવીઓને સર્વત્રઆનંદ અને જ્ઞાન આપવા કૃતનિશ્ચયી છે ત્યારે ઈશ્વરમ્માએઆ શબ્દોમાં વિશ્વાસ રાખવાનો નિશ્ચય કર્યો, તેમના બારણેઆવતા ભિખારીઓની સંખ્યા ગણવાનો અને તેમને જેટલાંવસ્ત્ર અને ભોજન આપવાનો દીકરાએ આગ્રહ રાખ્યો હતોતે ગણવાનો પ્રયત્ન કર્યો. તે સ્વામી પાસેથી આવાં જ પ્રગટીકરણોની આશા રાખતાં હતાં, જેથી તેઓ પોતાની સ્મૃતિદ્વારા એ દાવાને પ્રમાણભૂત ઠેરવી શકે.

સમય વીતતો ગયો તેમ ભકતો દ્વારા શિરડી બાબાનાઅને સ્વામીના અનુભવોની કથાઓ તેઓ આતુરતાથીસાંભળતા થયાં. તેમની શ્રધ્ધા દઢ બનવા માંડી, તેમની સહાનુભૂતિ વિશાળ બનવા માંડી. સ્વામીના પ્રેમ અને જ્ઞાનની વાતોલઈને આવતા માયાળુઓને તેમને ઉપદેશ હૂંફ ભર્યો સાથઆપતો.

તેમને બાળકો ગમતાં હતાં. દરેક બાળકમાં તેઓ સત્યનેસંતાયેલો જોતા, જાણે સત્ય તેમને શોધી કાઢવા આમંત્રે છે, સ્વાભાવિક રીતે બાળકો તેમની આસપાસ ટોળે વળતાં. તેઓઆનંદપૂર્વક તેમની આંખની ચમક, વાતો કરતી વખતે,મશ્કરી કરતી વખતે ચહેરા પર પડતી કરચેલીઓ જોયા કરતા. તેઓને મજા પડતી અને હાવભાવ કરતી વખતે, કોઈ મુદ્દાપર ભાર આપતી વખતે કે ચેતવણીનો સૂર કાઢતી વખતેથતા કાચની અને સોનાની બંગડીઓના રણુકાર તરફ તેમનુંધ્યાન દોરતું, જયારે કોઈ બાળક હૃષ્ટ પૃષ્ઠ હોય તો તેઓતેનો ગાલ દબાવતા, તેના નિર્દોષ ચહેરા ઉપર એની જે અસર થાય અને ગાલ રાતા થઇ જાય તે જોતા.

બાળકો ઉત્તેજના અનુભવા માટે રોમાંચક અને આનંદપ્રદ વાર્તા સંભળાવવા માટે બહુ સહેલાઇથી તેમને પટાવીશકતા હતા, તેમનો મધુર, અવાજ બહુ સહેલાઇથી અપહરણકરાયેલી રાજ કુમારીના, ઘવાયેલા રાક્ષસની ચીસના, ભયભીત થયેલા પુત્રના, વિજયી સૈનિકના ઉલ્લાસના, જંગલની કેડી પર મૂકી દેવાયેલા બાળકની ચીસના અવાજોની નકલ કરી શકતો હતો. વાસ્તવમાં તેઓ આ બધી વાર્તાઓમાંશિરડી બાબાની અને સ્વામીની વાર્તાઓ પણ ગૂંથી દેતા હતાં.

બાળકો તેમના આબેહૂબ અને તાદ્દશ વર્ણનો સાંભળ્યા જ કરતાં-પાદુકા ઉપર સોનાની જરીવાલા છત્રીની, રાજ દરબારમાં આરસના થાંભલા માંથી સિંહ આકારના ઈશ્વરના પ્રાદુર્ભાવની. ક્રોધી નાગની ફણા ઉપર નૃત્ય કરતા બાળકનીવાતો તેઓ સાંભળતા. ઈશ્વમ્મા વાર્તા કહેતી વખતે પોતાની બિમારી, આંતરિક કલેશ, ઊંડી ઊંડી અતૃપ્તિ ભૂલી જતાં. અચૂક રીતે તેઓ વાર્તાના અંતે નમ્રતા અને પ્રામાણિકતા, પ્રેમ અને વફાદારીના સંદેશ ભાવપૂર્વક વણી લેતા. બાળકોતો તેમના સ્નેહમાધુર્ય માં એવા ડૂબી જતા હતા કે તેઓ આપાઠ અંતરમાં ઉતારીજ લેતાં હતાં.

હું જ્યારે જ્યારે પુટ્ટપાર્થી બહાર જતો ત્યારે મારે ચારમાઈલ દૂર આવેલા બુક્કપટ્ટનમ જવા ગાડું કરવું પડતું, મારેએક પેટી અને બિસ્ત્રો લઈ જવાના હતા માટે, ગાડુ કેશવનુંહતું', તે રત્નાકરમ કુટુંબની પડોશમાં જ રહેતો હતો. તે સત્યના સમવયસ્ક હતો.ઈશ્વરમ્મા તો વાર્તા કહેવામાં ગામમાંનિષ્ણાત હતા એટલે તેઓએ જે બધી વાર્તાઓ કહી તે કેશવેપ્રેમપૂર્વક સાંભળી હતી અને યાદ રાખી હતી.

પચીસ વર્ષ પછી બનેલા બનાવો મને અત્યારે કહેવા દો.ઈશ્વરમ્મા જ્યારે મરણ પામ્યા ત્યારની આગલી રાતે તેઓસ્વામી સાથે વૃંદાવન બંગલામાં હતા. પાસેની કોલેજમાં હજારો વિદ્યાર્થી રહેતા હતા. તેઓ ભારતીય સંસ્કૃતિ અનેઆધ્યાત્મિકતા વિશે સ્વામીના માર્ગદર્શન હેઠળ મહિનાનોગ્રીષ્મવર્ગ ભરી રહ્યા હતા. બંગલામાં ભારે દોડધામહતી, હું પણ ત્યાં હતો. રાતે નવ વાગે હું' મારી પથારીશોધવા એક ઓરડામાંથી બીજા ઓરડામાં જતો હતો ત્યારેમેં ઈશ્વરમાને જોયા, તેઓ અંદરના ખુલ્લા વરંડામાં તેમનાત્રણ પ્રપૌત્રા સાથે હતા, તેઓને માતા પરીકથા સં'ભળાવીરહ્યાં હતાં અને બાળકો ધ્યાનથી સાંભળી રહ્યાં હતાં.

કેશવે મને જણાવ્યું  કે માતા વાર્તામાં આ વાત લઈ આવતા, તે વાત લઈ આવતા, બાળકોનું ધ્યાન બીજે દોરાય છે એવુંજાણે  એટલે નાયકો, ખલનાયકો-સાહસો, અકસ્માતોનીભરમાર વાર્તા કથન સાથે ઉમેરાતા જતા.

ઈશ્વરમ્માએ કહેલી એક વાર્તા કેશવ પાસેથી સાંભળીએ. એક જમાનામાં એક વિધવા તેના એકના એક દીકરા સાથેરહેતી હતી, તે એને એટલો બધો ચાહતી હતી કે તે જ્યારેપરણીને પત્નીને લઈને ઘેર આવ્યો ત્યારે છોકરો જેને નાનકડી નિર્દોષ નાર કહેતો હતો તેને બદલે માને તો એ પોતાની હરીફલાગી. વહુની પ્રત્યેક કામમાં સાસુએ વાંધો પાડવા માંડ્યો. આખો દિવસ ક્રોધમાં તેઓ બબડ્યા કરતા. તેની પત્નીસાસુનો આ મિજાજ વેઠી ન શકી. એક દિવસ તેઓ ત્રણે રોગઅને વેરની દેવી મારીના મંદિરમાં ગયા.. તે દિવસે આખુંગામ ભેગુ થયું હતું ', એ વાષિક તહેવારે એકાદ જણમાં દેવી ઉતરતા અને ગ્રામજનોને કેવી રીતે વર્તવું તેની ચેતવણીઆપતા. બકરાંઓના બલિદાન અપાયાં, ઢોલનગારાના કાનફાડી નાખતા અવાજો થવા લાગ્યા, તૂતૂડા વાગવા લાગ્યા. મંદિરનો પૂજારી પ્રમત્ત બનીને નાચવા લાગ્યો. વહુએ નક્કીકર્યું કે હવે મારામાં દેવી ઉતર્યાને ઢોંગ કરું, પૂજારી અનેબીજાઓ ચીસ પાડીને ચેતવણી આપે તે પહેલાં આ નાટકકરવાનું ઠરાવ્યું. તે જાતે જ ઉન્માદને વશ થઈ. તે આમતેમ  ધૂણવા લાગી  માથું  હલાવવા  લાગી, તેણે આવા ખેલ જોયા હતા  એટલે એ રીતે હાથ ઉછાળવા લાગી . તે મોઢુંખોલી દેતી, બબડતી બરાડા પાડવા માંડી, બબડવા માંડી. બધા  ભયભીત થઈ ગયા.તેણે પોતાની સાસુ ઊભી હતી ત્યાં કૂદકો  મારીને  તેણે ડરાવી. મારી તેના દ્વારા બોલવા લાગ્યા. ‘હું તારા ઘરને આગ લગાડી દઈશ. હાડકેહાડકાં ખલાસ કરી નાખીશ, જો તારા કબજામાં છે તે સ્ત્રી ની આંખમાંથી એક આંસુ જમીન પર પડશે તો તને ગરમ ગરમ દેવતા  પર ભૂંજી નાખીશ.બંધ કર. તારી ગંદી જબાનને તાળું મારી દે. સાસુ બોલી, ના હું હવે નહીં કરું' ‘તમે કહો છો તેમ કરીશ. ‘એમ બોલવા લાગ્યા. પછી મારી છોકરા સામે ફર્યો. આવો માવડિયો ક્યાં થી-જે પત્ની નું રક્ષણ કરી શકતો નથી. તેની પત્ની મારી બની ગઈ એ જોઈને બી ગયેલો તેનો દિકરો ભાગી ગયો, તે પાછો આવ્યો જ નહીં’.

મોટાઓ પણ વાર્તાઓ સાંભળવા માગતા હતા. તેઓસ્વામીના બાળપણ અને શૈશવની વાર્તાઓ સાંભળવા આતુરહતા. ઈશ્વમ્મા વિરોધ અને હા-ના કર્યા વિના તૈયાર થતાનહીં '. તેઓ સ્વામીના વિઠ્ઠલ કે કૃષ્ણ કે મોહિની કે સાઇબાબાનાસ્વરૂપને

થોડી સમૃતિએ ઢંઢોળ્યા પછી યાદ કરી શકતા અનેતેમની આંખે આંસુથી છલકાઈ જતી. તેઓ માલિકીપણાનોઆનંદ ફરી માણવા મથતા. પણ જ્યારે પોતાની મૌન કેનકારથી થી બીજાઓને દુઃખ થાય છે એવું જયારે તેઓ જોતાત્યારે ક્ષમાયાચના માગીને એક બે ઘટનાઓ કહી સંભળાવતા, "એમના વિશે તો તમે વધારે જાણો છે. તેઓ તમને તકવધારે આપે છે. તેઓ અમારાથી તો દૂર રહે છે. સુબ્બમ્માંતેમની લીલા અને શક્તિઓ વિશે વધારે કહી શકે, ' સ્વામીએએક દિવસ તેમના પતિને મૃત લોકોના જગતમાંથી પાછોઆણીને તેમના ઘરના ચોકમાં દેખાડયા હતા એવા સમાચારવર્ણવતાં ઈશ્વરમ્માને ઘણાએ સાંભળ્યા હતા. આ ગામની સ્ત્રી એકસોટી કરવા માટે સ્વામીને ઝેર આપ્યું' હતું ' અને એ રીતેતે ભગવાન છે કે નહી' તેની ખાત્રી કરવા ચાહી હતી એ વાતપણ તે ( સુબ્બમ્મા) કહી શકશે, ' ઈશ્વરમ્મા લાંબો નિશ્વાસ લઈનેબોલતા: ' અમારું કુટુંબ તો સંયુક્ત હતું. વીસ બાળકોનેનવડાવવાના ધોવડાવવાનાં, ખવડાવવાનાં અને ઊંઘાડવાનાએટલે અમારે માટે તે દરરોજ નવા જ સ્વામી. "

નાનાં બાળકોના આતુરતા અને ઉત્સાહ ની ઈશ્વરમ્મા કદર કરતાં. તેમના પૌત્રો હોશિયાર હતા, તેમણે આગ્રહ રાખ્યો કે એ બધાને આગળ ભણવું જોઈ એ અને ઉચ્ચ શિક્ષણ લેવું જોઇએ.તેઓ બીજાઓના પુત્ર અને પોત્રોને પણ ઉતેજન આપતાં.

તેઓ સ્વામી પાસે પોતાનું ધાર્યું કરાવતા અને ટયુશન ફી, પુસ્તકો, ભોજનના ખર્ચ માટે પૈસા મોકલાવતા. હું તેમના મનીઓર્ડરના ફોર્મ ભરતો, પોસ્ટ ઓફિસ માં જઈને પૈસા ચૂકવી આપતો. મેં પોતે જ થોડાં વર્ષ પોસ્ટ માસ્ટર ની નોકરી કરી હતી. એટલે ચારે બાજુ પથરાયેલી શાળાઓમાં ભણતાં વિધાર્થીઓને મનીઓર્ડર પહોંચ્યા કે નહિ તેની તપાસ ઈશ્વરમ્મા મારી પાસે કરાવતાં હતાં.પૈસા મળવામાં વિલંબ થયો છે એ જાણીને તેમને દુઃખ થતું. તેઓ બોલતાં : 'હવે તેઓ નિરાંતે ભણી નહીં શકે. તેઓ શાંતિ થી વાંચી નહીં શકે. 'જ્યારે તેમને ખબર પડતી કે નિશાળ છોડી દેવાને કારણે કોઈ નામ પડતું મૂકાયું છે. ત્યારે તેઓ મારી પાસે તેમના માબાપ ને પત્ર લખી ને સમજાવતાં, કંઈક પરિણામ આવે ત્યાં સુધી તેઓ મથતા.

અને બિમાર લોકો વિશે? સ્વામીએ જ્યારે મંદિર ની દક્ષિણે બારેક પથારીઓ વાળી હોસ્પિટલ બાંધવાની જાહેરાત કરી ત્યારે સૌથી વધારે આનંદ તેમને

થયો હતો. તેઓ હોસ્પિટલના સ્થળ વિશે નારાજ હતા. ‘જેઓ માંદા છે તે એટલી ઊંચાઈએ કેવી રીતે જઈ શકે. ” સ્વામીએ જવાબ આપ્યો-સ્વયં સેવકો અને ભકતો તેમને સ્ટ્રેચરમાં લઈ આવશે, અથવાએ માટે ખાસ તૈયાર કરેલા ગાડામાં તેઓ લઈ આવશે. હોસ્પીટલનો વિચાર સંપૂર્ણપણે અપનાવવામાં આવ્યો.

સ્વામી જયારે ગામના મંદિરમાં હતા ત્યારે અને પછીપણ તેઓ નેલોરના પ્રખ્યાત ફીઝીશીઅન અને ગાઇનેકોલોજીસ્ટ ડૅા. લક્ષ્મીની સલાહ લેતા, ડોકટર સ્વામીના સાન્નિધ્યમાંઅઠવાડિયાઓ સુધી રહેતા હતા. જ્યારે તેમને, તેમની દીકરીઓને, રત્નાકરમ્ કુટુંબના અન્ય સભ્યોને ડૅાકટરનું કરુણાપૂર્વક ધ્યાનસાંપડતું' ત્યારે ઈશ્વરમ્મા ડોકટરને ગામની બીજી સ્ત્રીઓનાતપાસ, નિદાન અને ઉપચાર માટે પ્રાર્થના કરતાં. મંદિરમાં આંતરે વર્ષે રહે અને જરૂરિયાત પ્રસંગે સ્ત્રીઓને મદદકરે એવા સ્ત્રી ડૅાકટરની તેમને ઝંખના હતી.

તેઓ હોસ્પિટલના સ્થળે નીચેથી રેતી, પથ્થર,ઈંટો, સિમેન્ટ પહોંચાડતી ભક્ત સ્ત્રીઓ સાથે ભળી જતાં. તેઓજાતે ઇંટો ઊંચકતા, બીજી સ્ત્રીઓના વિરોધને ગણકાર્યા વિના. જયારે વોર્ડ તૈયાર થઇ ગયા ત્યારે તેઓ સ્ત્રી દર્દીઓને શોધવાલાગ્યા, ડોકટર પાસે લઈ આવતા, તેમને દાખલકરવા પ્રાર્થના કરતાં અને તેઓ હરતાફરતા થાય, ઘરમાં અનેખેતરમાં કામ કરતા થાય ત્યાં સુધી તેમની દેખરેખ રાખતાં. સત્ય સાઈ હોસ્પિટલમાં કામ કરતાં ડો. જયલક્ષ્મીએ વેલ્સમાંગાયનેકોલેજીનો તાલીમ લીધી હતી. તેઓ મને કહે છે: ‘ ઈશ્વરમ્મા સ્ત્રીઓની અને બાળકોની સરભરા કરવામાં અગ્રણીછે. તેઓ મંત્રતંત્રમાં, રોગ મટાડવા દેવદેવીઓને તથા મરીઅમ્માને મરઘાં બતકાં વધેરવામાં માનતા ન હતા. દર્દીઓનીતપાસ થતી હોય ત્યારે તેઓ તેમની સાથે બેસતાં, નિદાનપૂરું થાય ત્યાં સુધી રાહ જોતા, અને ઇંજેકશન આપવાનુંહોય ત્યારે તેમને મજબૂતાઈથી પકડી રાખતાં. જ્યારે સ્ત્રીઓને દવાખાનામાં દાખલ કરવામાં આવતી ત્યારે તેઓ ટેકરી પર ઘણી વાર ચડતાં અને એ દુર્ભાગી સ્ત્રીઓને જાણ કરતાંકે તેઓ સાજી થાય એમાં રસ લેનાર માતા છે.

પ્રશાંતિનિલયમના ઉદ્ઘાટનના થોડાં વર્ષ પછી માતાનેભાગ્યનો કારી ઘા વેઠવાનો આવ્યો. તેમની મોટી દીકરી ઇશ્વરમ્માના મામા સાથે જ પરણી હતી, તે

કરુણ સંજોગોમાં વિધવાથઈ. તેમના ભાઇને હડકાયું કુતરું કરડયું. ગામલોકોએ પાશ્ચરની વાત સાંભળી ન હતી. તેમણે આ માંદગીને કાળા જાદુ કેમેલી નજરે તરીકે ઓળખાવી અને અજ્ઞાત પરિબળો સામેપોતાના ઉપાયો કામે લગાડ્યા. પણ મંત્ર તંત્ર અને મૂળિયાંઓસડિયાં અસરકારક નીવડ્યા નહી ', ચાળીસ માઈલ દૂરહોસ્પીટલ અને અનંતપુરમાં હતી ત્યાં લઈ ગયા ત્યારે બહુ મોડુંથઇ ગયું હતુ. સુબ્બા રાજુની સ્વાર્પણ અને સેવાભરીજિ'દગીનો અચાનક કરુણ અંત આવી ગયો. પ્રશાંતિ નિલયમ બંધાતું હતું ત્યારે તેમણે મજૂરોના નિરીક્ષક તરીકે થોડાં વર્ષકામગીરી બજાવી હતી.

ઈશ્વરમ્માને આ ઘા ભારે થઈ પડ્યો. એ દુ: ખનાદિવસો દરમિયાન સ્વામીએ તેમને આશ્વાસન અને હિંમતઆપ્યાં. તેમના હૃદયને ધીરજ બંધાવી. તેમના શબ્દો ઘવાયેલાહૈયાને રુઝવવા લાગ્યા. તેઓ પોતાની વિધવા દીકરીના નાના સંતાનની વધુ સારસંભાળ લેવા લાગ્યા. થોડાં વર્ષ અગાઉ બીજી દીકરી પણ આવી જ કસોટીમાંથી પસાર થઈ હતી. તેને બે પુત્ર અને એક પુત્રી હતા. એક પુત્ર મૂગો અને બહેરોહતો એની યાદ આવતાં જ ઈશ્વરમ્માને ખૂબ જ વેદના થતી.તેમના હૃદયમાં ભયાનક ઝંઝાવાત લઈને તેઓ જીવતાં હતાં.

પણ જ્યારે સ્વામીની શાતાદાયક કૃપાથી લાભ પામતાસ્ત્રી પુરૂષોની શારીરિક અને માનસિક સ્થિતિનો વિચારતેઓ કરતાં ત્યારે તેમને લાગતું કે જીવન એક દુ: ખથી બીજા દુ: ખ સુધીની યાત્રા છે. નવજાત શિશુ આક્રન્દ કરે છે કારણ કે કોઈ તેને કહે છે કે તારે જીવનમાં અપાર દુ: ખ વેઠવાનું છે.જીવન નામે ઓળખાતી અવિરામ ટ્રેજેડીનો અંત મરણથીઆવે છે. જો કે તેઓ આવા વિચારોથી દુ: ખી બન્યાં નહતાં, તેઓ તો એમાંથી શક્તિ મેળવતાં અને વેદનાના ખારાપાણી ઉપર સ્વસ્થતાથી તરતાં હતાં. તેમણે હતાશા, વિષાદશોધી કાઢીને નિરાશ હૃદયો ઉપર અનુકંપાની વર્ષા કરવાનોનિર્ણય કર્યો. તેઓ પ્રશાંતિનિલયમ્ આવતી સ્ત્રીઓને પોતાનીસાદીસીધી, નિષ્ઠાપૂર્ણ રીતે આશ્વાસન, સલાહ આપતા,ઈશ્વરશ્રદ્ધા કેળવતા અને તેમનામાં આત્મવિશ્વાસ પ્રગટાવતાં.

ભાગ્યવશાત યુવા વયે વિધવા થયેલી અને જાણે તેમનુંદુર્ભાગ્ય ચેપી રોગ હોય એમ માનીને સમાજ દ્વારા અપમાનિતથતી સ્ત્રીઓ પ્રત્યે ઈશ્વરમાના હૃદયમાં દયાભાવ હતા. તેઓપતિઓ દ્વારા કાઢી મૂકાયેલી, એકલી અને લાચાર સ્ત્રીઓનેપણ

શોધી કાઢતા. આવી ઘણી સ્ત્રીઓને તેમના માતાપિતાઅને સ્વજનો લઈ આવતા જેથી તેઓ આઘાતમાંથી ઊગરીશકે અને જીવન નવેસરથી જીવી શકે. તેમને ખબર પડી કે ભૂતનોકે એવી કોઈ મેલી વિદ્યાને ભોગ બનેલી જે સ્ત્રીઓને પુટ્ટપર્થીલાવવામાં આવતી હતી તેમાંની મોટા ભાગની સ્ત્રી પ્રેમ અને મૃદુતા પ્રત્યે પ્રતિભાવ દાખવતી હતી. ઘણી દુર્ભાગી સ્ત્રીઓનાઉન્માદ અને આવેશાભરી ચીસો માતાના દયાળુ શબ્દો અનેઆશ્વાસન સાંભળીને શમી જતા હતા. તેમની આવી સ્થિતિનુંમૂળ કારણ તો તેમને નહીં પ્રાપ્ત થયેલ પ્રેમ હતો.

આ સ્ત્રીઓ ઉપર એમણે જે પ્રેમ વરસાવ્યો તે ઘવાયેલાઓને સ્વામી દ્વારા મળતું આશ્વાસન જોઈ પાંગર્યો. તેઓતેમના પર કરુણા વરસાવતા, તેમના કપાળે વિભૂતિની અર્ચાકરતા. તેઓ જ્યારે સાજી થતી અને ઘેર પાછી ફરતી ત્યારેસ્વામી તેમની બુદ્ધિ ભ્રમિત થયાનાં અને તેમની કટુતાતિરસ્કારનાં કારણો વર્ણવતા. તેમની વાતો સાંભળીનેઈશ્વરમાએ નિશ્ચય કર્યો કે તેઓ કોઈ પણ સ્ત્રીની ભૂલ કેદોષ બદલ તેને તિરસ્કારી નહીં કાઢે કારણ કે એ બધાનામૂળમાં ગેરવર્તાવ, ઉપેક્ષા, ત્રાસ અને ગરીબી છે.

દુ: ખી સ્ત્રીઓનીવધતી જતી સંખ્યા માટે માતા તેમનીપોતાની સગી માતા કરતા પણ વધારે ગરજ સારતા થયાં. ઝગમગતા મનવાળા ઈશ્વરમ્મા મિત્ર બન્યાં. સ્વામી દ્વારાબચાવાયેલી સ્ત્રીઓની વચ્ચે ઈશ્વરમ્માનો વિચાર કરતાં મનેરવીન્દ્રનાથની સ્ત્રી વિષયક કવિતા ટાંકવાનું મન થાય છે.

> સ્ત્રી, તને ધન્ય છે!
> તારે ઘર છે, ગૃહ કાર્ય છે
> એ બધાંની વચ્ચે તું નિર્મળનો આર્તનાદ
> સાંભળવાનો સમય ફાળવે છે.
> તું સેવાનું નૈવેદ્ય ધરે છે,
> તારો પ્રેમ સમર્પિત કરે છે,
> તારી ધીરજ અનન્ત છે,
> તેમની લાચારી તારી દયા યાચે છે.

ભક્તોએ તેમનામાં શક્તિ અને શાણપણને અખૂટ ઝરોજોયો. તેઓ વધુ ને વધુ તેમની પાસે જવા લાગ્યા અનેતેમને માતા તરીકે માનવા લાગ્યા; ઉત્સવો દરમિયાન,તહેવારોમાં તેમને આદરણીય કામગીરી સોંપતા થયા. સ્ત્રીઓતેમની આગળ ટોળે વળતી અને માર્ગ દર્શન કે આશીર્વાદમાટે પ્રાર્થ તી ત્યારે ઈશ્વરમાં તરત ને તરત હા પાડતા નહીં.પણ તેમને કયાં સુધી ના પાડી શકાય? તહેવારો દરમિયાનખાસ કરીને વરલક્ષ્મી (વરદાનો આપતી લક્ષ્મી) કે ગૌરી(શિવની પત્ની, ગણેશની માતા) ની પૂજા દરમિયાન જે જેસ્ત્રીઓને તેમની જરૂરિયાત હોય તે બધી સ્ત્રીઓ પાસેથીતેમને પ્રથમ પ્રણામ-અંજલિ સ્વીકારવા પડતાં. નવરાત્રિનાનવ દિવસ દરમિયાન પહેલા ત્રણે દિવસ તેમને દુર્ગા તરીકે,(માર્ગદરક, સુરક્ષા આપનાર અને સંતાનોને સલામત રાખનાર), બીજા ત્રણ દિવસ લક્ષ્મી (અન્ન, વસ્ત્ર, આશ્રય,પ્રતિષ્ઠા, સત્તા, કીર્તિ અપનાર) તરીકે અને છેલ્લા ત્રણ દિવસસરસ્વતી (શિક્ષણ અને મુક્તિ માટેની ઝંખના સિંચનાર,ભૌતિક કુશળતા અને નૈતિક ચારિત્ર્ય બક્ષનાર) તરીકેપૂજવામાં આવતાં.

આ દિવસો દરમિયાન સ્વામીશ્રી ભકતોને નિલયમનાપ્રાર્થનાખંડમાં સાંજ સવાર જગજનનીની પૂજા અને તેમની કીર્તિગાથા ગાતાં એક હજાર ને આઠ નામોનું સ્તવન કરવાબોલાવતા. ઈશ્વરમ્મા આ પ્રસંગે જગજનનીના પાર્થિવ પ્રતીકતરીકે પોતાની સ્થાપના કરાવવા સામે જોરશોરથી વિરોધવ્યક્ત કરતા.  સ્ત્રીઓ તેમને આગ્રહપૂર્વક આગલી હરોળમાંબેસાડવા જતી એટલે તેઓ ઉજવણીમાંથી પણ પોતાને મુક્તકરાવવા મથતા. તેઓ કોઈનું ધ્યાન ન ખેંચાય એ રીતેઆવીને વિધિ જોવા અને ચૂપચાપ જતા રહેવાનું વધારે પસંદ કરતા હતાં.

પણ ઝૂલા સંધ્યાએ તેમને લોકોની વિનંતીને માનઆપવું પડતું. સ્વામી નવરાત્રિ ઉત્સવની અંતિમ ઉજવણીઝૂલા પર દર્શન આપીને કરતા. સ્વામી ઝૂલા પર હોય ત્યારેસ્ત્રીઓ તેમની સમક્ષ ફળ, ફૂલ, મીઠાઈના ઢગલા ધરતી અનેદીવાઓની સુંદર ગોઠવણી સજાવતી. તેઓ ઝૂલા પરથી ઊતરેત્યારે તેમની આરતી ઉતારવામાં આવતી.એટલે જ્યારે સ્વામીકહે કે હવે હું ઊતરવા માગું છું અને કપુર જ્યોત તૈયાર રાખોત્યારે સ્ત્રીઓ તેમના માટે કપુરની આરતી ઉતારતી, અનેપરંપરાગત પ્રાર્થનાઓ ગાતી. તેઓ ઈશ્વરમ્માને શેધી લાવતાઅને પ્રથમ આરતી તેમની પાસે ઉતરાવતા,

તેમની દલીલો,વિરોધોને ગણકારતા નહીં. ઈશ્વરમ્મા કહ્યા કરે કે મારા કરતાંતે આ સ્ત્રી કે બીજી સ્ત્રી વધારે ભક્ત છે તો પણ કોઈએમની વાત સાંભળે નહીં.

દરેક હિંદુ બાળકનો જન્મ દિવસ ઘેર ઉજવાય ત્યારેકુટુંબના દેવદેવીને પ્રાર્થનાઓ થાય, મીઠાઈના ખાસ નૈવેદ્યધરાવવામાં આવે છે. બાળકને પૂર્વ દિશા તરફ મોં રખાવીપવિત્ર પાટિયા ઉપર બેસાડવામાં આવે છે. માતા બાળકના માથાપર તેલનાં થોડાં ટીપાં નાખે છે અને બીજાઓ પણ તેમ કરેછે. પછી બાળકને વિધિપૂર્વક સ્નાન કરાવવામાં આવે છે;નવાં કપડાં પહેરાવાય છે. તે બાળક વડીલોને પગે લાગે છેઅને પૂજાઘરમાં બેસે છે. માતાપિતા તેના દીર્ધાયુષ્ય, આરોગ્ય,પ્રગતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરે છે. પ્રશાંતિનિલયમનુંઉદ્ઘાટન ૧૯૫૦ માં સ્વામીના જન્મદિવસે થયું હતું. ત્યાં સુધી તો જન્મદિન અનૌપચારિક રીતે ઉજવતો હતો. સ્વામીતેમને ઘેર જતા, માતાપિતાને, તેમના પુત્ર પુત્રીઓને મળતા,તેમની સાથે ભોજન પણ લેતા હતા, માબાપ તેમનાગુચ્છાદાર વાળમાં તેલનાં બેચાર ટીપાં નાખતાં, પછી વિધિપૂર્વક સ્નાન લેતા અને કોઈ ભકતે તેમના ચરણો આગળધરેલા ઝભ્ભા-ધોતિયું સ્વીકારીને તેની ઈચ્છા પૂર્ણ કરતા.ત્યાં હાજર રહેલા બધા જ વરદાન અને આશીર્વાદ માટેસ્વામીની ચરણવંદના કરતા.

પ્રશાંતિનિલયમે તેમના વ્હાલા ભગવાનના જન્મદિનનીઉજવણી દબદબાભેર અને છતાં આત્મીય રીતે કરવા માટે ભકતોને પડકાર્યા, ૨૩ મી નવેમ્બરેની વહેલી સવારે મોટી વયની સ્ત્રીઓ એકઠીથતી. દરેકની થાળીમાં ફૂલ, ફળ, મીઠાઈ, શ્રીફળ, હળદર, કંકુ, ચોખા, નાગરવેલના પાન, સોપારી, ચંદન, ગોળ, કાચની બંગડીઓજેવી શુકનિયાળ વસ્તુઓ હોય. તેમની કેડમાં ચમકતા ઘડામાંપવિત્ર પાણી ભરીને રાખતા, ટળામાં એકાદની પાસે ચાંદીનીથાળીમાં રેશમી સાડી હોય. મોટી વયના થોડા પુરુષો પણપિતા માટે અબોટિયું લઈને આવતા, પછી તેઓ પુટ્ટપર્થીગામમાં ઢોલત્રાંસા વગાડનારાઓની પાછળ પાછળ જતા. તેઓજ્યારે રત્નાકરમ્ કુટુમ્બના ઘર આગળ આવતા ત્યારે તેઓકહેતા કે આજે ભગવાનને જન્મ દિવસ છે અને તેમનેપ્રશાંતિનિલયમ આવવા આમંત્રણ આપતા. કંઈક અસ્વસ્થતાનીઅને અનિચ્છાની લાગણી તેમના મોં પર દેખાતી, તેઓ મંચઉપર વીજળીના ઝળહળતા પ્રકાશમાં ઊભા રહેવાને બદલેએકલા રહેવાનું વધારે પસંદ

કરતા. આમ છતાં માતા અને પેદ્દાવેંકમ્મા રાજુ હજારો લોકોની ઇચ્છાને માન આપતા.સ્વામીએ આપેલી તક બદલ તેઓ કૃતજ્ઞતાનો ભાવ વ્યક્ત કરતા.

જ્યાં તેઓ સ્વામી પાસે જતા ત્યાં સમય અને સ્થળનુંભાન ભૂલી જતા. ઈશ્વરમ્મા સ્વામીના ચરણોમાં ફૂલ ધરતાઅને તેલમાં ગુલાબ બોળતા. તેઓ જ્યારે પુત્રના માથામાંતેલ નાખવા હાથ ઊંચો કરતા ત્યારે સ્વામી પોતાનું મસ્તકનમાવતા જેથી તેમના માથા સુધી માતાનો હાથ સરળતાથીપહોંચે. પિતા પણ આ પ્રમાણે કરતા, પછી જ્યારે બંન્નેમંચ ઉપરથી નીચે ઊતરતા ત્યારે ભક્તો મોટેથી હર્ષોલ્લાસવ્યકત કરતા. ત્યારે ઈશ્વરમ્માને હોલનો, ભીડનો નિલયમનોઅને ગામનો ખ્યાલ આવતો. તેમના માટે એ પળ અસ્વસ્થતાનીબની રહેતી. સ્વામીના ચરણોમાં ફૂલ ધરવા અને તેમનામાથામાં તેલ નાખવા તેઓ બીજા યુગલને જોઈને તેમનેતરત જ રાહત થતી. આ આનંદદાયક વિધિ માટે સ્વામીબીજા આઠેકની પસંદગી કરતા. તેઓ જુદા જુદા પ્રદેશોનાહોય, જુદી જુદી ભાષાઓ બોલતા હોય અને અચૂક રીતેવૃદ્ધ તથા શ્રદ્ધાળુ હોય. ઈશ્વરમા પ્રખ્યાતિ અને મહત્તાથીદૂર રહેતા અને ભકતોના ટોળામાં ખોવાઈ જવાનું પસંદકરતા પણ જન્મ દિવસે તો તેઓ જેનાથી ગભરાતાં હતાં તેમહત્વનો પાઠ તો અદા કરવો જ પડતો.

ભગવાનનાં પ્રવચનો દરમિયાન તેઓ થોડી વાર પ્રેક્ષકોનીવચ્ચે ઊભા રહેતા અને તેમના રૂપેરી અવાજની મોહિનીમંત્રમુગ્ધ બનીને સાંભળતા. જ્યારે તાળીઓના ગડગડાટ થાય ત્યારે આટલી બધી પ્રશંસા પ્રેરે એવું શું કહ્યું તેની તેમને નવાઈ થતી. પછી જ્યારે તેઓ નિવાસ સ્થાનેથી પસારથાય ત્યારે મને ખાનગીમાં પૂછે: “ સ્વામીએ આટલી બધીગંભીર વાત શાની કરી? આ બધા મંત્રો તેઓ ક્યાંથીલાવ્યા ?? મંત્રો એટલે સ્વામી વેદ, ઉપનિષદમાંથી જે સંસ્કૃતઅવતરણો ટાંકતા હતા તે. જ્યારે સનાતન સારથિ' માસિકનોઆરંભ થયો ત્યારે એ કયા લોકોને મોકલવામાં આવે છે તેજાણવાની તેમની જિજ્ઞાસા શમાવી શક્યા ન હતાં. મેં જ્યારેતેમને કહ્યું કે ભક્તો માત્ર એ માગતા નથી પણ ટપાલ દ્વારાઆવતા અંકોને સ્વામીની કૃપા તરીકે ઓળખાવી આદર આપેછે ત્યારે તેમને ખાસ આનંદ ન થયો. સત્યે નિશાળ બહુવહેલાં ત્યજી દીધી હતી એ વાત તેઓ ભૂલી શક્યા ન હતાં, અને હવે જ્યાં કોઈ જવાની હિંમત કરતું ન હતું ત્યાં જવાનુંસાહસ કરી રહ્યા હતા.

ઈશ્વરમ્માએ જોયું કે ડોકટરો અને વકીલો, સાધુઓઅને વેપારીઓ, રાજાઓ અને રાજ કુમારો પુટ્ટાપર્થી આવે છેઅને સ્વામી પાસે બેસે છે, પોતાના શંકા અને પ્રશ્નો સ્વામીઆગળ ધરીને તેના નિરાકરણ અને ઉપાયોની યાચના કરતાહતા. તેઓ તો માત્ર બોલચાલની તેલૂગુ ભાષા જ સમજીશકતાં હતાં પણ જ્યારે સ્વામીના ઉત્તરો ભકતો સાંભળતાંત્યારે તેમના ચહેરા પર રાહત અને આનંદના ભાવ જોતાત્યારે તેઓ આનંદ પામતા. સ્વામી જ્યારે ખાત્રી આપતા કેચિંતા ન કરતા. હું તમારી સાથે છુ..શા માટે ચિંતા કરો છો? હું ' તમારો છું ' ત્યારે તેઓને ખૂબ નવાઈ લાગતી. તેઓ ધણાબધાને વધારે પડતાં વચન આપતા હતા ત્યારે તેમને ખૂબડર લાગતો હતો, વર્ષો પછી તેમનો ભય દૂર થયો. તેમને એ ખબર ન હતી કે અવતારો સભાઓને સંબોધી શકે છે અને હલકી ધાતુઓને વાણીના કીમિયાથી સોનામાં પલટીશકે છે, રામ અને કૃષણ ગૃહસ્થ હતા, તેઓએ ઋષિઓ પાસેથી વિદ્યા મેળવી હતી. કૃષ્ણે બીજાઓને આજ્ઞા પાળીને બચીજવાનો ઉપદેશ આપ્યો હતો. રામને ધર્મ વિશે ઉપદેશઆપવાના સમય અને ઈચ્છા કશું ન હતાં. તેઓ માત્રજીવન જીવ્યા અને લોકોએ એમાંથી બોધ મેળવ્યો. ઈશ્વરમ્માને ડર હતો કે એકાદ દિવસ કોઈ વૃદ્ધ પંડિત આવશે અનેપોતાના પુત્રને ચૂપ કરી દેશે. તેમના હ્રદય ને નિરાંત મળતાંથોડાં વર્ષો વીત્યાં. એ દરમિયાન, બધી જાતિના, બધી જસંસ્કૃતિના લોકો આશા લઈને આવતા હતા અને તેમનીપોતાની ભાષાઓમાં- બોલીઓમાં આત્મીય ઉપદેશ સાંભળીનેશ્રદ્ધાપૂર્વક પાછા જતા હતા.

સ્વામીને પોતાની આંખો આગળ જોઇને માતાને આનંદથતો. તેઓ જ્યારે દૂરના ગામ કે શહેરોની મુલાકાત માટે પુટ્ટપાર્થિ છોડીને જતા ત્યારે માતા અસ્વસ્થ બની જતાં.તેમને ડર લાગતો કે તેઓ કાયમ માટે ત્યાં જ રહી જશેઅથવા ત્યાંથી બીજે કયાંક ચાલ્યા જશે. તેમના કાને વાતઆવી હતી કે દક્ષિણ ભારતના ગામડાંમાં નાસ્તિકતા અનેધર્મ પ્રત્યે અનાદરનો પવન ફૂંકાઈ રહ્યો છે. એક વખત વી. માંથી ભકતોના જૂથે આવીને સ્વામીને તેમની સાથે પોતાનેનગર આવવાની વિનંતી કરી ત્યારે એ મુલાકાતનો વિરોધકરવા તેમણે બનતા બધા પ્રયત્ન કર્યા.

શ્રીમતી સુશીલામ્માએ તેમના આવા પ્રયત્નો જોયા હતા. માતાની મનાઇની વાત તેમના જ શબ્દોમાં સાંભળીએ : એસ્થળની સાચી પરિસ્થિતિની તેમને જાણ નથી, તેમને ખબરહોય તો પણ સ્વામીનું કે તેમનું શું થશે એની ચિંતા નથી. નર્યું

ગાંડપણ છે. ઈશ્વરમ્માએ પ્રશાંતિનિલયમમાં દોટમૂકતા આ વાત કહી હતી. સ્વામી ભોજન ખંડમાં હતા, અને ટેબલ પર ભોજન વિધિ કરવાની તૈયારી કરતા હતા. તેવામાં ઈશ્વરમ્મા અદ્ધર શ્વાસે આવ્યા, તેઓ એકી સાથે બેત્રણ પગથિયાં ચડીને આવ્યાં હતાં. સ્વામીએ તેમના મિશનથી અજાણ બનીને પૂછયું:" શું છે? શું બન્યું? માતા બોલ્યા:" મેં કશા સમાચાર સાંભળ્યા છે. એ સાચા છે ? સ્વામીએ ઉત્તર આપ્યો:" પહેલાં તો તું કહે કે તેઓએતને શું કહ્યું છે ??

' તું ' જ્યાં સુધી બીજા કોઈ શહેરમાં નહિ જવાનું વચનનહી આપે ત્યાં સુધી હું બોલવાની નથી. તેમણે આગ્રહરાખ્યો. સ્વામીએ હસતાં હસતાં કહ્યું:" ચોવીસે કલાકઆ ઘરમાં કયાંથી પડી રહું? હું જ્યાંથી આવ્યો છું ત્યાંથીએટલા માટે આવ્યો કે હું દૂર દૂરના વિસ્તારોમાં જઈ શકું. " વાત એ નથી. આ લોકોની સાથે તેં વી. જવાની હા પાડીછે.' માતાએ પૂછયું. તેમના અવાજમાં ગભરાટ હતો. મનેવચન આપ કે તું એ સ્થળે નહીં જાય, બસ, મારે એટલુંજોઈએ છે. મારી વાત સાંભળ. મારી વિનંતી માન્ય રાખ, લોકો કહે છે કે એ સ્થળ દુષ્ટ છે, ક્રૂર છે. હું જ્યારે નાપાડું ત્યારે નહી જવાનું. તેમણે વિનંતી કરી. 'એટલાજ માટે મેં ત્યાં જવાની હા પાડી. ડોકટર બિમાર હોય તેનીમુલાકાત લે છે. જે લોકો ખૂબ જ માંદા હોય તેઓ ડોકટરનેનુકસાન કેવી રીતે પહોંચાડી શકે? હું એમને તિરસ્કારતોનથી. તેઓ મને તિરસ્કારશે નહીં. હું તેમના પર નારાજ નથી. તેઓ મારા પર નારાજ નહી થાય.' તેમણે ઉત્તરઆપ્યો. પણ માતાનો ભય નિર્મૂળ ન થયો. તેમણે આંસુસાર્યા ' અને માની સામે બરાબર જોઇને કહ્યું: ' બીજું તો હુંશું કહી શકું? બાંગારૂ! આ લોકોને જતા રહેવા કહે, આટલું વરદાન મને આપ. ' સ્વામી ઊભા થયા અને માતાનાબંન્ને હાથ પોતાના નાજુક હાથ વડે ઝાલ્યા. તેમનાં આંસુલૂછયાં અને એટલી મધુરતાથી બોલ્યા કે માતા રાહતઅનુભવતાં ત્યાંથી ચાલ્યાં ગયાં."

આમ છતાં તેમઓ પેલી મંડળીને મળ્યા અને સ્વામીનીપાસે જે કોઈ આવે તેનાથી સાવચેત રહેવા જણાવ્યું, બાબાજેટલા દિવસ દૂર રહ્યા તેટલા દિવસ તેમણે પ્રાર્થનામાંગાળ્યા; તેઓ જ્યારે પાછા આવ્યા ત્યારે માતા બારણે જઉભા હતા. સ્વામીએ તેમને જોઇને તરત પૂછ્યું '. ' ત્યાં શું બન્યું તે સાંભળવું છે? ત્યાંના બધા સાપની ઝેરી દાઢો મેંકાઢી નાખી. "

## ૧૩. નદી, રેતી અને સમુદ્ર

જુલાઈ ૧૯૫૭માં સ્વામી દિવ્ય જીવન સંઘના સ્વામી સચ્ચિદાનંદ સાથે હૃષિકેશ ગયા હતા. એ વર્ષના માર્ચ મહિનામાં વ્યંકટગિરિ ખાતે સચ્ચિદાનંદ સ્વામી મળ્યા ત્યાર પછી સ્વામી સાથે સંકળાયેલા જ રહ્યા. દિવ્ય જીવન સંઘનાપ્રમુખ હૃષિકેશની વન યુનિવર્સિટીના સંસ્થાપક અને કુલાધિપતિ પ્રખ્યાત સ્વામી શિવાનંદ હતા. ઈશ્વરમ્માએ આ સ્વામી વિશે અમારી પાસેથી માહિતી મેળવી, તેમના મઠના મોટી સંખ્યાના શિષ્યોની માહિતી પણ મેળવીઃ સ્વામીના વિદ્વત્તા અને વૈદકીય વિદ્યા વિશેના જ્ઞાનની વાત પણ સાંભળી. ઈશ્વરમ્માને કહેવામાં આવ્યું કે સ્વામી શિવાનંદની તબિયત સારી રહેતી નથી અને સ્વામી સચ્ચિદાનંદજી એટલા જ માટે સ્વામીને હૃષિકેશ લઈ જાય છે જેથી સ્વામીની દિવ્ય કૃપા વડે પોતાના વૃદ્ધ ગુરુ સાજા થઈ શકે.

ઈશ્વરમ્માએ ઘણા સંન્યાસીઓ અને આનંદો (વનમાં વસનારા) વિશે સાંભળેલું, તેમને જોયા હતા. તેઓ અજ્ઞાન અને નિર્દોષતાને લીધે માતા તરીકેના વાત્સલ્યમાંથી મુક્ત થઈ ન શક્યા, એમના જીવનમાં માતૃત્વ જ મહત્ત્વનું તો હતું. એટલે તેઓ ચિત્ર વિચિત્ર ભયથી પિડાવા લાગ્યા. પોતાની આસપાસ મોટી મોટી ઈમારતો ઊભી કરનારા સંન્યાસીઓની દ્રષ્ટિ બહુ મર્યાદિત હોય છે, જે લેકાએ શિષ્યો એકઠા કર્યા હોય છે તેમની ગુરુતા બહુ ઓછી હોય છે. જગત તો એક માત્ર છે પણ દરેક સાધુપોતે એક માત્ર જગતગુરુ હોવાનો દાવો કરે છે. પરિણામે વિવાદ, સંઘર્ષ, નિંદા, પગપેસારો, હકાલપટ્ટી, કાળો જાદુ, હુલ્લડ, યુદ્ધ, હિંસા જન્મે છે. ઈશ્વરમ્માને વસિષ્ઠ અને વિશ્વામિત્ર-બે મહાન ગુરુ વચ્ચેના મહાકાવ્યોમાં નિરૂપાયેલા ઝઘડાની યાદ આવી.

એટલે ઈશ્વરમાં ઉત્તર ભારતની યાત્રાનું મૂલ્ય સમજી ન શકયા. તેઓ મારી પાસે આવ્યાં અને બીજાઓ પાસે પણ ગયાં-કોઈ રીતે સ્વામી યાત્રાનો વિચાર માંડી વાળે છે. અમે જ્યારે તેમની આંખો ખોલવા કહ્યું કે સ્વામીને સંકલ્પ કોઈ કરતાં કોઇ બદલી ન શકે ત્યારે તેમણે અમને ' ત્યાંના ' આનંદોની કપટનીતિઓ સામે સાવધ રહેવા જણાવ્યું.

'હવે મને ખબર પડી કે સ્વામીએ તમારા વિશે કહેલી એક વાત કેવી રીતે શક્ય બની હશે, ' મેં " માતાને કહ્યું. તેમને પૂછયું;" કઈ વાત? ' કોટા ચેરુવુના મંદિરોત્સવ દરમિયાન રંગમંચ ઉપર ભજવાતા નાટકમાં સ્વામી નાયકનો પાઠ ભજવતા હતા. તે વખતે એમણે ન કરેલા અપરાધ માટે શિક્ષા ફરમાવવામાં આવી. તમારા સ્નેહને કારણે તમે રંગમચ ઉપર ધસી ગયા. તમે ભૂલી ગયાં કે હજારો લોકો જે જોઈ રહ્યા હતા તે નાટક હતું. ' ' હા, એ નાટક હતું'. હવે એ ભય સાચો છે. ' તેમણે દલીલ કરી, તેમને અપંગ બનાવી દે કે પછી ... ' હું તેમનો ભય દૂર કરવાઆ સાંભળીને હસી પડયો. ' અમે પવિત્ર ગંગા નદી પર જઈએ છીએ; સ્વામીને આમંત્રણ આપનાર મહાન ગુરુ પાસે જઈએ છીએ. હજારો ઉચ્ચ અમલદારો, ન્યાયમૂર્તિઓ, મેજિસ્ટ્રેટના માર્ગદર્શક છે. સ્વામી સચ્ચિદાનંદ પણ સાધુ બન્યા તે અગાઉ મદ્રાસ સરકારમાં અમલદાર હતા.

'પણ તમે જ્યાં હો ત્યાં સાવધ રહેવું વધારે સારું' તેમણે સલાહ આપી: ' રામ રાજા હતા. કૃષ્ણની માતા કંસરાજાની બહેન હતી. પણ અમે તો માત્ર ગરીબ ગ્રામજનો છીએ. સ્વામીને તો શાસ્ત્રોની ખબર નથી, હ્રષિકેશ તો ઋષિઓની ભૂમિ છે. ચિત્રાવતી તો વરસનો મટો ભાગ સૂકી રહે છે, ગંગા બારે મહિના જળ વાળી અને વેગથી વહેતી હોય છે. સ્વામીને ત્યાં શા માટે લઈ જાઓ છો? 'તેઓ હજુ વાતનો કેડો મૂક્તા ન હતા. સ્વામીએ કહેલ વાત ટાંકીને મારે વાતચીત બંધ કરવી પડી." માતા! સ્વામીએ તમને, મને અને આખા જગતને જે કહ્યું હતું તે યાદ કરો, જીવનનાં પ્રથમ સોળ વર્ષ લીલામાં જશે. એ તમે અનુભવ્યાં છે. બીજાં સોળ વર્ષ મહિમા, ચમત્કારોમાં જશે. આપણે એ પણ માણ્યા. હવે તેમની ઉમર બત્રીસની થવા આવી છે. એ વરસોમાં તેમણે પોતાની કઈ કામગીરીની વાત કહી છે? ઉપદેશ, શિક્ષણ દ્વારા જગતનું પરિવર્તન. એટલે હવે તેઓ હિમાલયના ઋષિઓને શીખવવા જાય છે. આપણે જોઈએ, અને અચરજ પામીએ, પ્રશંસીએ અને પૂજીએ."

સ્વામીની અનુપસ્થિતિમાં ત્રણ અઠવાડિયાં સુધી સ્વાભાવિક રીતે તેઓ ભારે ઉત્તેજનામાં રહ્યાં હતાં અને જ્યારે સ્વામી પરત આવ્યા ત્યારે પુટ્ટપર્થીમાં સૌ વધારે રાહત અને આનંદ તેમણે અનુભવ્યા હતા. સ્વામીના પિતાએ પણ

ઈશ્વરમ્માની વાત ના પાડીને તેમની ચિંતામાં ભાગ લેવાની નાપાડી હતી. સાંભળવાની ના પાડી હતી.

સ્વામીએ જ્યારે તેમની અદ્વિતીય વર્ણનશૈલીમાં હરદ્વારના ઘાટ, મથુરાના મોર, સતલજ ની હાઉસ બોટનું વર્ણન કર્યુંત્યારે ઈશ્વરમ્માને પણ સ્વામી બીજી વખત યાત્રા કરે ત્યારે એ ટુકડીમાં જોડાવા ઝંખવા લાગ્યા, ખાસ તો મહાકાવ્યોમાં નિરૂપિત સ્થળ કે મંદિરો દ્વારા પવિત્ર થયેલાં સ્થળની ઝંખના કરવા લાગ્યા. જન્મ શિવની કૃપાથી થયો હોવાને કારણે તેમનું નામ ઈશ્વરમ્મા પડયું છે એ વાત તેઓ ભૂલી શક્યા ન હતા. એટલે સાચા ભક્તોએ જીવતા અને પ્રવૃત્તિમય રાખેલાં મંદિરોના ભગવાનની પૂજા કરવાની જો તક મળે તો ગુમાવવી નહી એવું તેમને લાગ્યું.

સુરંદઈ ગામની મુલાકાત લઈને સ્વામી કૃપા વરસાવે એવી ભક્તોની માગ હતી એટલે સ્વામીએ પોતાની ઉપસ્થિતિનો લાભ તેમને આપવાનો નિશ્ચય કર્યો. તે વખતે તેમણે સૂચવ્યુંકે ઈશ્વરમ્મા ઘરની વહુઓ અને બીજી સ્ત્રી ભક્તો સાથે જોડાઈશકે. સ્વામી કોઈમ્બતુર (રત્નસભાપતિ-પેરુરનું મંદિર), ત્રિવેન્દ્રમ (પદ્મનાભ મંદિર), કોટલ્લમ ધોધ (પવિત્ર તામ્રપર્ણી નો)અને કન્યાકુમારી થઈને જવાના હતા. ઈશ્વરમ્મા મદ્રાસમાં મીલાપોર ખાતે પાર્થસારથિ મંદિરના આકાશને આંબતાગોપુરોથી આકર્ષાયા હતા. તેઓ વધુ મંદિરો જોવા માગતા હતા અને માનવીય મહત્ત્વાકાંક્ષાના આવા પ્રતિકો ઊભા કરવાની પ્રેરણા આપનારા દેવોની પૂજા કરવા માગતા હતા. ત્રિવેન્દ્રમમાં સ્વામી અને તેમની મંડળી સુરંદઈ ભાઈઓમાંના એકભાઈના સસરાને ત્યાં રહેવા, તેઓ કયાંક હેડમાસ્ટર હતા. ઈશ્વરમ્માને સ્ત્રીઓની મંડળી સાથે મજા પડી, કેપ આગળ ત્રણ સમુદ્રોના સંગમ પાસે તેમણે પગ ઝબકોળ્યા ત્યારે મદ્રાસથી પણ વધારે આનન્દ થયો. સમુદ્રની જ્યાં ગોદાવરી, કૃષ્ણા અને કાવેરીનાં પાણી મળતા હતા ત્યાંના સમુદ્રની વિશાળતા ધરાઈ ધરાઈને નિહાળી.

સ્વામીએ બહુ જલ્દી પશ્ચિમ કાંઠાની મુલાકાત પણ લીધી. વર્ષો જૂના ભકત, કેરલના, રાજપાલ ડો. બી. રામ કૃષ્ણરાવને ખબર પડી કે સ્વામી આવ્યા છે અને પોતે જયાં રહે છે એ જ શહેરમાં ત્રણ દિવસથી છે અને ખબર પણ પડવા

દીધી નથી. રાજયપાલે પોતાના ગુરુની હાજરીનો ખ્યાલ ન આવવા બદલ પોતાને દોષ દીધો, અને થયેલી ભૂલ સુધારી લેવાની તક ઈચ્છી. આ વખતે સ્વામી ઈશ્વરમ્માં તથા કાર ભરીને ભક્તો ને લઈને આવ્યા. સ્વામી આટલી મોટી સંખ્યામાં રાજ ભવન ખાતે ઉતરવા તૈયાર ન થયા, પોતાની સાથે રાજા રેડ્ડી ને અને મને જ રાખ્યા. આમછતાં રાજયપાલની પત્નીએ ઈશ્વરમ્માને ત્યાં રાખવાનો આગ્રહ કર્યો જેથી તેઓ તેમની સરભરા કરી શકે એટલે સ્વામીએ નમતું જોખ્યું, પણ ઈશ્વરમ્મા પર ખાસ ધ્યાન અપાય એ પરિસ્થિતિથી દૂર રહ્યા. તેઓ હંમેશા સ્ત્રીભક્તોના જૂથમાંજ ભળી જવા માગતા હતા, એ ભકતો ઈશ્વરમ્માની પ્રતિષ્ઠા પ્રત્યેની ભીતિને આદર આપતા હતા. ઈશ્વરમ્મા હંમેશા ઇશ્વરને જન્મ આપનાર માતા પ્રત્યે જોરશોરથી ભક્તિભાવ દાખવે એ સ્થિતિથી પણ દૂર રહેવા માગતા હતા. એટલે તેઓ આ ભવ્યતાથી દૂર રહ્યા અને એ પ્રસંગે હેડમાસ્તરને ત્યાંજ રહ્યાં. તેમનું ઘર પદ્મનાભ સ્વામીના મંદિરની પાસેની શેરીમાં જ હતું.

આ નમ્રતા એ કોઈ દેખાવ ન હતો. તેઓ કેમેરા સામે ખૂબ જ શરમાળ હતા અને ફોટો લેવાય તેની સામે હંમેશા રકઝક કરતા હતા. આ દેખાવ કરવા માટેની તીવ્રતા ન હતી, એ સદ્દગુણ તરફ બધાનું ધ્યાન એ રીતે ખેંચવાનો આશય ન હતો. અભિમાની ન હોવાનું ધણા અભિમાન લે છે, તેઓપ્રશસ્તિ સામે વાંધો ઉઠાવે છે પણ જો પ્રશસ્તિ ન મળે તો દુ: ખી થાય છે. પણ ઈશ્વરમ્માનો સ્વભાવ જ આવી પ્રતિષ્ઠાને પ્રતિકૂળ હતો. તેઓ નાનકડા ગામમાં ઊછર્યા હતા, અને સ્ત્રીઓની પ્રવૃત્તિઓનાં વિસ્તારોની તેમના પૂર્વજોએ આંકેલી સીમામર્યાદા જાળવીને રહેતાં હતાં. નિયતિએ તેમના આંગણે સેંકડો ભાષાઓની, બધી જ ન્યાતજાતની, બધા જ વર્ગ સંપ્રદાયની સ્ત્રીઓને આણી હતી. તેઓ એ બધીને આવવા દેતાં અને તેઓને ખેલવા દેતાં. પણ તેમના શબ્દોનો શો અર્થ થાય છે તે જાણવાની ભાગ્યે જ જિજ્ઞાસા દાખવતા. તેમણે પોતે કબૂલ્યું છે: “ જે ઇચ્છાઓ પાર પડી ન શકે, જે પ્રશ્નો તમે ઉકેલી ન શકો તેની ચિંતા શા માટે કરવી? મુલાકાતીઓને ગેરમાર્ગે દોરવા માગતા ન હતાં-પોતાને જેમનામાં રસ છે તેવાઓને માટે સ્વામીની કૃપા મેળવી આપશે, સ્વામીની મુલાકાત કરાવી આપશે એવી વાતો તેઓ કોઈને કરતા ન હતાં. સ્વામી ની કૃપા મેળવવા ઝંખતાં લાખો લોકો છે અને એવા લોકોમાં તેઓ પણ એક છે એ વાત તેઓ જાણતા હતા.

તેમને પોતાના પતિ માટે ખૂબ જ આદરભાવ હતો. પણ એને કારણે પરસ્પર અંતર રાખવાનું, વાતચીત નહી કરવાની, એક જ બેઠક પર કે એક જ ઓરડામાં સાથે નહીં બેસવાનું-આવાં આચાર પાળવા પડતા. પેદ્દા વેંકમ્મા રાજુ આવે ત્યારે તેઓ અંદરના ઓરડાઓમાં સરકી જાય અને વાતચીતની બધી તક જતી કરે. પણ સ્વામીના જન્મ દિવસે કર્તવ્યના ભાગ રૂપે તેમણે ભક્તોની યાતના માનવી પડતી, માતાપિતા તરીકે પોતાનું સન્માન થવા દેવું પડતું અને નિલયમ સુધીની યાત્રામાં જોડાવું પડતું. બદ્રીનાથ અને બનારસમાં પ્રાચીન શાસ્ત્રકારોએ સૂચવ્યા મુજબ પતિપત્નીને સાથે બેસીને પવિત્ર મૂર્તિઓની પૂજા કરવી પડી.વાસ્તવમાં પત્નીની ગેરહાજરીથી પૂજાનું ફળ પણ પ્રાપ્ત ન થાય. પુરુષ દ્વારા અપાતી પ્રત્યેક ભેટ સ્ત્રીની માન્યતા સહિતની હોવી જોઈએ. પુરુષ હાથમાં સિકકા પકડી રાખે અને સ્ત્રી તેના પર થોડું પાણી છાંટે પછી જ તે સિકકાઓનું દાન દઈ શકાય. રામે તો સીતાને વનમાં મોકલી દીધી હતી, પાછી બોલાવાય એમ ન હતી. એટલે જ્યારે વૈદિક યજ્ઞ કરવાનો આવ્યો ત્યારે પોતાની પડખે સુવર્ણ ની સીતાપ્રતિમા રાખવી પડી અને ત્યારે જ પુરોહિતોને અને શાસ્ત્રોને પ્રસન્ન કરી શકાયા.

આ અને આવા પ્રસંગોએ ઈશ્વરમ્મા આદર્શ હિંદુ સ્ત્રી હતાં. મને એક પાછળથી બનેલ ઘટના વર્ણવવા દો. સ્વામી અને ભક્તો બનારસ જવા જે દિવસે લખનૌથી રવાના થયા ત્યારે રાજ્યપાલના સેક્રેટરીએ કારની સવારી માટે પ્રોટોકોલ તૈયાર કર્યો. પાઈલોટ કાર, પછી સ્વામી અને રાજ્યપાલની કાર, પોલિસ કાર, માતાપિતાવાળી રોલ્સ રોય, સેક્રેટરીની કાર અને સનાતન સારથિના તંત્રીની કાર, પણ, ઇશ્વરમ્માએ તો આ વિશિષ્ટસન્માનની ના પાડી. તેઓ પોતાની કારમાં સ્ત્રી ભક્તોને રાખવા માંગતાં હતાં જેથી તેઓ તેમની સમક્ષ હસી મજાક કરી શકે. રંગબેરગી પ્રસંગો વર્ણવી શકે.

તેમણે બીજાઓની હાજરીમાં સ્વામીના ચમત્કારો જોયા હતા પણ તેમને પ્રતિભાવ આશ્ચર્યનો નહીં પણ ચિંતાનો હતો. તેમની દૃષ્ટિએ તે એક ચમત્કાર પછી બીજો ચમત્કાર હોવાનો જ, એનાથી આકર્ષાયેલા લોકો બીજાનીમાંગણી કરવાના. માને ડર હતો કે પ્રત્યેક ચમત્કાર સ્વામીની આધ્યાત્મિક શક્તિનો ક્ષય કરે છે. નગરના કેટલાક લોકોએતેમને ખાનગીમાં કહ્યું હતું કે સ્વામી બહુ ઝડપથી આ

શક્તિનો ઉપયોગ કરે છે એટલે તે શકિત હવે લાંબું ટકવાની નથી. તેમણે આ વિશે સ્વામીને એક-બે વખત કહેવાની હિંમત પણ કરી હતી પણ તેમને ઉત્તર મળ્યો: " ઓહ! મારે દરેકને સુખી કરવાના છે, હું આ માટે આવ્યો છું; ગરીબોને અને દુ: ખી લોકોને આનંદ ધામમાં લઈ જવા. તેમનો આનંદ એ જ મને ટકાવનાર અન્ન છે, અન્ન! રાતદિવસ, સવાર-સાંજના ભોજન દરમિયાન, જ્યારે જ્યારે વિચાર કરતા ત્યારે ઈશ્વરમ્મા સમક્ષ આ પ્રશ્ન આવતા-બીજાઓનો આનંદ તેમને માટે ભોજન બની કેવી રીતે શકે? મદ્રાસ, બેંગ્લોર અને હૈદ્રાબાદની છ સાત સ્ત્રી ભકતો અને તેમની દીકરીઓ એ ઓરડામાં ટેબલ આગળ બેઠી હતી. તેઓ જે ભાજન લેતા હતા તે જોઈને કોઈને આનંદ થતો ન હતો. તેઓ બહુ ઓછું ખાતા હતા. બહુ ઓછું માણી શકતા હતા. તેમણે બાજુ પર ધણું બધું મૂકયું. તેમને કોઈ ખાસ પસંદગી ન હતી, તેમને ખાસ ભૂખ લાગતી ન હતી, કાઈ સ્વાદ સંતોષવાનો ન હતો, કોઈ ભૂખ શમાવવાની ન હતી, કોઈ સમયફાજલ પાડવા માટે હતો નહીં. આ આનંદહીન વાતાવરણમાંથી તેમને પોષણ મળે કેવી રીતે? તેમણે પ્રાર્થના કરી, વિરોધ કર્યો, આગ્રહ રાખ્યો-પણું કશું વળ્યું નહી ': તેમની હઠ સંતોષવા એક કોળિયો લીધો અને તેઓ ઊભા થઈને ચાલતા થયા.

આ અવતારના લક્ષણ સાથે મેળ ખવડાવતા ઈશ્વરમ્માને ખાસ્સો સમય લાગ્યો. તેઓ જ્યારે જ્યારે સમય ફાળવી શકતા હોય ત્યારે યજમાનના રસોડામાં જઈને સ્વામી માટેનીરસોઈની વાનગીઓ સૂચવતા. જો વાનગી તેલુગુ હશે, ખાસ તો પુટ્ટાપર્થિની આસપાસની રાયલ સીમાની વાનગી હશે તો સ્વામીને વધુ ગમશે એવું તે માનતા હતા. એક વખત સ્વામી નવાનગરના રાજમાતા સાથે જામનગરમાં હતા. ઈશ્વરમ્માને ડર લાગ્યો કે પોતાના પુત્રને ગુજરાતી રસોઈ અનુકુળ નહીઆવે. તેઓ રાજમહેલના રસોડામાં ઘૂસી ગયા અને' ચાર ' (બાફેલા કઠોળનો સૂપ) બનાવવાની સંમતિ મેળવી. અમે જ્યારે ભોજન લેવા બેઠા ત્યારે સ્વામી ટેબલ પર હતા, તેમની સામે ડાબી બાજુએ જમણી બાજુએ સ્ત્રી પુરુષો બેઠા હતા. હું તેમને માતા સાથે વાત કરતા સાંભળી ગયો, મને ગમી. કપ ભરીને લીધી.' મને સમજ પડી એટલે સ્વામીએ ફોડ પાડયો, તેને એમ લાગ્યું કે તે ગુજરાતી રસોઇ નહીં ભાવે એટલે તે જાતે પુટ્ટાપર્થિ ચાર મારા માટે બનાવી !'

માતા સદા ચિંતા કર્યા કરતા. તેમની આંખે હંમેશા તેમના ટેબલ પરની વાનગીઓમાંથી કેટલું ચાખ્યું તેના પર રહેતી, તેમણે પોતે લાદેલા સંયમને કારણે તેમની તબિયત કેવી રહે છે એ જોવા માતા સદા આતુર રહેતા. આર્નોલ્ડ શૂલમાન ‘ સાઈ બાબા'માં જણાવે છે કે એક વખત ઈશ્વરમ્માએ કોઇ હાજર ન હતું તો પણ ફરિયાદ કરી કે આટલું બધું સતત કામ કરે છે પણ સ્વામી પૂરતું ભોજન કરતા નથી. તેમના શબ્દો ડૉ. જયલક્ષ્મીએ અનુદિત કરી બતાવ્યા. તેમને રસોઈ ગમતી નથી. નાનો હતો ત્યારે ભોજન બહુ ગમતું હતું, હું તેને રાંધીને ખવડાવતી હતી. પણહવે મારા હાથની રસોઈની તેમને દરકાર નથી. તે તો એમ જ કહે છે કે તારે હવે આરામ કરવાનો, શાંત રહેવાનું અને આવી બાબતોની ચિંતા નહી કરવી. ૧૯૭૦ માં શૂલમાન જ્યારે પ્રશાંતિનિલયમમાં હતા ત્યારે ભગવાન ચુંમાલીસવર્ષના હતા.

ઘરમાં ગમે તેટલું કામ હશે તો પણ સ્વામી જ્યારે જયારે બહાર જશે ત્યારે પોતે સાથે જશે એવી મનોમન પ્રતિજ્ઞા ઈશ્વરમ્માએ કરી હતી. તેઓ જો ઉત્તર ભારત જશે તો એમની સાથે જઈશ જ, એ તક મળતાં ત્રણ વર્ષ લાગ્યાં. ૧૯૬૦ માં સ્વામી થોડા દિવસ ડો. બાલકૃષ્ણ રાવને ત્યાં ગાળવા તૈયાર થયા હતા. ડો. રાવ ત્રિવેન્દ્રમ્ છોડીને ઉત્તરપ્રદેશના રાજ્યપાલ તરીકે લખનૌ ગયા હતા. રાજ્યપાલનાં પત્ની પોતાને સાથીઓની વચ્ચે ખાસ માનપાન, પ્રતિષ્ઠા, ધ્યાન મેળવ્યા વિના છૂટથી ફરવા દેશે એ જાણીને ઈશ્વરમ્માને ખૂબ આનંદ થયો. એ મુસાફરી પાછી અયોધ્યા, કાશી, પ્રયાગની હતી, સ્વામી સાથે જનારા વીસેક ભકતોની મંડળીમાં સ્વામીના પિતા ’ પણ હતા.

આ યાત્રાએ તેમને મહાકાવ્યોમાં વર્ણવાયેલી સરયૂ યમુના ગંગામાં સ્નાન કરવાની તક આપી. માતા તો કૃતકૃત્ય થઈ ગયાં. તેમણે અયોધ્યામાં, રામાયણમાં ડૂબકી મારી, રામે પોતાના અવતારને અંતે ચૂપચાપ સરયૂ ના પાણીમાં પ્રવેશ કરી પોતે જે દિવ્ય ધામમાંથી આવ્યા હતા ત્યાં પાછા ગયા હતા એ યાદ આવતાં તેમના હૃદયને તીવ્ર આધાત લાગ્યો. યમુના તો તેમને માટે કૃષ્ણુની ચિત્રાવતી હતી. માતાપિતા ગંગાજળ લઈને કાશીના વિશ્વનાથ મંદિરમાં ગયા અને ભગવાનની તથા વેદમંત્રો ઉચ્ચારતા પુરોહિતોની હાજરીમાં એ જળનો

અભિષેક તેમણે કરાવ્યો. સ્વામીએ પછી વર્તુળાકાર રત્ન પેદા કર્યું', લિંગને તે વધુ ઓપ આપ્યો અને પરમાત્માનું તેજ વિસ્તાર્યું.

સદ્ભાગ્ય પણ દુર્ભાગ્યની જેમ એકલું આવતું નથી. એક વખત સ્વામીની કૃપા સાંપડે એટલે અવારનવાર એ ભાગ્ય સાંપડયા જ કરે છે. ૧૯૬૧ ના જૂનમાં માતાને સ્વામી સાથે ઉત્તર પ્રદેશની યાત્રાએ જવાની બીજી તક મળી. તે બદ્રીનાથની યાત્રા હતી. હિમાલય વિસ્તારની બધી યાત્રાઓમાંનીસૌથી વધુ ફળદાયી અને બધાને જે યાત્રા કરવાનું મન થાય એવી યાત્રા હતી. મંડળીમાંથી અનેક નામોની ભયંકર કાપકૂપી કરીને સ્વામીએ છેવટે તો સ્ત્રીપુરુષોને પોતાની સાથે આવવા દીધા, જેથી તેઓ યાત્રા દરમિયાન સ્વામીની ઉપસ્થિતિનો લાભ લઈ શકે.

તેઓ મદ્રાસથી દિલ્હી સુધી ગ્રાન્ડ ટ્રંક એકસપ્રેસમાં બેસીને ગયા. ત્યાંથી હરિદ્વાર બસમાં ગયા. ત્યાં રાજ્યપાલ અને બીજા પચાસની ટુકડી તેમની સાથે જોડાઈ. પછી ભકતો વધુ સાંકડી બસમાં બેસીને હિમાલયની નદીકાંઠાની કરાડો પરથી અસ્વસ્થ કરી મૂકતી સડકે પરથી ચાલી નીકળ્યા.મેદાન પર આવતા શ્રીનગરમાં પહેલો મુકામ હતો. એ વિસ્તારના આદિવાસી લોકો ડુંગરોની ધાર ચડીને, ઢોળાવો ઊતરીને ભગવાનના દર્શન કરવા માટે આવ્યા. તેમનો આનંદ માતો ન હતો, પગ દુ: ખી ગયા ત્યાં સુધી તેમણે ગીત નૃત્ય કર્યે રાખ્યા. પુટ્ટપર્થિમાં 'લમ્બારી' જૂથના જેવું આ લાગ્યું, ઈશ્વરમ્માએ મને ધીમેથી કહ્યું:: ' માત્ર આ લોકો નાના બાળકોની જેમ હસતા, એકબીજાની મશ્કરી ઉડાડતા નાચે છે.'

ઉતાવળા ભોજન પછી તરત જ અમે બીજે દિવસે સવારે બસમાં બેઠા. ઋષિકેશથી જતો રસ્તો આમ તેમ અમળાતો હતો એટલે બસો કૂદતી હતી, આમ તેમ ડોલતી હતી, અમનેઅસ્વસ્થ કરતી હતી. પહેલા જ ધડાકે થોડાક તો માંદા પડી ગયા. પિતા અવારનવાર ઊલટી કરતા હતા, કારણ કે બસ ખૂબ વળાંક લેતી હતી, શ્રીનગર ખાતે આખી રાત તેમને વધારે તાવ રહ્યો. બીજે દિવસે સવારે અમે સો જણ બસમાં બેસવાને વીંટળાઈ વળ્યા ત્યારે જણાવવામાં આવ્યું કે તેઓ ગંભીર છે અને ડૉકટરોને જોખમ લાગ્યું છે. માતા તો અપવાદરૂપ હિંમતબાજ હતા. ' સ્વામીએ આપણ ને હરિદ્વારમાં કહ્યું ન હતું કે આપણે નારાયણને મળવા સાચા

નારાયણને લઇનેજઈએ છીએ. તેઓ આવશે એટલે એ તો સારા થઈ જશે અને ચાલશે.' આ માહિતી મળી ત્યારે સ્વામી સ્નાન લેતા હતા. તેઓ નિરાંતે ચિંતા વિના આવ્યા. બિમાર પિતાની જોડે બેઠા, નાડી પર હાથ મૂક્યો અને કહ્યું: " વાંધો નથી. તમે ખોટા ગભરાઇ ગયા. જાઓ, બસમાં બેસી જાઓ ' અમે તેમની આજ્ઞા માની. પિતા મારી જમણી બાજુ આખો વખત બેઠા રહ્યા, સ્વામીએ આશીર્વાદ આપ્યા એટલે બસો ચાલી. સ્વામી રૂપી નારાયણ માં માતાની શ્રદ્ધા અવિચળ હતી.

જોશી મઠથી મંડળી કાં તો પગે ચાલીને કાં તો ઘોડા પર કાં તે ચાર પહાડી માણસો ઊંચકીને લઈ જાય તે ડોલીમાં બેસીને જઈ શકે. બીજાઓની જેમ માતાએ પણ જાડું ગરમ સ્વેટર અને ગળાની આસપાસ મફલર વીંટાળ્યા હતા. ગોગલ્સ પહેર્યા હતા જેથી બરફ પર પડતાં સૂર્યકિરણોથી આંખો અંજાય નહીં; આંખોને ઈજા ન થાય. ડાબી બાજુએ ઢોળાવ અને જમણી બાજુએ સાંકડી ખીણ-એ બેની વચ્ચે સાંકડી પટ્ટીમાંથી સાચવી સાચવીને રસ્તો કરવાનો. સ્વામી અને રાજ્યપાલ પગે ચાલીને પોતાની પાછળ લગભગ સિત્તેરેક જેટલા કૃતનિશ્ચયી પગપાળાઓને દોરતા હતા, તેમની પાછળ ઘોડાઓ, ડોલીઓઅને ખુરશીઓ ઉપર ભયભીત સવારો આવતા હતા.

ઈશ્વરમ્મા કોઈ પહાડીની પીઠ પર ખુરશીની ટોપલીમાં બેઠા હતા, આવી રીતે બેઠેલા લોકો નિરાંત અને સગવડ અનુભવતા હતા એ જોઈને તેમણે આ પસંદ કર્યું હતું. પણ એક બાજુએ ભયાનક જોખમ અને બીજી બાજુએ આવી પડનારી દુર્ઘટના જોઇ-સાથે જ પરસેવે રેબઝેબ પહાડી જોયો ત્યારે તેમણે પોતાની સગવડ બદલવાનો વિચાર આવ્યો. તેમણેતેલુગુમાં ટોપલી પસંદ કરવા બદલ પસ્તાવો કરવા માંડ્યો અને શેરપા તે મૂગોમંતર થઈને ઊભો રહી ગયો, તેને ડર હતો કે હવે થોડા પૈસા આપીને એને રવાના કરી દેશે. પણ માતાએ આગ્રહ રાખ્યો કે જાણે મંદિરના પગથિયે આણી દીધી છે એમ માનીને જ પૂરેપૂરા પૈસા ચૂકવવા. પેલાએ છુટકારાનો દમ લીધો અને વધુ માગ્યા, સાડીની છેડેની ગાંઠ છોડીને માતાએ તેના હાથમાં રૂપિયો મૂકયો. પછી પ્રમાણમાં વધારે સગવડવાળી ડોલી લાવવામાં આવી અને બે પહાડી માણસોએ કાવડની જેમ ખભે ઊંચકી લીધી. તેઓ ગીત ગણગણતા ચાલી નીકળ્યા.

અમે જ્યારે બદ્રીનાથ પહોંચ્યા ત્યારે માતા માટે અને અમારા માટે એ તો પરીઓનો મુલક હતો. ઊંચાં શિખરો ઉપર બરફ હતો, પાસેના ખડકો ઉપર પણ બરફ હતો. એ સ્થળ એટલું બધે ઊંચે હતું કે ત્યાં ભાત ચઢતો ન હતો. દરેક વ્યક્તિ ભગવાનની પ્રાર્થના કરતી હતી! થરથર ધ્રૂજતાં ધ્રૂજતાં. ભારે પવન! ધસમસતો, ગરજતો પ્રવાહ! પાસે જ ભેખડની તિરાડમાંથી ગરમ પાણીનો ઝરો. મંદિરમાં મૂર્તિની પાસે કલાકો સુધી માતા બેઠાં, તેમની આસપાસ નાની મંડળીહતી, તેઓ જે અક્ષુણ્ણ ભવ્યતાના જગતમાં આવી ચઢયા તે પ્રત્યે આશ્ચર્ય વ્યક્ત કરતાં હતાં.

બદ્રીનાથના પવિત્ર મંદિરમાં નારાયણની પથ્થરની મૂર્તિ હેઠળથી સ્વામીએ લિંગ કાઢયું: ‘ આની ભેટ શિવે કૈલાસ ખાતે શંકરાચાર્ય ને આપી હતી. નારાયણની સ્થાપના કરતાં પહેલાં શંકરાચાર્યે લિંગની સ્થાપના કરી હતી. સ્વામીએ તેમને કહ્યું. તેમણે નિર્દોષ બનીને પૂછયું ': તે શા માટે અત્યારે બહાર કાઢયું?” આશીર્વાદ આપવાની પ્રાર્થનાઓનો પ્રત્યુત્તર આપવાની, વરદાન આપવાની શક્તિઓ તેમાં સિંચવા માટે.”

ઈશ્વરમ્મા સ્ત્રીઓની વચ્ચે બેઠા હતાં, એટલે તેમની સમજુતી તેમને સંબોધીને અપાતી હતી. આ રહસ્યપૂર્ણ વિધિની પ્રક્રિયાનાં સોપાનો સમજાવવામાં સ્વામીએ મદદ કરી. આ લિંગ મૂર્તિના પાયામાંથી કાઢવામાં આવ્યું છે. મેં સર્જેલ. આ ચાંદીના પાત્રમાં જે પવિત્ર જળ છે તે ગંગાના મૂળમાંથી. પ્રગટેલું જ પાણી છે. આ સોનેરી બીલીપત્રો લિંગપૂજા માટે સૂચવાયા છે. સ્વામીએ હાથ હલાવતાં આ વાત કહી. એ દરમિયાન અમારામાંના બ્રાહ્મણ પંડિતો લિંગ સ્વરૂપે દેખાતા શંકર ભગવાનની સ્તુતિ વેદમંત્રોથી કરવા લાગ્યા. એક જણ હાથ જોડીને ઊભો રહયો: “સ્વામી થુમ્મ પુષ્પ!” “ હા! તે હિમાલયની ખીણોમાં કે ઢોળાવો પર ઊગતાં નથી. ઊગે છે? લો, આ રહયાં.' તેમણે હાથ ઘુમાવ્યો અને વિચિત્ર લાગે પણ થોડા તાજા ', ઝાકળથી ભીનાં થુમ્મ પુષ્પ તેમના વતનમાંથી આવી ચઢયાં. સ્વામીએ લિંગની આસપાસનાં સોનેરીપર્ણોના ઝૂમખા ઉપર મૂકયા. પછી સ્વામીએ કહ્યું. એ પૂરૂં થયું. શિવશકિતથી અંકિત થઈ ગયું. હવે એ પાછું જશે.” એટલે પછી લિંગ અદશ્ય થઈ ગયું.

બીજે દિવસે બ્રહ્મકપાલ (લીસા પથ્થરનો પહોળો ગોળાકાર ભાગ) નામના પવિત્ર સ્થળે આવી પહોંચ્યા. ઈશ્વરમ્માં અને પેદ્દા વેંકમ્મા રાજુએ એક પુષ્કળ રાહત આપનારી વિધિ કરી, તેનાથી પૂર્વજોના ઋણમાંથી છુટકારો મળતો હતો. અમારા હાથમાં ચોખા અને તલ તૈયાર હતા. એ ત્રેવડા પવિત્ર સ્થળે મંદિરના મુખ્ય પૂજારીએ નારાયણને ધરાવેલા નૈવેદ્યમાંથી થોડો ભાગ અમારે ત્યાં ધરાવાનો હતો. તમારે માનવું હોય તો માનો પણ મરણ પામનારાઓ એ પ્રસાદથી કાયમ માટે ક્ષુધામુક્ત થવાના હતા. તેઓ આશીર્વાદ પામ્યા. કારણ કે મંત્રો દ્વારા બોલાવવામાં આવતા આત્માઓની આગળ વિધિ પૂર્વક જે પ્રસાદ ધરાવ્યો તેને અમારા હાથમાં મુખ્ય પૂજારી એ નહી પણ નારાયણે-ભગવાન શ્રી સત્ય સાઈના વેશે આવેલા નારાયણે મૂકયો હતો.

હજારો વર્ષોથી લાખો લોકે એવું માને છે કે આ વૈદિક વિધિ બ્રહ્મ કપાલ આગળ થતો હતો અને એક વાર મૃતજનોને આ પવિત્ર ભોજન આપો પછી તેમને માટે કશું કરવાનું રહેતું નથી, કારણ કે હવે તેઓ મન અને મંત્રની સીમાઓ પાર પરમ આનંદના અનંત ધામમાં પહોંચી ગયા. આ પવિત્ર પ્રસાદ ભગવાનના સ્પર્શે રહસ્યમય શક્તિ ધરાવતો થયો હતો, તે માત્ર આપણા પ્રિયજનોને જ વહેંચાયો ન હતો. પરંપરા અને કરુણા તો એમ કહે છે કે નામ દઈને જે પૂર્વજોને આપણે બોલાવીએ છીએ તે ઉપરાંત ભાઈઓ, સાથીઓ, નિશાળના ભેરુંઓ અને શિક્ષકો, પાળેલા અને માનીતા,માલિકો અને નોકરો, મિત્રો અને દુશ્મનો પણ અલકનંદાના પવિત્ર કાંઠે બ્રહ્મ સ્થળે અપાતી દિવ્ય ભેટમાં ભાગીદાર બને.

તે દિવસ તે ઈશ્વરમ્માનો ધન્ય દિવસ હતો. હૃદયસ્પર્શી વિધિમાં તેમના વિચાર વર્ષો સુધી પરોવાયેલા રહ્યા. હિમાલયનાં શિખરોમાં ગાળેલી આ સમાધિસ્થ પળોની સાક્ષીસ્ત્રીઓને ફરી મળી તેમને રાહત થતી.

તેઓ બદ્રીનાથથી પાછા ફર્યા તેના ચાર માસ પછી ભારતના બધા જે પ્રદેશોમાંથી (ઉ. પ્ર. સહિત) વેદ પંડિતો પુટ્ટાપર્થિ આવી ચઢ્યા એનાથી માતાને કેટલું બધું આશ્ચર્ય થયું હશે તેનો વિચાર કરો. સ્વામીની દ્રઢ ઈચ્છાથી તેઓ યજ્ઞ કરવાના હતા. દૂરદૂરના ઝાંખા ભૂતકાળમાં જે આકરાનિયમો નિર્દેશ્યા હતા તેને

ચુસ્તપણે વળગીને તેઓ વિધિ ફરવાના હતા. પંડિતોએ અમૂલ્ય દિવ્ય શાસ્ત્રોના સાક્ષાત પ્રેરણાદાતા એવા વેદપુરુષ તરીકે સ્વામીને પૂજયા. આખા ગામે સાત ભવ્ય દિવસો દરમિયાન વેદપુરુષની સ્તુતિ આખા ગામમાંસાંભળી. પવિત્ર અગ્નિમાં ઘી, ચંદનકાષ્ઠ હોમવામાંઆવ્યા અને પ્રાચીન શાસ્ત્રોમાંથી મંત્રો ઉચ્ચારવામાં આવ્યા. પંડિતોએ જણાવ્યું કે અમે ભગવાનની ઉપસ્થિતિથી ઉપકૃત થયા છીએ. પુટ્ટપર્થિ પવિત્ર સ્થળ બન્યું, જ્યાં બધી સદીઓ અને બધા દેશો આવીને ભળતા હતા એ જાણી માતાના આનંદનો પાર ન રહયો. સ્વામીના ચમત્કારો વધુ ને વધુ રહસ્યપૂર્ણ બનવા માંડયા હતા. ખરે જ, સ્વામી માનવજાતના ગુરુ બની રહયા હતા.

ગુરુ પૂર્ણિમાના રોજ ઈશ્વરમ્મા આમ વિચારતા થઈ ગયા. આ વાર્ષિક તહેવારે વિદ્યાર્થીઓ અને શિષ્યો તેમના ગુરુને નમસ્કાર કરે છે, ખ્યાતનામ ગુરુઓના સમૂહો સ્વામીને અંજલિ આપવા આવ્યા હતા.

## ૧૪. પ્રેમની લીલા

૧૯૬૩ ની ગુરુપૂર્ણિમા સ્વામીની વિશિષ્ટ લીલાને કારણે ભય અને હતાશા લઈને આવી. ૨૯ મી જૂને ગુરુપૂર્ણિમા હતી. તેના અઠવાડિયા અગાઉ સ્વામી બેસુધ થઇ ગયા અને તેમના ઓરડામાં સવારે ૬-૩૦ વાગે પડી ગયા. રાજા રેડ્ડી અને મેં તેમને ઉંચકીને પલંગ પર સૂવડાવ્યા, તેમનો ડાબો હાથ જકડાઈ ગયો હતો, ડાબી મૂઠી સખત રીતે વળી ગઈ હતી. અમે જોયું કે તેમનો ડાબો પગ પણ વળી શકતો ન હતો, પગનાં આંગળાં જકડાઈ ગયા હતા.

અમે અમારી જાતને વિશ્વાસ અપાવ્યો કે આ પક્ષાઘાતનો હુમલો ભગવાને કોઈ ભક્તને બચાવવા પોતાના ઉપર વહોરી લીધો હતો, નહીંતર એની કારકિર્દી ખતમ થઈ જાય. તેઓ તરત જ સાજા થઈ જશે અને ફરી પાછા અમારી હાજરીમાં પ્રસન્ન હાસ્ય રેલાવતા થઈ જશે. અમે બંધ દરવાજાઓ પાછળ ચૂપ રહ્યા, હળવેથી તેમના શરીરને માલિશ કરવા લાગ્યા. આઠ વાગે ભજન શરૂ થયાં. સ્વામીના સારા થવાનાં કોઈ ચિહ્ન ન હતાં. એટલે છેવટે પહેલા માળની બારીમાંથી મેં ભજન બંધ કરવા અને આરતી કરવા કહ્યું. સ્વામીની અનુપસ્થિતિએ હોહા મચાવી, લોકો બબડવા લાગ્યા, તેઓ જ્યારે દસ વાગે, અગિયાર વાગે ભોજનખંડમાં ન આવ્યા ત્યારે ચિંતા વધવા માંડી. ડૂસકાં, રુદન, કણસાટ, આર્તનાદના અવાજ સ્ત્રીઓની મેદનીમાંથી આવવા લાગ્યા.

માતાને આ ભયાનક પરિસ્થિતિને ખ્યાલ આવી ગયો, તેઓ પશ્ચિમ છેડેના દાદર આગળથી આવ્યા, શું છે તે જાણવાનો નિશ્ચય કર્યો હતો. તેમણે બારણું ઠોકયુ, એમને અંદર આવવા દેવા પડ્યા. સ્વામીની હાલત ત્યાં સુધીમાં તો ખરાબ થઈ ગઈ હતી પણ અમે તેમને વિશ્વાસ અપાવ્યો, આ તો સ્વામીએ વહોરી લીધેલો હુમલો છે અને ગમે તે પળે તેઓ પોતાની પ્રવૃત્તિ શરૂ કરી દેશે. એમને શાંત પાડવા માટે નિલયમના ડોક્ટરને બોલાવ્યા. માતાએ સૂચવ્યું કે રેઝોલ ગયેલા ડૉ. સીતારામૈયાને અને મદ્રાસના શ્રીમતી સુશીલામ્માને તાર કરીને બોલાવવા જોઈએ.

એ દરમિયાન એક મિત્ર આ દુર્ઘટના જિરવી ન શકયા એટલે કોઈની કાર ઉછીની લીધી અને તે બેંગ્લોર ઉપડ્યા, કર્ણાટક રાજ્યના મેડીકલ સર્વીસીઝના ડેપ્યુટી ડિરેક્ટરને લઇને આવ્યા. તેઓ જ્યારે પુટ્ટપાર્થી આવ્યા ત્યારે મોડી રાત થઇ ગઈ હતી. તેમને બીજે દિવસે સવારે જ ઓરડામાં લવાય એમ હતા. ત્યાં સુધીમાં તો સ્વામીની આંખને પણ ઇજા થઇ હતી, દાંત ભીડાઈ ગયા હતા. આસપાસ શું ચાલી રહ્યું છે તેની કંઈ જ ખબર તેમને ન હતી. ડોક્ટરે નાડી જોઈ, સ્ટેથોસ્કોપ મૂક્યું, ડીપ કોન્ટ્રેપ્શનનો પ્રયત્ન કર્યો;પણ સ્વામીએ તેમને બાજુ પર હડસેલ્યા, ખિન્ન વદને ડોક્ટરે સવારે નવ વાગ્યે પુટ્ટપર્થિની વિદાય લીધી.

તેઓ જ્યારે બેંગ્લોર પહોંચ્યા ત્યારે તેમની સામે જનારા મિત્રે સાચી વાત કાઢવવાનો પ્રયત્ન કર્યો હું ફરી તેમને જોઈ શકું એમ લાગતું નથી.આ ટયુબરકયુલર મેનિનજાઇટીસનો તીવ્ર હુમલો છે. જ્યારે લમ્બર પંચકર જ ન થઈ શકે. સામાન્ય ઇજેકશનજ ન આપી શકાય ત્યાં ડોકટર શું કરી શકશે ?'

ડોકટર ખોટા હતા એ વાત સ્વીકારવી અમને પણ મુશ્કેલ લાગી હતી. બાબા પથારીમાં આમ તેમ આળોટતા. વેદનાથી કણસતા હતા. ચહેરાના સ્નાયુ તંગ, વિકૃત થઈ ગયા હતા, જીભ બહાર નીકળી ગઈ હતી, અવાજ ઘેરો હતો, એનો એ બબડાટ કરતો હતો. ડાબી આંખની દષ્ટિ પણ ચાલી ગઈ હતી. થર્મોમિટર થોડો તાવ દેખાડતું હતું. બાબાની આસપાસ રહસ્ય ઘેરાઈ વળ્યું અને તેમનું છત્ર શંકાઓથી ઘેરાઈ ગયું.

ઈશ્વરમ્મા પથારી આગળ ઝળુંબતી દુર્ઘટના જિરવવા તૈયાર ન હતા. તેઓ નીચેના ઓરડામાં ખાસ્સો સમય આરામ કરીને જ પગથિયાં ચઢવાની શક્તિ મેળવી શક્તા હતા, બાબાને આ સ્થિતિમાં જોઈને ભાંગી પડ્યા. સોમવારે બપોરે સુશીલામ્મા મદ્રાસથી આવ્યા અને પોતે નર્સ બની ગયા. પછી જ માતા એ ચિંતાતુર દિવસો થોડી હિંમત સાથે વીતાવી શકયા, કારણ કે સુશીલામ્મા બુદ્ધિશાળી અને ગાઢ ભક્ત હતા તે વાત તેઓ જાણતાં હતાં.

એ સાંજે સ્વામીએ થોડા ઈશારા કરીને સમજાવ્યું કે તેઓ સંસ્કૃત પાઠશાળા, કેન્ટીન અને નિવાસ વ્યવસ્થા સાથે સંકળાયેલા કેટલાકને મળવા માગે

છે. અમે માની લીધું કે તેઓ અમને આ ભયાનક સ્થિતિ છતાં નિયમિત રીતે કામકાજ ચલાવવા કહે છે. આ કામગીરી તો હૈયું ભાંગી નાખે તેવી હતી. અમે અવારનવાર ધીમેથી તેમને જણાવ્યું કે તમારી સૂચનાઓ સમજી ગયા છીએ, અમે સમજી ગયા છે તે જોઈને તેમણે ડોકું હલાવ્યું ત્યારે અમે શાંતિથી કામે વળગ્યા, અમે અનુમાન ખોટું કર્યું છે એવું સૂચવવા જયારે ડોકું હલાવ્યું ત્યારે તેમની વિચારણા માટે જુદી ભૂમિકા ધરી. આ પક્ષાઘાતનો હુમલો તો આત્મભોગ આપીને વરસાવેલી કૃપા છે. મેં તેમને એ ભાગ્યશાળી વ્યક્તિ કોણ છે તે પૂછયું. તેમના હાવભાવ પરથી ખબર પડી કે તેઓ એ નામ કહેવા માગતા ન હતા. મેં કારણ પૂછયું. તેમના હાવભાવ પરથી હું સમજી ગયો કે તેઓ કહેવા માગતા હતા “પછી તો તમે જઈને એને ધીબી નાખશો.”

મેં જ્યારે માતાને કહ્યું કે આ બિમારી તો તેમણે ઉછીની લીધી છે ત્યારે તેમને રાહત થઈ. હવે એ બિમારી દૂર કરે એની જ રાહ જોતા હતા. આમ છતાં ગામના લોકોની હિંમત તોડી નાખનાર ભય અને આશંકામાંથી તેઓ મુક્ત થયા ન હતાં. એ કાળો જાદુ છે.” “કોઈ પલીત ચઢી બેઠો છે.” “બધી દિવ્યતાનો અંત આવી ગયો છે.” “હવેથી તેઓ અપંગ બની જશે.” ગામના વડીલો અને શાણાઓ આમ બોલવા લાગ્યા.

તેમણે જાતજાતના ઉપાયો, વિધિઓ સૂચવ્યા. બહેનોને, ભાઈઓને, સ્વજનોને આમતેમ ભૂવા, પૂજારીઓ, ડોકટરો માટે દોડાવ્યા. ઈશ્વરમ્મા આ બધા સામે વિરોધ કરવાની શક્તિ અને સત્તા દાખવી ન શક્યા. તેમણે એમને બોલતા બંધ કરી દીધા, તેમની સ્વીકૃતિ, સંમતિ મેળવી લીધી–' આ વિધિથી માંદગી જતી રહેશે અને જો નહીં જાય તે પણ કશું ખરાબ તો થવાનું નથી. માતાની આશા આમતેમ હિલોળા લેવા લાગી અને અમે એ ઓરડામાં જોયા કરતા હતા–રાહ જોતા હતા, સાંભળતા હતા-આજ્ઞાનું પાલન કરતા હતા એ જોઈને તેઓ અમારી ઉદાસીનતાથી ચોંકી ઊઠતા હતા.

કોઈ સુધારણાનાં ચિહ્ન ન હોવા છતાં સ્વામીએ અમને ઈશારાની ભાષામાં સમજાવ્યું કે પાંચ દિવસ પછી ગુરુવારે આની અસર ધીમે ધીમે ઓછી થવા માંડશે. પછીથી તેઓ વેદનામાંથી મુક્ત બનશે. તેમની હાલત જોઈને આ

જાહેરાત સાચી માનવાનું મન ન થાય પણ અમારું ડહાપણ બચાવી રાખવા આ તણખલાને વળગી રહયા. ચોથી જુલાઈ, ગુરુવારે સૂર્યોદયના અડધા કલાક પછી સ્વામીએ શુભ સમાચાર આપ્યા: 'મને હવે વેદના થતી નથી. વધારામાં તેમણે મને પ્રાર્થના ખંડમાં ભેગા થયેલા ભક્તો માટે સંદેશ આપ્યો. હવે સ્વામીએ કૃપાકાર્ય પૂરૂં કર્યું છે એટલે શનિવારે ગુરુ પૂર્ણિમાના માનીતા તહેવારે દર્શન આપશે; એ દિવસ આધ્યાત્મિક ગુરુની પૂજા માટેનો હતો.

મેં પ્રાર્થનાખંડમાં જે કહ્યું તે ફરી કહેવા તેમણે મને જણાવ્યું. પછી તેમણે મને નીચે જઈને તેમની શારીરિક હાલતને ખ્યાલ આપવા જણાવ્યું, જેથી શનિવારે તેમને વધારે પડતો આધાત વેઠવાનો ન આવે. હા, આધાત તો ખરો જ. ત્યાં સુધીમાં તો નિલયમ ખાતે ચારેક હજાર ભક્તો ટોળે વળી ગયા હતા, ગુરુપૂર્ણિમાને માત્ર બે જ દિવસની વાર હતી.

માતાએ જ્યારે સાંભળ્યું કે સ્વામી શનિવારે દર્શન આપવાના છે ત્યારે તેઓ નિલયમ્ ધસી ગયા અને ઉમ્મર લાયક ભક્તોને પૂછી જોયું કે દર્શન કેવી રીતે ગોઠવવા. શ્રી રામનાથ રેડી નામના સીવીલ એજિનીઅર લાંબા સમયથી બાબાના ભક્ત હતા. તેમને પૂછવામાં આવ્યું. ત્યારે આ તામિલ પ્રશિષ્ટ ગ્રંથોના અભ્યાસી રેડ્ડીએ બાબાના ઉપચાર અંગેની પોતાની વિગતવાર યોજના સમજાવી, આ ભયભીત ભકતોના ટોળા વચ્ચેથી સ્વામીને હોર્સલી હીલ (જયાં સામાન્ય રીતે જઇ ન શકાય) લઈ જવા અને વેલોરથી ખાસ નિષ્ણાત ડોકટરોને બોલાવવા તેઓ નિદાન અને યોગ્ય ઉપચાર સૂચવશે. જો સ્વામી ગુરુપૂર્ણિમાના દર્શન આપવા માગતા હોય તો પહેલા માળના વરંડેથી આપી શકે, એનાથી થાક ઓછો લાગશે, અત્યારે જયાં છે ત્યાંથી માત્ર બાર ડગલાં જ તેમને ભરવાના રહે, આ સૂચન ખૂબ જ વ્યવહારુ હતું અને અમને બધાને એ ગમી ગયુ; પણ સ્વામી માન્યા નહીં, ' હું ગમે તેટલો નબળો હોઇશ પણ ચાંદીની ખુરશી પર બેસીને જ્યાં ભજન ગવાય છે ત્યાં પ્રાર્થનાખંડમાં જ તેમને દર્શન આપીશ. તેમની ઇચ્છા અફર, હતી. કોણ ના પાડી શકે? આ હઠ અને મમત માટે ઇશ્વરમ્માએ અને પેદ્દા વેંકમ્મા રાજુએ અમારામાંના ધણાને જવાબદાર ઠેરવ્યા.

એ યાદગાર દિવસ- ૬ ઠ્ઠી જુલાઈ, ૧૯૬૩ નો-આવ્યો, સાંજ સુધીમાં હોલ ભરાઈ ગયો. માતાપિતા અપંગ સ્વામીને વર્તુળાકાર પગથિયાં પરથી ઉતારીને ખુરશી પર મુકાતા. જોઇ ન શકયા; તેઓ ગામમાં પણ રહી શકયા નહીં'. તેઓ પશ્ચિમ બાજુએ મંદિર પાસેના એક વરંડા પર ઊભા રહીને આ જોતા. જે કંઈ બની રહ્યું છે તેના સમાચાર પૌત્રો અને પૌત્રીઓ આપતા હતા. ' કિટપ્પા અને રાજા રેડી' તેમને પગથિયાંપરથી લાવી રહ્યા છે; કસ્તુરીએ ડાબો પગ ઝાલ્યો છે, મજબૂત અને સીધો પકડી રાખ્યો છે. સ્વામીએ માથા પર રૂમાલ બાંધી દીધો છે; દાઢી નીચે પણ રૂમાલ છે, મને! થોડો ભાગ જ દેખાય છે. "સ્વામીને વરંડા પાસેના દરવાજાની જોડેની ઓરડીમાં ખુરશી પર બેસાડયા છે.' 'બારણું ખૂલ્યું" સ્વામીને બે જણે ઝાલી રાખ્યા છે.' 'ઉમરો ઓળંગવો મુશ્કેલ લાગે છે" "તેમણે ઓળંગ્યો. ડાબો પગ અક્કડ છે અને ઉપાડવામાં મદદ કરવી પડે છે." "તેઓ પ્રાર્થના ખંડમાં દાખલ થયા અને જમીન પર ચાંદીની ખુરશી છે."

માતા પિતાના કાને કણસાટ, મોટી ચીસ અને એકાએક ડૂસકાં પડયાં. તેમણે આઘાત લાગેલા ઘણા સ્ત્રીપુરુષોને બહાર શોકગ્રસ્ત બનીને આવતા, રડતા, અનાથ બાળકો જાણે અજાણ્યા મુલકમાં ફેકાયા હોય અને રડે એ રીતે રડતા જોયા, તેઓ બંને પણ રડી પડયા. 'તેઓ ખલાસ !" પિતા બરાડી ઊઠ્યા, પોતાનું માથું પછાડયું : "મને ડર હતો જ કે આમ બનવાનું છે." માતા કશું બોલી ન શક્યાં, તે પણ બેસુધ થઈ ગયાં. પૌત્રપૌત્રીઓ હવે શોકમાં ડૂબી ગયા, આમતેમ દોડાદોડ બંધ થઈ ગઈ. ભાઈબહેનો પણ સ્તબ્ધ થઈ ગયા. વાતાવરણમાં ભયાનક શાંતિ પ્રસરી ગઈ, હોલનું વાતાવરણ પણ સ્તબ્ધ થઈ ગયું.

થોડી ક્ષણો ટેન્શન રહ્યું. પછી એકાએક જોરથી 'જય" 'જય સાઈ રામ'ના અવાજો આવ્યા. બધા અંદર ધસી ગયા. સ્વામી ભક્તોને પોતાના પોતાના ગુરુ પૂર્ણિમા સંદેશથી આશીર્વાદ આપતા હતા- ટટાર શરીર, ચમકતી આંખો, પ્રફુલ્લ ચહેરો, વીણાસદશ અવાજ, ગીતા પ્રવચન. 'અમે તેમને સત્ય કહીએ છીએ પણ તેમનું સત્ય અમે જાણી શકતા નથી." ઈશ્વરમ્માએ અચરજ વ્યક્ત કર્યું. પિતાને થોડો સમય કેળ વળતાં લાગ્યો.

સ્વામીના કલાક સુધીના પ્રવચન દરમિયાન દીકરીઓ ત્યાં બેઠી હતી, તેમણે એ રાતે બધી વાત માતાને કરી, તેઓ એ રહસ્ય તેમની સ્મૃતિમાં જાળવી ન શકી. એ રહસ્યની વાત તો બધાને કહેવી જોઈએ, ઉજવણી કરવી જોઈએ. "મા"તે તો શિવશક્તિ છે ! આજે એમણે કહ્યું. તેમણે પોતાના પક્ષાઘાતવાળા ડાબા હાથ પગ પર પાણીનાં બિંદુ છાંટયા, અને પછી તો આંખ, ચહેરો, ખભો, કાંડું, પગ બધું વ્યવસ્થિત થઈ ગયું. તેઓ ઊભા થયા અને બોલ્યા. તેમને અવાજ રૂપેરી હતો. તેમનો સંદેશ સોનેરી હતો. અને મા, તેમણે કહ્યું કે આ બધું શિવે પોતે જ પોતાના ઉપર અને પાર્વતી પર લાદેલી શિક્ષા હતી, મહાન ઋષિ ભરદ્વાજને જે દુઃખ પહોંચાડયું હતું તેની આ શિક્ષા હતી. સત્યનો જમણો ભાગ શિવ છે અને ડાબો ભાગ શક્તિ છે. શક્તિએ જે સાહસ કર્યું તે માટેના ઉપાયો કરવા શક્તિ નથી એટલે તેમનો ડાબો ભાગ જડ થઈ ગયો." ઈશ્વરમ્મા વચ્ચે પડ્યા; "તે શું કહ્યું. અર્ધનારીશ્વર ?" 'હા' વેંકમ્માએ ભારપૂર્વક જણાવ્યું– 'તેઓ પોતાની જાતને એ રીતે ઓળખાવે છે."

શિવશક્તિ, કૈલાસમાં તેમના નિવાસ, ગણેશ અને સુબ્રાહ્મણ્યમ નામે બે પુત્ર, શિવનું વાહન પવિત્ર નંદી-આ બધા વિશે કવિઓએ અને સંતોએ ગૂંથેલી દંતકથાઓથી ઈશ્વરમ્મા ખૂબ પરિચિત ન હતા. પુટ્ટપર્થિના શિવમંદિરમાં સંગીતપ્રધાન રૂપકો દ્વારા તેમણે આ બધી વાતો સાંભળી હતી પણ પોતાની જાત ઉપર શિક્ષા વ્હોરવાની વાત કોઈ પણ પંડિતે કરી ન હતી." પુરાણો જાણે છે તેના કરતાં કૈક વધારે કેલાસમાં અને વૈકુંઠમાં છે. "ભરદ્વાજને રાજી કરવા જ પડે. એટલા જ માટે પોતાના અવતાર માટે એ ઋષિનું ગોત્ર સ્વામીએ પસંદ કર્યું. તેઓ સર્વેસર્વા છે. મારે શા માટે શંકા કુશંકા, તર્ક વિતર્ક કરવા તેઓ છેવટે મનોમન બબડ્યા : તે સ્વામી છે. મારે માટે એટલું પૂરતું છે."

આરતી પછી સ્વામી વર્તુળાકાર પગથિયાં જાતે ચઢીને ગયા - ચારે બાજુ હર્ષનાદ હતા. ભેરીઓ વાગતી હતી. તેમણે પોતાનો પાઠ પાછો અપનાવી લીધો. એ અઠવાડિયાની વાત કોઈએ તેમને કરવાની હિંમત કરી નહીં', તેઓ તો ગુરુના આશીર્વાદ મેળવવા આવેલા હજારો લોકોને આશીર્વાદ આપવા રોકાયા હતા અને તેમના ભોજન-નિવાસની સૂચનાઓ આપતા. હતા, તેમને પાદ નમસ્કાર કરવા દેતા હતા. અંધારા દિવસો આથમી ગયા. સાઈ સૂર્ય ફરી પહેલાં કરતાં પણ

વધુ તેજથી ઝળહળવા લાગ્યો. સ્વામીએ પોતાની દિવ્ય કીર્તિગાથાનું નવું પાસું પ્રગટાવ્યું તેનાથી ઈશ્વરમ્મા પ્રસન્ન હતાં. નિલયમની આસપાસનાં વૃક્ષોએ તેમની હતાશા ખંખેરી નાખી અને વળી લીલાં પર્ણોથી ચમકવા લાગ્યાં. દરેક ડાળી અને શાખા આનંદથી ઝૂમવા લાગી. વાતાવરણ સુગંધથી તરબતર હતું. શાંતિ અને આશામાં તરબોળ આનંદપૂર્ણ હૈયાંમાંથી એ સુગંધ આવતી હતી.

ચાર મહિના ઝડપથી વીતી ગયા. ટૂંકી અને એકાએક આવી ચઢેલી બિમારીમાં સ્વામીના પિતા ૪, નવેમ્બર, ૧૯૬૩ના રોજ મરણ પામ્યા. તેમણે પોતાના અંતિમ શ્વાસ સૌથી નાના પુત્રને ઘેર લીધા. બધાએ આ આઘાત હિંમતપૂર્વક વેઠી લીધો. સ્વામી કબર આગળ શબ પાસે આવ્યા, તેમના શરીરને હાર, પહેરાવ્યો અને શબ નીચે ઉતાર્યું. ઈશ્વરમ્માએ ધૈર્ય પૂર્વક આ દુર્ઘટના જિરવી. સ્વામી તેમના દુર્ગ અને ખડક, ઢાલ અને આશ્રય બન્યા. સ્વામીનું જીવન તેમના માટે સંદેશ બન્યું. આ વિશે સ્વામીએ સનાતન સારથિમાં લખેલો લેખ સાંભળ્યો, અને તેમાં નિરૂપાયેલાં સત્યોમાંથી આધાર અને શક્તિ મેળવ્યાં. તેમણે સ્વામીને એ લેખમાંથી મળેલા ઉપદેશની વાત કરી. સ્વામીએ લખ્યું હતું કે અવતાર પોતે જેને પસંદ કરે તેને પિતા બનાવે છે, આવું સન્માન યુગમાં એક જ વખત પ્રાપ્ત થાય છે કારણ કે માનવજાત જ્યારે જાતે વહોરી લીધેલા દુ:ખમાં ગરકે છે ત્યારે જ ઈશ્વર જન્મ લેવાનું પસંદ કરે છે. ઈશ્વરમ્માએ ભક્તોના મોઢે પોતાનાં વખાણ સાંભળ્યાં હતાં કારણ કે અવતારે તેમના પેટે જન્મ લીધો એ માટે તેઓ અત્યંત ભાગ્યશાળી હતા. હવે તેમને ખબર પડી કે આ સૌભાગ્યની દેન તો તેમના પોતાના પુત્રે કરી હતી.

વેદ અને શાસ્ત્રોનું ગંભીર અધ્યયન કરનારા વિદ્વાનોને અવતાર વિશે કશી શંકા ન હતી. સ્વામી કહે છે તેમ જેમણે ભારતની પ્રાચીન ગ્રન્થો આત્મસાત કર્યા છે તેઓ જ મને પામી શકે છે." સનાતન ધર્મના પુનરુત્થાન માટે મદદરૂપ થઈ પડે એટલા માટે વેદ પાઠશાળાની સ્થાપના સ્વામીએ કરી તેની પ્રશંસા વિદ્વાનોએ કરી છે. તે સંસ્થાના આશ્રયે વેદમાં નિરૂપિત તાત્ત્વિક સિદ્ધાંતો અને નીતિના ખ્યાલો પ્રચલિત બનાવવા માટે પરિસંવાદોનું અને ચર્ચાઓનું આયોજન તેમણે કર્યું. છોકરાઓના ઉપનયન સંસ્કાર માટે ફેબ્રુઆરી, ૧૯૬૫માં ભગવાનની દરખાસ્તનો તેમણે ઉત્સાહપૂર્વક સ્વીકાર કર્યો. આ વિધિની મદદથી બાળકો

આધ્યાત્મિક પ્રગતિની ચાવી રૂપ ગાયત્રી મંત્રની દીક્ષા પામી શકશે. સદીઓની આળસ અને પેઢીઓની જડતાને અતિક્રમીને સ્વામીનો સંકલ્પ પ્રગટયો. સદીઓ પારથી આવતો અવાજ સાંભળવાની ઈચછા કિશોરોએ ઠેર ઠેર માતાપિતા સમક્ષ કરવા માંડી. એક કરતાં વધુ જ્ઞાતિ અને અનેક પેટા જ્ઞાતિઓવાળા જે છોકરાઓને આ પ્રાર્થનાને અધિકાર પ્રાપ્ત થયો ન હતો તે પાંચસો છોકરાઓ ભગવાન સમક્ષ ઉપસ્થિત થયા. ભગવાને તેમને દીક્ષાના પ્રતીક રૂપે યજ્ઞો પવિત સંસ્કાર અર્પ્યા – સૂર્ય, બ્રહ્માંડને અજવાળતી જયોતિ તેમની બુદ્ધિને પણ પ્રકાશિત કરે એ પ્રતિજ્ઞા તેમના નાજુક મન ઉપર આંકી.

ઈશ્વરમ્માએ સ્થાપના વિધિનું ઉદ્ઘાટન જોયું. તેઓ આ પ્રસંગની ભવ્યતાથી અને નિશાળમાંથી નાસી છૂટેલા જે સ્વામીએ બધા જ વિસ્તારના માનવીઓ માટે નિશાળ ચાલુ કરી તેમના દિવ્ય પરિમાણથી તેઓ ખૂબ હર્ષ પામ્યાં. મહારાજાઓએ, મહેતાઓ અને મઠાધિપતિઓ દ્વારા સન્માનિત ઘણા પંડિતો દરેક દશેરા પર યજ્ઞ સપ્તાહ વખતે તેમને શોધી કાઢતા. તેઓ કળિયુગના કલ્પવૃક્ષની માતાને અંજલિ આપવા માંગતા; એ જ શ્રી કૃષ્ણ, દેવદેવા, પરમેશ્વર હતા. ઈશ્વરમ્મા આ પૂજાથી અકળાઈ જતા, તેઓ પોતાના હૃદયોનાં હૃદયમાં શ્રદ્ધાને પ્રતિધ્વનિત કરતો અવાજ સાંભળતા. મેરીએ એલિઝાબેથ સમક્ષ કબૂલાત કરી હતી તેમ તેઓ મનોમન બોલતાં : “મારો આત્મા ભગવાનને ભવ્ય બનાવે છે અને મારી ભાવના ઈશ્વરમાં આનંદ પામે છે. તેમણે પોતાની કુમારી માતાની સ્થિતિને ગૌરવ અ અર્પ્યું છે; હવે પછી બધી જ પેઢીઓ મને આશીર્વાદ પામેલી માનશે.”

દશેરા દરમિયાન ઈશ્વરમ્મા આ બધા જ પ્રતિષ્ઠિત લોકો સ્વર્ગીય વિધિમાં ભાગ મેળવ્યાની તક બદલ તેમની પ્રતિષ્ઠા વૃદ્ધિના સાક્ષી બનતા. પંડિતો સ્વામીને આંધ્રપ્રદેશના પૂર્વ અને પશ્ચિમ કાંઠે લઈ ગયા હતા. એ પવિત્ર નદીના કાંઠે ભગવાનની હાજરીમાં તેમણે યજ્ઞ કર્યો હતો; તે નદી ઉપરવાસમાં શિરડી અને સાઈબાબા જે સ્થળે સંકળાયેલા હતા તેના સ્પર્શથી પવિત્ર બની હતી. તેઓ સ્વામીમાં પોતે જે ઝંખતા હતા તે ગુરુ અને માર્ગદર્શકને સ્વામીમાં જોનાર કેરલ તથા મહારાષ્ટ્રના પંડિતોને તેઓ જાણતા હતાં. ભગવાનનાં પ્રવચન સાંભળવા આતુર હરદ્વાર, બદ્રીનાથ, બનારસના સંન્યાસીઓને પણ તેઓ જાણતાં હતાં.

આ બધાનો અંત ક્યાં? તેઓ આજે અહીં છે અને કાલે ત્યાં. જ્યારે ભજન બેઠક પ્રાર્થનાખંડમાં પૂરી થાય અને તેમની આરતી ઉતારવામાં આવે ત્યારે તેમને પુટ્ટપર્થિ મહાત્મા તરીકે તેમને જ્યજયકાર સાંભળીને તેમને સારું લાગતું કારણ કે લોકોની પ્રાર્થનાઓને માન આપીને સ્વામી આકાશમાર્ગે કે જમીનમાર્ગે ગમે તેટલો પ્રવાસ કરશે તો પણ તેમનું નિવાસસ્થાન તો પુટ્ટપર્થિ જ રહેશે એની ખાત્રી તેમને મળતી. પણ એ ખાત્રી ક્યારેક દઢ લાગતી નહીં. તેઓ જ્યારે નિલયમ ત્યજીને કયાંક મુલાકાતે જતા ત્યારે એ ખાત્રી નબળી લાગવા માંડતી. ઈશ્વરમ્મા જ્યારે શ્રદ્ધા અને ભીતિ, પ્રતીતિ અને સંઘર્ષની વચ્ચે ઝૂલવા માંડતા ત્યારે તેઓ મારી પાસે આવી ચઢતાં. "પંડિતો કહે છે તેઓ રામ અને કૃષ્ણના જેવા અવતાર છે. તે પોતાને શિવશક્તિ, ગૌરીશંકર, સત્યમ્, શિવમ, સુંદરમ્ અને સાઈ બાબા તરીકે ઓળખાવે છે. તેઓ મને કહે છે તેમ સાઈ બાબાએ પોતે વાસુદેવ છે એવી જાહેરાત કરી હતી. પંડિતોએ શાસ્ત્રો વાંચ્યાં છે એટલે તેઓ જે કહે છે સત્ય જ હશે. તમે સંમત થાઓ છો?" તેઓ આતુરતાથી પૂછતાં. આ પ્રશ્ન આગળ મારું મન અને મગજ પણ ઘણી વાર અવઢવમાં રહેતા હતા એ વાત હું કબૂલી શકતો ન હતો. " સ્વામીની વાસ્તવિકતા વિશે તેઓ જે કહે તેમાં વિશ્વાસ રાખો, તેમની વાસ્તવિકતા તેઓ ગમે તે રીતે, જયારે અને ગમે ત્યાં સર્જતા હોય તેમાં વિશ્વાસ રાખો. તેમની વાતો માયાનું આવરણ દૂર કરે છે, તેઓ એ આવરણ ઢાંકવામાં અને દૂર કરવામાં આનંદ પામે છે.' આ વાત તેમણે સ્વીકારી કે નહીં તેની મને ખાત્રી નથી પણ તેમણે આ પ્રશ્ન મારી સમક્ષ અને બીજાઓ સમક્ષ ઘણા વર્ષો સુધી રજૂ કર્યો નહીં. એ પ્રશ્ન સ્વામી સિવાય બીજો કોઈ ઉકેલી શકે એમ હું માનતો ન હતો અને બીજાઓને જે સલાહ સ્વામી આપતા હતા તે સલાહ તેમણે ઈશ્વરમ્માને પણ આપી. " આવો જુઓ, તપાસો, અનુભવો અને માનો."

પવિત્ર મા શારદામયીની આંતરિક નિષ્ઠા વિશે ભગિની નિવેદિતાના શબ્દો મને યાદ આવે છે: " તેમનામાં તમને આ પ્રાચીન ભૂમિની સાવ સીધી સાદી સ્ત્રીમાં જોવા મળે એવા માધુર્ય અને ડહાપણ જોવા મળશે. તેમના સૌજન્ય અને નિખાલસતાની ગરિમા તેમના સંતપણા જેટલા જ અદભુત છે. તેમનું જીવન પ્રાર્થનાની એક દીર્ઘ સ્થિરતા છે."

ઉપનયન દિવસ ખાસ મહત્ત્વ ધરાવતો હતો. દીક્ષાર્થીઓ અને માતાપિતા તો આનંદ પામે પણ વેદપડિંતોને વધુ આનંદ થતો હતો, જગત પ્રેમ અને પ્રકાશ તરફ પોતાની યાત્રા માંડશે એવા દિવસના પ્રભાતના તેઓ સાક્ષી બન્યા હતા. ઈશ્વરમ્માને પણ લાગ્યું કે ઉપનયન યુગપ્રવર્તક ઘટના છે, જો કે તેનાં પરિણામો સમજવા તેમની શક્તિ બહારનું હતું. આમ છતાં રત્નાકર કુટુમ્બના યુવાનોના જીવનમાં ગાયત્રી મંત્રે આણેલા મહાન પરિવર્તન તેઓ જોયા વિના રહી શકયાં ન હતાં, એ યુવાનને તેમણે માનસિક શાંતિની એ ચાવી મેળવવા સમજાવ્યા હતા, સ્વામી પાસે પાંચસો વિદ્યાર્થીઓ વારાફરતી જતા ત્યારે દરેકના કાનમાં જે મંત્ર ફૂકતાં તે જોઈ દરેકના ચહેરા વધુ ને વધુ ઝગમગી ઊઠતા હતા. ગાયત્રી ઉપરાંત બાબા તેમને આત્મશુદ્ધિનું રહસ્ય પણ આપતા. ધ્રુવ જ્યારે તપ અને ધ્યાન કરવા ગયો ત્યારે નારદ ઋષિએ આ મંત્ર-રહસ્ય તેને આપ્યું હતું. ઓમ નમો ભગવતે વાસુદેવાય.

૧૯૬૮ ના મેમાં પ્રશાંતિનિલયમનો પ્રત્યેક રહેવાસી અને રત્નાકરમ પરિવારના મોટા ભાગના સભ્યો બસ અને ટ્રેન દ્વારા મુંબઈ ધર્મક્ષેત્રનું ઉદ્ઘાટન જોવા ગયા. આ ભવ્ય સ્થાપત્યનો નમૂનો સ્વામીને તેમના નિવાસ માટે તથા મહારાષ્ટ્ર રાજયમાં તેમના માર્ગદર્શન હેઠળ ચાલતા સેવા સંગઠનના મુખ્ય મથક માટે અર્પણ કરવામાં આવ્યો. ઈશ્વરમ્મા મુંબઈ પહેલી વાર ગયા. તેઓ મદ્રાસ, દિલ્હી, બેંગ્લોર, ત્રિવેન્દ્રમ, હૈદ્રાબાદ ગયા હતા, પણ મુંબઈ શહેર તેમને ન ગમ્યું. તેમને ન ગમ્યું માટે તેઓને કશું દુ: ખ ન થયું; એટલે તેઓ મુંબઈમાં જોવાલાયક સ્થળો જોઈ ન શકયાં કારણ કે તેમને જ્યાં નિવાસ આપવામાં આવ્યો હતો. તે આરે મિલ્ક કોલોની તાલીમાર્થીઓની હોસ્ટેલ તેમના સદભાગ્યે મુંબઇના ધાંધલધમાલથી ખૂબ દૂર હતી,

બસ દ્વારા તેમને ધર્મક્ષેત્ર તથા બીજે સ્થળે લઈ જવામાં આવ્યા; ત્યાં સ્વામી લાખો લોકોને આકર્ષી રહ્યા હતા. મુંબઈમાં આટલી મોટી સંખ્યામાં લોકો મૌન ધારણ કરીને બેસે એ જોઈને તેમને નવાઈ લાગતી હતી. ભારતભરમાંથી આવેલા ભકતોથી વિરાટ શમિયાણા ઉભરાતા હતા, ઘણાને તેમણે નિલયમ આગળ જોયા પણ હતા. એ માન્યામાં ન આવે એવું હતું. તેઓ માત્ર ઊભા રહીને તાકી જ રહેતા. પણ તરત જ વાત પ્રસરી ગઈ કે માતા તેમની વચ્ચે છે. એટલે આરે

કોલોનીમાં અને ધર્મક્ષેત્રમાં સેંકડો લોકોએ તેમનાં દર્શન માટે ધસારો કર્યો. સ્વામીના શરૂઆતનાં વર્ષો વિશે તેઓને કશુંક કહેવા માટે સમજાવવામાં આવ્યા. તેમનો સૌથી મોટા દીકરા શેષમ્મા રાજુ અંગ્રેજી પ્રશ્નોના તેલુગુ અનુવાદ કરતા અને પછી તેલુગુમાં અપાયેલા ઉત્તરોનો અંગ્રેજીમાં અનુવાદ કરતો.

થોડા જ અરસામાં માતાએ ડો. સી.જી. પટેલ પાસેથી સાંભળ્યું કે સ્વામી થોડા દિવસ માટે પૂર્વ આફ્રિકા જવા સંમત થયા છે. દરિયા પર થઈને વિમાનમાં મુસાફરી કરવાના વિચારથી જ તેઓ ઉદાસ થઈ ગયાં. તેઓ મદ્રાસ અને મુંબઇના દરિયાકાંઠે ઊભા હતા અને જોયેલું કે દરિયો બંને સ્થળે અફાટ વિસ્તરેલો હતો. પંડિતાની વાતો પરથી તેમને જાણવા મળ્યું હતું કે દરિયો ઓળંગવો સલામત ન હતા. જ્યારે હનુમાન સમુદ્ર પરથી ઊડ્યા ત્યારે એક દુષ્ટ રાક્ષસીએ પોતાના પંજામાં પાણી પર પડતા પડછાયો પકડી રાખ્યો હતો અને તેમને હવામાં જ રોકી રાખ્યા હતા. રામાયણનું ભાષ્ય કરનારા શાસ્ત્રીઓએ જણાવ્યું હતું કે સમુદ્ર માઈલો લાંબા સાપ, શાર્ક અને વ્હેલોથી ભરપૂર છે. સ્વામીએ તેમનો ભય નિર્મૂળ કરવાને જરાય પ્રયત્ન ન કર્યો, ઊલટ તેઓ રામાયણે જેટલો ભય પમાડયો તેનાથી વધુ ભય તેમને પમાડવા લાગ્યા. આકાશમાં વિમાન ઊડતું હોય ત્યારે એકાએક વાવાઝોડું આવી ચઢે અને વિમાનને ઝોલાં ખવડાવે. તેમણે કહ્યું કે આફ્રિકા ઊંધોચત્તો દેશ છે અને ઠિંગુજીઓથી માંડીને તાડ જેવા ઊંચા લોકો રહે છે, તેમણે એક આશ્ચર્યજનક સમાચાર આપ્યા કે ત્યાંની મુસાફરી ચાર કલાક પાછળ લઈ જશે; તેઓ બપોરે ત્રણ વાગે મુંબઈથી ઉપડશે, બપોરની ચા લેશે અને જ્યારે આફ્રિકા પહોંચશે ત્યારે અગિયાર વાગ્યા હશે અને ત્યાં ભેજન લેનારાઓની પંગતમાં ગોઠવાઈ જશે!

ખૂબ જ ચિંતાતુર બનીને ઇશ્વરમ્માએ એ અપાર્થિવ દેશની મુલાકાત માંડવાળ કરવા વિનંતી કરી. સ્વામીએ કહ્યું કે મારું કાર્ય આવા પ્રદેશોમાં જ રહ્યું છે. પછી તેમની ચિંતામાં ઓર વધારો કરતાં કહ્યું: “ થોડાં વર્ષ પહેલાં તો ત્યાં એવા લોકો રહેતા હતા જેઓ માનવનું જ માંસ ખાતા અને તે પણ લિજ્જતથી.” “ તમે જે કહો છો તે સાચું છે એ હું જાણું છું. સ્વામી.” ઈશ્વરમ્મા રડી પડ્યાં: “ રાવણ એ જ જાતિનો હતો. જો બે મહિનામાં નહીં માને તો સીતાના કટકા કરીને તેનું ભોજન કરી જવાની ધમકી આપી હતી. તમારે આ યાત્રા માંડી જ વાળવી પડશે.”

સ્વામીએ ભય પમાડ્યા પછી તેમને આશ્વાસન આપ્યું. " મને કશું થવાનું નથી. જે આવો કોઈ ભય હોત તો મારી સાથે ઈન્દુલાલ શાહને અને કસ્તુરીને લઈ જાત ખરો? એક અમેરિકન દંપતી અને ગોગીનેની વૈંકટેશ્વરરાવ પણ આવવાના છે. અને અત્યાર સુધી ડો. પટેલને કે વર્ષોથી ત્યાં રહેલા હજારો ગુજરાતીઓને કોઈ ખાઈ ગયું નથી!'

તેમને આમ ભય પમાડીને હિંમત આપવી એ પણ જીવનના અંધારા-અજવાળાં વેઠીને " નૃત્ય" કેવી રીતે કરવું તે શીખવવાની રીત હતી. સ્વામીએ કહ્યું છે:

‘હું નૃત્યગુરૂ છું
હું નટરાજ છું,
જીવનના નૃત્યમાં
પ્રત્યેક ડગ ભરતાં શીખવવાની
વેદના હું એકલો જાણું છું.

તેમનો પોણા ભાગનો ભય તો શમી ગયો પણ હજુ ચોથા ભાગનો ભય શમ્યો ન હતો અને એટલે જ દરિયાપારનું આ સાહસ માંડી વાળવા માટે તેઓ આતુર હતાં. એ વિશે તેમણે મને અને ઈન્દુલાલ શાહને વાત કરી પણ પૂર્વ આફ્રિકા શાંતિ અને સમૃદ્ધિનો દેશ છે એવી જ્યારે અમે ખાત્રી આપી ત્યારે તેમણે સાબીતી માગી. મેં તેમને જણાવ્યું-"આ દેશમાં આપણે પંદર દિવસ ગાળીશું ત્યારે તેનું સૌથી મોટું આકર્ષણ વન્યજીવન છે-સિંહ, હાથી, જંગલી પાડા, શાહમૃગ, હિપ્પોસેંકડોની સંખ્યામાં તેમના કુદરતી રહેઠાણોમાં જોઈશું." સ્વામીએ સાવધાનીપૂર્વક આ હકીકત તેમનાથી છુપાવી રાખી હતી તે મારે કહેવી પડી એટલે પછી પસ્તાવો થયો. તેમણે મેસૂરના પ્રાણીસંગ્રહાલયમાં આ પશુઓ જોયાં હતાં એટલે તેઓ વધુ ગભરાઈ ગયા. તેમના ભયને હું શાંત કે દૂર કરી શકું એમ હતું નહીં. ' બારીના કાચ તો એક જ થપાટે તૂટી જાય. હાથી તો વાહનનો ભુક્કો બેલાવી દે. " તેમણે દલીલ કરી.

વિમાની મથકે પણ અમે સલામતી નાકું વટાવીને લાઉન્જમાં આરામ કરતા હતા ત્યારે પણ માતા અને સિંહની ખૂબ નજીક જવા સામે, આફ્રિકાના માનવી કે પ્રાણીને ચિઢવવા સામે ચેતવણી આપ્યા કરતા હતા. તેમના ભય ગમે તેટલી રમૂજ અમને પૂરી પાડતા હતા તો પણ એમની સચ્ચાઈ વિશે અમને શંકા ન હતી. પણ તેમણે તરત જ જાણવા મળ્યું કે વચ્ચે માઈલો લાંબો દરિયો પડ્યો હોય તો પણ સ્વામીને ટેલિફોન પર સંપર્ક સાધી શકાય છે અને તેમની વિનવણીઓનો પ્રત્યુત્તર સ્વામીના યજમાનો આપતા હતા, તેઓ પાછા સ્વામી યુગાંડા, ટાંઝાનિયા, કેન્યા હતા તે દરમિયાન કમ્પાલા ખાતે ડો. પટેલને પણ બોલાવતા હતા. બે વખત અરબી સમુદ્ર પારથી તેમણે અમારા ખાત્રી આપતા અવાજો સાંભળ્યા એટલે તેમની ચિંતા ઓછી થઈ અને પછી ટેલિફોન આવતા બંધ થયા. મુંબઈ એરોડ્રામ પર તેઓ હાજર હતા, સ્વામીના વિમાનને માનપૂર્વક ગરુડ કહેવામાં આવતું હતું, તેમાંથી તેઓ ઊતર્યા એટલે તેમના ચહેરા પર આનંદ અને કૃતજ્ઞતા છવાઈ ગયાં, પણ તેમની આંખોમાં આંસુની ઝાંય હતી, હિપોપોટેમસ અને સિંહોની વચ્ચેથી મંડળીને કેવી યાતનાઓ ભોગવવી પડી હશે!

અમે મુસાફરીનું વર્ણન કર્યું અને માતાએ તે ઉત્કંઠિત બનીને સાંભળ્યું – આદિવાસીઓના ઉત્સાહ અને ભક્તિ, કંપાલા અને નાઈરોબીમાં હજારો લોકોએ કરેલું શ્રવણ, ભજનોમાં આફ્રિકાએ પણ લીધેલો ભાગ. તેમણે અમને પ્રશ્નો પૂછયા. અમે આણેલા ફોટોગ્રાફ કલાકો સુધી જોયા. હવે તેમને આફ્રિકન સફર વિશેની શંકાઓ બદલ સંકોચ થવા લાગ્યો અને પોતાના અજ્ઞાનની કબૂલાત કરીએ અજ્ઞાન એ ખંડના લોકોનું, તેમની રીતભાત વિશેનું હતું. તેમણે નિઃશ્વાસ નાખ્યો: “ અમારે સ્ત્રીઓએ જગત વિશે વધુ જાણવું જોઈએ. ’ સ્વામી ગુરુ પૂર્ણિમાની સવારે સભાને સંબોધીને આફ્રિકામાંથી ભારત આવ્યા, અને સાંજે ધર્મક્ષેત્ર ખાતે ગુરુ પૂર્ણિમાનું સંબોધન કરવા માટે સમયસર મુંબઈ આવી પહોંચ્યા. અને એ બન્યું!

દીકરીઓ વતી માનો પોકાર ગુરુએ સાંભળ્યો. ભારતની ધરતી પર પગ મૂકયાના અઠવાડિયામાં તેમણે પુટ્ટપર્થિ ગામના મુખ્ય મથક અનન્તપુરમાં મહિલાઓ માટે શ્રી સત્ય સાઈ આટ્ર્સ એન્ડ સાયન્સ કોલેજનું ઉદ્ઘાટન કર્યું: “ સ્વામી, તમે સારું કર્યું. પુરુષોની જેમ સ્ત્રીઓએ પણ શિક્ષણ લેવું જોઈએ. જે ગાડામાં એક બળદ હૃષ્ટપૃષ્ટ, સાવધ હોય અને બીજો કાયર અને આંધળો હોય તો તેઓ

ધૂંસરી ઉપાડીને ગાડાને આગળ લઈ કેવી રીતે જશે?' તેમણે દલીલ કરી. અનન્તપુરની કન્યાશાળાના આચાર્યા લક્ષ્મી દેવમ્માએ માતાને કહ્યું-“ વર્ષ પહેલાં શાળાના વાર્ષિક દિને સ્વામી જ્યારે પ્રમુખ હતા ત્યારે તેમણે આ કોલેજનું વચન આપ્યું હતું. ' કન્યાઓ શાળાને અભ્યાસ પૂરો કરીને કોલેજમાં જવા છેક તિરુપતિ અને કુર્નુલ જાય છે. એટલે હું બહુ બલદી અહીં કોલેજ સ્થાપીશ. ” એટલે અનન્તપુરની કન્યાઓને કોલેજ મળી, સત્ય સાઈબાબાના સનાતન અને રચનાત્મક સાક્ષાત્કાર માટે કોલેજ ઊભી કરવામાં આવી.

એમ માનવું જોઈએ કે માતા“ પુત્ર’ના પ્રથમ શિષ્ય હતાં. તેઓ આદર્શ ગૃહિણી હતાં અને હિંદુ પંચાંગમાં જે પ્રતિજ્ઞાઓ, જાગરણો અને ઉપવાસ પાળવાનું જણાવવામાં આવ્યું છે તે બધા અચૂક રીતે તેઓ પાળતા હતા. તેઓ પવિત્ર સ્થળની મુલાકાતમાં પવિત્ર નદીઓના સ્નાનમાં અને મંદિરના દર્શનમાં આનંદ માણતા હતા. પુટ્ટપર્થિ અને બીજે ગામોની ઉચ્ચ જ્ઞાતિની સ્ત્રીઓની જેમ આ કરવું આ ન કરવું એવા નીતિનિયમોના ઘડવૈયાઓને માન આપતા હતા, આ નીતિનિયમો નિત્ય જીવનમાં અને સામાજિક સંબંધમાં જોવા મળે છે.

## ૧૫. મુંગી સાધના

'જગત માં એક માત્ર જ્ઞાતિ છે અને તે માનવતા ની'એ વાતને ઉપરછલ્લી રીતે સ્વીકારવા માટે પણ મને વર્ષો લાગ્યા.માડીગ, હોલેયા અને એવા બીજાં જુના નામો ઉપર નવું નામ 'હરીજન' ચોંટાડવામાં આવ્યું ખરું પણ એનાથી સૈકાઓજુના પૂર્વાગ્રહો લોકોના મનમાંથી ઓસર્યા નહીં. એ 'પાપ ના છુંદણા' ધોઈ ના શક્યા. સ્વામીએ તેને જણાવ્યું ; 'હરીજન નો અર્થ ભગવાન ના માનવી .એટલે તમે પણ ઈશ્વર ના સંતાન ,હરીજન .જગત માં એક માત્ર જ્ઞાતિ છે અને તે માનવતા ની' તેમણે કહ્યું . પણ ગામડાઓમાં તો જ્ઞાતિઓના વાડા એવા ને એવા અકબંધ છે, જ્ઞાતિઓના આ પિરામીડમાં સૌથી નીચે ગંદા ધંધા અને સૌથી ઉંચે સ્વચ્છ ધંધા.

ગામના અસ્પૃશ્યો નો લાચારી અને હતાશા પ્રત્યે માતાને કરુણા થતી અને સ્વામી જયારે આસપાસનાં ગામોની સેંકડો ગરીબ સ્ત્રીઓને અવારનવાર સાડીઓ મોકલતા ત્યારે તેમનો ચહેરો આનંદથી છલકાઇ ઉઠતો.તેઓ પોતાની સાથીઓને કહેતા ; ' તેમણે તો સ્વપ્નમાંય કલ્પના નહિ કરી હોય કે આવી મોંઘી સાડી પહેરવા મળશે .' એ સાડીઓ તેઓ ઉત્સવ પ્રસંગે જ પહેરશે , તેમનાં સંતાનોના લગ્ન પ્રસંગે પહેરશે. આવી ભેટ આપવી એ જુદી વાત અને તેમના ઘરોમાં જઈ, તેમને સ્પર્શી તેમની સાથે ભોજન કરવું એ જુદી વાત . ગામના ખુબ જ ક્રાંતિકારીઓ પણ એનો વિચાર કરી ન શકે .પરંપરાથી ચાલી આવેલા વિધીનિષેધોને ત્યજી દેવા માટે તથા વિનાશક સામાજિક ક્રાંતિ સર્જવા બદલ તેમની ટીકાનિદા થાય.

પુટ્ટાપર્થી આવતા યાત્રાળુઓની જ્ઞાતિ બાબતે માતા એ ક્યારે પૂછપરછ કરી ન હતી. તેમને માટે તો બધા 'સ્પૃશ્યો' છે. હરી ના સાચા જન ; તેની સ્પૃશ્યતા અને સન્માનની માત્રાઓ નક્કી કરવા માટે તેમની જ્ઞાતિઓની પૂછપરછ કરવી એ અનાદર જ કહેવાય .પણ સાથે સાથે જ લોકો અને તે પોતે જે ન્યાતજાત જાણે છે તે હકીકત ને અવગણી , ઉપેક્ષી કે ફગાવી કેવી રીતે શકાય ? ગામ માં તો કોઈ જાતી , ન્યાત કે જૂથના વિરોધ માં કે તરફેણ માં જે રીતનો પવન ફૂંકાતો હોય તેને અનૂકુળ થવું પડે .

માતાને ગામડાના ઘરમાં રહેવાનું હવે મુશકેલ લાગવા માંડયું . ન્યાતજાત ના ભેદભાવવાળા વાતાવરણમાં તેઓને જીવન જીવવું અકારું લાગવા માંડ્યું .જેમ જેમ વર્ષો વીતતાં ગયા તેમ તેમ ગામ માં આ બાબત નું પ્રદુષણ વધવા માંડ્યું હોય એમ તેમને લાગ્યું. નિંદા , કાવતરા , ગુફતેગુ યુક્તિઓ , છેતર પિંડીઓ- આ બધા દલિત અને નીર્ભ્રાન્ત લોકોના શોખ બની ગયા . રામ મંદિર નો ઉપયોગ ભાગ્યે જ રામાયણ વિશેના ધ્યાન અને ઉપદેશના કામમાં આવે છે . એ ચર્ચાચોરા નું જ કેન્દ્ર બની ગયું તથા નાસ્તિક પ્રવૃત્તીઓનું ધ્યાન બન્યું.આ વાતાવરણ માતાને ગુંગળાવનારુ લાગ્યું.

ધીમે ધીમે પરંપરાઅને રુઢિ પ્રત્યે ની ગુલામી ની ભાવના ધીમે ધીમે તેમના મનમાંથી દુર થવા માંડી અને એને બદલે સભાન, અર્થપૂર્ણ વફાદારી તથા આનંદપૂર્ણ સક્રિયતા સ્થાન પામ્યા .સંતપણાના સ્વાદ્યાયરૂપ બનેલી શિવરાત્રી સ્વામીએ આપેલા મહ્ત્વને કારણે ઈશ્વરના ભવ્ય વિચારોમાં ખોવાઈ જવાનું નિમિત્ત બની.સંક્રાંતિ નો ઉત્સવ હવે ઓછા વૈભવથી ,સમય અને નાણાની બચત કરીને પણ પ્રેમ અને ભાતૃભાવની વૃદ્ધિ સાથે ઉજવવા માંડયો.દરેક ઉત્સવ યોગ્ય વર્તન ના કોશેટામાંથી પ્રગટે છે અને વ્યક્તિના તથા કુટુંબના હાર્દમાં રહેલા પ્રેમના પુષ્પ ની ઉજવણીના ઉત્સવમાં પરિણમે છે. ગાંડીઘેલી મસ્તીવાળા તહેવારો હવે તેમને માટે થકવી નાખનારા ઉત્સવો ન રહ્યા . તે પવિત્ર તહેવારો બનીગયા , પ્રાર્થનાથી સુવાસિત બન્યા. આનંદપૂર્વક દશેરા એ એનું વિશેષણ ગુંમાવી દીધું અને તે રક્ષક,દાતા, માર્ગદર્શક માતાની પૂજાના તહેવારમાં પરિણમ્યું .

આમ સમાજમાં ઊંડે ઊંડે ઘર કરી ગયેલા પૂર્વગ્રહો અને માન્યતાઓ ધીમેં ધીમે સ્વામીના ઠપકા ના કારણે દુર થતાં ગયા તેમને જણાવ્યું છે તેમ ઈશ્વર તરફ જવાના પ્રાચીન અને સાચા માર્ગને ચોખ્ખો બનાવવા ,તેને કાંટાઝાંખરાથીં દુર કરવા અને પંડિતોએ આડા મૂકેલા અંતરાયો દુર કરવા તેમનું આગમન થયું છે .ઉપનયન અને લગ્ન જેવા સૈકાઓ જુના વિધિઓના સરળીકરણનો સ્વીકાર અને પ્રસંશા માતા કરતા થયા . પુટ્ટાપર્થી ખાતે વિધિઓ કરનારા પંડિતોએ તેમને જણાવ્યું કે સ્વામી એ આ ઉત્સવોના સારગર્ભ વિધિઓને જાળવી રાખ્યા છે , ઉપનયન જેવા વિધિમાં સ્વામીએ દીક્ષાનો વિધિ જાળવી રાખ્યો જયારે લગ્ન ના

કિસ્સા માં એકતા-સંવાદિતાનો વિધિ જાળવી રાખ્યો .ખુબ જ ઉડાઉ ઉપભોગો માટેની ઈચ્છાને સંતોષતા લાંબાચોડા વિધિઓજ તેમણે દુર કર્યા છે.

સ્વામીએ સ્ત્રીઓને માતા નું માનભર્યું સ્થાન અપાવ્યું એથી માતાને અવર્ણનીય આનંદ થયો .દશેરાના નવ દિવસ દરમિયાન સ્ત્રીઓ પ્રાર્થના ખંડ માં સવારસાંજ દુર્ગા, લક્ષ્મી અને સરસ્વતી તરીકે અધ્યશક્તિની પૂજા કરવા ભેગી થતી હતી.સ્વામી વિધવાઓએ પણ આમંત્રતા હતા, દુર્ભાગ્યનો ભોગ બનેલી આ સ્ત્રીઓને રૂઢિચુસ્ત લોકો સૌભાગ્યવતીઓની મંડળીઓમાં પ્રવેશવા દેતા ન હતા . પુરુષોની આપખુદીને સ્ત્રીઓને એમ માનવા પ્રેરી હતી કે સ્ત્રીઓએ માત્ર શાસ્ત્રાનુંસાર જેને પતિ તરીકે સ્વીકાર્યો હોય તેની ની:સ્વાર્થભાવે સેવા કર્યા કરવી , એનાથી જ તેમને ઈશ્વરીયકૃપા પ્રાપ્ત થઇ શકે. જયારે તેના કર્મના કઠોર પરીપાક રૂપે એ સેવા ઝૂંટવાઈ જાય ત્યારે તેને પૂજા કરવાનો કોઈ અધિકાર મળતો નથી . સ્વામીએ સ્ત્રીઓને એ શિક્ષા માંથી ઉગારી લીધી .

સ્ત્રીઓને જયારે રહસ્યગર્ભ ૐ શ્રુતિ બોલવાની સંમતિ આપવામાં ...ના ના તેમને સમજાવવા માં આવી છે એવા સમાચાર માતાએ સાંભળ્યા ત્યારે તેમને પુષ્કળ આનંદ થયો .વાસ્તવમાં તો આ નિષેધને સ્ત્રીઓ દ્વારા એટલો બધો આદર મળતો હતો કે તેમને કદી એને પડકાર્યો નહતો . વહેલી પરોઢે સ્ત્રીઓ ના મુખથી ઓમ શબ્દ મોટેથી અને ઉત્સાહ થી સંભાળવા મળ્યો કે કોઈ જીલ્લા ના મેજીસ્ટ્રેટની સુશિક્ષિત મહિલા પ્રશાંતિ નિલયમ ત્યજીને જતી રહી .ભગવાન ના દર્શન માટે સ્ત્રીઓ સામે કોઈ પ્રતિબંધન હોવો જોઈએ એમ માતાને લાગતું હતું. જો ૐ શબ્દ બ્રહ્મનું પવિત્ર અને સંપૂર્ણ વાચિક પ્રતીક હોય તો ૐ દ્વારા 'તેને' બોલવાનો સ્ત્રીઓને પણ અધિકાર હોવો જોઈએ.બધા વર્ગની , જાતિનીસ્ત્રીઓને આ વરદાન ભગવાને આપ્યું તેથી હું ખૂબ જ પ્રસન્ન છું એમ તેમણે સ્વામીને જણાવ્યું.

પ્રશાંતિનિલયમના એક પ્રવચન દરમિયાન તેમણે એક નોધપાત્ર જાહેરાત કરી હતી કે કોઈ પણ માન્ય ધોરણ વડે મને વર્ગીકૃત કરી નહી શકો. જે મને કોઈ રીતે ઓળખાવવાની જરૂર લાગે જ તે સત્ય બોધક તરીકે ઓળખાવે. તેમણે સાંભળેલા ભાગવતમાં કપિલ મુનિની વાત વિગતે આવે છે. તેમને વિષ્ણુના અવતાર તરીકે ઓળખાવવામાં આવેલા. માનવી પ્રકૃતિ અને ઈશ્વર વિશેના તેમના ઉપદેશે. તેમની માતા દેવહૂતિને સંભળાવ્યા હતા. એ જ રીતે ઈશ્વરમાએ પણ

પરમ સુખનો કક્કો પોતાના પુત્ર પાસેથી શીખ્યા. આને પરિણામે સામાજિક પૂર્વગ્રહો, ખોરાકના ગમા અણગમા, આધ્યાત્મિક લક્ષ, કૌટુંબિક સંબંધો-આ બધાએ ધીમે ધીમે પોતાની પકડ ગુમાવી. સ્વામીના પ્રભાવને કારણે ભક્તોના વલણો અને વર્તનો બદલાયા. તેની વાતો ભક્તો પાસેથી સાંભળતા સાંભળતા તેમને પોતાનામાં થયેલા રૂપાંતરની નવાઈ લાગી; સ્વામી જેમ જેમ તેમને પોતાનાં શબ્દો અને કાર્યો દ્વારા જે જે પાઠ શીખવાડતા ગયા તે તેમણે અને તેમની દીકરીઓએ આત્મસાત કરવા માંડ્યા.

તેમને ખ્યાલ આવ્યો કે ગ્રામ્યજીવનના તુચ્છતા અને તિરસ્કૃતતા પોતે વટાવી ચૂકયાં છે અને તેઓ હવે બાકીનું જીવન ગામના નિરર્થક ગાંડપણથી દૂર પ્રશાંતિનિલયમમાં ગાળવા આતુર બન્યાં. સ્વામીએ હા પાડી. તેમને નાના રસોડા અને સાંકડાં બાથરૂમવાળી એક ઓરડી ફાળવી આપવામાં આવી–સ્વામી જ્યાં રહેતા હતા તેની ઉપર પ્રાર્થનાખંડનીચારે બાજુએ ગાઢ ભક્તોને રહેવા માટે આવા ઘણા આવાસ હતા. તેઓને હવે કશી ફરિયાદ ન રહી. તેઓ બાબાની સહેજ સરખી કૃપાથી પણ કૃતાર્થતા અનુભવવા લાગ્યાં. પછી તે તેમની ભાષા કે તેમના વર્તન વિશે સ્વામીએ કોઈ મશ્કરી કેમ કરી ન હોય!.

હવે તેમને કશી ચિંતા ન રહી-એક માત્ર અપવાદે. સ્વામી બાળપણથી એક બાબતમાં કુટેવ ધરાવતા હતા. પોતાની સાદી સીધી જરૂરિયાતો ઈશ્વરમ્મા સંતોષે તેનો સ્વામીને વિરોધ હતો. કલાક સુધી મનાવે ત્યારે તેઓ એક કોળિયે માંડ તે ભરતા હતા. સાવ નાનાં નાનાં બહાનાં– (કોળિયા ભાત માટે કાકા કરતા કાગડા, દૂર દૂરથી સંભળાતા ભિખારીનો અવાજ, માના ચહેરા પર છવાઈ જતી ચીડ, પડોશમાં રુદન કરતું બાળક-)કાઢીને તેઓ પોતાની સામે મૂકેલી થાળી પરથી ઊઠી જતા. અને હવે પ્રશાંતિનિલયમમાં રહ્યા પછી સ્વામી આછા પાતળા ખોરાકને પણ ટાળતા હતા એ તેમણે જોયું. તેમણે કહ્યું : “આ ભક્તોને જે આનંદ થાય છે તે જ મારે માટે પૂરતા છે.”

પ્રાર્થનાખંડની સામે કતારમાં ઊભા રહીને ભક્તો સ્વામીના દર્શન માટે રાહ જોતા. સવારે ૮ વાગે નાસ્તા માટે પશ્ચિમના ખંડમાંથી ખુલ્લા વરંડામાં થઈને પૂર્વ તરફના  ભોજન ખંડમાં જાય; ૧૧ વાગે ભોજન; ૩ વાગે અલ્પાહાર કોફી, રાતે આઠ વાગે વાળું. બધા જ જાણતા હતા કે નાસ્તો, ભોજન. અલ્પાહાર અને વાળુ-

આ તો કહેવા ખાતર હતું. પણ એ બહાને સ્વામી પશ્ચિમ તરફની પોતાના ઓરડામાં જતા પહેલાં થોડી વાર ભક્તોને દર્શન જ આપતા હતા.તેમને એ ખ્યાલ આવતો ન હતો કે દર્શન પામવાની ઝંખના સંતોષવા માટે જ સ્વામી ટેબલ પરથી જલદી ઊભા થઈ જતા હતા. તેમને સૌથી વધુ ભાવતી વાનગી ભક્તોનો આનંદ. પણ એક માતા તરીકે ઈશ્વરમ્મા સ્વામીના આ આગ્રહને કેવી રીતે સમજી શકે ?

સ્વામી ઘણી વાર વધુ કપરી અસ્વીકૃતિ જણાવતા, તેને કારણે ભક્તો (તેમાંય ઈશ્વરમાં તો સૌથી વિશેષ કોમળ હૃદય ધરાવતાં હતાં) ખૂબ જ વિષાદમાં ડૂબી જતા હતા. ૧૯૬૬માં એક પ્રસંગે સ્વામીએ દઢ નિર્ધાર કરીને ૩૬ દિવસ સુધી એક કપ છાશ સિવાય કશું લીધું ન હતું, તે વખતે ભક્તોના આગ્રહ, કાકલૂદી જોઈને તેમના ચહેરા પર પ્રગટતા વિનોદ હું જોતો હતો. આ સાવ મામૂલી પોષણ મેળવીને પણ તેમના મુદ્રા અને હાવભાવ, તેમના અવાજ અને શક્તિ, આંખનો ચમકાર, હાથનું હલાવવું – કશાયમાં થાક કે અશક્તિનાં ચિન્હો વરતાયાં ન હતાં. પણ સ્વામી આગળ પોતાનો કેસ રજૂ કરવા ઈવરમ્માએ મારે ત્યાં બહુ ધક્કા ખાધા. એમની પાસે જઈને જયારે મે" કહ્યું કે હવે તમારે નિત્ય કાર્યક્રમ ફરી શરૂ કરવા જોઈએ ત્યારે તેણે મને પૂછયું. “કેમ ? તમે મને થાકી ગયેલ જુઓ છો ? પહેલાના કરતાં વધારે નહી' એટલો ને એટલો તો સક્રિય છું. તમને દેખાતું નથી કે ભક્તોની મેદની વધતી જ જાય છે અને આખો દિવસ હું તેમનામાં જ વ્યસ્ત રહું છું.” ત્યારે હું આગળ દલીલ કરી ન શક્યો. એ પ્રશ્નોએ મને ચૂપ કરી દીધો.

પણ કોઈ માતાને ચૂપ ન કરી શકે. સ્વામીના પથ્યાપથ્યે તેમને નિર્મળ બનાવ્યા નથી એવું માનવા કોઈ તૈયાર ન હતું. સ્વામી તો કહેતા હતા : ‘હું તેમના આનંદ પર ટકું છું '. પણ નિલયમમાં કોઈના હૈયામાં આનંદ ન હતો. દરેકના હૃદયમાં હતી માત્ર વેદના. ઘણા લોકોએ પોતે પોતાનું ખાવાનું સાવ ઓછું કરી નાખીને જતને શિક્ષા કરી, આંખમાંથી. વહી જવા માગતાં આંસુને માંડમાંડ ખાળી રાખતા ઈશ્વરમ્મા સાથે બધા સંમત થતા હતા.

છેવટે સ્વામીએ નમતું જોખ્યું. સ્વામીએ ભક્તોની વિનંતીને માન્ય કરીને હવેથી નિયમિત રીતે નાસ્તો, ભોજન અને વાળું લેતા થશે એવી જાહેરાત પ્રાર્થના બેઠક પૂરી થાય ત્યારે કરવા કહ્યું. સ્વામીએ ભાત, કઢી, સોસ અને સૂપ લેવાની શરૂઆત કરી એટલે ઈશ્વરમ્મા અકથ્ય આનંદ અનુભવવા લાગ્યા; તેમણે સ્વામીને

હવે પછી આવી યુક્તિઓ અજમાવીને તેમને હેરાન નહી કરવા જણાવ્યું. પાછલાં વર્ષોમાં તેમને જ્યારે આ છત્રીસ દિવસની યાદ આવતી ત્યારે તેઓ નિઃશ્વાસ અને લાચારી વ્યક્ત કરતા. ભગવાનના સાન્નિધ્યમાં રહેતા બધા ભક્તોની પ્રાર્થનાઓને પરિણામે એ શકય બન્યું એનો તેઓ કુર્તજ્ઞ ભાવે સ્વીકાર કરતા હતા. પ્રાર્થનામાં શ્રદ્ધા અવિચળ રહી.

બીજો એક હૃદયદ્રાવક પ્રસંગ સ્વામીએએ ૧૯૬૮માં પ્રશાંતિનિલયમમાં જ શરૂ કરેલ યોજનાનો હતો. છેક ૧૯૬૮નો એ  પ્રસંગ ઈશ્વરમાના માતૃવત્સલ્ય હૃદયને સ્પર્શી ગયો . દસ દિવસ સુધી નેત્ર રોગ ચિકિત્સા અને ઉપચારનો એ પ્રસંગ હતો. ત્યાં ચાર હજાર દર્દીઓને તપાસવામાં આવ્યા અને ગ્લુકોમા મોતિયાને કારણે અંધત્વ પામેલા લગભગ હજારેક લોકો પરઓપરેશન કરવામાં આવ્યા. નિલયમના માર્ગ પર પુત્રો અને પ્રપૌત્રો દ્વારા દોરી લવાયેલા વૃદ્ધ લોકોના ટોળાં આવવા લાગ્યા. ઈશ્વરમાને ખ્યાલ ન આવી શકે કે સ્વામીએ મદદ માટે લંબાવેલો હાથ પકડવા કેટલા તૈયાર હતા–એમની સરભરા કરવાનો ઉત્સાહ ભાવિક ભક્ત સ્ત્રીપુરુષમાં હતો. દર્દીઓની અડધી ઉપરની સંખ્યા સ્ત્રીઓની હતી. ઓપરેશન પહેલાં તેમના માં ધોવા પડે, માથામાં તેલ નાખવું પડે, વાળ ઓળવા પડે, તેમની ચિંતાઓ દૂર કરવી પડે. સૌથી વધારે ભાવિક સ્ત્રીઓએ તેમની સુશ્રષા કરવાની તૈયારી બતાવી. ઈશ્વરમ્મા તેમની સાથે હતા, થોડા જ દિવસો પછી આવનારા તેજસ્વી પ્રભાત માટે આતુર હતા. જ્યારે નિલયમનું વાતાવરણ વૈદિક મંત્રો વડે ગુંજવા માંડયું અને વૈદિક અનુષ્ઠાનો થવા માંડયા ત્યારે માતા મુંઝાયા, ગૂચવાયા પણ જયારે હજારો. ગરીબ અને બિમાર ગ્રામીણોને ભોજન, વસ્ત્ર આપવામાં આવ્યાં, તેમની માવજત કરી, તેમને નવેસરથી વસાવવામાં આવ્યા ત્યારે તેમને રાહત થઈ, ખૂબ આનંદ થયો.

સ્વામીએ તેમને સેવા પ્રવૃતિઓમાં ભાગ લેવા પ્રેર્યા અને તેમના હાથે સ્ત્રીઓને સાડીઓ અપાવી. સ્ત્રીઓ તેમના હાથમાં સાડીઓ ઝાલે ત્યારે તેમની આંખોમાં કૃતજ્ઞતાની ભાવના જોઈને ઈશ્વરમ્માને આનંદ થતો. સ્વામી પણ ધરતી પર કાળી મજૂરી કરનારા શ્રમણોના અસહાય હાથમાં ધોતિયાં અને ટુવાલ મૂકતા. ઉત્સાહ પૂર્વક દાન કરવાની કળા તેમણે સ્વામી પાસેથી હસ્તગત કરી હતી. સાડી આપતી વખતે એક બહેન બીજી બહેનને મળતી હોય તે અનુભવ તેમને થયો. તે

પહેલાં ઈશ્વરમાં જયારે આંખે પાટા બાંધેલી સ્ત્રીઓની પથારીની લાંબી હરોળ આગળથી પસાર થતાં ત્યારે દરેકને પોતાનીબાજુમાં માતાની ઉપસ્થિતિનો ખ્યાલ આવતો, બધા તેમના સ્પર્શને ઝંખતા.

સ્ત્રીઓ માટે સ્વામીએ ઉચ્ચ શિક્ષણની સગવડ કરી એથી માતાને ખૂબ આનંદ થયો. બીજી ગ્રામીણ સ્ત્રીઓની જેમ તેમણે પણ ઘણાં વર્ષો સુધી જે સ્ત્રીઓ ઘરનો ઉંબરો ઓળંગી જગતમાં પગ મૂકે, પડકાર ઝીલે અને પુરુષના ઈર્ષ્યા અને ભયને હસી કાઢે તેની સામે પૂર્વગ્રહ સેવ્યો હતો. જગતમાં પગ મૂકવો એ ઈશ્વરમ્માની દષ્ટિએ સ્ત્રીઓને ન શોભે એવું કૃત્ય હતું. માતૃત્વ સ્ત્રીઓની પરમ પ્રાપ્તિ હતી; પારણું ઝૂલાવવું તેનું પવિત્ર તપ કાર્ય હતું. પ્રાચીન શાસ્ત્રોએ તેને પતિ જે માર્ગે જાય તેને અનુસરવા માટે ઘડેલા નીતિ નિયમોનું, વિધિનિષેધનું પાલન કરવું જોઈએ.

પણ જ્યારે પ્રાર્થના અને પરિતાપે પુટ્ટપર્થિમાં શિક્ષિત સ્ત્રીઓને, સાહિત્યપ્રિય સ્ત્રીઓને, અંગ્રેજી ભાષા બોલતી સ્ત્રીઓને, અંગ્રેજ સ્ત્રીઓને આણી તથા ઈશ્વરમ્માએ જ્યારે તેમના નમ્રતા, પવિત્રતા અને સ્વજનો પ્રત્યેનાં વફાદારી જોયા ત્યારે તેમના મનમાંથી પૂર્વગ્રહો નીકળી ગયા. તેમણે જોયું કે શિક્ષણ આદર, પ્રેમ અને સાધનાનાં દ્વાર ખોલી શકે છે. ખોલે છે. પોતાને લખતા વાંચતાં ન આવડયું તેનો તેમને પશ્ચાત્તાપ થવા લાગ્યો. હવે તો મરણ સુધી એ જ હાલતમાં રહેવાનું આવ્યું પણ તેમણે પોતાના પુત્ર-પુત્રીઓને શિક્ષણ આપવા સામે મનાઈ ન ફરમાવી, પોતાના પૌત્ર-પૌત્રીઓનેજ્યાં સુધી ભણવું હોય ત્યાં સુધી ભણવા માટે પ્રોત્સાહન આપ્યું.

દિવ્ય હાથ દ્વારા વાવવામાં આવેલું બીજ બહુ ઝડપથી પાંગર્યું, સ્થિરતાથી, દ્રઢતાથી એ વિકસવા માંડયું.,કોલેજની હોસ્ટેલ લાયબ્રેરી અને ઓડીટરીયમની ઈમારત માટેના પાયા એક વર્ષમાં નાખવામાં આવ્યા. અને અઢાર મહિના પછી ભારતના રાષ્ટ્રપતિએ સંપૂર્ણ સજ્જ શિક્ષણ સંકુલનું ઉદ્દઘાટન કર્યું. આ વિધિ જોઈને તથા સ્વામીની બાજુમાં રાજ્યપાલો,મંત્રીઓને બેઠેલા જોઈ અને

તેમના મોંઢે સ્વામી પ્રત્યે ભક્તિ તથા કૃતજ્ઞતાના શબ્દો સાંભળીને ઈશ્વરમ્માને ખુબજ આનંદ થયો. તે દિવસ ગુરુપૂર્ણિમાનો હતો અને અંધ તથા અપંગોને જ્ઞાન તેજના પથ ઉપર દોરી જનારા ગુરુ તરીકે સ્વામી પ્રકાશી ઉઠયા.

૧૯૭૦ના મેમાં સ્વામી સાથે મુંબઈ જનારી મંડળીમાં ઈશ્વરમ્મા હતાં. ભક્તોની વિનંતીને માન આપીને સ્વામીએ વરસમાં એક વખત-ધર્મ ક્ષેત્રની વાર્ષિક તિથિ પ્રસગે દર્શન આપવાનું વચન આપ્યું હતું. પંડિતોએ ઈશ્વરમ્માને કહ્યું હતું કે પ્રશાંતિનિલયમની જેમ સ્વામીએ પાડેલું આ નામ (ધર્મ ક્ષેત્ર) પણ ગૂઢ મર્મ ધરાવે છે. તેનાથી જગતને જણાવવામાં આવ્યું છે કે સ્વામીએ ધર્મના પુનરુત્થાનનું કાર્ય હાથ ધર્યું છે, એ ઉપરાંત દરેક માનવીના હૃદયને શાંતિનું પરમ ધામ તો બનાવવાનું જ છે..

બીજુ પણ એક સૌભાગ્ય રાહ જોતુંહતું. નવાનગરના રાજમાતાએ સ્વામીને દ્વારકા આવવા આમંત્રણ આપ્યું - કૃષ્ણની સોબતમાં. એટલે કાફલો તૈયાર કરવામાં આવ્યો અને અમે યાત્રા આરંભી. માતાએ અયોધ્યાની મુલાકાત લીધી હતી, વૃંદાવન અને મથુરા આગળ મહાકાવ્યોમાં વર્ણવેલી યમુનાની મુલાકાત લીધી હતી. હવે તેઓ દ્વારકા જઈ રહયાં હતાં; દંતકથાઓ, નાટક અને ગીતો દ્વારા દ્વારકા તેમના હૃદયમાં ગોપિતહતું. સ્વામીના આગમનની પ્રતીક્ષા કરતી માનવમેદનીથી કૃષ્ણનું વિશાળ મંદિર ઉભરાતું હતું. પાછળથી આવેલા અમારા જેવા તો બહારના દ્વારથી આગળ જઈ ન શકયા, અમે માતાને અને તેમની નાની મડળીને બહાર આવેલાં જોયાં; તેમણે મંદિરના ગર્ભ ગૃહ આસપાસ લટકાવેલાં તોરણોમાંથી મૂર્તિનાં દર્શન કર્યા',

સ્વામીએ અંદર જવાની ના પાડી કારણ કે તેનાથી ભીડ વધી જશે અને પછી એમાં લોકો ગુંગળાઈ જશે એવો તેમને ડર લાગ્યો. તેઓ ખુલ્લા ચોકની વચ્ચે ઉભા રહયા અને લોકો તેમના દર્શન કરવા બહાર અવ્યા અને એ રીતે તેમણે ભીડ ઓછી કરી. પાછળથી તેઓ મીઠાપુર ગયા. બપોરે સ્વામી ત્યાંથી પાછી આવ્યા. કારની બારીમાંથી માતાને બીજી વાર મદિરના દર્શન કરવાનો લાભ મળ્યો. એ ભીડને કારણે એ બપોરે નિરાંતે દર્શન કરવા મળ્યાં ન હતાં એટલે

તેમને બીજી વખત દર્શન કરવાનું મન થયું પણ ભગવાનની ઈચ્છા વિરુદ્ધ તેમનું શું ચાલે ? "

કાર પુરપાટ દોડવા માંડી. અડધા કલાક પછી જમણી બાજુએ કોઈ ઓવારો જોયો. તેમને યાદ આવ્યું કે એની પાર દેખાતા સમુદ્રમાં દ્વારકા ડૂબી ગયું હતું. કાર ઊભી રહી અને અમે રેતાળ પટમાં ઊતર્યા, સ્વામીની પાછળ પાછળ ચાલવા લાગ્યા. સ્વામી પાણીની ધાર આગળ પહોંચ્યા અને થોડા સમય મોજાસાથે રમત કરી, અમારામાંથી કેટલાક ભીંજાયા તેમની સ્થિતિ જોઈ, અમારા ઉપર છાલક વરસાવવા ધસી આવતાં મોજાઓની થપાટોમાં અણધારી રીતે કેટલાકસપડાઈ ગયા હતા. પાછળથી અમે રેતીમાં તેમની આસપાસ બેઠા. તેમના કહેવાથી અમે તેમની આગળ રેતીના ઢગલો કર્યો. તેમના સંકલ્પથી રેતીના એ કણ ખાંડમાં, વિભૂતિમાં અને મંડળીના સભ્યો જે વિવિધ દેવદેવીની પૂજા કરતા હતા તેમની આકૃતિ ઉપસાવેલી ચાંદીની તકતીઓમાં ફેરવાઈ ગયા..

“આજે સવારે તમારામાંથી કેટલા મંદિરના દર્શન કરી શકયા ન હતા ? ડઝનેક હાથ ઊંચા થયા. માતાએ કહ્યું :સ્વામી, હુ પણ પૂરાં દર્શન કરી શકી ન હતી.” ‘તમે તે સૌથી પહેલાં અંદર ગયા હતાં.” “હા, તો પણ. ભીડ એટલી બધી હતી કે અગરબત્તીની વાસ જ અમને આવી.” સ્વામીએ તેમને ખાત્રી આપી : “હવે તમારે ધરાઈને જોવા હોય તે જુઓ.’ તેમણે ઢગલાને સપાટ કરી નાખ્યો, આંગળી વડે ભાત પાડી, “જુઓ, આ રહયા ! ' સ્વામીએ જણાવ્યું અને તરત જ એમણે દોરેલી રેખાઓમાંથી અઢાર ઈંચ ઊંચી કૃષ્ણની સુંદર સુવર્ણ પ્રતિમા નીકળી.

અમે આશ્ચર્યચકિત થઈ ગયા. માતા તો પોતાનું અચરજ શમાવી ન શકયાં. આટલું બધું સોનું' કયાંથી આવ્યું અને ઓગાળ્યું કેવી રીતે ? મૂર્તિ બનાવી કેવી રીતે ? રત્નો પણ ભાગવતમાં વર્ણવાયા પ્રમાણે હતા. સ્વામીએ એ સુવર્ણપ્રતિમા રાજમાતાના હાથમાં મૂકી અને યાત્રા શરૂ કરવા ઊભા થયા.

પણ ઈશ્વરસ્મા એ પવિત્ર સમુદ્ર તટ પરથી જાતજાતના આકાર અને રંગ વાળા શંખ-છીપલા વીણવામાં વ્યસ્ત હતા. બાળકોને આની સાથે રમવાનો ખૂબ

આનંદ આવશે.' તેમણે દસબાર નમૂના પોતાની સાડીના છેડે બાંધી લીધા. બાળકોને મીઠાઈ, રમકડાં આપીને ખુશ કરવાનું તેમને ગમતું હતું, તેમનાં નાનાં નાનાં ઘરાક ઘણા બધા હતા એટલે આવા શંખ તેમણે વધારે વીણ્યા હોત પરંતુ સ્વામી તો રેતાળ પટના રસ્તા પર પડતા કિનારે પહોંચી ગયા હતા.

સ્વામીની સાથે જવા માટે ઈશ્વરમાની આતુરતાનું બીજુ પણ એક કારણ હતું. તેઓ મુંબઈથી સોમનાથ ત્યાંના પ્રખ્યાત શિવમંદિરના પ્રવેશદ્વાર–ગોપુરમ નું ઉદ્ઘાટન કરવાના હતા. એ મદિરનો જીર્ણોદ્ધાર થયો હતો, દાયકાઓની ઉપેક્ષા પછી સ્વતંત્ર ભારતના હિંદુ મહારથીઓએ એ મંદિરને પુનર્જીવિત બનાવ્યું હતું. આ મંદિરના પુનરુત્થાનની પ્રતિજ્ઞા કરનારાઓમાં એક નવાનગરના જામસાહેબ પણ હતા. તેઓ પોતાનું સ્વપ્ન સાકાર થવા જીવતા રહ્યા. મંદિર તેના જીર્ણ અવશેષોમાંથી ઊભું થયું, આખા દેશના શ્રદ્ધાળુઓને એક જમાનામાં આ મંદિર ધ્રુવતારો હતો, તેવું ફરી ઊભું થયું. મુખ્ય મંદિરના પ્રવેશ દ્વાર આગળ જામસાહેબે પિતાના ખર્ચે ભવ્ય ગોપુરમ બાંધવાની યોજના વિચારી હતી. તેમણે ઉદ્ઘાટન માટે ભગવાન શ્રી સત્ય સાઈબાબાને આમંત્ર્યાં હતા પરંતુ એ પહેલાં તો તેમનું અવસાન થયું : એટલે રાજમાતાએ પોતાના પતિની ઈચ્છાને માન આપવા બાબાને વિનંતી કરી અને બાબાએ કૃપાપૂર્વક સંમતિ આપી હતી.

મંડળીએ થોડા દિવસ જોમનગરમાં રાજમાતા સાથે ગાળ્યા. સોમનાથમાં સ્વામી જ્યારે ચાર ફૂટ ઊંચા લિંગ ઉપર પોતાના હાથમાંથી સોનેરી પુષ્પ વરસાવતા હતા ત્યારે માતા રાજમાતાની બાજુમાં ગર્ભગૃહના ઉંબરા ઉપર ઊભારહ્યા. ઈ.સ. ૯૦૦ ના સમયથી વાયવ્ય સરહદેથી આક્રમકોએ અવારનવાર મૂર્તિભંજકોના ઝનૂન વડે લૂંટ ચલાવી હતી, અને એક પ્રસંગે આ લૂંટની મોંઘામાં મોંઘી સંપત્તિ રૂપ લિંગને ઉઠાવી ગયા–જે ' મૂર્તિપૂજક કાફરો 'ની પૂજા ને પાત્ર હતું. જામનગરથી સોમનાથ આવતા હતા ત્યાર પહેલાંસ્વામીએ આ લોભિયાઓની લૂંટની કથા સંભળાવી હતી. પણ તેમણે પાછળથી અમારા આનંદ વચ્ચે કહ્યું કે લોકો અપવિત્ર આનંદના આવેશમાં જે લિંગ ઉઠાવી ગયા હતા તે બધા ભક્તિના સનાતન સ્રોતને ઝીલનારા સાચા લિંગ ન હતા. હજાર વર્ષ અગાઉ કોઈ પ્રખ્યાત ઋષિએ ગર્ભ ગૃહની વચ્ચે સંગેમરમર જેવા પથ્થરનું શિવલિંગ સ્થાપ્યું હતું; એના

પર કોઈનું ધ્યાન ન ગયું અને એને આંચ ન આવી. જયારે એ સ્થળે સ્થપાયેલ ઊંચું શિવલિંગ લઈ જવામાં આવ્યુ અને ફરી સ્થાપવામાં આવ્યુ.

આ રહસ્ય પ્રકટ કરવાની ઘડી હવે આવી પહોંચી હતી. હવે મંદિરને કોઈ ભય ન હતો. એટલે તેઓ મૂળ જ્યોર્તિલિંગને પ્રકાશમાં આણવા માગે છે, જેના દિવ્ય સ્પંદનો ત્યાં લાંબા ગાળા સુધી સુષુપ્ત શક્તિ રૂપે રહ્યાં હતા. સ્વામી બોલતા હતા તે જ વખતે, તેમણે હાથ ઘુમાવ્યો અને આંખ આંજી નાખે એવો પદાર્થ તેમના હાથમાં આવી ચઢયો. મૂળ જ્યોતિના આ દિવ્ય લિંગના દર્શન ભલે બધા કરે.' તેમણે ફરી હાથ ઘુમાવ્યો અને તેમને ભૂમિ નીચેના સ્થળેથી કાઢેલા લિંગને બરાબર જકડી રાખે તેવું સુવર્ણ પાત્ર સર્જ્યું'. માતાની આંખમાંથી હર્ષાશ્રુ વહ્યાં. પાછળથી તેમણે પરમ સંતોષ ની લાગણી વ્યક્ત કરતાં મને કહ્યું : “એ ઘટના અદ્ભુત હતી. હું જીવું છું એ પણ માની શકાતું નથી. હું જાણે આ જનમમાંથી બીજા જન્મમાં ફરી પ્રવેશી છું એવું મને લાગ્યું'.

ભગવાને ૧૯૭૦ના ડિસેમ્બરમાં ગોવાની મુલાકાત લીધી. ભગવાન સાથે સ્ત્રી ભક્તોની જે મંડળી ગયેલી તેમાં જૂન સૂલૂટર પણ હતાં. તેમણે એ મહિનાની આઠમી તારીખે બનેલી અદ્ભુત ઘટના નોંધી છે ; “અમે બાબા વિના ભોજન લીધું'. એ દુઃખદ ઘટના હતી. તેઓ કેમ ન આવ્યા તેનું બધાને અચરજ થયુ. શુ બની રહ્યું છે એ જાણનારા છે અને તેઓ એ વાત જાહેર કરતા દુઃખ અનુભવતા હતા તેની મને ખબર ન હતી. બાબા પ્રશાંતિનિલયમમાં હોય કે ગમે ત્યાં હોય, પોતાના ઓરડામાંથી બહાર ન આવે એ વિચિત્ર કહેવાય. તેઓ હંમેશા સવારથી સાંજ સુધી અનેકવાર દર્શન આપે જ છે. મને ખબર હતી કે બાબા એક જાહેર સભાને પણ સંબોધવાના હતા. ચર્ચમાં જતી વખતે અમે એ જ મેદાન પાસેથી પસાર થયા અને જોયું તો લોકો સભાનો આંરભ ત્યાં થાય તે અગાઉથી જ આવવા માંડયા હતા.

બાબા શા માટે સભાને નિરાશ કરતા હતા ? સ્વામીને જ આપણે એ નો ઉત્તર આપવા દઈએ. “સાતમીની રાતે વિચિત્ર ઘટના બની. હું પથારીમાં સૂઈ શકતો ન હતો. હું, બેઠો રહી શકતો ન હતો. એક પડખેથી બીજે પડખે મારાથી

ફરાતું ન હતું. હુ બોલી શકતો ન હતો, કોઈ ને બોલાવી શકતો ન હતો, હું કોઈને ચિંતા કે મુશ્કેલીમાં મૂકવા માગતો ન હતો. મેં વ્યવસ્થિત છે એમ મનાવવાને પ્રેયત્ન કર્યો.' એ સવારે કુશળ ડોક્ટરો ને લેફ્ટનન્ટ ગર્વનર 'શ્રી નકુલ સેને બોલાવ્યા. તેઓ અમારા યજમાન હતા અને અમે કાબો રાજ નિવાસમાં ઊતર્યા હતા. બધાએ સર્વાનુમતે જાહેર કર્યું" : 'પેરાકોલિક એપેન્ડિસાઈટીસને ઉગ્ર હુમલો; ઓપરેશન કરાવવાની અનિચ્છા.'

મને જાહેર સભાને સંબોધવા અને ભગવાન ત્રણ દિવસ પછી પ્રવચન આપશે એમ જણાવવા મોકલવામાં આવ્યો , બાબાએ એક વખત જાતે વહોરી લીધેલા પક્ષાઘાતના હુમલાની અને એમાંથી કેવી રીતે બહાર આવ્યા તેની વાત કહી, તેમને ખાત્રી આપી કે આ એપેન્ડીસાઈટીસ તેમનું પોતાનું નથી, એ જેવી રીતે અત્યારે ઉછીનું લીધું છે તેવી રીતે દૂર ફગાવી દેવામાં આવશે. એપેન્ડીસાઈટીસની વાતે જગતને ચોંકાવી દીધી. આખા દેશમાં જગતમાં આ અકલ્પ્ય સમાચાર પ્રસરી ગયા. રાષ્ટ્રીય અખબારની સવારની આવૃત્તિમાં લાખો લોકોના હૈયામાં ચિંતા, દુઃખ અને હતાશા સજર્યા. ગર્વનરના એ રાજમહેલમાં તાર, ટેલિફોન આવવા લાગ્યા- પ્રાર્થના, દલીલ, શંકા, અસ્વીકાર, આશા, રુદન એમાં પ્રગટતાં હતાં. એ માંદગી લઈ લેવાની દરખાસ્તો આવી અને પ્રાયશ્ચિતની પ્રતિજ્ઞાઓ પણ થવા લાગી.

એ વખતે માતા પુટ્ટપાર્થિમાં હતા. ગુરુપૂર્ણિમાના ચમત્કારની સ્મૃતિએ તેમને આશ્વાસન આપ્યું; ચારે બાજુ આ નવી કટોકટીએ હતાશાનાં મોજા જન્માવ્યાં હતાં. પક્ષાઘાતના હુમલા વખતે સાંજે સ્વામીએ પોતાની સારવાર કરી ત્યારે ઉચ્ચારેલી ખાત્રીના શબ્દો તેમના કાનમાં ગૂજતા હતા : માંદગી આ શરીરને સ્પર્શી ન શકે માંદગી પાસે પણ આવી ન શકે. કયારેક આવે તો પણ ચોક્કસ માનજો કે એ કોઈક બીજાની હશે, મારી નહીં'. એ જેવી આવી તેવી જ જાય છે; હું જયારે ઈચ્છીશ ત્યારે જશે. મારે એની સાથે કશો સંબંધ નથી. હું એની અસરહેઠળ આવ્યો નથી.માતાએ પોતાની હિંમત વડે બીજાઓની અસ્વસ્થતા ઓછી કરી, પણ એકલા પડયા ત્યારે તેઓ કલ્પાંત કરવા લાગ્યાં. તેઓ બીજાને મળતા ન હતાં તેમને ડર હતો કે તેઓ વધુ ખરાબ સમાચાર આપશે.

એ દરમિયાન સર્જનો પરૂથી ભરેલા જે ગોળાને દૂર કરવા માગતા હતા તે બાબાએ ફગાવી દીધો અને દસમી ડિસેમ્બરે વચન આપ્યુ હતુ તે મુજબ તેમણે સભાને સંબોધી. લેફટેનન્ટ ગવર્નરના શબ્દોમાં આ ચમત્કારના ચમત્કારને જોઈએ. "ભગવાન ભકતોના હૃદયના ઊંડાણોમાં જીવે છે. તેઓ ભકતોની માંદણી ઉછીની લે છે બીજાઓ વતી દુઃખ વેઠે છે, કારણકે જો એમ કર્યું ન હોત તો એ ભકતો મરણશરણ થયા હોત. ગોવાના ડોકટરોને મૂઝવનારી લીલા આપણે હમણાં જ જોઈ. એનાથી આપણા મનમાં હવે એ વાતની શંકા નથી રહી કે ભગવાન શ્રી સત્ય સાઈ બાબાથી પર હોય એવું આ જગતમાં કશુ નથી !'

અગિયારમી તારીખે સ્વામીએ મને પુટ્ટપાર્થિ જવા માટે અને પ્રશાંતિનિયમના રહીશો ને ગાવામાં બનેલી ઘટનાથી માહિતગાર બનાવવા માટે કહ્યું. "તેઓ ત્યાં ભયભીત છે. આ બધી અફવાઓએ તેમને ચકર ભમર કરી નાખ્યા છે.' હું એકાદ ક્ષણ ખચકાયો અને આ કામગીરી બજાવવાની મેંના પાડી : ત્યારે તેમણે કહ્યું : "જો બીજાઓ જશે અને ત્યાંના રહીશો અને ખાસ તો માતાને તેમના બોલમાં વિશ્વાસ જ નહી આવે. પણ તેમને એટલો વિશ્વાસ છે કે હું સાજો સમો હોઉં તો જ કસ્તુરી બહાર નીકળે. તો જ તેમને ખાત્રી થશે કે છાપાંવાળાઓએ બહુ ચગાવેલા એપેન્ડીકસના સમાચાર હવે સાચા નથી'. એટલે મારે માનવું પડયું. શક્ય તેટલી ઝડપે હું પુટ્ટપર્થીપહોંચ્યો અને એક કલાક માતા પાસે ગાળ્યો ; તેમને ખાત્રી કરાવીને પ્રાર્થનાખંડમાં ગયો અને કોબો રાજ નિવાસની ઘટનાની વિગતવાર માહિતી બીજાઓને આપી.

માતાએ એ જોયું કે સ્વામી જે પ્રદેશની મુલાકાત લે છે તે પ્રદેશના લોકો સેંકડોની સંખ્યામાં આવવા માંડે છે. આ પરિપાટી પ્રમાણે નીલગિરિ, હિમાચલ પ્રદેશ, મહારાષ્ટ્ર, પંજાબથી લોકો આવ્યા જ કરતા હતા. તેઓ વેશભૂષા, રહેણીકરણીના પ્રાદેશિક ભેદભાવ ઓળખતા થયા અને ધીમે ધીમે તેઓ ચરણસ્પર્શ કરવા માટે તેમના ઓરડામાં પ્રવેશતી સ્ત્રીના વેશ પરથી જ તેઓ તે કયા પ્રદેશની છે તે કહી આપતા હતા; તેમની અંજલિ આપવાની રીત, નમસ્તે, નમસ્કારની જુદી જુદી રીતો દ્વારા પણ પ્રાદેશિકતા સ્પષ્ટ થતી હતી. તે સાવ નિષ્ક્રિય શ્રોતા ન હતા. આશીર્વાદ માગતી સ્ત્રીઓ કયાંની છે, શા માટે આવ્યાં છે એ બધી પૂછતાછ કરીને તેમને પ્રાપ્ત થયેલા વરદાનમાં વધારો કરતા હતા.

રાતોરાત પ્રશાંતિનિલયમ અનેક ધર્મોનું કેન્દ્રસ્થાન બની ગયુ-ચાંદીના દ્વાર અને અગાસી પર સોનાના ધુમ્મટ બધા જ દેશો ના શિલ્પ હતા, અને મુખ્ય મંદિરમાં સનાતન ધર્મ, બૌદ્ધ, ખ્રિસ્તી, ઈસ્લામ ધર્મના પ્રતીકો હતાં. બીજા કોઈ મંદિરમાં પ્રાર્થના ખંડમાં અ-હિંદુ ધર્મના પ્રતીક હોય - એવું ઈશ્વરમ્માને જણાયું નથી. બીજા કોઈ ધર્મે કે મસ્જિદેબીજાઓના ધર્મને આ રીતે આદરભર્યું સ્થાન અપ્યું નથી. તેમને જાણીને આનંદ થયો કે સ્વામી બધા જ ધર્મના મૂળને પોષે છે, હિંદુઓને હિંદુ ધર્મના લક્ષ્ય પામવામાં મદદ કરે છે, મુસ્લિમને સાચા મુસ્લિમ, ખ્રિસ્તીને સાચાખ્રિસ્તી બનવામાં મદદ કરે છે–જેથી બધા જ પ્રેમ અને પ્રકાશના પથ ઉપર ભેગા થઈ શકે, જ્યાં બધા ભેદભાવ શમીને એક માત્ર પરમાત્મામાં વિલીન થઈ જાય છે.

પ્રાર્થના ખંડમાં ભજન માટે મુસ્લિમોને અને ખ્રિસ્તીઓને જોઈને માતાને ખૂબ આનંદ થતો, તેઓ કેડમાં છોકરા તેડીને તેમના આશીર્વાદ લેવા આવતી હતી. પીળાં વસ્ત્રધારી સન્યાસીઓ પણ હતા, તેઓ શ્રીલંકાના બૌદ્ધ સાધુઓ છે એવું કોઈએ તેમને કહ્યું. તેમને મન તો શ્રીલંકા ત્રણ રાજ્યમાંનું એક રાજ્ય હતું જેની વાત રામાયણમાં આવ્યા કરે છે (બીજા બે રાજ્ય અયોધ્યા અને કિષ્કિધા). હવે એ ટાપુ બુદ્ધના સૌમ્ય સ્મિતથી શોભે છે એ જાણીને તેમને ખૂબ રાહત થઈ.

પછી તો એક એક દિવસ પુટ્ટપર્થિ ખાતે ઉત્સવ બની ગયા. માતા સહેજ પણ આરામ કરતા નહી', નિલયમને નિત્ય ઉજાળતા પ્રેરણા અને તેજ, ભક્તિ અને પ્રશસ્તિની ભરતીમાં તેઓ ડૂબી ગયા.. ૮'×૫'નો ભજનખંડ ૧૯૪૨માં પૂરતો હતો પણ ઉભરાતા ભક્તોને કારણે બહારના ગ્રેવલ રોડનો ઉપયોગ કરવો પડયો. ગામને છેવાડે ૧૮*૮ના પ્રાર્થના ખંડ પણ એની બાજુમાં ૪૦'×૧૦'ના દીવાલવાળા ચોગાન બંધાયા પછી બાજુ પર મૂકવો પડયો. ૧૯૫૦માં ઉદ્ઘાટન થયેલા પ્રશાંતિનિલયમમાં ૧૦૦'x૨૦' નો પ્રાર્થનાખંડ હતો પણ એ સુદ્ધા ખૂબ નાનો પડવા માંડયો. પછી એની ઉત્તરે ૧૪૦'x૨૫'ને મોટી દીવાલ અને છાપરાવાળું ચોગાન બાંધવામાં આવ્યું. આ વિસ્તરતા જતા સંકુલને માતા આશ્ચર્યથી જોઈ રહેતાં. ‘આ ક્યાં સુધી ચાલી શકશે? દરેક વખતે નવા બંધાતા પ્રાર્થનાખંડ કે ઓડીટોરીયમ

જોઈને માતાને આ જપ્રશ્ન મૂઝવતો. એનો કોઈ ઉત્તર મળતો ન હતો. તેમને કહેવામાં આવતું હતું કે આખા જગતમાંથી આવતા હજારો ભક્તોની પરિષદ મદ્રાસ, મુંબઈ અને અન્ય સ્થળે ભરવામાં આવતી હતી. તેમનું આશ્ચર્ય સ્વામીની જાહેરાતમાં જ આશ્રય લઈ શકે એમ હતુંઃ "આ બધા ભકતો એકઠા થાય ત્યાં સભાગૃહનું છાપરું આકાશ જ બનશે."

સ્વામીના દર્શન કરીને પાછા ફરતા ભક્તો નવા ઉત્સાહથી છલકાતા હતા, તેમના હૃદયમાં પ્રેમનો પ્રકાશ વધારે તેજથી ચમકતો હતો, કારણ કે એ દિવ્ય હાથ અને દિવ્ય આશીર્વાદથી પોષાયેલા હતા. માતાએ સેવા કાર્યમાં જોડાયેલા સેંકડો સ્ત્રી-પુરુષ સ્વયં સેવકો જોયા, તેમણે તો સ્વાર્પણની પ્રતિજ્ઞા લીધી હતી અને પ્રશાંતિનિલયમ તથા આસપાસના વિસ્તારને અવાજ, બિનસલામતી, બિનઆરોગ્યકારક સ્થિતિઓથી મુક્ત રાખવા આતુર હતા. ઈશ્વરમ્મા ઘણી વખત પોતાના સાથીઓને પૂછતા : "ગામના આપણે બધા આ ઉદાર સ્વાર્પણ અને આ પૂજાને પાત્ર છીએ ?"

## ૧૬. સાદ અને પ્રતિસાદ

માતાએ જોયું કે સ્વામી પોતાની આસપાસ બાળકોઅને માતાઓને, વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ભેગાકરવામાં રસ ધરાવે છે. સ્વામી બુદ્ધિશાળી, જિજ્ઞાસુછોકરા છોકરીઓને જે પ્રોત્સાહન આપતા હતા તેજોઈને માતા અભિભૂત થઈ જતાં હતાં. ઉચ્ચ શિક્ષણ આપીન શકતા ગરીબ ભક્તોના બાળકો ઉપર ઈશ્વરમ્માએ પણખૂબ આશાઓ સેવી હતી, તેઓ ખાનગીમાં એમને દરમહિને નાણાં મોકલતાં હતાં. હું પ્રશાંતિનિલયમના પોસ્ટમાસ્ટર તરીકે કામ કરતો હતો એટલે અને ટપાલીએ એયુવાનોને નાણાં ચૂકવ્યા ત્યારે તેમની સહી લીધેલી પાવતીઓઆવી કે નહીં તેની તપાસ કરવા તેઓ મારી પાસે આવતાએટલે મને આ વાતની ખબર પડી હતી.

૧૯૭૨ માં વૃદાવન-વ્હાઈટ ફિલ્ડ ખાતે ૮૦૦ છોકરાછોકરીઓનો એક શિબિર રાખવામાં આવ્યો હતો. ભારતનાંવિવિધ રાજ્યોમાંથી આ વિદ્યાર્થીઓને પસંદ કરવામાંઆવતા હતા. માતાને જયારે આની ખબર પડી ત્યારે એ ત્રીસે દિવસ વૃંદાવન ખાતે ગાળવાની તેમને ઈચ્છા થઈ.પ્રશાંતિનિલયમમાંથી સ્ત્રી સ્વયંસેવિકાઓએ રસોડામાં મદદકરવાની તૈયારી બતાવી, માતાએ સ્વામીના બંગલે મેનેજરનાઅને તેમના પોતાના એક પ્રપૌત્રની સાથે રહેવા માંડયું.વિદ્યાર્થીઓને હોસ્ટેલમાં રાખવામાં આવ્યા, તેમની સાથેમાર્ગદર્શન અને નિરીક્ષણ માટે આવેલા શિક્ષકોને પણરાખવામાં આવ્યા. બંગલાની બાજુમાં કામચલાઉ ઊભા કરેલાહાલમાં વિખ્યાત વિદ્વાનો ભારતીય સંસ્કૃતિ અનેઆધ્યાત્મિકતા ઉપર વ્યાખ્યાનો આપતાં હતાં. વિદ્યાર્થીઓવહેલી પરોઢથી ઓમ પ્રણવ મંત્રગાન, પ્રાર્થનાઓ, યોગાસન,ભજનો, ગ્રામ્યસેવાની પ્રવૃત્તિઓમાં જોડાઈ જતા – એ ઉપરાંતજ્ઞાનકસોટી અને વકતૃત્વ સ્પર્ધાઓ તો ખરાં. સ્વામી તેમનાઆરોગ્ય અને સગવડો ઉપર અંગત ધ્યાન આપીને તેમનાપર કૃપા વરસાવતા હતા. આખો મહિનો દરરોજ સાંજેતેમને સંબોધન કરતા હતા. સરસ્વતીના ભવ્ય સુંદર મંદિરમાંનવા ઉત્સવનાં ઉત્તેજના અને સમાધિમાં ભાગ લઈ રહ્યાનોઅનુભવ ઈશ્વરમ્માને થવા લાગ્યો.

આ શિબિરના અગિયારમા કે બારમા દિવસે તેમણેશિરડીમા નેવું વરસની એક સ્ત્રીએ (જે શિરડી બાબાને જાણતીહતી અને પૂજતી હતી) પોતાનો એક અદ્ભુત પ્રસંગ કહ્યો. " પેદ્દા બોટુએ (આ નામે પણ શિરડી મા જાણીતાં હતાં)'-તે દિવસે ઈશ્વરમ્માને ખાનગીમાં કહ્યું - ઈશ્વરમ્માએ મને કહ્યું: 'મને થયેલ અનુભવની વાત કરું છું. કોઈને કહેતા નહીં.' હું નજીક બેઠી અને મેં પૂછ્યું: 'શું છે કહો.' આપણા સ્વામી ભગવાન છે. તે બબડયાં અને હું હસી. તેમણે પૂછ્યું: 'તમે શા માટે હસો છો? મેં કહ્યું: 'ના, ના, હું તમારા ઉપર નથી હસતી. તમને અત્યારે એની ખાતરી થઇ એટલે હસું છું બોલો, તમને કેવી રીતે ખબર પડી? 'મને ચાર દિવસથી તાવ આવતો હતો. સ્વામી મારી પાસે આવ્યા.' મેં પૂછ્યું: 'સ્વપ્નમાં?' તેમણે કહ્યું:'ના. હું પથારીમાં આળોટતી હતી ત્યારે તેઓ ખરેખરઆવ્યા. પછી-હું શું કહું? તમે અને હું જેને ઓળખીએછીએ તે ન હતા. તે તો કિરીટ અને કોદંડધારી રામચંદ્રહતા. મેં હાથ જોડ્યા, બેઠા થવાનો મેં પ્રયત્ન કર્યો અનેપથારીમાંથી બહાર આવી. પણ તેઓ થોડી પળોમાં તોસ્વામી થઈ ગયા. મને વિભૂતિનો પ્રસાદ આપ્યો અને કહ્યું-હવે તાવ જતો રહેશે, તાવ તો ગયો.' 'તમે ખરેખર ધન્ય છો.કેવું પરમ સૌભાગ્ય!' 'આપણામાંથી કોઈને જાગ્રતાવસ્થામાંકદી રામચંદ્રના દર્શન થયાં નથી. ' (અહીં પેડા બોટુનું વર્ણનપૂરું થાય છે)

પરમ જ્યોતિમાંથી પ્રગટ થયેલ પવિત્ર કિરણ પોતાનામૂળ સ્રોતમાં હવે ભળી જવાનું છે તે ઘટનાની પૂર્વભૂમિકારૂપ આ દિવ્ય સાક્ષાત્કાર હતો. એ પરમ જ્યોતિના અવતારએવા બાબાએ ઈશ્વરમ્માના અંતિમ દિન (છઠ્ઠી મે, ૧૯૭૨)ની વાત કહી. છઠ્ઠી મેનો એ દિવસ તેમની સ્મૃતિ માટે અંકિતકરવામાં આવ્યો છે. સ્વામીએ કહ્યું: " તેમના મરણનાઆગલા દિવસે જ મેં વાતવાતમાં પૂછયું:"બીજી કોઈઈચ્છા છે? ' તેમણે કહ્યું:" મેં બધાં મંદિરોની જાત્રાપૂરી કરી છે. સૌથી મોટું મંદિર અને તેમાં રહેલા ભગવાનનેપણ જોયા છે. હવે બીજી કશી ઈચ્છા નથી.' પણ મને ખબરહતી કે એમના મનમાં કયાંક નાનકડી ઈચ્છા હતી. તે પૌત્રીનેજન્મ દિવસ પર ભેટ આપવા માગતા હતા. એટલે મેં તેમનેપાંચસો રૂપિયા આપ્યા, બજારમાં જઈ ને ખરીદવું હોય તેખરીદવા કહ્યું. મેં તેમની સાથે કોઇને મોકલ્યાં. તેઓ જેખરીદી કરીને આવ્યાં તેનાથી તેઓ પ્રસન્ન હતાં.'

૬ ઠ્ઠી મે, ૧૯૯૩ ના  રોજ સ્વામીએ એ નિર્વાણદિનનીવાત વધારે વિગતે કહી: 'આજનો દિન ઈશ્વરમાં દિન છે.આ દિવસનું મહત્ત્વ એ છે કે તે બાળ દિન તરીકે ઉજવવામાંઆવે છે. આ દિવસે તેમણે રજૂ કરેલ આદર્શથી બાળકોનેસભાન બનાવવામાં આવે છે. મરણના મુખમાંથી કોઈ છૂટીશકતું નથી; પણ મરણની ઘડીએ દેવના, પવિત્રતાના,પુણ્યના વિચારો આવવા જોઈએ એની યાદ દરેકે રાખવીજોઈએ. આ દિવસનું મહત્ત્વ ઘણા જાણે છે. કસ્તુરીએહમણાં જ એની વાત કરી છે. તેલુગુમાં કહેવત છે: 'જેરીતે મરી જાઓ તેનાથી મરનારના વ્યકિતત્વની સાબિતી મળીરહે છે. છેલ્લી પળોમાં સાચી ભક્તિ પ્રગટ થઈ ઊઠે છે.ઈશ્વરમાની ભલાઈનો એક નાનો પ્રસંગ હું વર્ણવું.'

'બેંગ્લોરમાં ગ્રીષ્મ વર્ગ હતા. સવારે ૭ વાગે વિદ્યાર્થીઓને નાસ્તો અપાય. તેઓ નગર સંકીર્તન કરવા જાય અને૯ વાગે પાછા આવે. એ પૂરું થાય ત્યારે હું તેમને દર્શનઆપું. એક દિવસ હું સ્નાન કરવા ગયો. એ દરમિયાનઈશ્વરમ્મા સ્નાનથી પરવારી ગયા; પછી નિરાંતે કોફી પીધીઅને અંદરના વરંડામાં બેઠા. બાથરૂમ તરફ જતાં તેમણેએકદમ બૂમ પાડી: “સ્વામી! સ્વામી! સ્વામી!” મેં તરતજ કહ્યું: “ આવું છું, આવું છું." એ દરમિયાન તેમણેછેલ્લા શ્વાસ લઈ લીધા. આનાથી વધારે ભલાઈ શી હોઈશકે? એમને સારવારની જરૂર ન પડી. બહુ થોડા માનવીઓનીસ્મૃતિમાં છેલ્લા શ્વાસ ભરતી વખતે સ્વામી આવે. માનવ મનકોઇ વસ્તુમાં ઘરેણામાં પરોવાયેલું રહે. નીચેથી તેમણે બુમ પાડી 'સ્વામી! સ્વામી!' મેં ઉતર આપ્યો: 'આવું છું, આવું છું,' અને તે મરણ પામ્યા. જાણે ગજેન્દ્રમોક્ષ વખતે હાથીએ ભગવાનને સાદ કર્યો અને ભગવાન એમનો ઉદ્ધાર કરવા આવીચઢયા. જ્યાં બે તાર ભેગા થાય ત્યાં મુક્તિ તરત જસાંપડે છે.'

જીવનમાં આ જ સાચા નિર્વાણ માટે મથવું જોઈએ.તે વખતે તેમની પાસે તેમની દીકરી વેંકમ્મા હતી, પૌત્રીશૈલજા હતી પણ તેમણે માત્ર સ્વામીના નામની બૂમ પાડી.જીવનની છેલ્લી ક્ષણે આ ઝંખના જાગે એ પવિત્ર પુણ્યનોપ્રતાપ છે. આદર્શ, પ્રશંસનીય જીવનનું એ ચિહ્ન છે. આવુંવલણ સ્વયંભૂ પ્રગટવું જોઈએ, બહારથી લદાવું ન જોઈએ.આમાંથી ધડો લેવા જેવો છે.'

ઈશ્વરમ્માના મરણ વખતે વૃંદાવનમાં હજારેકથી વધારેલોકો હતા. વ્યાખ્યાન ચાલતું હતું અને ૮૦૦ વિદ્યાર્થીઓઆતુરતાથી એ સાંભળતા હતા. ત્યારે બંગલાના પ્રવેશ દ્વારઆગળ ત્રણ કાર ઊભી રહી. એક કારમાં પવિત્ર માતાનોદેહ-આત્મસંતુષ્ટ અને સ્વસ્થ દેહ હતો. દીકરીઓ અનેપૌત્રપૌત્રીઓ વર્ષોથી બેઠા હતાં તેમ, ના આગલી સાંજે બેઠાહતા તેમ તેમની પાસે જ હતા. બીજી બે કારમાં સ્વામીએપસંદ કરેલી થોડી વ્યક્તિઓ હતી અને એ સમાચાર ગામનાલોકોને જણાવવાની તથા મૃતદેહને મોટા દીકરાને ત્યાં રાખવાની સૂચના તે લોકોને આપી. જેથી ગામના લોકો જે માતાએતેમની કાળજી લીધી હતી અને તેમના આનંદમાં, તેમનાભયમાં અને આંસુઓમાં ભાગ પડાવ્યો હતો તેમનાં દર્શનકરી શકે, તેમને અંજલિ આપી શકે,

થોડી જ મિનિટમાં સમાચાર પ્રસરી ગયા અને પુટ્ટપર્થી'આંસુઓની ખીણ બની ગયું ', મૃતદેહ ઉપર હારતોરા ચડાવવામાંઆવ્યા, તેમના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવી. ભક્તોમૃતદેહને ભજનો ગાતા ગાતા લઈ ગયા અને સૂર્યાસ્તના સમયે“પિતા” પેદ્દા વેંકમ્મા રાજુની કબર પાસે દેહને આદરપૂર્વક દાટવામાં આવ્યો.

વ્હાઈટ ફિલ્ડ ખાતે કાર્યક્રમ યથાવત રહ્યો. જે માતાને પુત્રપસંદ કરતી હતી તેના દુઃખદ અવસાન પ્રસંગે કયાંય ડૂંસકું,કણસાટ, આછો બબડાટ સુદ્ધાં સાંભળાયો નહીં'. જે સ્વામીનેબધા ઓળખતા હતા તે જ સ્વામી હતા, બધાને પ્રેમ અર્પતાદાન આપવા અને ક્ષમા આપવા આતુર. પણ બપોર પડીએટલે ભોંયતળિયાના આવાસને સૂનો જોઈ ત્યાંની સ્ત્રીઓનામોઢા પર ગમગીની પથરાઈ. આ પ્રત્યે ધ્યાન ખેંચાયું, તપાસથઈ, સમજાયું --અને ઈશ્વરમ્માની બુઝાઈ ગયેલી જ્યોતિએહજારો, લાખો લોકોને દુઃખી કર્યા.

ઈતિહાસનાં પૃષ્ઠોમાં છઠ્ઠી મેનો દિવસ ઈશ્વરમ્માના દિનતરીકે જાહેર થયો. તે દિવસ આખા જગતનાં બાળકો આખાસપ્તાહની ઉજવણીની પરાકાષ્ઠા તરીકે ઊજવે છે. પુટ્ટપર્થીનીઈશ્વરમ્મા હાઇસ્કૂલ ઇશ્વરમ્માનાં બાળકો પ્રત્યેના પ્રેમ, બાળકોનાબુદ્ધિ, કુશળતા અને દિવ્યતા પ્રગટ કરવા માટેની તેમનીઇચ્છાની પ્રતીક છે.

# ૧૭. વિજયોત્સવ

સ્વામીએ અમેરિકન નાટયકાર આર્નોલ્ડ શૂલમાનને ખાનગી મુલાકાતમાં કહ્યું: “કેટલાક લોકો માને છે કે, માનવ વેશે ધરતી પર જન્મ લેવો ભગવાન માટે સુંદર અનુભવ છે પણ જો તમે મારી જગ્યાએ હોત, તો એ સુંદર અનુભવ ન લાગત. ' તેમણે કહ્યું : ' હું ' તમારો ભૂતકાળ જાણું છું અને ભવિષ્ય કાળ જાણું છું . એટલે તમે શા માટે વેદના ભોગવો છો અને એમાંથી કેવી રીતે મુક્ત થઈ શકો અને છેવટે કયારે મુક્ત થશો એ પણ હું જાણું છું. ' અને ‘ તમને ભલે આકસ્મિક લાગે પણ હું' બોલાવું નહીં ત્યાં સુધી કોઈ પુટ્ટપર્થી આવતું નથી. જેઓ મને મળવા માગે છે તેમને જ બોલાવું છું, બીજાઓને નહીં '. અહીં બીજો કોઈ આવી ન શકે.”

બીજાઓએ સાંભળેલાં અને નોધેલાં આ અને આવા વાક્યો સૂચવે છે કે બાબા પરમ ચેતનાનો વિશિષ્ટ માનવીય આવિષ્કાર છે. તે વિશ્વચેતના નો પ્રેમ, પ્રકાશ અને શાણપણનો સંપૂર્ણ આવિષ્કાર છે.

સ્વામીની સંમતિ વિના કોઈ તેમની પાસે જઇ શકતું નથી એમ જ્યારે સ્વામી કહે છે ત્યારે આપણે ગામડા ગામના અભણ; મહાકાવ્યોની દાયકાઓ, પ્રાચીન શાસ્ત્રકારો અને સમકાલીન રૂઢિઓ એ તૈયાર કરેલા નિત્ય આચારોના અમલમાં પોતાના દિવસો વીતાવનાર ઈશ્વરમ્માને જે પાઠ તેમણે સોંપ્યો તે વિશે આપણે તો શું કહી શકીએ? સ્વામીના કહેવા પ્રમાણે, અવતારના “ પિતા” બનવાનું વરદાનએ કમાનવીને યુગમાં એક જ વખત પ્રાપ્ત થાય છે, એ વરદાન પેદ્દા વેંકમ્મા રાજુને પ્રાપ્ત થયું હતું. એ જ રીતે માતૃત્વનો મુગટ અત્યાર સુધી સંચિત કરેલા પુણ્યને બળે ઈશ્વરમ્માને પ્રાપ્ત થયો.

જ્યાં સુધી આપણામાં ઉન્નતિ માટેની ઝંખના જાગે નહી ત્યાં સુધી આપણે કેટલી ઊંચાઈએ પહોંચી શકીશું તેનો ખ્યાલ આવી ન શકે. નિયતિ એ તેમનામાં ઝંખના પ્રગટાવી. તેઓ ઊભા થયા. તેમની નિકટ જનારા સર્વલોકોની પ્રશંસા તેઓ મેળવી શક્યા. અવારનવાર તેમની આંખોમાં દેખાતી ચમક, ગાલ પર

દેખાતી કરચલીઓ, તેમની નિષ્કલંક સજ્જનતા કોઈની બિમારી કે મરણના સમાચાર સાંભળીને તેમની આંખોમાં પ્રગટતી ઝાંય – આ બધાંથી સૂચવાતું હતું કે સ્વામીએ તેમની માતા " તરીકેની પસંદગી માત્ર ભૂતકાળનાં પુણ્યકાર્યોના બદલા રૂપે જ કરી ન હતી પણ આ જન્મમાંતે ઓ જે પાત્રતા ધરાવતા હતા તે બદલ પણ કરી હતી.

તેઓ આદર્શ બહેન, પત્ની, માતા અને દાદીના ઉત્તમ દ્રષ્ટાંત હતાં. ઈશ્વરની અમ્મા તરીકે તેઓ કૌશલ્યા, દેવકી અને મેરીની જેમ ઝગમગી ઊઠ્યા હતાં. વાલ્મીકિ જણાવે છે કે: અક્ષુણ્ણ પ્રતાપ ધરાવતા પુત્રને કારણે કૌશલ્યા કીર્તિમાન બની.' હવે કોઈ કહી શકે છે અક્ષુણ્ણ પ્રતાપ ધરાવતા સાઈને કારણે ઈશ્વરમ્મા કીર્તિમાન બન્યા. તેમની કીર્તિ મહાકાવ્યોની અન્ય નાયિકાઓ જેવી જ હતી. આપણા યુગના રામ અર્થાત સાઈરામે વર્ણવેલી રામકથામાં કહેવાયું છે કે કૌશલ્યાને એકી સાથે પોતાના પુત્રના દિવ્યદર્શન પારણામાં અને રાજમહેલના મંદિરમાં થયા હતા. તેમણે એ બધા જ સર્જનને અજવાળનાર વિશ્વરૂપને જોયુ, એ રૂપ તેમણે પોતાનામાંથી પ્રગટાવ્યું હતું. ' સદાય વૃદ્ધિ પામતા આનંદનું વરદાન આપનાર' તરીકે રામની પ્રશંસા કરવામાં આવી છે. આ ભેટ ઈશ્વરમ્માએ પણ વારાણસી, બદ્રી, અયોધ્યા, શ્રીશૈલમ અને સોમનાથમાં ભગવાનના ચરણકમળમાં ફૂલ ધરતી વખતે કબૂલી હતી.

રામે જયારે વનવાસમાં જવા માટે કૌશલ્યાની રજા માગી ત્યારે કૌશલ્યાએ આ પ્રાર્થના વડે પોતાને આશ્વાસન આપ્યુ ':' તું ' જે ધર્મને ધારણ કરે છે તે તારા શસ્ત્ર અને રક્ષક બને.' સ્વામી જ્યારે જ્યારે ઈશ્વરમ્માની દૃષ્ટિએ આસુરી પ્રદેશમાં જતા ત્યારે તેમને ટકાવી રાખનાર આજ વિશ્વાસ હતો. રાક્ષસે ઉપર મેળવેલા અનેક વિજય અને ચમત્કારની સાક્ષી દેવકી પણ બન્યાં હતાં. તેમણે પણ પ્રાર્થના પશ્ચાત્તાપ અને પોતાના પુત્રના અદભુત, ભવ્ય અને રહસ્યમય સામર્થ્યમાં આશ્વાસન મેળવ્યું હતું ઈશ્વરમ્માએ પણ કળિયુગમાં આવું જ આશ્વાસન શોધ્યું હતું.

ભારતના ગામડામાં જન્મેલી, ઉછરેલી, પરણેલી મોટાભાગની સ્ત્રીઓની જેમ ઈશ્વરમ્માએ પણ સંયુક્ત કુટુમ્બની મોટી વસતીને સ્વીકારી લીધી. નાના

ઘરમાં કુટુમ્બમાતું ન હતુ'. તેમને નમ્રતાથી, કાળજીથી અને વિવેકથી વાતો કરવી પડતી હતી. આવા સામાજિક માળખામાં સ્વસ્થતા અને મૌન, આદર અને નિયમિતતા અંતર્ગત જ હોય. સાસુ ના મરણ પછી ઈશ્વરમ્માએ પ્રત્યેક કૌટુંબિક સમસ્યામાં નિર્ણયાત્મક ભાગ ભજવ્યો: એવા સ્થિતિ-સંજોગોમાં મુકાયેલી સ્ત્રીઓને સ્વામી જે ઉપદેશ આપતા હતા તેમાંથી તેઓ સહાય મેળવતા હતા. વિરલ પ્રસંગોએ તેઓ પોતાની મૂંઝવણ સ્વામી આગળ ધરી દેતા અને શું કરવું તેનું માર્ગદર્શન મેળવતા.

વર્ષો વીતતાં ગયાં તેમ તેમની વિનોદ વૃત્તિ પાંગરતી ગઈ, જીવનની કટોકટીમાં એ વૃત્તિ શાતા દાયકની વડી. સ્વામી તેમની ક્ષિતિજો વિસ્તારી રહ્યા છે અને પોતાના હસી મજાક ટોળટીખળ વડે તેમની શ્રદ્ધા વધુ ગંભીર બનાવી રહ્યા છે એનો ખ્યાલ ઈશ્વરમ્માને બહુ જલદી આવી ગયો. આફ્રિકાની જંગલની વાત કરીને સ્વામીએ તેમને ભયભીત કર્યા અને સાથે સાથે ત્યાં સોનું ખજૂર જેટલું સોંઘુ છે એમ કહીને તેમને આકર્ષ્યા પણ હતા. આનાથી તેમને શીખવા મળ્યું કે સ્વામી બધો ભય પણ નિર્મૂળ કરી શકે છે અને સ્ત્રીઓને સામાન્ય રીતે ઘરેણાનો જે મોહ છે તે પણ નિર્મૂળ કરી શકે છે. ઈશ્વરમ્મા બહુ જલદી તેને વટાવી જવા લાગ્યા. સ્વામીએ જે પાઠ શીખવવા મહેનત કરી તે પાઠ તેમણે ગ્રહણ કર્યા અને સાદાઈ તથા નમ્રતાના ગુણોથી ઓપવા લાગ્યા.

પેદ્દા બોટ્ટુ તેમને બહુ સારી રીતે ઓળખતા હતાં. તેમણે ઇશ્વરમ્માની પ્રશંસા ઉમળકાથી કરી:“ તેમનામાં દ્રેષ ભાવ સહેજ પણ નહતો. તેમને કયારેય કુથલીમાં રસ ન હતો. તેમની વાણી સ્નેહ અને અનુકંપાથી મીઠી હતી. તેઓ ઘઉંવર્ણ હતા, આંખો કાજળ કાળી, વિશાળ કપાળ પર કુમકુમનો મોટો ચાંલ્લો-આ બધાથી આપણા મનમાં લક્ષ્મીદેવીની છબી સાકાર થાય. જ્યારે જ્યારે ભક્તો મળે ત્યારે તેઓ દંડવત્ પ્રણામ કરતા, તેમના આશીર્વાદ મેળવવા મથતા. પરિચય, સંતોષ કે પ્રશંસાના ચિહ્ન રૂપે જ્યારે હસતા ત્યારે તેમનું બોખુ મોં અર્ધુ પહોળું થઈ જતું', આંખો ચમકી ઊઠતી. ભક્તો તો તેમની આગળ વિવિધ ભાષાઓમાં રજૂઆત કરતા પણ તેઓ એક જ ભાષામાં-હ્દયની ભાષામાં-રજૂઆત કરતા.

માતા દર વખતે મધુર વાણી બોલતા. તેમની વાણીમાં ધીરજ અને સહિષ્ણુતા હતા. એમાં કોઈજાત નો દેખાવ ન હતો એ તો સ્પષ્ટ હતું. શ્રોતાને આઘાત લાગે એવી કટુતા નહતી. બીજા શબ્દો પ્રયોજવા હોય તો તેમની વાણી પ્રગલ્ભ ન હતી. સ્વામી ગામના મંદિરમાં હતા ત્યારે પણ ' વળગાડ ' વાળી ઘણી સ્ત્રીઓને તેમના મા બાપ સ્વામી પાસે લઈને આવતા હતા. એ દુર્ભાગી સ્ત્રીઓ ચીસો પાડતી હતી, મિજાજ કરતી, કણસતી અને આમ તેમ દોડતી હતી. ઘેરતો તેમની સ્થિતિ વધારે કફોડી થતી કારણકે તેમનો ઉપચાર કરનારા ભૂવા ઓ પાસે એક જ ઉપાય હતો અને તે સળિયાનો. સારવાર માટે આણવામાં આવતી આ સ્ત્રીઓની કફોડી સ્થિતિનો ઉપાય સૌથી પહેલાં ઈશ્વરમ્માને કરવાનો આવતો હતો – તેઓ આ સ્ત્રીઓને સહાનુભૂતિને શીતળ લેપ કરતા. પ્રેમ અને વાત્સલ્યથી તેમની વિસ્ફોટક લાગણીઓને શાંત પાડતા હતા. એટલે લોકો જ્યારે તેમને માતા કહેતા ત્યારે તેમના હોઠ ફફડતા, તેમની આંખોમાં આંસુ આવતાં. ભકતો જયારે ઓમકાર ઉચ્ચારતા હોય ત્યારે સ્વામી ઘણી વખત બૅંગ્લોર જવા રવાના થતા હતા. માતા ઘણીવાર એ બધીને દુ: ખમાં ન ધકેલવા તેમને પ્રાર્થના કરતાં હતાં.

તેઓ માંદાઓને ઘેર જઈને શોધી લાવતાં હતાં અને નિલયમની પાછળ ટેકરી પરની સત્યસાઇ હોસ્પીટલમાં દાખલ થવા પોતાની સાથે આવવા સમજાવતા હતા. ગામથી નીકળીને ટેકરીની ટોચ સુધી તેઓ તેમને ધીરજ બંધાવતા હતા. તેમની વાણીમાં આશા હતી. ડોકટર ઇજેકશનની તૈયારી કરે કે ચીરા મૂકે ત્યારે તેઓ તેમની બાજુમાં ઉભા રહીને તેમના ખભા ઉપર પોતાનો પ્રેમાળ હાથ મૂકતાં હતાં. બહુ જલદી આખા ગામે ડોકટરોને ઘા રૂઝવનારા પવિત્ર, આનંદ દાયી સેવકો તરીકે સ્વીકારી લીધા; ભગવાને લોકોને નિરામય અનેસુખી રાખવા માટે એ ડોકટરોને રોકયા હતા.

વર્ષો વીતતાં ગયાં-સ્વામી તો નિત્ય આશ્ચર્ય ધરતાં હતાં એટલે ઈશ્વરમ્માના દિવસો બહુ ઝડપથી વીતવા લાગ્યા. તેમના નિત્ય જીવનમાં અશક્ય, અકલ્પ્ય અને અસંભવિત દરરોજ સામે આવતાં હતાં. આમ છતાં તેઓએ બધું જિરવી શકતા હતા અને સ્વામીની ગતિ સાથે મેળ ખવડાવી શકતા હતા; કારણકે

તેમની સ્મૃતિએ તેમના માટે અંગત નિધિ સાચવી રાખ્યા હતા, એમાં સ્મૃતિઓ, ભૂતકાળની પુરાણકથાઓ, દંતકથાઓ, સંતપુરુષોના-ઋષિઓના જીવનચિત્રો, યુદ્ધ અને શાંતિની વાર્તાઓ સંગ્રહી તથયાં હતા. તેમની સતત વિશ્વાસુ સાથી હતી સ્મૃતિ. બ્રહ્મ ગુરુમ અને તેમની અદ્ભુત ભવિષ્યવાણીઓની કથા, પાંડુરંગ વિઠ્ઠલ અને કૃપાના અદ્ભુત પ્રસંગો, નરસિંહ ભગવાન જ્યાં બિરાજે છે તે કાદિરીમાં થતા માંદગીના ઈલાજો–આ બધાએ તેમને પેતાની સમક્ષ હાજરા હાજૂર એવા અવતારની પ્રમાણ ભૂતતા સ્વીકારવા માટે પ્રેર્યા હતાં. તેમણે સમાંતરતાઓ અને જોગાનુજોગ ઘટનાઓ, અનુમાન અને સાદશ્યો શોધ્યાં; પોતાની આસપાસ બનતી અસ્વસ્થકારી પણ છતાં સુખી ઘટનાઓ વિશે સતત વિચારતા ગયા તેમ તેમની શ્રદ્ધા વધતી ગઈ. આ રીતે મેળવેલ શ્રદ્ધા બીજાઓની શ્રદ્ધાને પણ બળવાન બનાવી અને સ્થિર મન અને નિર્ણાયક શક્તિ માટેનું સાધન તેમને માટે બની.

માતામાં અદભુત કોઠા સૂઝ હતી, તેના વડે તેઓ અનાથ અને લાચાર લોકોની તૃષા છિપાવતાં હતાં. તેઓ ડોશીમાનું વૈદું સારું જાણતા હતા એટલું જ નહીં આધુનિક પરિભાષા પ્રમાણે ‘ માનસોપચાર પદ્ધતિઓ ’ પણ જાણતા હતા, તેવડે તેમની પાસે આવતી સ્ત્રીઓ ના માનસિક ભય અને સંતાપ તેઓ દૂર કરી આપતા હતા. સ્ત્રીઓ જે વાત તેમની માતાઓને ન કહે તે તેમને કહેતી હતી. તેમના હૃદયના ખુલી ગયેલા ઓરડાઓની વાતો તેઓ અનુકંપાથી સાંભળતાં હતાં, એ હૃદયમાં તેમની વેદના સંચિત થતી રહેતી હતી. તેઓ લાંબી લાંબી કથનીઓ વેઠી લેતાં હતાં, ક્યારેય થાક, ઉતાવળ, કંટાળો, તિરસ્કાર દાખવતાં ન હતાં, તેમની વેદના દૂર કરવા માટે ઈશ્વરમ્માની આંખમાં ચમકતું આંસુ બસ હતું.

જીવનમાં અનેક ઉત્પાતોથી માતાનું હૃદય કઠોર બન્યું હોવા છતાં એ બધાં વર્ષોમાં મેળવેલા ડહાપણમાં તેઓ સ્થિર રહયા હતાં. મૃત્યુ એ તેમનાં ચાર સંતાનોને ઘૂંટણિયા તાણતાં હતાં ત્યારેજ છિનવી લીધાં હતાં. તેમની દીકરીઓ ભર યુવાનીમાં વિધવા બની હતી. એક પૌત્ર મુગો બહેરો જમ્યો હતો. એક પૌત્રી શિતળાનો ભોગ બની હતી. કૌટુમ્બિક જીવનમાં આ બધા પડકારો તેમણે ઝીલ્યાં. પણ સ્વામીનાં કાર્યો તેમના હૃદયને છેક ઊંડે સુધી સંપર્શતા હતા, તેમના શબ્દો

હિંમત અને સૂઝ આપતા હતા. ઝંઝાવાત અને શાંતિ વખતે સ્વસ્થ રહેવાનું તેઓ શીખ્યાં હતા. પોતાની ધૃતિ વડે, સ્વામી પ્રત્યેની અદ્દભુત આકર્ષકતા વડે અને એમને પૂજનારાઓ માટેના પ્રેમ વડે તેમણે બધાને પ્રભાવિત કર્યા હતા. તેમને નવીનતા, વિવિધતા કે મનોરંજન માટેની કોઈ ઈચ્છા ન હતી. તેઓ પાછલાં વર્ષમાં હૃદયની પૂર્ણતામાં દઢ વિશ્વાસ લઈને જીવ્યાં હતાં.

તેમના વિરોધ અને ઠપકા મારે ભાગે આવ્યા હોય એવા પ્રસંગો મને યાદ છે. કેટલીક વખત હું જે કંઈ બની રહ્યું હોય તે તેમને જણાવતો ન હતો, અથવા આખી વાત. તેમને જણાવતો નહીં', મને ખબર હતી કે ચિંતાગ્રસ્ત સ્વભાવે કરેલી જાંચ તપાસ વધુ હોહા મચાવી મુકશે, ' કોઈ ભવ્ય સમારોહમાં પ્રવેશ માટે ઈશ્વરમ્માએ' કોઇને માટે કરેલી ભલામણ મે માની ન હોય એવા પણ પ્રસંગો હતા. એમ કરવામાં ભારે અવિવેક થાત. પણ આવા બધા પ્રસંગોએ હું તેમને મારા વર્તન પાછળનાં કારણો સમજાવતો ત્યારે તેમને ખ્યાલ આવતો કે પોતાનો ગુસ્સો અસ્થાને હતો અને પોતાની શરૂઆતની લાગણીને હસી કાઢતા હતા. કોઈના પ્રત્યે તેમને ખરાબ ભાવ ન હતો, એ ભાવને કદી પાળ્યો પોષ્યો નહીં. હમેશા એવા દુભાયેલા, માનવીને શોધી કાઢી. તેના શબ્દ, કાર્ય પાછળની ભાવનાને સમજવા મથતાં હતાં. તેઓ આવી તપાસ કરવાનું ભાગ્યેજ ટાળતા હતા, એવી આપ ખુદી તેઓ દાખવતા ન હતા, જો. તેમને ખ્યાલ આવે કે એ બધાં કારણો સ્વામીના સૂચના અને આજ્ઞાઓને અનુરૂપ હતાં તો તેઓ પોતાનો ગુસ્સો દૂર કરીને આનંદ મનાવતા પાછા વાળતા હતા.

માતા ભકતોને અવાર નવાર ભગવાનની પાસે આવવા માટે પ્રોત્સાહન આપતા હતા. તેમને ખબર હતી કે ચારિત્ર્ય, આ ચાર વિચાર અને વર્તણુકને ભવ્ય ઉદાત્ત બનાવવા હોય તો અવતારનું સાનિધ્ય વધારે અનુભવવું પડે, તેઓ તેમને પોતાની વાત કહેતા: ભયને સ્થાને તેમનામાં આશ્ચર્ય પ્રગટવું, આશ્ચર્યે અદ્ભુતમાં ફેરવાયું ', અદ્ભુત પોતે સ્વીકૃતિમાં પરિણમ્યું', સ્વીકૃતિ પૂજામાં ફેરવાઈ અને પૂજા આનંદમાં:'તમારે ધીરજ રાખવી પડે. નાનકડી કળીમાંથી રસવાળા ફળને તૈયારથતાંબહુવાર લાગે છે. " અનાથ અને લાચાર લોકોને શાંત કરવા માટે તેઓ

સ્વામીના જ ઉપાયો ટાંકતા. તેમને ઉપદેશ રાહત આપતો કારણ કે  તેમણે સૂચવેલ ક્ષમાનો તેઓ પોતેજ મૂર્તિમંત અવતાર હતા.

ક્ષમાથી સમભાવ પ્રગટે છે, અને સમભાવ પ્રેમ વરસાવે છે-જેઓ એ પ્રેમ કેવી રીતે-કયારે પાછો વાળવોએ જાણતા નથી તેવાઓ ઉપર પણ આપણા દુશમનોને ચાહવા, તિરસ્કારને ઉત્તર સ્નેહથી આપવોએ આધ્યાત્મિક સાધના છે. સ્વામીએ કહ્યુંછે. કારણકે બધાજ ઈશ્વરના વિરાટ શરીરના કોષ છે. “ જ્યારે તમારી જીભ દાંત હેઠળ કચરાય છે, ત્યારે તમે ગુનેગારને હથોડા વડે ટીપો છો?” તેઓ પૂછતા. અપમાનિત થયેલી ' કે ઉપેક્ષા પામેલી ઘણી સ્ત્રીઓના ક્રોધને શાંત કરવા માટે માતા આ દષ્ટાન્ત ફરી ફરી આપતા હતા. ક્ષમાનો અર્થ દયા થાય છે, માફ કરો અને ભૂલી જાઓની વાતએ કરે છે, આત્મ સન્માન ઘવાયાની ઘટનાઓની સ્મૃતિ આછી પાતળી જ હતી. તેમના અપાર ક્રોધ ઉપર જ્યારે ડહાપણ ટૂંકાય ત્યારે એ ઘવાયાની લાગણી દૂર થઈ જતી હતી.

માનવજાત પોતાના વિનાશ પ્રત્યે કૂચ કરી રહી છે, એને બચાવવાની જવાબદારી અવતારે માથે લીધી છે. તેઓ જેને સંસ્કાર કહે છે તેમાં તિરસ્કાર, દુશ્મનાવટ, ઝનૂન, ક્રોધ, પૂર્વગ્રહો દૂર કરીને વિશુદ્ધિ કરણની પ્રક્રિયાને જ સમાવેશ નથી થતો પરંતુ સહિષ્ણુતા, ભાઈચારા, સહાનુભૂતિ, દયા, સ્પષ્ટતા જેવા વિધેયાત્મક ગુણોને પણ સમાવેશ થાય છે. લાખો સ્ત્રીઓની જેમ ઈશ્વરમ્મા પણ દુન્યવી ઇચ્છાઓ જ્યારે સંચિત થવા માંડે અને એકબીજાની સંઘર્ષમાં ઊતરે ત્યારે પ્રગટતા મૂર્ખતા, ભય અને અધૂરપોનો શિકાર બન્યાં હતાં. સ્વામી તેમને સુખ, ભલાઈ અને ડહાપણના જગતમાં લઈ ગયા, જેને માતા તરીકે પસંદ કરી હતી તેને પોતાની પ્રથમ શિષ્યા તરીકેનું સ્થાન આપ્યું –તેઓ ધીમે ધીમે મૂંઝવણો માંથી દિવ્યતામાં અડગ શ્રદ્ધા રાખતાં ગયાં, દિવ્યતા આપણને વિવિધતા તરીકે દેખાય છે અને આતો રમત છે એમ મનાવીને આપણી એ માયા પણ દૂર કરે  છે.

ગામડાઓમાં સ્ત્રી પુરુષોના જીવનમાં આવતા રોગ અને દુઃખને વિધિઓ, મંત્ર તંત્ર, પૂજારી, ભૂવા જાગરિયા વડે નિવારવામાં આવતા હતા. સ્વામીએ આ બધાનાં શરીરમાં વસતા હાર્દ, આત્માની સમજૂતી આપી, તેમણે માતાને અને

બીજાને વૈદકીય સારવારનું મહ્ત્ત્વ, તેમનો મૂળભૂત હેતુ, નિદાન, ચિકિત્સા સમજાવ્યા. તેમણે ચિંતા અને અજ્ઞાનનો બોજ દૂર કર્યો, અંધારા જગત અજવાળ્યાં અને તેમના જગતમાંથી ભયને ભગાડી મૂકયો.

આ અને બીજા ઘણા બોધ વર્ષો સુધી પરમગુરુએ માતાને આપ્યા- ચેતવણી આપતા દષ્ટિપાત, પ્રોત્સાહ્ન આપતા સ્મિત, સાવધ રાખતા અચરજ, વચ્ચે દેખાદેતા પ્રશ્નો, અર્થ પ્રગટ કરતા રૂપક, સંદેશ ધરાવતી કથાઓ-આ બધા દ્વારા બોધ મળતો ગયો. તેઓ ધીમેધીમે સાચા સંતમાં ફેરવાઈ ગયા. તેઓ એકેએક ઘટના, લાગણી, વિચાર અને પદાર્થને પરબહ્મની જેના દ્વારા ઝાંખી થાય છે એવા રતનજડિત દ્વાર તરીકે ઓળખાવતા થયા. માતાએ પરબ્રહ્મમાં લીન થઈ જવા માટે જયારે છેલ્લો સાદ દીધો, ‘સ્વામીને પોકાર કર્યો ત્યારે ભગવાને આનંદપૂર્વક અને ભારપૂર્વક “હુ' આવુ છુ”નો પ્રત્યુત્તર વાળ્યો તેમાં આશ્ચર્ય નથી. સમુદ્રના સંકલ્પના પ્રત્યુત્તર રૂપે પ્રગટેલું અને ઊછળેલુ મોજું ફરી સાદ પડ્યો ત્યારે એમાં જ વિલીન થઈ ગયું.

" જય સાઈરામ”